# ક્રમબદ્ધપર્યાય

લેખક :
ડૉ. હુકમચંદ ભારિલ્લ
શાસ્ત્રી, ન્યાયતીર્થ, સાહિત્યરત્ન, એમ. એ. પીએચ. ડી.
શ્રી ટોડરમલ સ્મારક ભવન, એ-૪, બાપૂનગર, જયપુર-૪

અનુવાદક :
બ્ર. વ્રજલાલ ગિરધરભાઈ શાહ
વઢવાણ

પ્રકાશક :
શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુ મંડલ
૨૭૩/૨૭૫ મુંબાદેવી રોડ
મુંબઈ - ૪૦૦૦૦૨

ગુજરાતી
પ્રથમાવૃત્તિ: ૮૨૦૦
દ્વિતીયાવૃત્તિ: ૩૨૦૦
૨૩ ફેબ્રુવરી ૧૯૮૬ વસંતપંચમી

હિન્દી
પ્રથમ તીન આવૃત્તિ: ૨૩૨૦૦
પ્રથમ આવૃત્તિ: ૪૨૦૦

કન્નડ
પ્રથમાવૃત્તિ: ૧૦૦૦

મુલ્ય: ચાર રૂપિયા

પ્રાપ્તિસ્થાન
પંડિત ટોડરમલ સ્મારક ટ્રસ્ટ
એ-૪ બાપુનગર જયપુર ૩૦૨૦૧૫

દિગમ્બર જૈન મુમુક્ષુ મંડલ
૧૭૩/૧૭૫ મુંબાદેવી રોડ
મુંબઈ - ૪૦૦૦૦૨

મુદ્રક:
સીરિજન પ્રિંટર્સ
ચન્દ્રાવલ રોડ
મલકાગંજ
દિલ્હી

## વિષયાનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૧. | પ્રકાશકીય | 3 |
| ૨. | હિન્દી આવૃત્તિનું પ્રકાશકીય | 5 |
| ૩. | પોતાની વાત | ૧ |
| ૪. | ક્રમબદ્ધપર્યાય : એક અનુશીલન | ૧૧ |
| ૫. | ક્રમબદ્ધપર્યાય : કેટલાક પ્રશ્નોત્તર | ૮૩ |
| ૬. | ક્રમબદ્ધપર્યાય : એક મુલાકાત | ૧૨૧ |
| ૭. | સંદર્ભ ગ્રંથ-સૂચી | ૧૩૩ |
| ૮. | અભિપ્રાય | ૧૩૭ |

# હિન્દી આવૃત્તિનું પ્રકાશકીય

જિનાગમનો સર્વાધિક મહત્વપૂર્ણ તથા મૌલિક સિદ્ધાંત 'ક્રમબદ્ધપર્યાય' ઉપર ગંભીર વિવેચનના રૂપમાં પ્રસ્તુત પ્રકાશન સમાજના કર-કમળોમાં સમર્પિત કરતા અત્યંત હર્ષનો અનુભવ થઈ રહ્યો છે.

'ક્રમબદ્ધપર્યાય' સંપૂર્ણ જિનાગમમાં તો ચર્ચાયેલો છે જ, પરંતુ ગત અનેક વર્ષોથી તત્ત્વપ્રેમી સમાજમાં પણ ચર્ચાનો વિષય બનેલો છે. એનું શ્રેય આધ્યાત્મિક સત્પુરુષ પુજ્ય શ્રી કાનજીસ્વામીને છે, જેમણે આ યુગમાં શ્રુતસમુદ્રનું મંથન કરીને ક્રમબદ્ધપર્યાય જેવાં અનેક રત્નો તો સમાજને આપ્યાં છે જ; સાથોસાથ નિશ્ચય-વ્યવહાર, નિમિત્ત-ઉપાદાન આદિ અનેક વિષયો ઉપર આગમસંમત તથા યુક્તિ અને અનુભવની કસોટી ઉપર સત્યસિદ્ધ થયેલું વિવેચન પ્રસ્તુત કરીને સમાજમાં એક અભૂતપૂર્વ આધ્યાત્મિક ક્રાન્તિનો શંખનાદ કર્યો છે.

અહીં એ વિચારણીય છે કે આખરે આ 'ક્રમબદ્ધપર્યાય' શી ચીજ છે? તથા એને સમજવાની શી આવશ્યકતા છે.

ક્રમબદ્ધપર્યાયનું સ્વરૂપ સમજવાની આવશ્યકતા તો એનું સ્વરૂપ સમજવાથી જ સમજી શકાય છે. જગતની પ્રત્યેક સત્તા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે. પ્રત્યેક દ્રવ્યમાં પ્રતિસમય નવા પર્યાયનો ઉત્પાદ અને વર્તમાન પર્યાયનો વ્યય થતો રહે છે તથા દ્રવ્ય પોતાના સ્વરૂપે કાયમ રહે છે.

વસ્તુના આ પરિણમનનો કોઈ સ્વભાવગત નિયમ છે કે અમે એમાં ગમે ત્યારે ગમે તેવું પરિણમન કરી શકીએ?

'ક્રમબદ્ધપર્યાય' આ પ્રશ્નનું એકમાત્ર સમાધાન છે; અને તે એ કે પ્રત્યેક વસ્તુ એક નિશ્ચિતક્રમાનુસાર જ પરિણમિત થાય છે. કઈ વસ્તુમાં, ક્યા સમયે, કઈ પર્યાય ઉત્પન્ન થશે—એ નિશ્ચિત જ છે, માટે 'ક્રમબદ્ધપર્યાય' વસ્તુના પરિણમનની વ્યવસ્થા છે. પ્રતિસમયની યોગ્યતાનુસાર, નિશ્ચિત ક્રમમ

પરિણમન થવાનો નિયમ જ ક્રમબદ્ધપર્યાય છે.

આ સંબંધમાં એવી જિજ્ઞાસા સહજ થાય છે કે, વસ્તુમાં થવા વાળાં પરિણમનના ક્રમને નક્કી કોણ કરે છે? અમને તો અમારી ઇચ્છા તથા પ્રયત્નાનુસાર વસ્તુનું પરિણમન દેખાય છે, એથી એમ કેવી રીતે માની લેવાય કે વસ્તુમાં આ સમયે જે પર્યાય ઉત્પન્ન થઈ છે, એનું આ સમયે ઉત્પન્ન થવું અગાઉથી નિશ્ચિત હતું?

વસ્તુના ક્રમબદ્ધ પરિણમનના વિષયમાં ઉઠવા વાળી આ જિજ્ઞાસાના સમાધાન માટે સર્વજ્ઞતાનો આધાર લેવો અનિવાર્ય થઈ જાય છે. નિશ્ચિત ક્રમાનુસાર પરિણમન કોણે જોયું? એનું એક માત્ર સમાધાન આ જ છે—સર્વજ્ઞે જોયું; કારણ કે સર્વજ્ઞના જ્ઞાનમાં પ્રત્યેક વસ્તુની ભૂત–ભવિષ્ય–વર્તમાનની સમસ્ત–પર્યાયો વર્તમાનવત્ જણાય છે તથા વસ્તુનું પરિણમન સર્વજ્ઞ દ્વારા જણાયેલ ક્રમાનુસાર જ થાય છે, નહીં તો સર્વજ્ઞનું જ્ઞાન સમ્યક્ જ નહીં રહે.

સર્વજ્ઞતાના અરીસામાં વસ્તુના પરિણમનની ક્રમબદ્ધ વ્યવસ્થાને સહજ જાણી શકાય છે. અહીં એ વાત ધ્યાન રાખવા જેવી છે કે સર્વજ્ઞનું જ્ઞાન વસ્તુના પરિણમનનો ક્રમ નિશ્ચિત કરવા વાળું નથી; નિશ્ચિત ક્રમાનુસાર પરિણમન તો વસ્તુનો સ્વભાવ જ છે. કેવળજ્ઞાન તો માત્ર તે ક્રમનો જ્ઞાતા છે, જે ક્રમથી વસ્તુ પરિણમિત થાય છે.

સર્વજ્ઞ દ્વારા જણાયેલ ક્રમાનુસાર પરિણમન કરવાથી વસ્તુ કેવળજ્ઞાનને આધીન નથી થઈ જતી; તે તો પોતાને સ્વાધીન યોગ્યતાનુસાર જ પરિણમિત થાય છે. કેવળજ્ઞાનમાં તો તે પોતાના પ્રમેયત્વગુણને કારણે સહજ જણાય છે. આ રીતે સર્વજ્ઞતા અને ક્રમબદ્ધપર્યાયમાં કારણ–કાર્ય સંબંધ ન હોતાં, દ્યોતક–દ્યોત્ય સંબંધ છે. સર્વજ્ઞતા ક્રમબદ્ધ-પરિણમનની જ્ઞાપક છે, કારક નથી.

સમાજના લોકપ્રિય પ્રવચનકાર તથા ગૂઢચિંતક ડૉ. હુકમચંદજી ભારિલ્લ પોતાનાં પ્રવચનોમાં મુખ્યત્વે આ વિષય ઉપર વિવેચન કરતાં હતાં, જેને સાંભળીને મને એમ લાગતું હતું કે એક કલાકના પ્રવચનમાં બધાં પડખાંઓથી વિષય સ્પષ્ટ નથી થતો અને લિખિત રૂપમાં ન હોવાથી જેટલું સ્પષ્ટીકરણ થાય છે, તે પણ કાયમ નથી રહેતું. એના માટે મેં ઘણીવાર

અમને વિનંતી કરી કે આ વિષયને સંબંધીત પડખાઓ લિપિબદ્ધ થાય તો જનસાધારણ પણ આ વિષયને સરળતાથી હૃદયંગમ કરી શકે.

ડોક્ટર સાહેબનું જીવન પણ 'ક્રમબદ્ધપર્યાય'નું સ્વરૂપ સમજવાથી જ પરિવર્તિત થયું છે. જે તેમણે 'પોતાની વાત'માં સ્પષ્ટ કર્યું છે. મારી વિનંતીનો સ્વીકાર કરીને એમણે આ વિષય ઉપર ૫ જાન્યુઆરીની ૧૯૭૯ થી લખવાનું ચાલું કર્યું અને ફેબ્રુઆરી, ૧૯૭૯ થી આત્મધર્મમાં સંપાદકીયના રૂપમાં આ લેખમાળા ચાલુ થઈ. ૯ ડિસેમ્બર, ૧૯૭૯એ પ્રસ્તુત કૃતિ સંપૂર્ણ થઈ જે અત્યારે પુસ્તકના રૂપમાં જૈન સાહિત્યની અમૂલ્યનિધિ બનવા જઈ રહી છે.

ક્રમબદ્ધપર્યાયને સમજવામાં એકાન્ત નિયતવાદ તથા પુરૂષાર્થહીનતાનો ભય સર્વાધિક બાધક તત્ત્વ છે. એકાન્ત નિયતવાદથી ભયાક્રાંત લોકો કહે છે -જો બધું નિશ્ચિત માની લેવામાં આવે તો લોકમાં કાંઈ વ્યવસ્થા જ નહીં રહે. પછી અપરાધીને દંડ કેમ દેવાય ? કારણ કે તે સમયે તેનાથી અપરાધ થવાનો જ હતો તેથી થયો, એમાં અપરાધીનો શો દોષ ?

આ પ્રકારે થોડાં લોકોને વ્યયસ્થિત પરિણમન સ્વીકાર કરવામાં અવ્યવસ્થા દેખાય છે. પરંતુ જો સમગ્ર-પરિણમન વ્યવસ્થા ઉપર ગંભીરતાથી વિચાર કરવામાં આવે તો કાંઈ પણ અવ્યવસ્થા નહીં, પરંતુ સુન્દરતમ વ્યવસ્થા ખ્યાલમાં આવશે.

જો અપરાધીથી ક્રમમાં અપરાધ થવો નિશ્ચિત છે, તો તેનો દંડ ભોગવવો પણ તો નિશ્ચિત જ છે ? અજ્ઞાની 'આમ જ થવાનું હતું'ની આડશ લઈને અપરાધ કરવાની છૂટ્ટી ઇચ્છે, પરંતુ દંડ મળવાના સમયે 'દંડ મળવાનો જ હતો' એમ સ્વીકાર ન કરે તો એનાથી તેના ક્રમમાં થવા વાળો દંડ રોકાઈ નહીં જાય. જો કોઈના પરિણમનમાં હિંસાદિ પાપ નિશ્ચિત છે, તો એના ફળમાં તેના નરકાદિમાં જવાનું પણ નિશ્ચિત જ છે.

અપરાધ કરવા માટે એ અપરાધનો નિશ્ચિત ક્રમ સ્વીકારી લે છે, પરંતુ દંડનો નિશ્ચિત ક્રમ સ્વીકારતો નથી. પણ જ્યારે મોક્ષના પુરૂષાર્થ કરવાની પ્રેરણા દેવામાં આવે તો કહે છે કે જ્યારે મોક્ષ થવાનું નિશ્ચિત જ

છે તો હું પુરુષાર્થ શા માટે કરું? તે તો થઈ જ જશે. મોક્ષને નિશ્ચિત માનવામાં એને મોક્ષનો પુરુષાર્થ નિરર્થક દેખાય છે, માટે ક્રમબદ્ધપર્યાયનો સ્વીકાર કરવામાં પુરુષાર્થ ઉડી જવાના ભયથી વ્યાકુળ રહે છે.

ખરેખર જોઈએ તો વીર્યગુણને કારણે પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક પર્યાય પોતાના સમયે–પુરુષાર્થપૂર્વક જ થાય છે. માટે કોઈ પણ આત્મા, ક્યારે ય પણ પુરુષાર્થરહિત થઈ જ નથી શકતો.

શાસ્ત્રોમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થ કહેવામાં આવ્યાં છે. પ્રત્યેક જીવના વીર્યના સ્ફુરણ આ ચાર રૂપમાં જ થાય છે –અજ્ઞાની જીવ પંચેન્દ્રિય–વિષયોમાં સુખબુદ્ધિને કારણે પરના કર્તૃત્વના અહંકારથી દગ્ધ રહેતો થકો, નિરંતર અર્થ તથા પુરુષાર્થમાં મગ્ન રહે છે તથા તે જ જીવ જ્ઞાની થયો થકો વસ્તુની સ્વતંત્ર પરિણમન વ્યવસ્થાને સમજી પરમાં કર્તૃત્વના અહંકારની આકુળતાથી મુક્ત થઈને ધર્મ–પુરુષાર્થ-પૂર્વક–મોક્ષ પુરુષાર્થના સન્મુખ થાય છે.

અજ્ઞાનીએ કોઈ કાર્ય વિશેષને ઉત્પન્ન કરવામાં અનેક સંકલ્પ –વિકલ્પ કરવાને જ પુરુષાર્થ સમજી લીધો છે, કે જે ખરેખર મિથ્યાત્વ જ છે. અને ક્રમબદ્ધપર્યાયનું સ્વરૂપ સમજવાથી આ મિથ્યાત્વનો અભાવ થઈ જાય છે, જેને અજ્ઞાની પુરુષાર્થનો અભાવ માની બેસે છે.

વિદ્વાન લેખકે પોતાના મૌલિક ચિંતનની પ્રતિભાથી, જિનાગમના આધારપૂર્વક એકાન્ત નિયતવાદ તથા પુરુષાર્થહીનતાના ભયના યુક્તિસંગત નિરાકરણ કરતાં સ્પષ્ટ કર્યું છે કે ક્રમબદ્ધ પરિણમનનો અર્થ માત્ર કાળની નિયતિ જ નહિં; પરંતુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અથવા સ્વભાવ, પુરુષાર્થ, કાળલબ્ધિ, ભવિતવ્ય (હોનહાર) તથા નિમિત્ત બધાંના નિશ્ચિત હોવાનો નિયમ છે.

પાંચ સમવાયોમાં કાળલબ્ધિને મુખ્ય કરીને અને અન્ય સમવાયોને

ગૌણ કરીને કારણ-કાર્ય મીમાંસા કરવાથી સમ્યક્ એકાન્ત થાય છે અને અન્ય સમવાયોનો અભાવ માનવાથી જ એકાન્ત નિયતિવાદનો પ્રસંગ આવે છે, જે મિથ્યા હોવાથી કોઈ પણ વિચારકને ઈષ્ટ નથી.

ક્રમબદ્ધપર્યાયનું સ્વરૂપ સમજવાથી સહજ જ જણાય જાય છે કે મોક્ષમાર્ગ પ્રગટ કરવા માટે આને સમજવું કેટલું આવશ્યક છે? જિનાગમનું તળસ્પર્શી અવગાહન કરવાથી જણાશે કે ક્રમબદ્ધપર્યાય, સમ્યગ્દર્શન, સ્વકર્તૃત્વ, સહજકર્તૃત્વ સમ્યક્પુરુષાર્થ, આદિ બધાં તથ્યો આત્માનુભૂતિની પ્રક્રિયાથી સહજ ગુંથાયેલા છે.

આત્માનુભૂતિ પ્રગટ કરવા માટે નિજ ત્રૈકાળિક જ્ઞાયકસ્વભાવમાં તન્મય થવું અનિવાર્ય છે અને ક્રમબદ્ધપર્યાયનું સ્વરૂપ સમજીને કર્તૃત્વબુદ્ધિના અભાવપૂર્વક જ જ્ઞાયકભાવમાં તન્મય થઈ શકાય છે. આચાર્ય અમૃતચંદ્રદેવે સમયસાર ગાથા ૩૦૮-૧૧ની આત્મખ્યાતિ ટીકામાં ક્રમબદ્ધપરિણમન દ્વારા જ અકર્તા-સ્વભાવની સિદ્ધિ કરી છે, જેને લેખકે પુસ્તકની શરૂઆતમાં જ લીધી છે, અને પ્રશ્નોત્તરખંડમાં વિશેષ સ્પષ્ટ કરી છે.

આ વિષયની ગંભીરતા તથા મહત્ત્વને જોતાં આ વાતની ઘણી જ આવશ્યકતા હતી કે જિનાગમમાં ઉપલબ્ધ વસ્તુના ક્રમબદ્ધ પરિણમનની વ્યવસ્થાના આધારે સમ્યગ્પુરુષાર્થથી સુમેળ બેસાડતાં આના ઉપર યુક્તિસંગત-વિવેચન પ્રસ્તુત કરવામાં આવે.

એમાં સંદેહ નથી કે પ્રસ્તુત કૃતિ ઉપર્યુક્ત આવશ્યકતાની પૂર્તિમાં પુર્ણતઃ સફળ થઈ છે. આમાં વિષયને જે જિજ્ઞાસોત્પાદક ઢંગથી લેતાં સુવ્યવસ્થિત શૈલી તથા સરળ ભાષામાં સર્વાંગીણ અનુશીલન કર્યું છે, એનો લાભ તો પાઠક એનું ગંભીર અધ્યયન-મનન દ્વારા જ ઉઠાવી છે.

ગંભીર અનુશીલન પછી વિવિધ પ્રશ્નોત્તરો દ્વારા તો વિષયને વધારે

સ્પષ્ટ કર્યો છે. પૂજ્યશ્રી કાનજીસ્વામી સાથે લેવામાં આવેલી મુલાકાત પણ વિષયના સંબંધમાં પ્રચલિત અનેક ભ્રાંતિઓ દૂર કરે છે.

જ્યારે આત્મધર્મમાં આ વિષય ઉપર લેખમાળા ચાલુ થઈ તો હજારો પાઠકોએ એનું હાર્દિક સ્વાગત કર્યું અને આખા સમાજમાં આ વિષય ઘણો ચર્ચિત થઈ ગયો. લેખમાળાના આ સારા પરિણામને જોતાં અનેક જગ્યાએથી આને પુસ્તકાકારે પ્રકાશિત કરવાની માંગણી થઈ. ફળસ્વરૂપે પ્રસ્તુત કૃતિ આપનાં હાથમાં છે.

....બધાં જીવો અકર્તા–સ્વભાવના આશ્રય વડે ક્રમબદ્ધપર્યાયનું સ્વરૂપ સમજીને સમ્યક્ પુરુષાર્થ પ્રગટ કરે—એ જ મારી ભાવના છે.

**નેમીચંદ પાટની**
મંત્રી, પં. ટોડરમલ સ્મારક ટ્રસ્ટ

# પોતાની વાત

'ક્રમબદ્ધપર્યાય' બીજાઓને માટે એક સિદ્ધાન્ત હોઈ શકે, એકાન્ત હોઈ શકે, અનેકાન્ત હોઈ શકે, મજાક હોઈ શકે, રાજનીતિ હોઈ શકે, પુરુષાર્થપ્રેરક કે પુરુષાર્થનાશક હોઈ શકે છે, અધિક શું કહીએ? કોઈને કાળકૂટ ઝેર પણ હોઈ શકે છે. કોઈને માટે કાંઈ પણ હો-પણ મારા માટે તે જીવન છે, અમૃત છે; કેમ કે મારું વાસ્તવિક જીવન, અમૃતમય જીવન, આધ્યાત્મિક જીવન-એના જ્ઞાન, એની પકડ અને એની આસ્થાથી જ શરૂ થયું છે.

'ક્રમબદ્ધપર્યાય'ની સમજણ મારા જીવનમાં ફક્ત વળાંક લાવનારી જ નહિ, પરંતુ તેને નખશિખ બદલી નાખનારી સંજીવની છે. મારી દૃઢ માન્યતા છે કે જેની સમજણમાં એનું સાચું સ્વરૂપ આવશે, એ તથ્ય સાચા રૂપે પ્રસિદ્ધ થશે-તેનું જીવન પણ આનંદમય, અમૃતમય થયા વિના નહિ રહે.

એ જ કારણે હું એને માત્ર ઘર ઘર સુધી જ નહિ, પરન્તુ પ્રત્યેક જન સુધી પહોંચાડી દેવા ઇચ્છું છું; એને પ્રત્યેક જનની વસ્તુ બનાવી દેવા ઇચ્છું છું.

એના સંબંધમાં વગર વિચાર્યે કરવામાં આવતી હલકી ચર્ચા, હાંસી-મજાક મને સ્વીકાર્ય નથી, પસંદ પણ નથી. એને લૌકિક ધરાતળથી કાંઈક ઉપર જઈને સમજવી પડશે, સમજાવવી પડશે. એના સંબંધમાં સામાજિક-રાજનીતિથી કાંઈક ઉપર આવીને વાત કરવી પડશે.

મારી સમજણમાં તે કેવી રીતે આવી-એની પણ એક કહાણી છે, આ પ્રસંગ પર જેનો ઉલ્લેખ કરવાનો લોભ રોકી શકવો મારા માટે સંભવિત નથી.

વાત આમ બની કે અમે ઉત્તરપ્રદેશના એક ગામ બબીના-કેન્ટ (ઝાંસી)માં દુકાન ચલાવતા હતા. વાત ઈ. સ. ૧૯૫૬ ના દસેરા આસપાસની છે. મારા વડીલબંધુ પંડિત રતનચંદજી શાસ્ત્રી દુકાનનો માલ લેવા ઝાંસી ગયા હતા. ત્યાં એક વ્યક્તિએ તેમને પ્રશ્ન કર્યો કે જો કેવળી ભગવાને જેવું દેખ્યું-જાણ્યું-કહ્યું છે, તેમ જ થશે; તેમાં કોઇ ફેરફાર સંભવિત નથી, તો પછી પુરુષાર્થ ક્યાં રહ્યો ? જો આપણે કાંઈ કરી જ નથી શકતા તો પછી આપણે કાંઈ કરીએ જ શા માટે ?

પ્રશ્ને તેમના હૃદયને હલાવી નાખ્યું. તેઓ સ્તબ્ધ થઈ ગયા. તેના ઉત્તરમાં તેમણે જેમ-તેમ કાંઈ પણ કહીને પાંડિત્ય-પ્રદર્શન ન કરતાં એ જ કહ્યું-ભાઈ! તમે વાત તો ઠીક કહો છો, હું અત્યારે એ વિષયમાં કાંઇ પણ કહી શકતો નથી, આવતા શનિવારે આવીશ ત્યારે વાત કરીશ.

તે તો ચાલ્યો ગયો, પણ તેઓ આખા રસ્તે વિચાર કરતા રહ્યા. આવતાંવેંત જ કોઈ બીજી વાત કર્યા વિના, મને સીધો એ જ પ્રશ્ન કર્યો. હું પણ વિચારમાં પડી ગયો. પરસ્પર ચર્ચા ચાલતી રહી પણ વાત કાંઇ બેઠી નહિ.

સાંજના પ્રવચનમાં જ્યારે મેં એ જ ચર્ચા કરી ત્યારે એક અભ્યાસી બાઈ બોલી – એમાં શું છે ? એ તો કાનજી સ્વામીની 'ક્રમબદ્ધપર્યાય' છે. તે સમય સુધી તો અમે કાનજી સ્વામીનું નામ તો સાંભળ્યું હતું પણ ક્રમબદ્ધપર્યાયનું તો નામ પણ સાંભળ્યું નહોતું. તેથી જ્યારે અધિક જિજ્ઞાસા પ્રગટ કરી ત્યારે તેમણે મંદિરજીમાંથી 'આત્મધર્મ'ના તે બે વિશેષાંક લાવીને આપ્યા કે જેમાં 'ક્રમબદ્ધપર્યાય' ઉપર થયેલાં સ્વામીજીનાં તેર પ્રવચનો પ્રકાશિત થયાં હતાં. પ્રથમ અંકમાં આઠ પ્રવચન હતાં અને બીજામાં પાંચ. આ અંક ઈ. સન્. ૧૯૫૪-૫૫ માં જ નીકળ્યા હતા. પાછળથી તો તે જ પ્રવચનો 'જ્ઞાન સ્વભાવ-જ્ઞેય સ્વભાવ' નામે પુસ્તકાકારે પણ પ્રકાશિત થયાં. તે વાંચીને તો અમારા હૃદય-કપાટ ખૂલી ગયા. એમ લાગ્યું કે અમને કોઈ અપૂર્વ ખજાનો મળી ગયો છે. અમે

કૃતકૃત્ય થઈ ગયા. પછી શું બન્યું-ત્યારથી ગંભીર અધ્યયન, મનન, ચિંતન, ચર્ચા-વાર્તા શરૂ થઈ ગયાં. એનો રસ કાંઈક એવો લાગ્યો કે યુવાનીની ઉમરના બધા રસ ફીકા પડી ગયા. 'ક્રમબદ્ધપર્યાય'ની ધૂનમાં વ્યાપારનો ક્રમ અવ્યવસ્થિત થઈ ગયો. ગ્રાહક આવીને ચાલ્યા જતા કેમ કે તેની વાત ઉપર ધ્યાન આપનાર જ કોઈ રહ્યું નહોતું. તેના ચાલ્યા ગયા પછી વિચાર આવતો કે આ રીતે તો આખો ય વેપાર નષ્ટ થઈ જશે, પણ એ જ વખતે ક્રમબદ્ધની યાદ આવતી અને બોલી ઊઠતા-જે ક્રમબદ્ધમાં થવાનું હશે, તે જ તો થશે.

આ રીતે શરૂ થયેલો અધ્યયન-મનનનો ક્રમ ચાલ્યો તે ચાલતો જ રહ્યો. ફળસ્વરૂપે નિમિત્ત-ઉપાદાન, નિશ્ચય-વ્યવહાર, કર્તા-કર્મ આદિ બધાનું સાચુ સ્વરૂપ સ્પષ્ટ થતું ગયું, ક્યાંય કોઈ રૂકાવટ આવી નહિ. બાદમાં સ્વામીજીનાં સાન્નિધ્યનો લાભ પણ મળ્યો.

સર્વ પ્રથમ સ્વામીજીનાં દર્શન ત્યારે થયાં જ્યારે તેઓ ઈ. સ. ૧૯૫૭માં શિખરજીની યાત્રાએ નીકળ્યા હતા. બબીના પડાવ ઉપર કાર્યક્રમ વિના જ તેમને સડક ઉપર જબરજસ્તીથી રોકી લીધા હતા. ત્યાં અમે કલાકો પહેલાં જ સ્ટેજ બનાવી રાખ્યું હતું અને ત્યાં આખો ય સમાજ હાજર હતો. સ્વામીજીએ ત્યાં ફક્ત પાંચ મિનિટનું માંગલિક પ્રવચન કર્યું હતું.

તેમની જ સાથે અમે બધા પણ સોનાગિરિ ચાલ્યા આવ્યા. ત્રણ દિવસ સુધી ત્યાં તેમનાં પ્રવચનોનો લાભ સહકુટુમ્બ લીધો. તેમની સાથે સામાન્ય ચર્ચા પણ કરી. તેના કેટલાક દિવસો પછી જ ચાંદખેડીમાં તેમનાં પ્રવચનોનો લાભ મળ્યો. તે વખતે મારું દેવ-શાસ્ત્ર-ગુરુ પૂજાનું પુસ્તક પ્રકાશિત થયું હતું, તેની જયમાળામાં ક્રમબદ્ધપર્યાયની પોષક કેટલીક પંક્તિઓ આવે છે. જે આ પ્રમાણે છે :-

"જો હોના હૈ સો નિશ્ચિત હૈ, કેવળજ્ઞાનીને ગાયા હૈ,
ઉસ પર તો શ્રદ્ધા લા ન સકા, પરિવર્તનકા અભિમાન કિયા,
બન કર પરકા કર્તા અબતક, સત્કા ન પ્રભો સન્માન કિયા."

મેં આ મારી પ્રથમ પ્રકાશિત કૃતિ સ્વામીજીને અર્પણ કરી હતી. તેના સમર્પણમાં લખ્યું હતું :-

"તે પૂજ્ય શ્રી કાનજી સ્વામીનાં કર-કમળોમાં સાદર સમર્પિત. જેમણે કળિકાળમાં 'ક્રમબદ્ધપર્યાય' નું સ્વરૂપ સમજાવીને અમારા જેવા પામર પ્રાણીઓ ઉપર અનંત ઉપકાર કર્યો છે."

જ્યારે મેં ઉકત કૃતિ ચાંદખેડીમાં સ્વામીજીને સમર્પિત કરી ત્યારે તેમણે સમર્પણ વાંચીને પ્રસન્નતા વ્યકત કરતાં કહ્યું-

"તમે ક્રમબદ્ધપર્યાયને જાણો છો ?"

તેના ઉત્તરમાં જ્યારે મેં ઉત્સાહપૂર્વક 'હા' કહી, ત્યારે કહેવા લાગ્યા-

"સોનગઢ આવજો, ત્યાં ચર્ચા કરીશું."

તેમનું હાર્દિક આમંત્રણ મળવાથી મારું હૃદય ગદ્‌ગદ થઈ ગયું.

હું કોટા સુધી તેમની સાથે ગયો. તેમનો ત્યાં ત્રણ દિવસનો કાર્યક્રમ હતો. તેમનાં પ્રવચનોનો લાભ લેવા માટે હું પણ ત્યાં ત્રણ-ચાર દિવસ રહ્યો. ત્યાંની વિશાળ સભામાં તેમની સમક્ષ મારું પણ ૧૫ મિનિટનું વ્યાખ્યાન થયું, જેમાં મેં અનન્તાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભની વ્યાખ્યા કરી હતી, જેની પાછળથી ખૂબ પ્રશંસા કરવામાં આવી. સ્વામીજીએ પણ પ્રસન્નતા વ્યકત કરી હતી.

ત્યાર પછી સન્ ૧૯૫૮ ના જુલાઈ માસમાં ૨૦ દિવસ માટે અનેક આત્માર્થી બંધુઓની સાથે અમે બન્ને ભાઈઓ સોનગઢ ગયા.

'ક્રમબદ્ધપર્યાય'ની વાત સમજમાં આવ્યા પહેલાં અમે શ્રી કુન્દકુન્દાચાર્યનું નામ તો સાંભળ્યું હતું, પરન્તુ તેમનો કોઈ ગ્રંથ વાંચવાની વાત તો ઘણી દૂર રહી, જોયો પણ નહોતો. જો કે એ વખતે કાંઈ ઉંમર પણ મોટી નહોતી. ૨૦-૨૧ વર્ષની જ

હતી; પણ શાસ્ત્રી, ન્યાયતીર્થ અને સાહિત્યરત્ન તો થઈ જ ગયા હતા. પંડિત કહેવાતા હતા, વ્યાખ્યાન પણ ખૂબ આપતા હતા, લોકપ્રિય વ્યાખ્યાતા હતા; પણ જિનધર્મના મર્મથી અપરિચિત જ હતા.

કરીએ પણ શું? ન તો પાઠ્યક્રમમાં આચાર્ય કુન્દકુન્દનો કોઈ ગ્રન્થ હતો કે ન ક્યાંય આધ્યાત્મિક ચર્ચાનું વાતાવરણ હતું. સામાજિક નિન્દા-પ્રશંસા જ ચાલ્યા કરતી હતી, જૈન સમાજની બધી પત્ર-પત્રિકાઓ તેનાથી જ ભરેલી રહેતી હતી.

અમે પણ તેના જ રસિક હતા, અમને પણ આધ્યાત્મિક રુચિ ક્યાં હતી? પિતાજીની રુચિથી જૈનદર્શનનો અભ્યાસ કર્યો હતો, તે ભાષા અને પરિભાષાઓની દૃષ્ટિએ શીખી ગયા હતા, ભાવાત્મકરૂપે કાંઈ પણ હાથ આવ્યું નહોતું. શરૂઆતથી જ ક્ષયોપશમ વિશેષ હતો, તેથી કોઈ પણ વ્યાખ્યાન પડકાર (ચેલેન્જ) વિના પૂરું થતું નહોતું. સમજમાં શાસ્ત્રોનો મર્મ તો નહિ, પણ માન તો આવી જ ગયું હતું.

જો 'ક્રમબદ્ધપર્યાય'ની વાત ધ્યાનમાં ન આવી હોત તો કોણ જાણે શું થાત? થાત શું, બધું એમ જ ચાલ્યા કરત અને અતિમૂલ્યવાન માનવભવ એમને એમ ચાલ્યો જાત. પણ જાત શાનો કેમ કે અમારી પર્યાયના ક્રમમાં 'ક્રમબદ્ધપર્યાય'ની વાત સમજણમાં આવવાનો કાળ પાકી ગયો હતો.

ત્યાર પછી તો આ જ કારણે અનેક સામાજિક ઉપદ્રવોનો પણ સામનો કરવો પડ્યો, શારીરિક બીમારીઓ પણ ઓછી નહોતી આવી, પણ 'ક્રમબદ્ધ'ની શ્રદ્ધાના બળે આત્મબળ કદી તૂટ્યું નહિ. 'ક્રમબદ્ધપર્યાય'ની શ્રદ્ધા એક એવી સંજીવની છે જે દરેક સ્થિતિમાં ધૈર્યને ટકાવે છે, શાન્તિ આપે છે, કર્તૃત્વના અહંકારને તોડે છે, જ્ઞાતા-દૃષ્ટા બની રહેવાની પાવન પ્રેરણા આપે છે-અધિક શું, એમ કહોને, કે જીવનને સફળ અને સાર્થક બનાવી દે છે.

ગત તેવીસ વર્ષોથી 'ક્રમબદ્ધપર્યાય'ની શ્રદ્ધા સતત ટકી રહી છે, કદી પણ એક ક્ષણ માત્ર તેના સંબંધમાં ચિત્ત ડોલાયમાન થયું નથી. જો કે આ સમય દરમ્યાન ચિંતનમાં, મનનમાં, અધ્યયનમાં વિસ્તૃત વિકાસ થયો છે, પણ શ્રદ્ધામાં કોઈ ફેર પડયો નથી.

'ક્રમબદ્ધપર્યાય'ના સંબંધમાં મારા દ્વારા ૧૯૭૯ ના આરંભથી જ નિરંતર જે કાંઇ લખવામાં આવી રહ્યું છે, તે બધું ગત તેવીસ વર્ષોનાં અધ્યયન મનન ચિંતનનું પરિણામ છે. તેથી પાઠક બંધુઓને મારો એક વિનમ્ર અનુરોધ છે કે તેઓ આને માત્ર વાંચી જ ન જાય, પરન્તુ વારંવાર અભ્યાસે, વિચારે, મંથન કરે, એના ઉંડાણમાં જાય. એની ચર્ચા પણ કરે. પરંતુ ગંભીરતાથી કરે–એને હાસ્ય–મજાકનો વિષય ન બનાવે, પ્રતિષ્ઠાનો વિષય પણ ન બનાવે.

જો અત્યાર સુધી એનો વિરોધ કરતા રહ્યા હોય, તો પણ એના સ્વીકારમાં હારનો અનુભવ ન કરે, કેમકે એના સ્વીકારમાં હારમાં પણ જીત છે. એના સહજ સ્વીકારમાં જીત જ જીત છે, હાર છે જ નહિ.

એના નિર્ણયમાં સર્વજ્ઞતાનો નિર્ણય સમાયેલો છે, સર્વજ્ઞ-કથિત વસ્તુસ્વરૂપનો નિર્ણય સમાહિત છે. મુક્તિનો માર્ગ શરૂ કરવા માટે જે કાંઇ પણ આવશ્યક છે, તે બધુંય એની શ્રદ્ધામાં આવી જાય છે.

ગત તેવીસ વર્ષોમાં સેંકડો વાર એના ઉપર વ્યાખ્યાન કર્યાં છે, તેમને લિપિબદ્ધ કરવાના આગ્રહ પણ શ્રોતાઓના ઘણા થયા છે, પણ અત્યાર સુધી આ બધું લખી શકાયું નહોતું, 'આત્મધર્મ'ના તંત્રી લેખ લખવાની અનિવાર્યતાએ એને લખાવી નાખ્યું છે.

જો એક પણ આત્માર્થી આનાથી 'ક્રમબદ્ધપર્યાય'નું સાચું સ્વરૂપ સમજી શકશે તો હું મારો શ્રમ સાર્થક સમજીશ.

આના લખવામાં હું સમ્પૂર્ણપણે સજાગ રહ્યો છું. સર્વપ્રથમ

આ નિબંધ જાન્યુઆરી ૧૯૭૯ માં ૧૬ પૃષ્ઠોમાં (૨૦૦ પ્રતિઓમાં) પ્રકાશિત કર્યો હતો. એલાચાર્ય મુનીશ્રી વિદ્યાનન્દજીના સાન્નિધ્યમાં જયપુરમાં થનાર સેમિનારમાં તેને રજુ કર્યો હતો. ઉક્ત સેમિનારમાં આવેલા બધા વિદ્વાનોને તો આપ્યો જ હતો, અન્ય પણ અનેક પ્રતિષ્ઠિત વિદ્વાનોની સેવામાં નીચે પ્રમાણે નિવેદન સહિત મોકલ્યો હતો :–

"આ નિબંધ હજી અપૂર્ણ છે આવશ્યક સંશોધન અને પરિમાર્જન પણ બાકી છે. શીઘ્ર પ્રકાશિત થનારા આ નિબંધના સંદર્ભમાં વિદ્વાનોની મહત્ત્વપૂર્ણ સલાહ, સુઝાવ, સૂચનાની અનુરોધ-પૂર્વક અપેક્ષા રાખવામાં આવે છે. અમે વિશ્વાસ આપીએ છીએ કે એના પ્રકાશન પહેલાં પ્રાપ્ત સુઝાવો ઉપર ગંભીરતાપૂર્વક વિચાર કરી આવશ્યક સંશોધન અવશ્ય કરવામાં આવશે."

પરિણામસ્વરૂપ અનેક વિદ્વાનોના પત્ર આવ્યા, જેમાં કેટલાક સુઝાવ પણ હતા, બાકી પ્રશંસા જ વધુ હતી.

તેમના ઉપર ગંભીરતાપૂર્વક વિચાર કરીને એને આગળ વધારવામાં આવ્યો. વચ્ચે પણ કેટલુંક પરિવર્દ્ધન થયું એ રીતે એ ૨૫ પૃષ્ઠનો થઈ ગયો. જેને ફરીવાર છપાવીને ફરી એકવાર વિદ્વાનો પાસે મોકલવામાં આવ્યો. તેમાં પણ નીચે પ્રમાણે અનુરોધ કરવામાં આવ્યો હતો :–

"આ નિબંધ આપની (વિદ્વાનોની) સેવામાં આવશ્યક સુઝાવ અને સલાહ માટે લગભગ બે માસ પહેલાં મોકલવામાં આવ્યો હતો, ત્યારે તે ૧૬ પૃષ્ઠનો હતો. હવે એ પરિવર્દ્ધિત થઈને આ રૂપે થઈ ગયો છે; પરંતુ હજી ય અપૂર્ણ છે. હજી પણ અમે આપના મહત્ત્વપૂર્ણ સુઝાવોની અપેક્ષા રાખીએ છીએ. આમે ય તે અત્યારે આત્મધર્મમાં સંપાદકીય લેખ રૂપે પ્રકાશિત થઈ જ રહ્યો છે, પાછળથી તેને પુસ્તકાકારે પ્રકાશિત કરવાની યોજના છે. જેમ પહેલાં નિવેદન કરવામાં આવ્યું હતું તેમ અમે વિશ્વાસ આપીએ છીએ કે પુસ્તકાકારે પ્રકાશિત થયા પહેલાં પ્રાપ્ત

સુઝાવો ઉપર ગંભીરતાપૂર્વક વિચાર કરીને આવશ્યક સંશોધન, પરિવર્દ્ધન અવશ્ય કરવામાં આવશે.”

આત્મધર્મના પાઠકોના પણ અનેક પત્ર પ્રાપ્ત થયા. બધાને ધ્યાનમાં રાખીને એનો વિસ્તાર કરવામાં આવ્યો. આ વિષય આ યુગમાં પૂજ્યશ્રી કાનજી સ્વામીએ ઉઠાવ્યો હતો તેથી તેમના તાજા વિચાર પણ પાઠકો સુધી પહોંચે-એ ભાવનાથી તેમની આ સંદર્ભમાં એક મુલાકાત પણ લેવામાં આવી કે જે હિંદી આત્મધર્મ સપ્ટેમ્બર ૧૯૭૯ ના અંકમાં પ્રકાશિત થઈ ગયેલ છે.

આ રીતે ૧૯૭૯ ના ફેબ્રુઆરીથી ૧૯૭૯ સપ્ટેમ્બર સુધી સતતપણે હિન્દી આત્મધર્મમાં સંપાદકીય લેખ રૂપે આ મહાનિબંધ પ્રકાશિત થતો રહ્યો કે જે આત્મધર્મ (સાઇઝ ૨૦×૩૦/૮)માં ત્યાં સુધીમાં લગભગ ૫૦ પૃષ્ઠોનો થઈ ગયો હતો. ત્યાર પછી ૧૯૭૯ના ઓકટોબર માસના હિન્દી આત્મધર્મમાં ‘પોતાની વાત’ શીર્ષક તળે આના સંબંધમાં એક સંપાદકીય લેખ લખવામાં આવ્યો. એને સર્વાંગ બનાવવાના ઉદ્દેશ્યથી તેમાં પણ જિજ્ઞાસુ પાઠકો અને સન્માનનીય વિદ્વાનો પાસેથી માર્ગદર્શન ઇચ્છવામાં આવ્યું અને તેમને વિશ્વાસ આપવામાં આવ્યો કે પ્રકાશન પહેલાં મળેલા સુઝાવો અને સૂચનાઓ ઉપર ગંભીરતાપૂર્વક વિચાર કરીને આવશ્યક સંશોધન, પરિવર્તન, પરિવર્દ્ધન, સ્પષ્ટીકરણ અવશ્ય કરવામાં આવશે; આ મહાનિબંધના પરિમાર્જનમાં તેમના સુઝાવોનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં આવશે.

આ બધા આગ્રહ-અનુરોધોથી જે કાંઈ પણ પ્રાપ્ત થયું, તેમાં પ્રોત્સાહન અને પ્રશંસા જ અધિક હતી, સુઝાવ અને સલાહ ઓછી. છતાં પણ વારંવાર કરવામાં આવેલા અનુરોધોના ફળરૂપે જે માર્ગદર્શન મળ્યું, તેનો પૂરેપૂરો લાભ લેવામાં આવ્યો છે. જે કાંઈ પ્રશ્નો મળ્યા, તેમને પ્રશ્નોત્તરરૂપે સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. ઘણા ખરા સંભાવિત પ્રશ્નો સ્વયં ઉઠાવીને સમાધાન કરવાનો પ્રયત્ન કર્યો છે.

આ રીતે આ ગ્રંથના બે ખંડ (ભાગ) થઈ ગયા છે:

૧. ક્રમબદ્ધપર્યાય : એક અનુશીલન

૨. ક્રમબદ્ધપર્યાય : કેટલાક પ્રશ્નોત્તર

અંતમાં ત્રણ પરિશિષ્ટ પણ આપવામાં આવ્યા છે. જેમાં પૂ. કાનજી સ્વામી સાથેનો એક ઇન્ટરવ્યૂ (મુલાકાત). સંદર્ભ ગ્રન્થ-સૂચી અને વિદ્વાનોના અભિપ્રાય આપવામાં આવ્યા છે.

આ વર્ષ મારા માટે 'ક્રમબદ્ધવર્ષ' રૂપે આવ્યું. આત્મધર્મમાં સંપાદકીય લેખ રૂપે સતત એની ચર્ચા કરવાને કારણે આ સમય દરમ્યાન જ્યાં જ્યાં પ્રવચન માટે ગયો, ત્યાં ત્યાં જનતાના આગ્રહથી 'ક્રમબદ્ધપર્યાય' પર જ પ્રવચન કરવાં પડ્યાં. શ્રી સમ્મેદશિખરજી, મુંબઈ, રાજકોટ, સતના, અજમેર, હસ્તિનાપુર—ત્યાં સુધી કે સોનગઢ શિબિરમાં પણ સતત દશ દિવસ સુધી ક્રમબદ્ધપર્યાય ઉપર પ્રવચન ચાલ્યાં. જયપુરમાં તો પૂરું વર્ષ આ વિષય ચર્ચાનો વિષય બની રહ્યો છે. જિજ્ઞાસુ શ્રોતાઓ અને બુદ્ધિશાળી વિદ્યાર્થીઓના આગ્રહથી એના ઉપર અનેક પ્રવચનો પણ કર્યાં છે, તેમની સાથે ચર્ચાઓ પણ ખૂબ થઈ.

'ક્રમબદ્ધમય' વાતાવરણ રહ્યા કરવાથી પણ એના સંદર્ભમાં પૂરતું ચિંતન ચાલતું રહ્યું. તે પૂરું તો નહિ પણ ઘણું ખરું આમાં આવી ગયું છે.

આ રીતે એને સર્વાંગ બનાવવાનો ભરપૂર પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. છતાં પણ જો કોઈ કમી રહી ગઈ હોય તો બધા જિજ્ઞાસુ પાઠકો અને સન્માનનીય વિદ્વાનોને સાનુરોધ આગ્રહ છે કે તેઓ તે તરફ અમારું ધ્યાન આકર્ષિત કરે. આ વર્ષના અંત સુધીમાં એના પુસ્તકાકારે પ્રકાશનની યોજના છે, તેના પહેલાં પ્રાપ્ત સુઝાવોનો ઉપયોગ એને પરિષ્કૃત કરવામાં અવશ્ય આવશે. અમે નથી ઈચ્છતા કે એમાં કોઈ ખામી રહી જાય.

જૈનદર્શનના સર્વાધિક મહત્ત્વપૂર્ણ ગંભીર આ વિષયને નિર્વિવાદરૂપે સર્વાંગ પ્રસ્તુત કરવાની ભાવનાથી જ આ અનુરોધ કરવામાં આવ્યો છે. આશા છે કે વિદ્વાનો આના ઉપર ધ્યાન આપશે.

અંતે આ પવિત્ર ભાવના સાથે મારી વાત સમાપ્ત કરું છું કે આખુ જગત 'ક્રમબદ્ધપર્યાય'નું સાચું સ્વરૂપ સમજીને સ્વભાવ-સન્મુખ થઈને અનંત સુખી થાય.

—ડૉ. હુકમચન્દ ભારિલ્લ

## પ્રથમ ખંડ

# ક્રમબદ્ધપર્યાય : એક અનુશીલન

'ક્રમબદ્ધપર્યાય' આજે દિગમ્બર જૈન સમાજનો બહુચર્ચિત વિષય છે. ભલે પક્ષમાં હોય કે વિપક્ષમાં-પણ એની ચર્ચા આજે તત્ત્વપ્રેમી સમાજમાં સર્વત્ર થતી જોવામાં આવે છે. જો કે પૂ. શ્રી કાનજી સ્વામીએ આ વિષય ઘણી જ ગંભીરતાથી રજુ કરીને અધ્યાત્મ જગતમાં એક ક્રાંતિનો શંખનાદ ફૂંક્યો છે અને આ મહત્ત્વપૂર્ણ વિષય સમાજમાં આજે ચર્ચાનો વિષય પણ બનેલો છે, તો પણ તેના ઊંડાણમાં જનાર વ્યક્તિઓ થોડી જ નજરે પડે છે. જૈનદર્શનની આ અનુપમ શોધ ઉપર જેટલા ઊંડાણથી મંથન કરાવું જોઈએ, તે દેખાતું નથી.

આ મહાન દાર્શનિક સિદ્ધાંતને નિરર્થક વાદ-વિવાદ અને સામાજિક રાજનીતિનો વિષય બનાવી લેવામાં આવ્યો છે. આ એક શુદ્ધ દાર્શનિક વિષય છે. એને વાદ-વિવાદ અને ઠઠ્ઠા-મશ્કરીનો વિષય ન બનાવતાં એના ઉપર વિશુદ્ધ દાર્શનિક અને આધ્યાત્મિક દૃષ્ટિકોણથી વિચાર કરાવો જોઈએ. જૈન દર્શન સાથે સંબંધ હોવાથી અહીં આ વિષય ઉપર જૈનાગમના સંદર્ભમાં યુક્તિ અને ઉદાહરણ સહિત ઊંડો અભ્યાસ અપેક્ષિત છે.

'ક્રમબદ્ધપર્યાય'નો આશય એ છે કે આ પરિણમનશીલ જગતની પરિણમન-વ્યવસ્થા 'ક્રમનિયમિત' છે. જગતમાં જે કાંઈ પરિણમન નિરંતર થઈ રહ્યું છે, તે સર્વ એક નિશ્ચિત ક્રમમાં વ્યવસ્થિત રૂપે થઈ રહ્યું છે. સ્થૂળ દૃષ્ટિએ જોતાં જે પરિણમન અવ્યવસ્થિત દેખાય છે, તેમાં પણ ઊંડાણથી વિચાર કરતાં એક સુવ્યવસ્થિત વ્યવસ્થા નજરે પડે છે. જેમ કે, નાટકના રંગમંચ ઉપર જે દૃશ્ય વ્યવસ્થિત બતાવવામાં આવે છે, તે તો પહેલેથી

નિશ્ચિત અને પૂર્ણ વ્યવસ્થિત હોય જ છે; પરંતુ જે દૃશ્ય અવ્યવસ્થિત બતાવવામાં આવે છે, તે પણ પૂર્વ નિયોજિત અને પૂર્ણ વ્યવસ્થિત હોય છે.

એકદમ વ્યવસ્થિત બતાવવામાં આવતું કોઈ અમીરનું ભવ્ય મકાન જેમ પૂર્વ નિયોજિત અને વ્યવસ્થિત હોય છે, તેવી જ રીતે અવ્યવસ્થિત બતાવવામાં આવતી કોઈ ગરીબની ઝુંપડી પણ અનિયોજિત અને અવ્યવસ્થિત નથી હોતી, પરંતુ તે ય પૂર્ણપણે નિયોજિત અને વ્યવસ્થિત જ હોય છે. તેનો તૂટેલો ખાટલો અને ફાટેલાં કપડાં બતાવવા માટે પહેલાંથી જ અખંડ ખાટલો તોડવો પડે છે અને અખંડ કપડાં ફાડવાં પડે છે. ક્યાંક થાળી પડી છે, ક્યાંક લોટો–એ બતાવવા માટે વ્યવસ્થિતરૂપે એક નિશ્ચિત સ્થળે થાળી અને બીજા નિશ્ચિત સ્થળે લોટો મૂકવામાં આવે છે

જેમ ઉક્ત અવ્યવસ્થિત દેખાતી વ્યવસ્થા પણ પૂર્વ નિશ્ચિત અને વ્યવસ્થિત હોય છે; બરાબર તે જ પ્રમાણે સર્વ દ્રવ્યોનું અવ્યવસ્થિત જેવું દેખાતું પરિણમન પણ પૂર્ણ નિશ્ચિત અને વ્યવસ્થિત હોય છે.

જેમ નાટકમાં દૃશ્ય ક્રમશઃ આવે છે, એક સાથે નહીં; તેવી જ રીતે પ્રત્યેક દ્રવ્યમાં પર્યાયો ક્રમશઃ જ થાય છે, એક સાથે નહિ. નાટકમાં એ પણ નિશ્ચિત હોય છે કે કયા દૃશ્ય પછી કયું દૃશ્ય આવશે; તેવી જ રીતે પર્યાયોમાં પણ એ નિશ્ચિત હોય છે કે કોના પછી કઈ પર્યાય આવશે. જેમ જેના પછી જે દૃશ્ય આવવાનું નિશ્ચિત હોય છે, તેના પછી તે જ દૃશ્ય આવે છે, અન્ય નહિ; તેવી જ રીતે જેના પછી જે પર્યાય (કાર્ય) થવાની હોય છે, તે જ થાય છે અન્ય નહિ. આનું જ નામ 'ક્રમબદ્ધપર્યાય' છે.

પ્રત્યેક દ્રવ્યની તે પરિણમન–વ્યવસ્થા માત્ર વ્યવસ્થિત જ નહિ, સ્વાધીન પણ છે; કોઈ અન્ય દ્રવ્યને આધીન નથી. એક દ્રવ્યના પરિણમનમાં બીજા દ્રવ્યનો કોઈ પણ હસ્તક્ષેપ નથી.

જેમ કે સર્વશ્રેષ્ઠ દિગંબર આચાર્ય શ્રી કુંદકુંદના પ્રસિદ્ધ ગ્રંથરાજ સમયસારની ગાથા ૩૦૮ થી ૩૧૧ સુધીની આત્મખ્યાતિ નામની ટીકામાં શ્રી અમૃતચંદ્ર આચાર્ય લખે છે :-

"जीवो हि तावत्क्रमनियमितात्मपरिणामैरुत्पद्यमानो जीव एव, नाजीवः, एवमजीवोऽपि क्रमनियमितात्मपरिणामैरुत्पद्यमानोऽजीव एव, न जीवः।

પ્રથમ તો જીવ ક્રમનિયમિત (ક્રમબદ્ધ) એવા પોતાના પરિણામોથી ઉત્પન્ન થતો થકો જીવ જ છે, અજીવ નથી; એ જ રીતે અજીવ પણ ક્રમનિયમિત (ક્રમબદ્ધ) પોતાના પરિણામોથી ઉત્પન્ન થતું થકું અજીવ જ છે, જીવ નથી."

અહીં સર્વ જીવો અને અજીવોના પરિણમનને ક્રમનિયમિત અર્થાત્ ક્રમબદ્ધ કહેવામાં આવ્યું છે. જીવ અને અજીવ સિવાય જગતમાં બીજું છે જ શું? જીવ અને અજીવ દ્રવ્યોના સમૂહનું નામ જ વિશ્વ અર્થાત્ જગત છે. આ રીતે સમસ્ત જગતના પરિણમનને જ ક્રમનિયમિત અર્થાત્ ક્રમબદ્ધ કહેવામાં આવ્યું છે.

'ક્રમનિયમિત' અને 'ક્રમબદ્ધ' શબ્દ એકાર્થવાચી જ છે. જેમ કે જૈનતત્ત્વમીમાંસામાં સ્પષ્ટ કરવામાં આવેલ છે:-

"પ્રત્યેક કાર્ય પોતાના સ્વકાળે જ થાય છે, તેથી પ્રત્યેક દ્રવ્યની પર્યાયો ક્રમનિયમિત છે. એક પછી એક પોત-પોતાના સ્વકાળે નિશ્ચય ઉપાદાન અનુસાર થયા કરે છે.

અહીં 'ક્રમ' શબ્દ પર્યાયોના ક્રમની અભિવ્યક્તિ બતાવવા માટે સ્વીકારેલ છે અને 'નિયમિત' શબ્દ પ્રત્યેક પર્યાયનો સ્વકાળ પોત-પોતાના નિશ્ચય ઉપાદાન અનુસાર નિયમિત છે-એ બતાવવા માટે આપવામાં આવેલ છે.

વર્તમાનકાળે જે અર્થને 'ક્રમબદ્ધપર્યાય' શબ્દ દ્વારા વ્યક્ત કરવામાં આવે છે, તે જ અર્થ 'ક્રમનિયમિતપર્યાય' નો છે."[૧]

ધ્યાન દેવા યોગ્ય વાત એ છે કે અહીં માત્ર એમ નથી કહેવામાં આવ્યું કે પર્યાયો ક્રમે થાય છે, પરંતુ એમ પણ કહેવામાં આવ્યું છે કે તે નિયમિત ક્રમમાં થાય છે. આશય એ છે કે "જે દ્રવ્યની, જે પર્યાય, જે કાળે, જે નિમિત્ત અને જે પુરુષાર્થ-પૂર્વક, જેવી થવાની છે; તે દ્રવ્યની, તે પર્યાય, તે જ કાળે, તે જ નિમિત્તો અને તે જ પુરુષાર્થપૂર્વક, તેવી જ થાય છે; અન્યથા નહિ"—એ નિયમ છે.

જેમ કે કાર્તિકેયાનુપ્રેક્ષામાં કહેવામાં આવ્યું છે :-

**"जं जस्स जम्मि देसे जेण विहाणेण जम्मि कालम्मि।**
**णादं जिणेण णियदं जम्मं वा अहव मरणं वा ॥ ३२१ ॥**
**तं तस्स तम्मि देसे तेण विहाणेण तम्मि कालम्मि।**
**को सक्कदि चारेदुं इंदो वा तह जिणिंदो वा ॥ ३२२ ॥**
**एवं जो णिच्छयदो जाणदि दव्वाणि सव्वपज्जाए।**
**सो सद्दिट्ठी सुद्धो जो संकदि सो हु कुद्दिट्ठी ॥ ३२३ ॥**

જે જીવને, જે દેશમાં, જે કાળે, જે વિધાનથી, જે જન્મ અથવા મરણ જિનદેવે નિયતરૂપે જાણ્યું છે; તે જીવને, તે જ દેશમાં, તે જ કાળે, તે જ વિધાનથી, તે અવશ્ય થાય છે. તેને ઇન્દ્ર અથવા જિનેન્દ્ર કોણ ટાળવા સમર્થ છે? અર્થાત્ તેને કોઈ ટાળી શકતું નથી.

આ રીતે નિશ્ચયથી જે દ્રવ્યોને અને તેમની સમસ્ત પર્યાયોને જાણે છે તે સમ્યગ્દૃષ્ટિ છે; અને જે તેમાં શંકા કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે"

જિનાગમમાં બીજાં પણ અનેક સ્થાનો પર આ પ્રકારનો ભાવ વ્યક્ત કરવામાં આવ્યો છે:-

---

૧. જૈનતત્ત્વમીમાંસા (હિન્દી), બીજી આવૃત્તિ, પૃષ્ઠ ૨૬૮.

"प्रागेव यदवाप्तव्यं येन यत्र यथा यतः।
तत्परिप्राप्यतेऽवश्यं तेन तत्र तथा ततः॥[૧]

જેને, જ્યાં, જે કારણે, જે પ્રકારે, જે વસ્તુ પ્રાપ્ત થવાની હોય છે; તેને, ત્યાં, તે જ કારણે, તે જ પ્રકારે, તે જ વસ્તુ અવશ્ય પ્રાપ્ત થાય છે."

"જો-જો દેખી વીતરાગને, સો-સો હોસી વીરા રે;
બિન દેખ્યો હોસી નહિં કયોંહી, કાહે હોત અધીરા રે.
સમયો એક બઢે નહિં ઘટસી, જો સુખ-દુખકી પીરા રે;
તૂ કયોં સોચ કરે મન કૂડો, હોય વજ્ર જ્યોં હીરા રે."[૨]

તથા

"જા કરિ જૈસેં જાહિ સમયમેં, જો હોતબ[૩] જા દ્વાર;
સો બનિ હૈ ટરિહૈ કછુ નાહીં, કરિ લીનૌં નિરધાર.
હમકો કછુ ભય ના રે, જાન લિયો સંસાર. ટેક"[૪]

"સમ્યગ્દૃષ્ટિને એવો વિચાર હોય છે-જે વસ્તુનું સ્વરૂપ સર્વજ્ઞે જેવું જાણ્યું છે, તેવું નિરંતર પરિણમે છે; તેમ થાય છે. ઇષ્ટ-અનિષ્ટ માનીને દુઃખી-સુખી થવું નિષ્ફળ છે. એવા વિચારથી દુઃખ મટે છે, એ પ્રત્યક્ષ અનુભવગોચર છે."[૫]

"વળી સમ્યગ્દૃષ્ટિને એવો નિશ્ચય છે—જે જીવને, જે દેશમાં, જે કાળે, જે વિધાનથી જન્મ અથવા મરણ, કે લાભ-અલાભ, સુખ-દુઃખ થવાનું જિનેન્દ્ર ભગવાને દિવ્યજ્ઞાનથી જાણેલ છે; તે જીવને, તે દેશમાં, તે કાળે, તે વિધાનથી, જન્મ-મરણ, લાભ-

---

૧. આચાર્ય રવિષેણ: પદ્મપુરાણ, સર્ગ ૧૧૦, શ્લોક ૪૦
૨. ભૈયા ભગવતીદાસ: અધ્યાત્મપદસંગ્રહ, પૃષ્ઠ ૮૧
૩. ભવિતવ્યતા
૪. બુધજન : અધ્યાત્મપદ સંગ્રહ, પૃષ્ઠ ૭૯
૫. પં. જયચંદજી છાબડા : મોક્ષપાહુડ, ગાથા ૮૬ નો ભાવાર્થ.

અલાભ નિયમથી થાય જ, તેને દૂર કરવાને કોઈ ઈન્દ્ર, અહમિન્દ્ર, જિનેન્દ્ર સમર્થ નથી."[૧]

ઉક્ત પ્રકરણોમાં પ્રાયઃ સર્વત્ર જ સર્વજ્ઞના જ્ઞાનને આધાર માનીને ભવિષ્યને નિશ્ચિત નિરૂપવામાં આવેલ છે અને તેના આધારે અધીર ન થવાનો અને નિર્ભય રહેવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે સ્વામી કાર્તિકેયે તો આવી શ્રદ્ધા વાળાને જ સમ્યગ્દૃષ્ટિ જાહેર કર્યા છે અને આ રીતે ન માનનારને મિથ્યાદૃષ્ટિ કહેવામાં પણ તેમને જરાય સંકોચ નથી થયો.

આ રીતે આપણે જોઈએ છીએ કે 'ક્રમબદ્ધપર્યાય'ની સિદ્ધિમાં સર્વજ્ઞતા સૌથી બળવાન હેતુ છે.

ઉત્પન્ન થયેલ પર્યાયોની ક્રમબદ્ધતાનો સ્વીકાર કરવામાં તો જગતને કોઈ બાધા જણાતી નથી, પરંતુ જ્યારે નહિ ઉત્પન્ન થયેલ ભાવી પર્યાયોને પણ નિશ્ચિત કહેવામાં આવે છે ત્યારે જગત ભડકી ઊઠે છે. તેને લાગે છે કે જો બધું ય નિશ્ચિત જ છે તો પછી અમારું આ કરવું-કરાવવું બધું નકામું છે. કર્તૃત્વના અભિમાનની જે દીવાલને તે નક્કર આધાર માનીને ઊભો હતો, અભિમાન કરતો હતો; તે જ્યારે ધસી પડતી દેખાય છે, ત્યારે એકદમ ગભરાઈ જાય છે. તેની ગભરામણ ત્યાં સુધી વધે છે કે જેવા સર્વજ્ઞ ભગવાનને અને તેમની સર્વજ્ઞતાને તે અત્યારે સુધી હૃદયથી (બુદ્ધિથી નહીં) સ્વીકારતો હતો-તેના પ્રત્યે પણ શંકિત થઇ જાય છે. તેનો પણ વિરોધ કરવા લાગે છે.

કેમકે અત્યાર સુધી સર્વજ્ઞની સત્તા સ્વીકારતો રહ્યો છે, તેથી એકદમ તો તેની ના પાડી શકતો નથી, તેથી સર્વજ્ઞતાની વ્યાખ્યાઓ બદલવા માંડે છે. કોઈવાર કહે છે કે તેઓ ભૂતકાળ અને વર્તમાનને તો જાણે છે. પણ ભવિષ્યને નહિ; કારણ કે ભૂતકાળમાં તો જે કાંઈ થવાનું હતું તે થઈ ગયું અને વર્તમાનમાં

૧. પં. સદાસુખદાસજી કાસલીવાલ : રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક ૧૩૭નો ભાવાર્થ.

થઈ રહ્યું છે તેથી તેમને જાણવામાં તો કાંઈ આપત્તિ નથી; પણ ભવિષ્યની ઘટનાઓ જ્યારે અત્યારે બની જ નથી તો તેમને જાણશે જ કેવી રીતે ? કોઈ વાર કહે છે કે ભવિષ્યને જાણે તો છે, પરંતુ શરત સહિત જાણે છે. જેમ કે-જે પુણ્ય કરશે તે સુખી થશે અને જે પાપ કરશે તે દુઃખી થશે. જે ભણશે તે પાસ થશે અને જે નહિ ભણે તે પાસ નહિ થાય-આદિ કોણ જાણે કેટલાય રસ્તા કાઢે છે.

પણ તેનો આ અથાક પ્રયાસ નિષ્ફળ જ રહે છે, કારણ કે કોઈ રસ્તો છે જ નહિ તો નીકળે ક્યાંથી ? એ કેવી રીતે બની શકે કે તે સર્વજ્ઞને તો માને, પણ ભવિષ્યજ્ઞને નહિ. સર્વજ્ઞનો અર્થ ત્રિકાળજ્ઞ થાય છે. જે ભવિષ્યને ન જાણી શકે તે સર્વજ્ઞ કેવા ? સર્વજ્ઞની વ્યાખ્યા તો એવી છે કે જે સર્વને જાણે તે સર્વજ્ઞ. કહ્યું પણ છે:–

"सर्वद्रव्यपर्यायेषु केवलस्य[१]

કેવળજ્ઞાનનો વિષય તો સમસ્ત દ્રવ્યો અને તેમની ત્રણ કાળ સંબંધી સમસ્ત પર્યાયો છે."

જે કાંઈ થઈ ગયું છે, થઈ રહ્યું છે અને ભવિષ્યમાં થવાનું છે; સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં તો તે બધું વર્તમાનવત્ સ્પષ્ટ ઝળકે છે.

ઉક્ત સૂત્રની વ્યાખ્યા કરતાં શ્રી પૂજ્યપાદ આચાર્ય લખે છે:–

"तेषां पर्यायाश्च त्रिकालभुवः प्रत्येकमनन्तानन्तास्तेषु। द्रव्यं पर्यायजातं न किंचित्केवलज्ञानस्य विषयभावमतिक्रान्तमस्ति। अपरिमितमाहात्म्यं हि तदिति ज्ञापनार्थं सर्वद्रव्यपर्यायेषु इत्युच्यते।[२]

૧. આચાર્ય ઉમાસ્વામી ; તત્ત્વાર્થ સૂત્ર, અ. ૧, સૂત્ર ૨૯

૨. સર્વાર્થસિદ્ધિ અ. ૧, સૂત્ર ૨૯ની ટીકા.

"સર્વ દ્રવ્યોની પૃથક્-પૃથક્ ત્રણે કાળે થનારી અનંતાનંત પર્યાયો છે. આ બધામાં કેવળજ્ઞાનની પ્રવૃત્તિ હોય છે. એવું ન કોઈ દ્રવ્ય છે અને ન પર્યાય-સમૂહ છે કે જે કેવળજ્ઞાનના વિષયથી બહાર હોય. કેવળજ્ઞાનનું માહાત્મ્ય અપરિમિત છે, એ જ વાતનું જ્ઞાન કરાવવા માટે સૂત્રમાં '**सर्वद्रव्यपर्यायेषु**' કહ્યું છે."

એ પ્રકારે ભવિષ્યનું જ્ઞાન થવું તો માને, પણ ભવિષ્યનું નિશ્ચિત હોવાનું ન માને, એ કેવી રીતે સંભવે? એવું તો સર્વ સાધારણ જનો પણ કહી શકે છે કે જે ભણશે તે પાસ થશે. એમાં સર્વજ્ઞના જ્ઞાનની દિવ્યતા શું રહી?

શ્રી કુન્દકુન્દાચાર્ય કહે છે:-

"**जदि पच्चक्खमजादं पज्जायं पलयिदं च णाणस्स।**
**ण हवदि वा तं णाणं दिव्वं ति हि के परूवेंति**॥१

જો અનુત્પન્ન (ભવિષ્યની) અને વિનષ્ટ (ભૂતની) પર્યાય સર્વજ્ઞના જ્ઞાનમાં પ્રત્યક્ષ ન હોય તો તે જ્ઞાનને દિવ્ય કોણ કહે?"

ધવલા પુસ્તક ૯ માં આ જ વાત આ રીતે વ્યક્ત કરેલ છે:-

"**णट्ठाणुप्पण्ण अत्थाणं कधं तदो परिच्छेदो। ण, केवलत्तादो बज्झत्थावेक्खाए विणा तदुप्पत्तीए विरोहाभावा।**

પ્રશ્ન: જે પદાર્થ નષ્ટ થઈ ગયા છે અને જે પદાર્થ હજી ઉત્પન્ન નથી થયા તેમનું જ્ઞાન કેવળજ્ઞાન વડે કેમ થઈ શકે?

ઉત્તર: ના, કેમ કે કેવળજ્ઞાન સહાય-નિરપેક્ષ હોવાથી બાહ્ય પદાર્થોની અપેક્ષા વિના તેમના (વિનષ્ટ અને અનુત્પન્નના) જ્ઞાનની ઉત્પત્તિમાં કોઈ વિરોધ નથી."२

---

૧. પ્રવચનસાર, ગાથા ૩૯

૨. જૈનેન્દ્ર સિદ્ધાન્તકોશ, ભાગ ૨, પૃષ્ઠ ૧૫૧

શ્રી અમૃતચંદ્રાચાર્યે સર્વજ્ઞ દ્વારા સમસ્ત જ્ઞેયોને એક ક્ષણમાં સંપૂર્ણ ગુણ અને પર્યાયો સહિત અત્યંત સ્પષ્ટ રૂપે પ્રત્યક્ષ જાણવાની ચર્ચા આ પ્રકારે કરી છે:–

"अथैकस्य ज्ञायकभावस्य समस्तज्ञेयभावस्वभावत्वात् प्रोत्कीर्ण-लिखितनिखातकीलितमज्जितसमावर्तितप्रतिबिम्बितवत्तत्र क्रमप्रवृत्तानन्तभूतभवद्भाविविचित्रपर्यायप्राग्भारमगाधस्वभावं गम्भीरं समस्तमपि द्रव्यजातमेकक्षण एव प्रत्यक्षयन्तं......।[1]

એક જ્ઞાયકભાવનો સમસ્ત જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી ક્રમે પ્રવર્તતા, અનંત, ભૂત–વર્તમાન–ભાવી વિચિત્ર પર્યાયસમૂહવાળાં, અગાધ સ્વભાવ અને ગંભીર એવાં સમસ્ત દ્રવ્યમાત્રને–જાણે કે તે દ્રવ્યો જ્ઞાયકમાં કોતરાઈ ગયાં હોય, ચિતરાઈ ગયાં હોય, દટાઈ ગયાં હોય, ખોડાઈ ગયાં હોય, ડૂબી ગયાં હોય, સમાઈ ગયાં હોય, પ્રતિબિંબિત થઈ ગયાં હોય, એમ–એક ક્ષણમાં જ જે (શુદ્ધાત્મા) પ્રત્યક્ષ કરે છે..."

"अलमथवातिविस्तरेण, अनिवारितप्रसरप्रकाशशालितया क्षायिकज्ञानमवश्यमेव सर्वदा सर्वत्र सर्वथा सर्वमेव जानीयात्।।[2]

અથવા અતિવિસ્તારથી બસ થાઓ; અનિવારિત (–રોકી ન શકાય એવો, અમર્યાદિત) જેનો ફેલાવ છે એવા પ્રકાશવાળું હોવાથી ક્ષાયિકજ્ઞાન અવશ્યમેવ સર્વદા, સર્વત્ર, સર્વથા, સર્વને જાણે છે."

ભગવતી આરાધનામાં સર્વજ્ઞની ત્રિકાળજ્ઞતાનો સ્પષ્ટ ઉલ્લેખ આ પ્રકારે છે :–

"पस्सदि जाणदि य तहा तिण्णि वि काले सपज्जए सव्वे।
तह वा लोगमसेसं पस्सदि भयवं विगदमोहो ॥२१४१॥

---

૧. પ્રવચનસાર, ગાથા ૨૦૦ ની તત્ત્વપ્રદીપિકા ટીકા
૨. પ્રવચનસાર, ગાથા ૪૭ ની તત્ત્વપ્રદીપિકા ટીકા

તે (સિદ્ધ પરમેષ્ઠી) સર્વ દ્રવ્યો અને તેમની પર્યાયોથી ભરેલા આખાય જગતને ત્રણે કાળે જાણે છે. તો પણ તેઓ મોહરહિત જ રહે છે."

એ જ પ્રકારનો ભાવ શ્રી અમિતગતિ આચાર્યે યોગસારમાં પણ વ્યક્ત કર્યો છે :–

"अतीता भाविनश्चार्थाः स्वे-स्वे काले यथाखिलाः।
वर्तमानास्ततस्तद्वद्वेत्ति तानपि केवलं ॥१

ભૂત અને ભાવી સમસ્ત પદાર્થ જે રૂપે પોત-પોતાના કાળે વર્તમાન રહે છે, તેમને પણ કેવળજ્ઞાન તે જ રૂપે જાણે છે."

સર્વજ્ઞતાની સિદ્ધિ શ્રી સમન્તભદ્ર આચાર્યે આપ્તમીમાંસામાં, શ્રી અકલંકદેવ આચાર્યે તેની ટીકા અષ્ટશતીમાં અને શ્રી વિદ્યાનંદિ આચાર્યે અષ્ટસહસ્રીમાં વિસ્તારથી કરી છે. 'સર્વજ્ઞસિદ્ધિ' જૈનન્યાયશાસ્ત્રનો એક પ્રમુખ વિષય છે. એક રીતે સંપૂર્ણ ન્યાયશાસ્ત્ર જ સર્વજ્ઞતાની સિદ્ધિમાં સમર્પિત છે. છતાં પણ જ્યારે ન્યાયવિષયક અનેક પદવીઓથી વિભૂષિત વિદ્વાનો સર્વજ્ઞતામાં પણ આશંકા વ્યક્ત કરવા લાગે છે અથવા તેની નવી નવી વ્યાખ્યાઓ પ્રસ્તુત કરવા લાગે છે, ત્યારે આશ્ચર્ય થયા વિના રહેતું નથી.

સર્વજ્ઞ ભગવાનનું ભવિષ્ય સંબંધી જ્ઞાન 'ભણશે તો પાસ થશે'ના રૂપમાં અનિશ્ચયાત્મક ન હોતાં 'આ ભણશે અને અવશ્ય પાસ થશે' અથવા 'નહિ ભણે અને પાસ પણ નહિ થાય'ના રૂપે નિશ્ચયાત્મક હોય છે.

ભવિષ્યને નિશ્ચિત માનવામાં અજ્ઞાનીને વસ્તુની સ્વતંત્રતા ખંડિત થતી જણાય છે. પણ તેનું ધ્યાન આ તરફ નથી જતું કે ભવિષ્યને અનિશ્ચિત માનતાં જ્યોતિષ આદિ નિમિત્તજ્ઞાન કાલ્પનિક સિદ્ધ થશે. કેમકે સૂર્યગ્રહણ આદિની જાહેરાત તો વર્ષો પહેલાં

૧. યોગસાર અ. ૧, છંદ ૨૮

કરી દેવામાં આવે છે અને તે સત્ય નીકળે છે. અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન પણ પોતાની સીમામાં ભવિષ્યને જાણે જ છે. લાખો વર્ષ પછીના ભવિષ્યની નિશ્ચિત ઘોષણાઓથી સર્વજ્ઞ-કથિત જિનાગમ ભર્યા પડ્યાં છે અને તે બધી ઘોષણાઓ 'આમ જ થશે'ની ભાષામાં છે. સર્વજ્ઞની ભવિષ્યજ્ઞતાનો ઈન્કાર કરવાનો અર્થ સમસ્ત જિનાગમને તિલાંજલિ દેવાનો થશે.

જો 'ક્રમબદ્ધપર્યાય'ની વાત પહેલાં આપણા ધ્યાનમાં ન આવી અને તે આ યુગમાં એક એવી વ્યક્તિના માધ્યમથી રજુ થઈ કે જેમને આપણે કોઈ કારણવશ પસંદ નથી કરતા તો એનો અર્થ એવો તો ન થવો જોઈએ કે આપણે સર્વજ્ઞની ભવિષ્યજ્ઞતાનો પણ ઇન્કાર કરી આપણા પગ ઉપર જ કુહાડી મારી બેસીએ. આ આત્મઘાતક પગલું ભરતાં પહેલાં વિચારક વર્ગને એકવાર ફરી વિચાર કરી લેવાનો અનુરોધપૂર્વક આગ્રહ કરીએ છીએ.

અત્યંત સ્પષ્ટ ઉક્ત આગમ પ્રમાણો અને અકાટ્ય યુક્તિઓથી આઘાત પામેલા કેટલાક લોકો આ પ્રબળ પ્રહારોથી બચવા માટે નિયમસાર ગાથા ૧૫૯ નો આશ્રય લે છે, કે જે આ પ્રમાણે છેઃ-

"**जाणदि पस्सदि सव्वं ववहारणए . केवली भगवं ।**
**केवलणाणी जाणदि पस्सदि णियमेण अप्पाणं ॥**

વ્યવહારનયથી કેવળી ભગવાન સર્વ જાણે છે અને દેખે છે; નિશ્ચયનયથી કેવળજ્ઞાની આત્માને જાણે છે અને દેખે છે."

પરમાત્મપ્રકાશમાં પણ આ પ્રકારનું કથન આવે છે :–

"**ते पुणु वंदउँ सिद्धगण जे अप्पाणि वसंत ।**
**लोयालोउ वि सयलु इहु अच्छहिं विमलु णियंत ।**[1]

હું તે સિદ્ધોને વંદન કરું છું–જે નિશ્ચયથી પોતાના સ્વરૂપમાં સ્થિત રહે છે અને વ્યવહારનયથી લોકાલોકને સંશયરહિત પ્રત્યક્ષ દેખતા થકા સ્થિર રહ્યા છે."

---

૧. પરમાત્મપ્રકાશ, અધિકાર ૧, દોહા ૫.

ઉક્ત કથનોના આધારે તે લોકો કહે છે કે કેવળી ભગવાન પરને તો વ્યવહારથી જાણે છે, નિશ્ચયથી તો જાણતા નથી; અને વ્યવહાર અસત્યાર્થ છે-જેમ કે સમયસાર ગાથા ૧૧ માં કહ્યું છેઃ-

"ववहारोऽभूयत्थो भूयत्थो देसिदो दु सुद्धणओ ।
વ્યવહાર અભૂતાર્થ છે અને નિશ્ચયનય ભૂતાર્થ છે."

આ રીતે જ્યારે કેવળી ભગવાન પરને જાણતા જ નથી, તો પછી સમસ્ત દ્રવ્યોની ભવિષ્યની પર્યાયોને જાણવાની વાત જ ક્યાં રહી જાય છે?

પરંતુ તેમનું આ કથન પણ પૂર્વાપર-વિચાર રહિત છે. કેમ કે એક તો પરને ન જાણવાથી પરના ભવિષ્યને ન જાણવાની વાત કહેવી એ તો કાંઈક સમજવામાં પણ આવી શકે છે, પણ પોતાના ભવિષ્યનેય નથી જાણતા એ કેવી રીતે સિદ્ધ થશે? તેથી એ સિદ્ધ થઈ શકતું નથી કે તેઓ ભવિષ્યને જાણતા નથી.

બીજી સર્વથી અધિક મહત્ત્વની વાત એ છે કે તેમણે ઉક્ત કથનોના મર્મ ઉપર ધ્યાન જ આપ્યું નથી. જો ઉક્ત કથનોને પૂર્વાપર સારી રીતે જોઈ લેવામાં આવે તો બધું જ સ્પષ્ટ થઈ જાય છે.

ઉક્ત સંપૂર્ણ કથન 'स्वाश्रितो निश्चयः, पराश्रितो व्यवहारः' સ્વાશ્રિત કથનને નિશ્ચય અને પરાશ્રિત કથનને વ્યવહાર કહે છે— આ વ્યાખ્યા ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે. કે જેનો નિયમસારની ઉક્ત ગાથાની સંસ્કૃત ટીકામાં સ્પષ્ટ ઉલ્લેખ છે.

જેમાં 'સ્વ'ની જ અપેક્ષા હોય, તે નિશ્ચયકથન છે અને જેમાં 'પર'ની અપેક્ષા આવે, તે વ્યવહારકથન હોય છે. તેથી કેવળી ભગવાન પોતાના આત્માને દેખે-જાણે છે-આ નિશ્ચયકથન થયું અને તેઓ પરને દેખે-જાણે છે-આ વ્યવહારકથન થયું; ઉક્ત કથનનું તાત્પર્ય માત્ર એટલું છે. તેઓ પરને વ્યવહારથી જાણે છે-એનો અર્થ એ કદાપિ નથી કે તેઓ પરને જાણતા જ નથી.

નિયમસારની ૧૫૯થી ૧૬૯ સુધીની ગાથાઓ અને તેમની સંસ્કૃત ટીકાને જો એકવાર સારી રીતે જોઈ લ્યે તો બધી વાત સહેજે સ્પષ્ટ થઈ જાય છે. ઉક્ત સંપૂર્ણ પ્રકરણ ભગવાનની સર્વજ્ઞતાને સિદ્ધ કરનારું જ છે. વિસ્તારભયથી તે બધું અહીં આપવું શક્ય નથી. જિજ્ઞાસુ પાઠકોને ઉક્ત પ્રકરણનું ઊંડાણથી મંથન કરવાનો સાનુરોધ આગ્રહ છે.

શ્રી જયસેનાચાર્ય પ્રવચનસાર ગાથા ૩૯ની તાત્પર્યવૃત્તિ નામક ટીકામાં લખે છે :–

"**यथाये केवली परकीयद्रव्यपर्यायान् यद्यपि परिच्छित्तिमात्रेण जानाति तथापि निश्चयनयेन सहजानन्दैकस्वभावे स्वशुद्धात्मनि तन्मयत्वेन परिच्छित्तिं करोति, तथा निर्मलविवेकिजनोऽपि यद्यपि व्यवहारेण परकीयद्रव्यगुणपर्यायपरिज्ञानं करोति, तथापि निश्चयेन निर्विकारस्वसंवेदनपर्याये विषयत्वात्पर्यायेण परिज्ञानं करोतीति सूत्रतात्पर्यम् ।**

જેવી રીતે કેવળી ભગવાન પરકીય દ્રવ્ય–પર્યાયોને જો કે પરિચ્છિત્તિ માત્ર રૂપે જાણે છે તો પણ નિશ્ચયનયથી સહજાનન્દરૂપ એક સ્વભાવી શુદ્ધાત્મામાં જ તન્મય થઈને પરિચ્છિત્તિ કરે છે; તેવી જ રીતે નિર્મળ વિવેકીજનો પણ જો કે વ્યવહારથી પરકીય દ્રવ્ય-ગુણ–પર્યાયોનું જ્ઞાન કરે છે, તો પણ નિશ્ચયથી નિર્વિકાર સ્વસંવેદન પર્યાયમાં જ તદ્વિષયક પર્યાયનું જ જ્ઞાન કરે છે."

ઉક્ત કથન અનુસાર જે અપેક્ષાએ કેવળી ભગવાન માત્ર પોતાને જાણે છે, પરને નહીં; તે અપેક્ષાએ અર્થાત્ નિશ્ચયનયે તો સમ્યગ્દૃષ્ટિ પણ માત્ર પોતાને જ જાણે છે, પરને નહિ તેથી જો આપ સર્વજ્ઞનું પરનું જાણપણું અસત્ય માનશો તો પછી સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીનું પણ પરનું જાણપણું અસત્ય માનવું પડશે; કે જે પ્રત્યક્ષ સિદ્ધ છે. આશા છે કે જ્ઞાનીઓનું પરનું જાણપણું આપને પણ અસ્વીકાર્ય નહિ હોય.

બીજું કેવળી ભગવાન પોતાને તન્મય થઈને જાણે છે; પરંતુ પરને જાણે તો છે, પણ તેમનામાં તેઓ તન્મય નથી થતા. આ કારણે પણ તેમનું પરનું જાણપણું વ્યવહાર કહેવાય છે.

પરમાત્મપ્રકાશ અધ્યાય ૧, ગાથા પર ની ટીકામાં એની ચર્ચા અત્યંત સ્પષ્ટ છે:-

"**कश्चिदाह। यदि व्यवहारेण लोकालोकं जानाति तर्हि व्यवहारनयेन सर्वज्ञत्वं, न च निश्चयनयेनेति।**

**परिहारमाह — यथा स्वकीयमात्मानं तन्मयत्वेन जानाति तथा परद्रव्यं तन्मयत्वेन न जानाति, तेन कारणेन व्यवहारो भण्यते न च परिज्ञानाभावात्। यदि पुनर्निश्चयेन स्वद्रव्यवत्तन्मयो भूत्वा परद्रव्यं जानाति तर्हि परकीयसुखदुःखरागद्वेषपरिज्ञातो सुखी-दुःखी रागी-द्वेषी च स्यादिति महद्दूषणं प्राप्नोतीति।**

પ્રશ્ન :- જો કેવળી ભગવાન વ્યવહારનયથી લોકાલોકને જાણે છે તો વ્યવહારનયથી જ તેમને સર્વજ્ઞત્વ હો પરંતુ નિશ્ચયનયથી નહિ?

ઉત્તર :- જેવી રીતે તન્મય થઈને સ્વકીય આત્માને જાણે છે તેવી જ રીતે પરદ્રવ્યને તન્મય થઇને નથી જાણતા, એ કારણે વ્યવહાર કહેવામાં આવેલ છે, નહિ કે તેમના પરિજ્ઞાનનો જ અભાવ હોવાના કારણે. જો સ્વદ્રવ્યની જેમ પરદ્રવ્યને પણ નિશ્ચયથી તન્મય થઇને જાણતા હોત તો પરકીય સુખ અને દુઃખને જાણવાથી સ્વયં સુખી-દુઃખી અને પરકીય રાગ-દ્વેષને જાણવાથી સ્વયં રાગી-દ્વેષી થઈ ગયા હોત અને આ પ્રકારે મહાન દોષ પ્રાપ્ત થાત."

તાર્કિકચક્રચૂડામણિ શ્રી સમન્તભદ્રાચાર્ય રત્નકરંડશ્રાવકાચારના મંગળાચરણમાં શ્રી વર્દ્ધમાન ભગવાનના કેવળજ્ઞાનમાં અલોકાકાશ સહિત ત્રણે લોકના સમસ્ત પદાર્થોનાં સ્પષ્ટ ઝળકવાની ચર્ચા આ પ્રકારે કરે છે:—

"नमः श्री वर्द्धमानाय निर्धूत कलिलात्मने,
सालोकानां त्रिलोकानाम्, यद्विद्या दर्पणायते।

જેમના કેવળજ્ઞાનરૂપી દર્પણમાં અલોકાકાશ સહિત ત્રણે લોક ઝળકે છે અને જેમણે જ્ઞાનાવરણાદિ પાપરૂપી મેલ ધોઈ નાખ્યો છે, તે વર્ધમાન ભગવાનને નમસ્કાર હો."

આ રીતે જૈનદર્શનના સર્વમાન્ય દિગ્ગજ આચાર્ય શ્રી કુંદકુંદ, કાર્તિકેય, સમન્તભદ્ર, ઉમાસ્વામી, પૂજ્યપાદ, વીરસેન, અમૃતચન્દ્ર, રવિષેણ આદિ અનેક આચાર્યોનાં પ્રબળ પ્રમાણોથી સર્વજ્ઞતા અને ત્રિકાળજ્ઞતા સહજ સિદ્ધ છે.

ઉપરોક્ત અનેક પ્રમાણો આપ્યા પછી પણ લોકોનો આગ્રહ રહે છે કે આપ અમને સ્પષ્ટરૂપે બતાવો કે ક્રમબદ્ધપર્યાયની વાત કયા શાસ્ત્રમાં છે? પણ મારું કહેવાનું છે કે એવું કયું શાસ્ત્ર છે કે જેમાં ક્રમબદ્ધપર્યાયની વાત નથી? ચારેય અનુયોગોનાં શાસ્ત્રોમાં ત્યાં સુધી કે પૂજનપાઠમાં પણ ડગલે ને પગલે ક્રમબદ્ધપર્યાયનો સ્વર ગુંજતો સંભળાય છે.

"ભામંડલકી દ્યુતિ જગમગાત,
ભવિ દેખત નિજ–ભવ સાત–સાત."[1]

તીર્થંકર ભગવાનના પ્રભામંડળમાં ભવ્ય જીવને પોત–પોતાના સાત–સાત ભવ દેખાય છે. તે સાત ભવોમાં ત્રણ ભૂતકાળના, ત્રણ ભવિષ્યના અને એક વર્તમાન ભવ દેખાય છે.

એમના કહેવા પ્રમાણે પ્રત્યેક ભવ્યના ઓછામાં ઓછા ભવિષ્યના ત્રણ ભવ તો નિશ્ચિત રહે જ છે, નહિ તો તે દેખાત કેવી રીતે? ત્રણ ભવનું આયુષ્ય એક સાથે બંધાઈ શકતું નથી. તેથી એમ પણ નથી કહી શકાતું કે આયુષ્ય કર્મ બંધાઈ જવાથી ભવ નિશ્ચિત થઈ ગયા હતા. આથી એ જ નિષ્કર્ષ નીકળે છે કે તે પહેલેથી જ નિશ્ચિત રહે છે, થતા નથી.

---

૧. કવિવર વૃન્દાવનકૃત ચન્દ્રપ્રભ પૂજન, જયમાળ

પ્રથમાનુયોગનાં સર્વ શાસ્ત્રો ભવિષ્યની નિશ્ચિત ઘોષણાઓથી ભર્યાં પડયાં છે.

ભગવાન નેમિનાથે દ્વારકા બળવાની ઘોષણા બાર વર્ષ પહેલાં કરી દીધી હતી. સાથોસાથ એ પણ સ્પષ્ટ કરી દીધું હતું કે કયા નિમિતે, કેવી રીતે અને કયારે, આ બધું બનશે. અનેક ઉપાયો પછી પણ તે બધું તે જ રૂપે બન્યું.

હા, એક વાત જરૂર છે કે સાંભળનાર લોકોમાં ઉકત વાતની પ્રતિક્રિયા પોત-પોતાના ભવિતવ્ય અનુસાર ભિન્ન-ભિન્ન થઈ. જેમનું ભવિષ્ય સારું હતું, તેમને તે વાત સાંભળીને વૈરાગ્ય થઇ ગયો. ઘણાએ નગ્ન દિગંબર દીક્ષા ધારણ કરી લીધી, અનેકોએ અણુવ્રત ધારણ કર્યાં, અનેક સમ્યકત્વી બન્યા; પણ જેમની અધોગતિ થવાની હતી, તેમને ભગવાનની વાત ટાળવાનો વિકલ્પ આવ્યો. તેઓ એ પ્રયત્નમાં લાગી ગયા કે જોઈએ દ્વારિકા કેવી રીતે બળે છે? તેમણે પોતાનો બધો પુરુષાર્થ જાણે ભગવાનની વાતને જૂઠી સિદ્ધ કરવામાં જ લગાડી દીધો. પણ ભગવાને તો જેવું જોયું-જાણ્યું હતું, તેવું કહી દીધું હતું, તેઓ એના કર્તા-હર્તા તો હતા નહિ.

ભગવાનની વાણીમાં તો દ્વારકા બળવાના ઉપાદાનની સાથે સાથ નિમિત્તોનો પણ સ્પષ્ટ ઉલ્લેખ હતો, પણ નિમિત્તાધીન દૃષ્ટિવાળાઓનું ધ્યાન ઉપાદાન તરફ તો ગયુ જ નહીં, તેઓ તો નિમિત્તોને ખસેડવામાં લાગી ગયા અને પોતાની દૃષ્ટિમાં નિમિત્તોને ખસેડીને પોતાને સુરક્ષિત પણ સમજવા લાગ્યા પરંતુ...

નિમિત્તાધીન દૃષ્ટિવાળાઓને ભગવાનની સર્વજ્ઞતા ઉપર પૂરો ભરોસો હોતો નથી, તેમની દૃષ્ટિ ચંચળ બની રહે છે. એ વાત નથી કે તેમને ભગવાનની વાત ઉપર વિશ્વાસ જ નહોતો, જો વિશ્વાસ ન હોત, તો પછી તેઓ ડરત શા માટે? ગભરાત શા માટે? તેને ટાળવાનો અસફળ પ્રયત્ન જ કેમ કરત? તેમને વિશ્વાસ તો હતો, પણ પાકો વિશ્વાસ નહોતો; ભરોસો હતો, પણ પૂરો ભરોસો નહોતો. એમ જ ડગમગતી શ્રદ્ધા હતી. જેમનું

ભાવિ ખોટું હોય છે, તેમની શ્રદ્ધા સર્વજ્ઞ ઉપર પણ નથી ટકતી. જેમનો સંસાર અલ્પ રહી જાય છે તેમને જ સર્વજ્ઞતા સમજવામાં આવે છે.

ભગવાનની દિવ્યધ્વનિમાં એમ આવ્યું કે દ્વારિકા ૧૨ વર્ષ પછી બળી જશે ત્યારે અજ્ઞાનીઓને એમ લાગ્યું કે જાણે બાર વર્ષ પછી ભગવાન દ્વારિકા બાળી દેશે. જ્યારે ભગવાનને તેની સાથે કાંઈ લેવા-દેવા નહોતા. તેઓ તો વીતરાગ હતા, તેમને કોઈના પ્રત્યે પણ રંચ માત્ર રાગ-દ્વેષ નહોતો. તેથી તેમના દ્વારા દ્વારિકા બાળી નખાવાનો તો પ્રશ્ન જ નથી ઊઠતો. પરંતુ તેઓ સર્વજ્ઞ પણ હતા. તેથી ભવિષ્યમાં ક્યાં શું થશે તેને વર્તમાનમાં વર્તમાનવત્ સ્પષ્ટ દેખતા-જાણતા હતા. તેથી તેમણે તે જ વખતે બાર વર્ષ પછી દ્વારિકાને બળતી સ્પષ્ટ જોઈ હતી. તેમાં બાર વર્ષ પછી કેવી જ્વાળાઓ નીકળશે તે, તે વખતે સ્પષ્ટ દેખાઈ રહી હતી. તેમની વાણીમાં તો સહેજે આ સત્ય પ્રસિદ્ધ થઈ ગયું હતુ.

તેમણે તો તેને બાળી જ નહોતી, પરંતુ બીજા કોઈએ પણ તેને બાળી નહોતી, કેમ કે તેમાં સ્વયં ઉપાદાનગત એવી યોગ્યતા હતી કે તે પોતાના સમયે બળી જશે. તથા તેનું નિમિત્ત કોણ થશે—એ પણ તે યોગ્યતામાં સામેલ હતું. તેમાં પરનું કોઈ કર્તૃત્વ નહોતું, કેમ કે જે નિમિત્તોથી તે બળી તે પોતે પણ ઇચ્છતા નહોતા કે દ્વારિકા બળે. આ ઉપાદાનગત યોગ્યતા તરફ જગત ધ્યાન આપતું નથી. તે જ કારણે જગતનું સહજ પરિણમન તેના સમજવામાં નથી આવતું.

આદિનાથ ભગવાને મારીચિના સંબંધમાં એક ક્રોડા-ક્રોડી સાગર સુધી ક્યારે શું બનવાનું છે-એ બધું જ બતાવી દીધું હતું. શું આપ તેની સત્યતામાં શંકિત છો? શું તે બધું પહેલેથી નિશ્ચિત નહોતું? અસંખ્ય ભવ પહેલાં એ બતાવી દેવામાં આવ્યું હતું કે તેઓ ચોવીસમા તીર્થંકર થશે. ત્યારે તો તેમને તીર્થંકર પ્રકૃતિનો બંધ પણ થયો નહોતો. કારણ કે તીર્થંકર પ્રકૃતિ બંધાઈ ગયા પછી અસંખ્ય ભવ નથી થઈ શકતા. તીર્થંકર પ્રકૃતિને

બાંધનાર તો તે જ ભવે, અથવા ત્રીજા ભવે અવશ્ય મુક્તિ પ્રાપ્ત કરી લે છે. તેથી એમ પણ નથી કહી શકાતું કે કર્મ બંધાઈ જવાથી તેમનું એટલું ભવિષ્ય નિશ્ચિત થઈ ગયું હતું.

આ બધું તો એ જ સિદ્ધ કરે છે કે આદિનાથના સમયથી જ એ નિશ્ચિત હતું કે તેઓ ચોવીસમા તીર્થંકર થશે. જો ચોવીસમા તીર્થંકર થવાનું નિશ્ચિત હતું તો પછી વચ્ચેના ભવ પણ નિશ્ચિત જ હતા. નિશ્ચિત હતા-ત્યારે તો જાણી શકાયા અને બતાવી પણ શકાયા.

તિલોયપણ્ણુતિ, અધિકાર ૪, શ્લોક ૧૦૦૨ થી ૧૦૧૬ સુધીમાં અષ્ટાંગ નિમિત્તજ્ઞાન દ્વારા ભવિષ્ય જણાવાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. શ્રી ભદ્રબાહુ આચાર્યે નિમિત્તજ્ઞાનના આધારે ઉત્તર ભારતમાં બાર વર્ષના દુષ્કાળની ઘોષણા કરી હતી, જે પૂરેપૂરી સત્ય ઠરી. સમ્રાટ ચંદ્રગુપ્તને સ્વપ્ન આવ્યાં હતાં, જેના આધારે પણ ભવિષ્યની ઘોષણાઓ કરવામાં આવી હતી.

તથા શું કરણાનુયોગમાં એ નથી લખ્યું કે છ મહિના અને આઠ સમયમાં છસો આઠ જીવ નિગોદમાંથી નીકળશે અને એટલા જ સમયમાં એટલા જ જીવ મોક્ષે પણ જશે. શું એથી અધિક જીવ નિગોદમાંથી નીકળી શકે છે અથવા મોક્ષે જઈ શકે છે? શું એ નિશ્ચિત નથી? છે, તો પછી શું એનાથી વસ્તુની સ્વતંત્રતા ખંડિત નથી થતી? એટલા જ જીવ મોક્ષે કેમ જાય? એનાથી અધિક કેમ નહિ?

કરણાનુયોગમાં ચારગતિના જીવોની નિશ્ચિત સંખ્યા લખેલી છે અને તે કદી વત્તી-ઓછી પણ નથી થતી. જો બધું નિશ્ચિત ન હોય તો પછી જીવોના પાપ-પુણ્યાનુસાર નારકીઓ અને દેવોની સંખ્યા ન્યૂનાધિક થતી રહેવી જોઈએ.

કરણાનુયોગમાં એ પણ લખ્યું છે કે જીવ નિત્યનિગોદમાંથી બે હજાર સાગર માટે નીકળે છે—તેમાં પણ બે ઈન્દ્રિયના આટલા, ત્રણ ઈન્દ્રિયના આટલા, ચાર ઈન્દ્રિયના આટલા ભવ ધારણ કરે છે, મનુષ્યના ૪૮ ભવ મળે છે. આ બધું શું છે?

શું આનાથી એ નિષ્કર્ષ નથી નીકળતો કે ચારે ગતિઓના જીવોની સંખ્યા નિશ્ચિત છે અને પ્રત્યેક જીવના ભવ પણ નિશ્ચિત છે તથા તેમનો ક્રમ પણ નિશ્ચિત છે, નહિ તો બધી વ્યવસ્થા કેવી રીતે બને? ક્યાંક તો અધિક ભીડ એકઠી થઈ જાય અને ક્યાંક સ્થાન ખાલી પડયાં રહે. પણ એમ નથી થતું.

આનાથી લોકોને લાગે છે કે ધર્મની વાત તો દૂર રહી, શું પુણ્ય-પાપ કરવા એ પણ અમારા હાથમાં નથી? અમે તો એકદમ બંધાઈ ગયા.

તેમને અમારે કહેવાનું છે કે શુભ અને અશુભ ભાવ તો ક્રમશઃ પોતાની મેળે બદલ્યા જ કરે છે. કારણ કે બન્નેમાંથી કોઈનો પણ કાળ અંતર્મુહૂર્તથી અધિક નથી, તેથી પ્રત્યેક અંતર્મુહુર્તમાં પરિવર્તન અવશ્ય થાય છે. અનંત પ્રયત્ન કરવા છતાં પણ આપ અંતર્મુહુર્તથી અધિક શુભભાવમાં ટકી શકતા નથી, જો શુદ્ધમાં ન જાઓ તો પછી અશુભમાં આવવું અનિવાર્ય છે. આ પરિવર્તન નિગોદમાં પણ થયા કરે છે, ત્યાં પણ શુભ ભાવ થાય છે; નહિ તો ત્યાંથી જીવ નીકળે જ કેવી રીતે? સંજ્ઞી પંચેન્દ્રિય થવાનુ પુણ્ય એકેન્દ્રિયથી માંડી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવ અસંજ્ઞી દશામાં જ બાંધે છે.

ભરત ચક્રવર્તીના તે પુત્રોએ - કે જે નિગોદમાંથી નીકળીને એકાદ પર્યાયને વિવક્ષિત કર્યા વિના (વચ્ચે લાવ્યા વિના) સીધા ચક્રવર્તીના પુત્રો થઈને તે જ ભવે મોક્ષે ગયા છે;—તેમણે મનુષ્યભવ અને ચક્રવર્તીને ત્યાં ઉત્પન્ન થઈને ચરમ શરીર પ્રાપ્ત કરવાનું પુણ્ય અસંજ્ઞી અવસ્થામાં જ બાંધ્યું હતું. પણ આ બધું સહજ ક્રમે પ્રાપ્ત થયું હતું, શક્ય બન્યું હતું: ત્યાં બુદ્ધિપૂર્વક કાંઇ પણ પ્રયત્ન કરવામાં આવ્યો નહોતો.

જેમ કે કહ્યું છે:-

નિત્ય નિગોદ માંહિતેં કઢિકર, નર પરજાય પાય સુખદાની;
સમકિત લહિ અન્તર્મુહૂર્તમેં. કેવલ પાય વરી શિવ રાની.[1]

---

1. કવિવર ભાગચંદજી કૃત આધ્યાત્મિક પદ

છતાં પણ હું આપની પાસેથી જ જાણવા ઇચ્છું છું કે આપ કયો પુણ્યભાવ કરવાની સ્વાધીનતા ચાહો છો–તીર્થંકર, ચક્રવર્તી કે ઇન્દ્રાદિ પદ પ્રાપ્ત કરવાનો? જો તીર્થંકર ચોવીસ જ થાય છે અને તે પણ એક ક્ષેત્રમાં એક સાથે બે નહિ, તો શું બે જીવ એક સાથે તીર્થંકર થવા યોગ્ય પુણ્ય-બંધ કરી શકે છે? આ વાત એક ક્ષેત્રની અપેક્ષાએ કહેવામાં આવી છે. જો આપ કહો કે અઢી દ્વીપમાં તો એક સાથે ૧૭૦ તીર્થંકર થઈ શકે છે, તેમ પણ મને કોઈ વાંધો નથી. કેમકે ૧૭૦ જ કેમ, ૨૦૦ કેમ નહિ? ૨૦૦ જીવ એક સાથે એવું પુણ્ય કેમ નથી બાંધી શકતા?

ભરતક્ષેત્રમાં જે આગામી ૨૪ તીર્થંકર થવાના છે તેમનાં નામોની ઘોષણાઓ જિનાગમમાં થઈ જ ચુકી છે. સાથોસાથ તે જીવોનાં નામ પણ ઘોષિત થઈ ગયા છે કે જેઓ ભાવી તીર્થંકર થવાના છે. તે બધું નિશ્ચિત હતું તેથી તો ઘોષિત થયું છે. શું તેમના સિવાય બીજો કોઈ જીવ તીર્થંકર પ્રકૃતિ બાંધી શકે છે? જો નહીં, તો પછી આપણા બધાની તો ૧૯ કોડાકોડી સાગર સુધી છુટ્ટી થઈ ગઈ. અને આપ જાણો છો કે આ જીવ નિગોદમાંથી નીકળીને ત્રસ પર્યાયમાં બે હજાર સાગર માટે જ આવે છે. જો આની વચ્ચે મુકત ન થયો તો પાછો ત્યાં જ નિગોદમાં ચાલ્યો જવાનો છે. પછી અનંતકાળ સુધી કોઈ ઠેકાણું નથી.

જો આપ કહો–"ભલે ભરતના નહિ; તો ઐરાવત કે વિદેહના તીર્થંકર થઇશું." પણ ભાઈ સાહેબ! જો ભરતક્ષેત્રના તીર્થંકરોની ઘોષણા થઈ ગઈ, તો ઐરાવતક્ષેત્રના અને વિદેહક્ષેત્રના તીર્થંકરોની પણ થઈ જ ગઈ હશે? અહીંનાં શાસ્ત્રોમાં અહીંનો ઉલ્લેખ છે, ત્યાંના શાસ્ત્રોમાં ત્યાંનો ઉલ્લેખ હશે? ભાઇ! કેવળીના જ્ઞાનમાં તો સર્વત્ર અનન્તકાળ સુધી થનારા તીર્થંકરોની ઘોષણા થઈ ગઈ છે, તેમાં ફેરફારનો કોઈ અવકાશ નથી.

જો કોઈ કહે– "તીર્થંકરનું પુણ્ય ભલે ન હોય, તો ચક્રવર્તી જ થઈ જઈશું." પણ ચક્રવર્તીનાં સ્થાન તો એથી યે ઓછાં છે. એક ક્ષેત્રમાં જેટલા કાળમાં તીર્થંકર ૨૪ થાય છે, તેટલા જ કાળમાં ચક્રવર્તી તો ૧૨ જ થાય છે. જો તીર્થંકરોનું

નિશ્ચિત છે, તો ચક્રવર્તીઓનું પણ નિશ્ચિત હશે. શાસ્ત્રોમાં તો ઉલ્લેખ એટલા માટે નથી મળતો કે કોનો-કોનો ઉલ્લેખ કરીએ. તીર્થંકરોનો ઉલ્લેખ કરીને સામાન્યપણે એ બતાવી દીધું કે બધું ય નિશ્ચિત છે. એ જ જાણવું જરૂર પણ છે. એ જાણવું કાંઈ જરૂરી નથી કે કોનું શું થશે? જો બધાનું ભવિષ્ય બતાવવામાં આવે તો યાદ પણ કોનું-કોનું રહે? દરેકને બીજાનું ભવિષ્ય જાણવામાં રુચિ પણ શી હોય? બધા પોત-પોતાનું જ જાણવા ઇચ્છે છે.

ભલે તીર્થંકર અને ચક્રવર્તી નહિ, તો પુણ્ય કરીને સ્વર્ગે જ ચાલ્યા જઈશું. પણ ત્યાં ય સ્થાન ખાલી હશે, ત્યારે જશો ને? ત્યાં અકાળ મૃત્યુ તો થતું નથી. જો કોઈ દેવ કે ઇન્દ્ર તરતમાં જ સ્વર્ગે ગયો હશે, તો પછી જ્યાં સુધી તેનું આયુષ્ય પૂરું ન થઈ જાય ત્યાં સુધી તે પદને યોગ્ય પુણ્ય કોઈ અન્ય જીવ બાંધી શકે નહિ અને તેમનું આયુષ્ય તો સાગરોનું હોય છે. સ્વર્ગની તો શી વાત, સ્થાન ખાલી થયા વિના તો નરકમાં પણ જગ્યા મળવાની નથી. આપનું જ્યાંનું સ્થાન સુરક્ષિત (-રિઝર્વેશન) હશે, ત્યારે જ સર્વત્ર સ્થાન મળશે.

જિનવાણીના ઉલ્લેખાનુસાર તો વાત એવી જ છે. એ વાત અલગ છે કે આપ જિનવાણીને જ ન માનો. પણ એનાથી ય છૂટકારો નહિ મળે. કારણ કે પછી તો આપને ઘણું બધું માનવાનું છોડવું પડશે. પછી ન આપ આદિનાથને માની શકશો, ન મહાવીરને, ચોવીસ તીર્થંકર અને બાર ચક્રવર્તીને પણ માનવાનું સંભવિત નહિ બને, કારણ કે આ બધું આપે આગમમાંથી વાંચીને તો માન્યું છે. જ્યાં આગમ જ સત્ય ન રહ્યા તો પછી બધું જ સાફ છે.

આપે કલ્પના પણ કરી છે કે આપે આગમના આધારે શું-શું માની રાખ્યું છે? જરા વિચાર કરીને જોશો તો પત્તો લાગશે કે પછી સ્વર્ગ-નરક બધું અલોપ! એટલું જ માત્ર રહી જશે જે કાંઈ સામે દેખાઈ રહ્યું છે.

મને વિશ્વાસ છે કે આટલા આગળ જવા માટે આપ પણ તૈયાર નહિ હો. જો મારી વાતમાં કાંઈ તથ્ય નજરે પડે તો પછી એકવાર ગંભીરતાથી વિચાર કરો.

જ્યારે પોતાને પ્રથમાનુયોગ કે કરણાનુયોગના વિશેષજ્ઞ મનાવનારા વિદ્વાનો પણ બધી પર્યાયો ક્રમનિયમિત હોવાનો વિરોધ કરે છે ત્યારે આશ્ચર્ય થયા વિના રહેતું નથી, કેમ કે પ્રથમાનુયોગ અને કરણાનુયોગમાં તો ડગલે ને પગલે એનું પ્રબળ સમર્થન કરવામાં આવ્યું છે.

એ જ રીતે ચરણાનુયોગ અને દ્રવ્યાનુયોગનાં શાસ્ત્રોમાં પણ સર્વત્ર એની પ્રતિધ્વનિ જોઈ શકાય છે. સમયસાર (આત્મખ્યાતિ) અને કાર્તિકેયાનુપ્રેક્ષાનાં ઉદ્ધરણ તો અપાઈ જ ગયાં છે. પ્રવચનસાર ગાથા ૧૦૨ની તત્ત્વપ્રદીપિકા ટીકામાં પણ પર્યાયના જન્મ-ક્ષણ અને નાશ-ક્ષણની વાત આવે છે. તેનાથી પણ આ વાતની પુષ્ટિ થાય છે

તથા પ્રવચનસારની જ ગાથા ૯૯ની ટીકામાં વિસ્તારક્રમની જેમ પ્રવાહક્રમ (ક્રમબદ્ધપર્યાય) ને પણ હારનું દૃષ્ટાંત આપીને સ્પષ્ટ કરેલ છે, જે આ પ્રકારે છે:—

"જેમ દ્રવ્યનું વાસ્તુ સમગ્રપણા વડે (અખંડપણા વડે) એક હોવા છતાં, વિસ્તારક્રમમાં પ્રવર્તનારા તેના જે સૂક્ષ્મ અંશો તે પ્રદેશો છે, તેમ દ્રવ્યની વૃત્તિ સમગ્રપણા વડે એક હોવા છતાં, પ્રવાહક્રમમાં પ્રવર્તનારા તેના જે સૂક્ષ્મ અંશો તે પરિણામો છે. જેમ વિસ્તારક્રમનું કારણ પ્રદેશોનો પરસ્પર વ્યતિરેક છે, તેમ પ્રવાહક્રમનું કારણ પરિણામોનો પરસ્પર વ્યતિરેક છે.

જેમ તે પ્રદેશો પોતાના સ્થાનમાં સ્વરૂપથી ઉત્પન્ન અને પૂર્વ-રૂપથી વિનષ્ટ હોવાથી તથા સર્વત્ર (બધેય) પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એક વાસ્તુપણાવડે અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક છે, તેમ તે પરિણામો પોતાના અવસરમાં સ્વ-રૂપથી ઉત્પન્ન અને પૂર્વ-રૂપથી વિનષ્ટ હોવાથી

તથા સર્વત્ર પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકપ્રવાહપણા વડે અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક છે. વળી જેમ વાસ્તુનો જે નાનામાં નાનો (છેવટનો) અંશ પૂર્વપ્રદેશના વિનાશસ્વરૂપ છે તે જ (અંશ) ત્યારપછીના પ્રદેશના ઉત્પાદસ્વરૂપ છે તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકવાસ્તુપણા વડે અનુભયસ્વરૂપ છે (અર્થાત્ બેમાંથી એકે સ્વરૂપે નથી), તેમ પ્રવાહનો જે નાનામાં નાનો અંશ પૂર્વપરિણામના વિનાશસ્વરૂપ છે તે જ ત્યારપછીના પરિણામના ઉત્પાદસ્વરૂપ છે તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકપ્રવાહપણા વડે અનુભયસ્વરૂપ છે.

આ પ્રમાણે સ્વભાવથી જ ત્રિલક્ષણપરિણામ પદ્ધતિમાં (પરિણામોની પરંપરામાં) વર્તતું દ્રવ્ય સ્વભાવને નહિ અતિક્રમતું હોવાથી સત્ત્વને ત્રિલક્ષણ જ અનુમોદવું—મોતીના હારની માફક. (તે આ રીતે:) જેમ જેણે (અમુક) લંબાઇ ગ્રહણ કરેલી છે એવા લટકતા મોતીના હારને વિષે, પોત-પોતાનાં સ્થાનોમાં પ્રકાશતાં સમસ્ત મોતીઓમાં, પછી-પછીનાં સ્થાનોએ પછી-પછીનાં મોતીઓ પ્રગટ થતા હોવાથી અને પહેલાં-પહેલાંનાં મોતીઓ નહિ પ્રગટ થતા હોવાથી તથા સર્વત્ર પરસ્પર અનુસ્યૂતિ રચનારો દોરો અવસ્થિત હોવાથી ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે; તેમ જેણે નિત્યવૃત્તિ ગ્રહણ કરી છે એવા રચાતા (પરિણમતા) દ્રવ્યને વિષે, પોત-પોતાના અવસરોમાં પ્રકાશતા (પ્રગટતા) સમસ્ત પરિણામોમાં, પછી-પછીના અવસરોએ પછી-પછીના પરિણામો પ્રગટ થતા હોવાથી અને પહેલાં-પહેલાંના પરિણામો નહિ પ્રગટ થતા હોવાથી તથા સર્વત્ર પરસ્પર અનુસ્યૂતિ રચનારો પ્રવાહ અવસ્થિત (-ટકતો) હોવાથી ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે.

ભાવાર્થ : જેમ દ્રવ્યના વિસ્તારનો નાનામાં નાનો અંશ તે પ્રદેશ છે, તેમ દ્રવ્યના પ્રવાહનો નાનામાં નાનો અંશ તે પરિણામ છે. પ્રત્યેક પરિણામ સ્વ-કાળમાં પોતાના રૂપે ઊપજે છે, પૂર્વરૂપથી નષ્ટ થાય છે અને સર્વ પરિણામોમાં એકપ્રવાહપણું હોવાથી પ્રત્યેક પરિણામ ઉત્પાદ-વિનાશ વિનાનો એકરૂપ-ધ્રુવ રહે છે. વળી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં સમય ભેદ નથી, ત્રણે ય એક જ સમયે છે.

આવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક પરિણામોની પરંપરામાં દ્રવ્ય સ્વભાવથી જ સદાય રહેતું હોવાથી દ્રવ્ય સ્વયં પણ, મોતીઓના હારની માફક, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે."

ઉક્ત પ્રકરણમાં "સર્વત્ર પરસ્પર અનુસ્યૂતિરચિત એક પ્રવાહ" વાક્ય કે જે અનેક વાર આવ્યુ છે, તે ધ્યાન દેવા યોગ્ય છે. તથા મોતીઓના હારના ઉદાહરણથી એ સ્પષ્ટ છે કે જેમ હારમાં મોતીઓનું ક્ષેત્ર પોતાના ક્રમમાં નિયમિત છે, તેમ ઝૂલતા હારમાં તેમના પ્રગટવાનો કાળ પણ નિયમિત છે. તેવી રીતે પ્રત્યેક દ્રવ્યમાં જેમ તેમના પ્રદેશો (ક્ષેત્ર) નિયમિત (નિશ્ચિત) છે, તેમ તેનો કાળપ્રવાહ પણ નિયમિત અર્થાત્ નિશ્ચિત છે.

અહીં ક્ષેત્રના નિયમિતક્રમના માધ્યમવડે કાળ (પર્યાય) સંબંધી નિયમિતક્રમને સ્પષ્ટ કરવામાં આવેલ છે. કારણ કે ક્ષેત્ર સંબંધી ક્રમનિયમિતતા સહેલાઈથી સમજી શકાય છે

જેવી રીતે દ્રવ્યને સંપૂર્ણ વિસ્તારક્ષેત્રરૂપે લક્ષમાં લેવામાં આવે તો તેનું સંપૂર્ણ ક્ષેત્ર એક જ છે; તેવી જ રીતે દ્રવ્યને-ત્રણે કાળના પરિણામોને એક સાથે લક્ષમાં લેતાં તેનો કાળ ત્રૈકાળિક એક છે, છતાં પણ જેવી રીતે ક્ષેત્રમાં એક નિયમિત પ્રદેશક્રમ છે તેવી જ રીતે કાળ (પર્યાય)માં પણ પર્યાયોનો એક નિયમિત પ્રવાહક્રમ છે.

જેવી રીતે દ્રવ્યના વિસ્તારક્રમનો અંશ પ્રદેશ છે તેવી જ રીતે દ્રવ્યના પ્રવાહક્રમનો અંશ પર્યાય છે.

જો કે આ કથન સર્વ દ્રવ્યોની અપેક્ષાએ છે પણ અહીં વિસ્તારક્રમને જો આકાશદ્રવ્યની અપેક્ષાએ સમજીએ તો અનુકૂળતા રહેશે. જેમ અનંતપ્રદેશી આકાશનો જે પ્રદેશ જ્યાં સ્થિત છે, તે ત્યાં જ રહે છે, તેનું સ્થાન પરિવર્તન સંભવ નથી; તેવી જ રીતે બધાં જ દ્રવ્યોમાં પ્રદેશોનો ક્રમ નિયમિત છે, એ જ વાત અહીં મોતીઓના હારના દૃષ્ટાંત વડે સ્પષ્ટ કરવામાં આવી છે કે

મોતીઓના હારમાં જે મોતી જ્યાં સ્થિત છે, તેના સ્થાનનું ક્રમપરિવર્તન સંભવ નથી.

જો કે આકાશ અચળ (નિષ્ક્રિય) દ્રવ્ય છે અને જીવ તથા પુદ્ગલ સચલ (સક્રિય) દ્રવ્ય છે; તો પણ ઝૂલતા હારની વાત કહીને એ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે જેમ ઝૂલતા હારમાં પણ મોતીઓનો સ્થાનક્રમ બદલાઈ જતો નથી, તેવી જ રીતે સક્રિય જીવોમાં પ્રદેશોનો ક્રમ પલટતો નથી.

જેવી રીતે આકાશાદિ દ્રવ્યોનો વિસ્તારક્રમ નિયમિત છે; તેવી જ રીતે તેમનો પ્રવાહક્રમ પણ નિયમિત છે. જેવી રીતે નિયમિત વિસ્તારક્રમમાં ફેરફાર સંભવિત નથી; તેવી જ રીતે નિયમિત પ્રવાહક્રમમાં પણ ફેરફાર સંભવિત નથી. જેવી રીતે પ્રત્યેક પ્રદેશનું સ્વ-સ્થાન નિશ્ચિત છે; તેવી જ રીતે પ્રત્યેક પરિણામ (પર્યાય)નો સ્વકાળ પણ નિશ્ચિત છે.

જેમ ચિત્રપટના રીલમાં લંબાઈ છે, તે લંબાઈમાં જ્યાં જે ચિત્ર સ્થિત છે તે ત્યાં જ રહે છે, તેનું સ્થાન પરિવર્તન સંભાવત નથી; તેવી જ રીતે ચાલતી રીલમાં કયું ચિત્ર કયા ક્રમમાં આવશે એ પણ નિશ્ચિત છે, તેમાં પણ ફેરફાર સંભવિત નથી. આગળ કયું ચિત્ર આવશે—તેનું જ્ઞાન ભલે આપણને ન હોય, પણ તેથી કોઈ ફરક પડતો નથી, આવશે તો તે પોતાના નિયમિત ક્રમમાં જ.

જેમ સીડી ઉપર પગથિયાંનો ક્ષેત્રની અપેક્ષાએ એક ન બદલાય તેવો નિશ્ચિત ક્રમ હોય છે; તેવી જ રીતે તેના ઉપર ચડવાનો એક ન બદલાય તેવો કાળક્રમ પણ હોય છે. જેમ તેમના ઉપર ક્રમપૂર્વક જ ચાલીને જઈ શકાય છે; તેવી જ રીતે તેમના ઉપર ચડવાનો કાળક્રમ પણ છે.

જેમ જેટલા લોકાકાશના પ્રદેશો છે, તેટલા જ એક જીવના પણ પ્રદેશો છે; તેવી જ રીતે ત્રણ કાળના જેટલા સમયો છે, તેટલી જ પ્રત્યેક દ્રવ્યની પર્યાયો છે. એક-એક સમયની એક-એક પર્યાય નિશ્ચિત છે. જેમ લોકાકાશના એક-એક પ્રદેશ ઉપર એક-એક કાળાણુ અંકિત છે; તેવી જ રીતે ત્રણે કાળના એક-એક

સમયમાં પ્રત્યેક દ્રવ્યની એક-એક પર્યાય અંકિત છે. ગુણોની અપેક્ષાએ વિચાર કરીએ તો ત્રણે કાળના એક-એક સમયમાં પ્રત્યેક ગુણની એક-એક પર્યાય અંકિત છે. આ પ્રકારે જ્યારે પ્રત્યેક પર્યાય સ્વસમયમાં અંકિત છે. -નિશ્ચિત છે, તો પછી તેમાં અદલા-બદલીનું કયું કામ બાકી રહી જાય છે? આના સંબંધમાં ટીકામાં આવેલ આ વાક્ય પણ ધ્યાન દેવા યોગ્ય છે કે "પ્રત્યેક પરિણામ પોત-પોતાના અવસરે જ પ્રગટ થાય છે."

આ બધા ઉપરથી એ જ નિષ્કર્ષ નીકળે છે કે જે દ્રવ્યની જે પર્યાય, જે સમયે, જે કારણે થવાની છે, તે તે અનુસારે જ થાય છે.

પ્રસિદ્ધ તાર્કિક આચાર્યશ્રી સમન્તભદ્ર સ્વયંભૂસ્તોત્રમાં લખે છે:—

अलंघ्यशक्तिर्भवितव्यतेयं, हेतुद्वयाविष्कृत कार्यलिङ्गा।
अनीश्वरो जन्तुरहं क्रियार्त्तः संहत्य कार्येष्विति साध्ववादी ॥ ३३ ॥

અહીં ભગવાનને સંબોધિત કરતાં આચાર્ય સમન્તભદ્ર કહે છે કે હે જિનદેવ! આપે એ યોગ્ય જ કહ્યું છે કે હેતુદ્વયથી ઉત્પન્ન થનારું કાર્ય જ જેનું જ્ઞાપક છે એવી જે ભવિતવ્યતા, તેની શક્તિ અલંઘ્ય છે અર્થાત્ તેની શક્તિનું ઉલ્લંઘન કરી શકાતું નથી, જે થવાનું હોય છે, તે થઈને જ રહે છે. છતાં પણ આ વિચારહીન સંસારી પ્રાણી 'હું આ કાર્ય કરી શકું છું' —આ પ્રકારના અહંકારથી પીડિત રહે છે, જ્યારે ભવિતવ્યતા વિના અનેક સહકારી કારણો મેળવીને પણ કાર્ય સંપન્ન કરવામાં સમર્થ થતા નથી.

શ્રી પદ્મનન્દિ મુનિરાજ લખે છે:—

"लोकाश्चेतसि चिन्तयन्त्यनुदिनं कल्याणमेवात्मनः
कुर्यात्सा भवितव्यतागतवती तत्तत्र यद्रोचते।
मोहोल्लासवशादतिप्रसरतो हित्वा विकल्पान् बहून्
रागद्वेषविषोज्झितैरिति सदा सद्भिः सुखं स्थीयताम् ॥५३॥[1]

---

૧. પદ્મનન્દિપંચવિંશતિકા, અ-૩, શ્લોક ૫૩

મનુષ્ય મનમાં પ્રતિદિન પોતાના કલ્યાણનો જ વિચાર કરે છે, પરંતુ આવેલી ભવિતવ્યતા તે જ કરે છે કે જે તેને રુચે છે. તેથી સજ્જન પુરુષ રાગ-દ્વેષરૂપી વિષથી રહિત થતા થકા મોહના પ્રભાવથી અતિશય વિસ્તારને પામવાવાળા ઘણા વિકલ્પો છોડીને સદા સુખપૂર્વક સ્થિત રહે."

પંડિતપ્રવર આશાધરજી 'અધ્યાત્મ-રહસ્ય'માં લખે છે :—

"भवितव्यतां भगवतीमधियन्तु रहन्त्वहं करोमीति ।
यदि सद्गुरूपदेशव्यवसित-जिनशासनरहस्या : ॥६६॥

જો સદ્‌ગુરુના ઉપદેશથી જિનશાસનનું રહસ્ય આપે યથાર્થ નિશ્ચિત કર્યું હોય, સમજ્યા હો—તો 'હું કરું છું' આ અહંકારપૂર્ણ કર્તૃત્વની ભાવના છોડો અને ભગવતી ભવિતવ્યતાનો આશ્રય ગ્રહણ કરો."

ઉક્ત છંદમાં ભવિતવ્યતાને ભગવતી કહેવામાં આવેલ છે. આ છંદની વ્યાખ્યામાં પંડિત શ્રી જુગલકિશોરજી મુખ્તાર લખે છે :-

"ભગવાન સર્વજ્ઞના જ્ઞાનમાં જે કાર્ય, જે સમયે, જ્યાં, જેના દ્વારા, જે પ્રકારે થવું ઝળક્યું છે, તે, તે જ સમયે, ત્યાં જ, તેના જ દ્વારા અને તે જ પ્રકારે સંપન્ન થશે. આ ભવિષ્ય વિષયક કથનથી ભવિતવ્યતાના ઉક્ત આશયમાં કોઈ અંતર પડતું નથી, કેમ કે સર્વજ્ઞના જ્ઞાનમાં તે કાર્યની સાથે તેનો કારણ-કલાપ પણ ઝળક્યો છે, સર્વથા નિયતિવાદ અથવા નિર્હેતુકી ભવિતવ્યતા કે જે અસંભવિત છે, તે કથનનો વિષય જ નથી. એ સિવાય સર્વજ્ઞના જ્ઞાનાનુસાર પદાર્થોનું પરિણમન નથી થતું, પરંતુ પદાર્થોના પરિણમન અનુસાર સર્વજ્ઞના જ્ઞાનમાં પરિણમન અથવા ઝળકાવ થાય છે. જ્ઞાન જ્ઞેયાકાર છે, નહિ કે જ્ઞેય જ્ઞાનાકાર." ૧

આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીએ પોતાના મોક્ષમાર્ગ પ્રકાશકમાં અનેક સ્થળોએ આની ચર્ચા કરી છે. તેમનાં કેટલાંક કથન આ પ્રકારે છે :—

---

૧. અધ્યાત્મ-રહસ્ય પૃષ્ઠ ૮૩-૮૪

"આ રીતે ક્રોધથી બૂરું ચાહવાની ઇચ્છા તો હોય, (પણ) બૂરું થવું ભવિતવ્યને આધીન છે...આ રીતે માન વડે પોતાની મહંતતાની ઇચ્છા તો હોય, (પણ) મહંતતા થવી ભવિતવ્યને આધીન છે...આ રીતે માયા વડે ઇષ્ટસિદ્ધિને અર્થે છળ તો કરે, પરંતુ ઇષ્ટસિદ્ધિ થવી ભવિતવ્યને આધીન છે...આ રીતે લોભથી ઇષ્ટપ્રાપ્તિની ઇચ્છા તો થાય, પરંતુ ઇષ્ટપ્રાપ્તિ થવી ભવિતવ્યને આધીન છે."[1]

કષાયપાહુડ અને ધવલમાં પણ કહ્યું છે:—

પ્રશ્ન: આ (છાસઠ) દિવસોમાં દિવ્યધ્વનિની પ્રવૃત્તિ કેમ ન થઈ?

ઉત્તર: ગણધરનો અભાવ હોવાને કારણે.

પ્રશ્ન: સૌધર્મ ઇન્દ્રે તે જ વખતે ગણધરને ઉપસ્થિત કેમ ન કર્યા?

ઉત્તર: ન કર્યા, કેમ કે કાળલબ્ધિ વિના અસહાય સૌધર્મ ઇન્દ્રને, તેમને ઉપસ્થિત કરવાની શક્તિનો તે વખતે અભાવ હતો.[2]

કાર્તિકેયાનુપ્રેક્ષાના ઉલ્લિખિત ઉદ્ધરણમાં તો અત્યંત સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે જેનું જે પરિણમન જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અનુસાર થવું જિનેન્દ્રદેવે જોયું છે, તેને ઇન્દ્ર તો શું સ્વયં જિનેન્દ્ર પણ ટાળી શકતા નથી.

આ ઉપરથી કેટલાક લોકો કહે છે કે એ તો બિલકુલ બરાબર છે કે જિનેન્દ્રદેવ ટાળી શકતા નથી કેમ કે જૈનમાન્યતાનુસાર જિનેન્દ્ર ભગવાન જગતના માત્ર જ્ઞાતાદૃષ્ટા છે, કર્તા-હર્તા નથી; પણ ભગવાન ટાળી શકતા નથી, તો શું આપણે પણ નથી ટાળી શકતા? જો આપણે પણ ન ટાળી શકતા હોઈએ તો પછી આપણે તો ભગવાનના જ્ઞાનને આધીન થઈ ગયા. જેવું તેમણે જાણી લીધું, તેવું જ આપણે કરવું પડશે; અથવા આપણું પરિણમન તેવું જ થશે કે જેવું ભગવાને જાણ્યું છે.

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક, પૃષ્ઠ ૪૨-૪૩

૨. જૈનેન્દ્ર સિદ્ધાન્તકોશ, ભાગ ૨, પૃષ્ઠ ૬૧૪

તેમનું આ કહેવું બરાબર નથી, કેમ કે વસ્તુનું પરિણમન ભગવાનના જ્ઞાનને આધીન નથી. જે રૂપે વસ્તુ સ્વયં પરિણમી હતી, પરિણમી રહી છે અને પરિણમશે; ભગવાને તો તેને તે રૂપે માત્ર જાણી છે. જ્ઞાન તો પરને માત્ર જાણે છે, પરિણમાવતું નથી.

જેમ જ્ઞાનને આધીન વસ્તુ નથી, તેવી જ રીતે વસ્તુને આધીન જ્ઞાન પણ નથી. બન્નેનું સ્વતંત્ર પરિણમન પોત-પોતાના કારણે થાય છે.

મારી સમજણમાં એ નથી આવતું કે જ્ઞાન દ્વારા જાણી લેવા માત્રથી વસ્તુની સ્વતંત્રતા કેવી રીતે ખંડિત થઈ જાય છે. સ્વતંત્રતા જ્ઞાનથી નહિ, પોતાના અજ્ઞાનથી ખંડિત થાય છે. જ્ઞાન તો વસ્તુના પરિણમનમાં કોઈ પણ પ્રકારનો હસ્તક્ષેપ કર્યા વિના માત્ર તેને જાણે છે.

બીજું એ કહેવું કેટલું હાસ્યાસ્પદ છે કે જે ભગવાને જાણ્યું છે, તેમાં તે પોતે ભલે કોઈ પરિવર્તન ન કરી શકે, પણ હું તો કરી શકું છું. એ ભગવાનથી પણ મોટો થઈ ગયો. જે કાર્ય અનંતવીર્યના ધણી ભગવાન પણ કરી શકતા ન હોય, તે કાર્ય આ અલ્પવીર્યવાન હોવા છતાં પણ કરી બતાવવા ઇચ્છે છે.

આ ઉપરથી જો કોઇ કહે કે ભગવાન તો વીતરાગી અને સર્વજ્ઞ છે. વીતરાગી હોવાથી તેમને કાંઈ પણ કરવાની આકાંક્ષા નથી અને સર્વજ્ઞ હોવાથી જે કાંઇ જેમ થવાનું છે, તે બધું તેઓ જાણે છે; તેથી તેમને કાંઈ ફેરફાર કરવાનો વિકલ્પ ઉઠતો નથી, પણ આપણે તો રાગી-દ્વેષી અને અલ્પજ્ઞ છીએ. ન તો આપણે ભવિષ્યની વાત જાણીએ છીએ અને આપણને કાંઈક કરી દેખાડવાની તમન્ના પણ છે. તેથી અમારી તુલના વીતરાગી-સર્વજ્ઞ ભગવાન સાથે કેમ કરો છો?

તેને કહીએ છીએ કે અહીં આચાર્ય દેવે 'ભગવાન પરના કર્તા નથી' માત્ર એટલી વાત નથી કરી, પરંતુ 'इन्दो वा' શબ્દ દ્વારા ઈન્દ્ર પણ નથી કરી શકતો અર્થાત્ કોઈ પણ નથી કરી શકતા -વાળી વાત પણ કહી છે.

જિનેન્દ્ર નથી કરી શકતા અર્થાત્ સર્વજ્ઞ અને વીતરાગી નથી કરી શકતા અને ઇન્દ્ર નથી કરી શકતા અર્થાત્ રાગી અને અલ્પજ્ઞ નથી કરી શકતા. 'જિનેન્દ્ર'ની સામે 'ઇન્દ્ર' શબ્દનો પ્રયોગ કરીને આચાર્ય બધા અલ્પજ્ઞો અને રાગીઓની વાત કરે છે કેમ કે રાગીઓ અને અલ્પજ્ઞોમાં ઇન્દ્ર જ સર્વશક્તિશાળી છે. ઉક્ત શંકાના સમાધાન માટે જ 'ઇન્દ્ર' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. પણ આ અજ્ઞાની જગતને ભગવાનની નહિ, પોતાની ચિન્તા છે. તેથી જ તો કહે છે કે ભલે ભગવાન ન કરી શકે, પણ હું તો કરી શકું છું.

ક્રમબદ્ધપર્યાયના પોષક ઉક્ત કથનનો ઉદ્દેશ્ય જ પર-કર્તૃત્વનો નિષેધ છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કર્તા-હર્તા-ધર્તા નથી—આ માન્યતા જ જૈનદર્શનનો મૂળાધાર (મેરુદંડ) છે.

પ્રત્યેક દ્રવ્ય પોતાની પર્યાયનો કર્તા સ્વયં છે. પરિણમન તેનો ધર્મ છે. પોતાના પરિણમનમાં તેને પરદ્રવ્યની જરાય અપેક્ષા નથી. નિત્યતાની જેમ પરિણમન પણ તેનો સહજ સ્વભાવ છે. અથવા પર્યાયના કર્તા સ્વયં પર્યાય છે. તેમાં તારે કાંઈ પણ કરવાનું નથી અર્થાત્ કાંઈ પણ કરવાની ચિંતા કરવાની નથી. અજીવ દ્રવ્યો પરમાં તો કાંઈ કરતાં જ નથી; પોતાની પર્યાયો કરવાની ચિંતા પણ નથી કરતાં; તો શું તેમનું પરિણમન અટકી જાય છે? ના; તો પછી જીવ પણ શા માટે પરિણમનની ચિંતામાં વ્યર્થ જ આકુળ-વ્યાકુળ થાય છે?

પ્રત્યેક દ્રવ્ય પોતાની પર્યાયના કર્તૃત્વમાં અથવા તે પર્યાય જ પોતાના પરિણમનમાં પૂરેપૂરી સમર્થ છે. હે આત્મા! તારે તેમાં કાંઈ પણ કરવાનું નથી, તું નકામો જ તેની ચિંતામાં તારો ભવ બગાડી રહ્યો છો. જે દ્રવ્ય અથવા પર્યાયના પરિણમનની ચિંતા તું તારા શિરે લઈને ફરી રહ્યો છો, નાચી રહ્યો છો, તેને તારી અથવા તારા સહયોગની જરાય આવશ્યકતા નથી, પરવા નથી; તું જ બળવાન બળદોથી ખેંચાતા ગાડાની નીચે-નીચે ચાલીને 'હું જ ગાડું ખેંચું છું' એ અભિમાનમાં પકડાયેલા કૂતરાની જેમ આકુળ-વ્યાકુળ થઈ રહ્યો છો.

વસ્તુસ્વરૂપ તને વિશ્વાસ અપાવે છે કે તું જગત તરફ નિશ્ચિંત રહે, પરંતુ પરના કર્તૃત્વના અહંકારથી પકડાયેલો એ કહે છે કે દીકરો દુકાન સંભાળી લ્યે તો હું નિશ્ચિંત થઈ શકું. જ્યાં સુધી જે કામ હું કરું છું તે કામ બીજો કરવા ન લાગે, ત્યાં સુધી હું કેવી રીતે નિશ્ચિંત થઈ શકું? પણ હું કહું છું કે 'ક્રમબદ્ધપર્યાય' સિવાય આજસુધીમાં કોઈ એવો પુત્ર જન્મ્યો નથી જે કર્તૃત્વના અહંકારથી પકડાયેલ પિતાને પૂરેપૂરો નિશ્ચિંત કરી દે. ક્રમબદ્ધપર્યાય જ એક એવી છે કે જે તેને સમજે, તેના ઉપર શ્રદ્ધા રાખે, તે નિશ્ચિંત થઈ શકે છે.

કર્તૃત્વના અહંકારથી પકડાયેલ વ્યક્તિની સમસ્યા જ એ છે કે કોઈ એનું કામ સંભાળે, તો તે નિશ્ચિંત થાય. આ વાત તેની સમજણમાં જ આવતી નથી કે તે પરનું અથવા પર્યાયનું કાંઇ કરતો જ નથી, અજ્ઞાનને કારણે માત્ર તેમની ચિંતા કરે છે અને ચિંતાનો કર્તા પણ ત્યાં સુધી છે કે જ્યાં સુધી અજ્ઞાન છે.

જૈનદર્શન અકર્તાવાદી દર્શન કહેવાય છે. અકર્તાવાદનો અર્થ માત્ર એટલો જ નથી કે આ જગતનો કર્તા કોઇ ઈશ્વર નથી, પરંતુ એ પણ છે કે કોઈ પણ દ્રવ્ય કોઇ અન્ય દ્રવ્યના પરિણમનના કર્તા–હર્તા નથી. જ્ઞાની આત્મા તો પોતાના વિકારના પણ કર્તા નથી થતા. આ વાત સમયસારના કર્તા-કર્મ અધિકાર અને સર્વવિશુદ્ધ-જ્ઞાન અધિકારમાં વિસ્તારથી સ્પષ્ટ કરવામાં આવી છે.

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારની જે ગાથાઓની ટીકામાં ક્રમનિયમિતપર્યાયનો ઉલ્લેખ આવ્યો છે, તેમાં અંતે અકર્તૃત્વ જ સિદ્ધ કર્યું છે. કે જે નીચેની પંક્તિઓમાં સ્પષ્ટ છે.

**"एवं हि जीवस्य स्वपरिणामैरुत्पद्यमानस्याप्यजीवेन सह कार्यकारणभावो न सिध्यति, सर्वद्रव्याणां द्रव्यांतरेण सहोत्पाद्योत्पादकभावाभावात्; तदसिद्धौ चाजीवस्य जीवकर्मत्वं न सिध्यति, तदसिद्धौ च कर्तृकर्मणोरनन्यापेक्षसिद्धत्वात् जीवस्याजीवकर्तृत्वं न सिध्यति। अतो जीवोऽकर्त्ता अवतिष्ठते।**

આમ જીવ પોતાના પરિણામોથી ઉપજતો હોવા છતાં તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ નથી થતો, કેમકે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે; તે (કાર્યકારણભાવ) નહિ સિદ્ધ થતાં, અજીવને જીવનું કર્મત્વ સિદ્ધ થતું નથી; અને તે (-અજીવને જીવનું કર્મત્વ) નહિ સિદ્ધ થતાં, કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે (-અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે, સ્વદ્રવ્યમાં જ) સિદ્ધિ હોવાથી, જીવને અજીવનું કર્તૃત્વ સિદ્ધ થતું નથી. માટે જીવ અકર્તા ઠરે છે.

ભાવાર્થ : સર્વ દ્રવ્યોના પરિણામ ભિન્ન ભિન્ન છે. બધાં દ્રવ્યો પોત-પોતાના પરિણામોના કર્તા છે; તેઓ તે પરિણામોના કર્તા છે, તે પરિણામો તેમનાં કર્મ છે. નિશ્ચયથી કોઈનો કોઈની સાથે કર્તા-કર્મસંબંધ નથી. માટે જીવ પોતાના પરિણામનો જ કર્તા છે અને પોતાના પરિણામ કર્મ છે. એવી જ રીતે અજીવ પોતાના પરિણામોનું જ કર્તા છે અને પોતાના પરિણામ કર્મ છે. આ રીતે જીવ બીજાના પરિણામોનો અકર્તા છે." [1]

આ ઉપરથી કોઈ કહે કે ભલે પરના પરિણમનનો કર્તા નહિ, પણ પોતાના પરિણમનનો કર્તા-હર્તા તો હું છું જ. તેને કહે છે કે અવશ્ય છો, કેમ કે પ્રત્યેક દ્રવ્ય પોતાની પરિણતિનું કર્તા-ભોક્તા તો છે જ, પણ એનો આશય એ નથી કે સર્વજ્ઞના જ્ઞાનમાં આપનું જે ભાવી પરિણમન ઝળક્યું છે, તેમાં આપ કાંઈ ફેરફાર કરી શકો છો.

જો ફેરફાર નથી કરી શકતા તો પછી હું મારી પરિણતિનો કર્તા જ ક્યાં રહ્યો ? —આ પ્રકારની શંકા પણ જગતને થાય છે, કેમ કે જેણે ફેરફાર કરવાને જ કરવું માની રાખ્યું છે, તે એનાથી આગળ વિચાર પણ શું કરી શકે ? શું ફેરફાર કર્યા વિના કાંઈ કરવાનું હોતું જ નથી ? શું જેવું ન થવાનું હોય તેવું કરવું તે જ કરવું છે; જેવું થવાનું હોય તેવું કરવું તે શું કરવું નથી ?

---

૧. સમયસાર ગાથા ૩૦૮ થી ૩૧૧ની ટીકા અને ભાવાર્થ

સ્વકર્તૃત્વ કહો, સહજકર્તૃત્વ કહો, અકર્તૃત્વ કહો—બધાનો એક જ અર્થ છે. જૈનદર્શન અકર્તાવાદી દર્શન છે—એનો ભાવ જ એ છે કે સહજકર્તાવાદી અથવા સ્વકર્તાવાદી છે, પરકર્તાવાદી અથવા ઈશ્વરકાર કર્તાવાદી નહિ. સહજ થવું અને કરવું એક જ વાત છે. ભવિષ્યમાં આપણું જે થવાનું છે, તે જ થશે અર્થાત્ આપણે પુરુષાર્થપૂર્વક તે જ કરીશું. આમાં પુરુષાર્થની ક્યાંય કોઈ ઉપેક્ષા નથી, ક્યાંય કોઈ પરાધીનતા નથી; સર્વત્ર સ્વાધીનતાનું સામ્રાજ્ય છે. આમાં બધું જ છે—સ્વભાવ છે, પુરુષાર્થ છે, ભવિતવ્ય છે, કાળલબ્ધિ છે અને નિમિત્ત પણ છે.—પાંચે ય સમવાય ઉપસ્થિત છે.

આત્મા પોતાના પરિણામોનો કર્તા છે કે નથી? આ સંદર્ભમાં પૂ. સ્વામીજીનું સ્પષ્ટીકરણ આ પ્રકારે છે:—

"પ્રશ્ન : પર્યાયો ક્રમબદ્ધ છે; આત્માની પર્યાયો પણ ક્રમબદ્ધ જે થવા યોગ્ય છે તે જ થાય છે; તેથી આત્મા તેમનો અકર્તા છે —(શું) આ વાત યથાર્થ છે?

ઉત્તર : ના, આત્મા પોતાની પર્યાયનો અકર્તા છે—એ વાત યથાર્થ નથી. આત્મા પોતાની જે જે ક્રમબદ્ધપર્યાયોરૂપે પરિણમે છે તેમનો કર્તા તે પોતે જ છે; પરંતુ અહીં એટલું વિશેષ સમજવા યોગ્ય છે કે 'આત્માનો જ્ઞાયકસ્વભાવ છે'—એવી જેની દૃષ્ટિ થઈ છે અથવા ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થયો છે, તે જીવ મિથ્યાત્વાદિ ભાવોરૂપે પરિણમતો જ નથી. માટે મિથ્યાત્વાદિ ભાવોનો તો તે અકર્તા જ છે તથા જે અલ્પ રાગાદિ વિકાર થાય છે તેમાં પણ તે એકત્વરૂપે પરિણમતો નથી. તે અપેક્ષાએ તે રાગાદિનો પણ અકર્તા છે; પરંતુ પોતાનાં સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ નિર્મળ 'ક્રમબદ્ધપરિણામો'નો તો તે કર્તા છે.

'ક્રમબદ્ધપરિણામ'નો એવો અર્થ નથી કે આત્મા પોતે કર્તા થયા વિના જ તે પરિણામ થઈ જાય છે. જ્ઞાની પોતાના નિર્મળ જ્ઞાનભાવને કરતો થકો પોતે તેનો કર્તા થાય છે અને અજ્ઞાની પોતાના અજ્ઞાનભાવને કરતો થકો તેનો કર્તા થાય છે.

આ પ્રકારે પ્રત્યેક દ્રવ્ય પોતે જ પોતાના 'ક્રમબદ્ધપરિણામ'નું કર્તા છે."૧

આ જ વાતનો જો વસ્તુસ્વરૂપ તરફથી વિચાર કરવામાં આવે તો આ જ નિષ્કર્ષ ઉપર પહોંચીશું, કેમ કે નિત્યતાની જેમ પરિણમન પણ પ્રત્યેક દ્રવ્યનો સ્વભાવ છે. જે વસ્તુનો જે સ્વભાવ છે, તેના હોવામાં પરના સહયોગની શી જરૂર છે? જો દ્રવ્યને પોતાના પરિણમનમાં પરની અપેક્ષા હોય તો પછી તે તેનો સ્વભાવ જ ક્યાં રહ્યો? દ્રવ્ય શબ્દ જ દ્રવણશીલતા–પરિણમનશીલતાનો દ્યોતક છે. જે સ્વયં દ્રવે–પરિણમે, તેને જ દ્રવ્ય કહે છે.

પ્રત્યેક દ્રવ્યમાં એક દ્રવ્યત્વ નામનો સામાન્યગુણ છે–શક્તિ છે. તેને કારણે જ દ્રવ્ય પરિણમનશીલ છે. પરિણમનશીલતા દ્રવ્યનો સામાન્ય ધર્મ છે, સહજ ધર્મ છે, સ્વાભાવિક ધર્મ છે, પરનિરપેક્ષ ધર્મ છે.

જ્યારે પ્રત્યેક દ્રવ્ય સ્વયં પોતાનાથી દ્રવી રહ્યું છે, પોતાના નિયમિત પ્રવાહમાં વહી રહ્યું છે, સહજ ક્રમબદ્ધ પરિણમી રહ્યું છે; તો પછી એવી શી આવશ્યકતા છે કે તે પોતાના ક્રમનો ભંગ કરે? વસ્તુના સ્વરૂપમાં એવી શી અડચણ છે કે તે પોતાની ચાલ બદલે? અને શા માટે બદલે? તેને શી જરૂર છે પોતાની ચાલ બદલવાની?

બદલે પણ કેવી રીતે? કે જ્યારે પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક પર્યાય સ્વ–અવસરે જ થાય છે. પહેલાં જ સ્પષ્ટ કરી દીધું છે કે જેટલા ત્રણ કાળના સમયો છે, તેટલી જ પ્રત્યેક દ્રવ્યની પર્યાયો છે અને એક–એક પર્યાય એક એક સમયમાં અંકિત છે. જો એક પર્યાયને પોતાના સ્થાન (સમય)થી ખસેડવામાં આવશે તો તે સ્થાન (સમય) ખાલી થઈ જશે. તે સ્થાન (સમય)ની પૂર્તિના હેતુએ બીજી પર્યાય ક્યાંથી આવશે? જે ઈષ્ટ પર્યાયને આપ લાવવા ઈચ્છો છો; તેને જો પોતાના સ્થાન (સમય)થી ખસેડીને ત્યાં લાવશો તો શું અહીંની પર્યાયને ત્યાં લઈ જશો? કે જે સંભવિત નથી.

---

૧. આત્મધર્મ, માર્ચ ૧૯૭૦, પૃષ્ઠ ૫૦૨

છેવટે વસ્તુસ્વરૂપનો સહજ સ્વીકાર શા માટે નથી થતો, પરાણે પરિવર્તનની હઠ શા માટે? ધર્મ તો વસ્તુસ્વરૂપના સહજ સ્વીકારનું નામ છે. વસ્તુસ્વરૂપની સહજ પરિણતિનો સ્વીકાર જ ધર્મની શરૂઆત છે. આવી વ્યક્તિની દૃષ્ટિ સહજ અંતરોન્મુખી હોય છે. ક્રમબદ્ધ પરિણમનનો સહજ સ્વીકાર કરનાર જીવના ક્રમબદ્ધમાં પણ સહજ સ્વભાવ-સન્મુખ પરિણમન હોય છે. વસ્તુસ્વરૂપમાં જ આવો સુવ્યવસ્થિત સુમેળ છે.

દ્રવ્ય અને ગુણની જેમ પર્યાય પણ સત્ છે. પ્રવચનસાર ગાથા ૧૦૭માં આનો સ્પષ્ટ ઉલ્લેખ છે. દ્રવ્ય અને ગુણ જો ત્રિકાળી સત્ છે તો પર્યાય સ્વસમય અર્થાત્ એક સમયનું સત્ છે. જેવી રીતે દ્રવ્ય અને ગુણની ત્રિકાળી સત્તાને પડકારી (ચેલેન્જ આપી) શકાતી નથી; તેવી જ રીતે પર્યાયની પણ સ્વસમય સત્તાને પડકારી શકાતી નથી.

પરંતુ દ્રવ્ય અને ગુણોથી અજાણ અજ્ઞાનીની દૃષ્ટિ પર્યાય પર રહે છે, પર્યાયનો ફેરફાર કરવાના વિકલ્પમાં જ ગૂંચાયેલી રહે છે. આ જ ગૂંચવણને કારણે તેની દૃષ્ટિ સ્વદ્રવ્ય ઉપર જઈ શકતી નથી, તે દ્રવ્યદૃષ્ટિ અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ બની શકતો નથી.

આગમમાં "**पज्जयमूढा हि परसमया**"[1] તથા "**जो पज्जएसु णिरदा जीवा परसमइग त्ति णिद्दिट्ठा**"[2] કહીને પર્યાય દૃષ્ટિવાળાને મિથ્યાદૃષ્ટિ અને દ્રવ્ય દૃષ્ટિવાળાને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવેલ છે.

દ્રવ્યદૃષ્ટિ પ્રાપ્ત કરવા માટે પર્યાયોની ક્રમબદ્ધતાની પ્રતીતિ આવશ્યક છે. પર્યાય પણ સ્વકાળનું સત્ છે, તેમાં પણ કોઈ પ્રકારનો ફેરફાર સંભવ નથી-એવી પ્રતીતિ થતાં જ પર્યાય તરફથી નિશ્ચિંત થયેલ દૃષ્ટિ સ્વભાવ તરફ ઢળી જાય છે.

ક્રમબદ્ધપર્યાયની પ્રતીતિ વિના દૃષ્ટિનું સ્વભાવ-સન્મુખ થવું સંભવ નથી; કારણકે પર્યાયોમાં પોતાની ઇચ્છાનુકૂળ ફેરફાર કર-

---

૧. પ્રવચનસાર, ગાથા ૯૩

૨. તે જ ગાથા ૯૪

વાનો બોજો તેના ઉપર રહ્યા કરે છે. ફેરફાર કરવાના ભારથી બોજારૂપ થયેલી દૃષ્ટિમાં એ શક્તિ નથી કે તે સ્વભાવ તરફ જોઈ શકે. દૃષ્ટિ સંપૂર્ણપણે ભારવિનાની થયા વિના અંતર-પ્રવેશ શક્ય નથી. કહ્યું પણ છે :-

જિનકે માથે ભાર, વે ડુબે મઝધારમેં;
હમ તો ઉતરે પાર, ઝાંક ભારકો ભારમેં.

ભાર લઈને ઉપર ચડવું કઠણ જ નહિ, અસંભવ છે, ખાસ કરીને એવો ભાર કે જેને ઉપાડવાનુંય સામર્થ્ય આપણામાં ન હોય. શું કોઈ પર્વતને લઈને પર્વત ઉપર ચડી શકે છે? ના, કદી નહીં. તેવી જ રીતે પરદ્રવ્યમાં ફેરફાર કરવાની બુદ્ધિવાળો જીવ નિજદ્રવ્યમાં પ્રવેશ કરી શકતો નથી.

જો કે સ્વયં પરિણમનશીલ આ જગતના પરિણમનની જરા પણ જવાબદારી એના શિરે નથી તો પણ અજ્ઞાની આત્મા સ્વયંની મિથ્યા કલ્પનાના આરોપિત ભારથી પોતે જ દબાઈ રહ્યો છે.

પરમાં તો એને કાંઈ કરવાનું જ નથી, પોતાની પર્યાયમાં પણ કાંઈ કરવાનું નથી. બધું જ સહજ થઈ રહ્યું છે અને થતું રહેશે. કહ્યું પણ છે :—

"હોતા સ્વયં જગત પરિણામ, મૈં જગ કા કરતા ક્યા કામ."

આ ઉપરથી કેટલાક લોકો કહે છે કે ભલે પરનું નહીં, પણ પોતાનું કામ તો કરવું જ પડશે. જો આપણે આપણું જ કામ નહિ કરીએ તો કોણ આપણું કામ કરી જશે? ખાવું-પીવું, ઊઠવું-બેસવું તો કરવું જ પડશે, અને આ બધું સમજી-વિચારીને કરવું પડશે, નહીં તો બધી ગરબડ થઈ જશે, સ્વાસ્થ્ય બરબાદ થઈ જશે.

તેને કહીએ છીએ કે જરા વિચાર તો કર કે જ્યારે તું માતાના પેટમાં હતો, ત્યારે સમજી-વિચારીને શું શું કરતો હતો? એવી જ રીતે જ્યારે મહિના-બે મહિનાનો હતો, ત્યારે પણ સમજી વિચારીને શું કરતો હતો? છતાં પણ આટલો મોટો થઈ

ગયો. અને હવે ઘણો સમજણો થઈ ગયો છે, ખૂબ સમજી-વિચારીને ખાય-પીએ, ઊઠે-બેસે છે, છતાં પણ નિરંતર અશક્ત કેમ થતો જાય છે? હવે આ શરીરને સારી રીતે સંભાળી લે ને કે ક્યાંક એ અહીં જ ન છૂટી જાય અને તું એને અહીં જ છોડીને ચાલતો થા? પૂરેપૂરી રીતે સંભાળીને રાખવા છતાં પણ એક દિવસ એ જ થશે કે એ અહીં જ પડ્યું રહેશે અને તારે એને છોડીને જવું પડશે; છતાં પણ આમાં કર્તૃત્વનું અભિમાન તારાથી છૂટતું નથી.

આ શરીર ઉપર તારું રંચમાત્રેય જોર ચાલતું નથી. આ તારા વાળ કાળામાંથી સફેદ તને પૂછીને થયા હશે? ચહેરા ઉપર જે કરચલીઓ જોવામાં આવે છે, એ પણ તારી સંમતિથી જ પડી હશે?

જો ના, તો પછી એમ શા માટે સ્વીકારતો નથી કે 'હોતા સ્વયં જગત પરિણામ, મૈં જગકા કરતા ક્યા કામ.' શરીર પણ પર છે, જેના ઉપર તું તારું કર્તૃત્વ સ્થાપી રહ્યો છે.

આ ઉપરથી કેટલાક લોકો કહે છે કે જાણવું-દેખવું તો આત્માનો સ્વભાવ છે, તે તો કરવું જ પડશે. તેમને અમારું કહેવાનું છે કે તેમાં કરવું શું પડશે? એ તો સહજ થાય છે.

શું જાણવું અને શું ન જાણવું-એનો વિવેક તો કરવો જ પડશે? એમ થોડું જ ચાલશે કે જે ઇચ્છો તે જાણ્યા-દેખ્યા કરો. કાંઈક તો મર્યાદા રાખવી જ પડશે, કાંઈક તો નક્કી કરવું જ પડશે. શું આપણે આપણાં જ્ઞાન-દર્શનને એમ જ છૂટાં મૂકી દઈશું—સાંઢની જેમ; કે જે જ્યાં ઇચ્છે ત્યાં મોઢું નાખ્યા કરે; ઓછામાં ઓછું તેને તો સ્વભાવ-સન્મુખ કરવાં જ પડશે. કાંઈ કરવું નથી, કાંઈ કરવું નથી, એ બધું કેવી રીતે ચાલે? 'જ્ઞાનને સ્વભાવ-સન્મુખ કરો'—ઓછામાં ઓછી એટલી વાત તો રહેવા દો.

જો આમ કોઈ કહે તો તેને કહીએ છીએ-ભાઈ! જ્ઞાનને સ્વભાવ-સન્મુખ કરવાના વિકલ્પથી જ્ઞાન સ્વભાવ-સન્મુખ થતું નથી, પરંતુ આ વિકલ્પના પણ ભારથી રહિત થતાં જ્ઞાન સ્વભાવ-સન્મુખ ઢળે છે.

જ્ઞાનની પ્રત્યેક પર્યાય સ્વકાર્ય કરવામાં પરમુખાપેક્ષી નથી.

તે પોતામાં પરિપૂર્ણ છે, સ્વકાર્ય કરવામાં પૂર્ણ શક્તિશાળી છે, પૂર્ણ સુયોગ્ય છે. તેની યોગ્યતામાં તેનું જ્ઞેય પણ નિશ્ચિત છે. જ્ઞાનની જે પર્યાયમાં જે જ્ઞેયને જાણવાની યોગ્યતા છે, તે પર્યાય તે જ જ્ઞેયને પોતાનો વિષય બનાવશે, તેમાં કોઈનો હસ્તક્ષેપ ચાલી શકતો નથી.

આ એક ધ્રુવસત્ય છે કે જ્ઞેયને અનુસારે જ્ઞાન થતું નથી, પરંતુ જ્ઞાન અનુસાર જ્ઞેય જાણી શકાય છે; નહિ તો એમ શા માટે થાય કે જે જ્ઞેય સામે હોય, તેનું તો જ્ઞાન નથી થતું અને જે જ્ઞેય સામે ન હોય, ક્ષેત્ર-કાળથી દૂર હોય, તેનું જ્ઞાન થતું દેખાય છે. નવવિવાહિત અમલદારને સામે બેઠેલો કારકુન દેખાતો નથી, પરંતુ કચેરીથી દૂર ઘરમાં કે પિયરમાં બેઠેલી પત્ની દેખાય છે.

આ પ્રકારનો એક શ્લોક પ્રમેયરત્નમાળામાં આવે છે :-

**"पिहिते कारागारे तमसि च सूचीमुखाग्रदुर्भेद्ये ।**
**मयि च निमीलितनयने तथापि कान्ताननं व्यक्तम् ॥१**

કારાગારમાં પૂરાયેલો કોઈ કામીજન કહે છે કે જો કે કારાગારનું બારણું બંધ છે અને અંધકાર એટલો ગાઢ છે કે સોયની અણીથી પણ ભેદી શકાતો નથી તથા મેં મારી બન્ને આંખો બંધ કરી દીધી છે, તો પણ મને મારી પ્રિયાનું મુખ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે."

આથી એ સિદ્ધ છે કે જ્ઞેય અનુસારે જ્ઞાન થતું નથી, પરંતુ જ્ઞાનને અનુસારે જ્ઞેય જણાય છે. એનું તાત્પર્ય એ છે કે ક્ષયોપશમ જ્ઞાનમાં જે વખતે જે જ્ઞેયને જાણવાની યોગ્યતા હોય છે, તે વખતે તે જ જ્ઞેય જ્ઞાનનો વિષય બને છે, અન્ય નહિ.

આ વાતને ન્યાયશાસ્ત્રના નીચે લખેલા સૂત્રથી સારી રીતે સમજી શકાય છે:-

**"स्वावरणक्षयोपशमलक्षणयोग्यतया हि प्रतिनियतमर्थं व्यवस्थापयति ॥ ९ ॥२**

---

૧. આચાર્ય અનંતવીર્ય : પ્રમેયરત્નમાળા, અ. ૨, સૂત્ર ૧૨ ની ટીકા
૨. આચાર્ય માણિક્યનંદિ : પરીક્ષામુખ, અ. ૨, સૂત્ર ૯

સ્વાવરણક્ષયોપશમ છે લક્ષણ જેનું-એવી યોગ્યતા જ એ વ્યવસ્થા કરે છે કે જ્ઞાન કોને જાણે.”

અહીં ક્ષયોપશમ જ્ઞાન કોને જાણે અને કોને ન જાણે-એની ચર્ચા ચાલી રહી છે. કેવળજ્ઞાનમાં તો એ પ્રશ્ન જ સંભવિત નથી; કેમ કે તે તો એક સમયમાં જ લોકાલોકને જાણે છે.

બૌદ્ધોનું એમ કહેવું છે કે-જ્ઞાન જ્ઞેયથી ઉત્પન્ન થાય છે, જ્ઞેયાકાર હોય છે અને જ્ઞેયોને જાણનાર હોય છે; જેને તેઓ તદુત્પત્તિ, તદાકાર અને તદધ્યવસાય રૂપે પ્રસ્તુત કરે છે જૈનો ઉક્ત વાતનો સ્વીકાર કરતા નથી.

આ સંબંધમાં તેઓ જૈનોને પૂછે છે કે જો જ્ઞાન જ્ઞેયથી ઉત્પન્ન નથી થતું તો પછી તમારા મતમાં જ્ઞાન અમુક જ્ઞેયને જ કેમ જાણે છે, અન્યને શા માટે નહિ—એનો નિયામક કોણ હોય? બૌદ્ધોના મતમાં તો જે જ્ઞાન જે જ્ઞેયથી ઉત્પન્ન થાય છે, તેને જ જાણે છે-એ વ્યવસ્થા છે. જૈનોમાં આ સંબંધમાં શી વ્યવસ્થા છે, તેના ઉત્તરમાં ઉક્ત સૂત્ર આવ્યું છે. જેનો આશય છે કે યોગ્યતા જ એનો નિયામક છે અર્થાત્ જ્ઞાનની વિવક્ષિત પર્યાયમાં જાણવાની ક્ષમતાની સાથોસાથ એ પણ નિશ્ચિત છે કે તે ક્યા જ્ઞેયને જાણશે.

યોગ્યતાની વ્યાખ્યા કરતાં કહેવામાં આવ્યું છે કે તત્સંબંધી આવરણનો ક્ષયોપશમ છે લક્ષણ જેનું એવી યોગ્યતા અર્થાત્ તે યોગ્યતામાં જે જ્ઞેયને જાણવાનું છે, તત્સંબંધી આવરણનો ક્ષયોપશમ હોય છે.

આ બધાથી એ જ સિદ્ધ થાય છે કે જ્ઞાનની પ્રત્યેક પર્યાયનું જ્ઞેય પણ નિશ્ચિત છે અને તે તેની યોગ્યતામાં જ સમ્મિલિત છે. જ્યારે જ્ઞાનનું જ્ઞેય પણ નિશ્ચિત છે તો પછી આ વાત ક્યાં રહી જાય છે કે શું જાણવું અને શું ન જાણવું—એનો વિવેક તો કરવો જ પડશે, આ દિશામાં કાંઈને કાંઈ તો કરવું જ પડશે.

તારે આટલો પણ બોજો તારા શિરે રાખવાનો નથી, ત્યારે તું બોજારહિત બનીશ અને ત્યારે જ જ્ઞાનની પર્યાયનું જ્ઞેય

આત્મસ્વભાવ બનશે અર્થાત્ દૃષ્ટિ સ્વભાવ-સન્મુખ થશે. દૃષ્ટિનો સ્વભાવ-સન્મુખ થવાનો એકમાત્ર ઉપાય આ જ છે.

અહીં આ પ્રશ્ન સંભવે છે કે જો એમ વાત છે તો પછી આ ઉપદેશ શા માટે આપવામાં આવે છે કે દૃષ્ટિને આત્મ-સન્મુખ કરો, આત્માને જાણો વગેરે.

આ પ્રકારના પ્રશ્નો તો અનેક ઉત્પન્ન થાય છે. તે બધા ઉપર આગળ ચાલતાં પૃથકપણે વિચાર કરવામાં આવશે.

પ્રત્યેક દ્રવ્ય પર્વત ( અચળ ) છે. તેને ચલાયમાન કરવાનો પ્રયત્ન કરવો એ બાળચેષ્ટા સિવાય બીજું કાંઈ નથી. જો દ્રવ્ય પર્વત (અચળ) છે તો પર્યાય પણ પાર્વતી (અચળા) છે. જેમ અચળ દ્રવ્યને ચલાયમાન કરી શકાતું નથી, તે જ પ્રકારે અચળા પર્યાયને પણ સ્વકાળમાંથી ચલાયમાન કરવી શકય નથી.

એક સમયની પણ પર્યાયને બદલવા માટે અર્થાત્ તેને સ્વસમયમાંથી ખસેડીને તેના સ્થાને બીજી પર્યાય લાવવા માટે જો આખું જગત પણ એક સાથે પ્રયત્ન કરે તોય તે સફળ નહિ થાય, તે તે પર્યાયને સ્વસ્થાનમાંથી ખસેડી નહિ શકે. દ્રવ્યસ્વભાવ તો અનંત શક્તિશાળી છે જ, પણ પર્યાયસ્વભાવમાં ય પોતાની સીમા સુરક્ષિત રાખવાનું અનંત સામર્થ્ય છે, કોઈ તેની સીમામાં પ્રવેશ નથી કરી શકતું. તેમાં ફેરફાર કરવાની બુદ્ધિવાળા જગતને અંતે પરાજય જ હાથમાં આવશે.

દ્રવ્ય જો ત્રિકાળ સત્ છે તો પર્યાય પણ સ્વકાળનું સત્ છે અર્થાત્ સતી છે. ઇતિહાસ અને પુરાણ એના સાક્ષી છે કે સતીનું સત્ (સતીપણું) લૂટનારા કદી સફળ થયા નથી, પરંતુ તેમને પોતાના તે અક્ષમ્ય અપરાધની કઠોરતમ સજા ભોગવવી પડી છે. ધ્યાનમાં રહે કે સતી પર્યાયની છેડછાડ કરવાની અર્થાત્ તેને બદલવાની વૃત્તિવાળા અપરાધીઓને પણ તેની સજા ભોગવવી પડશે, અનંતકાળ સુધી સંસારમાં ભ્રમણ કરવું પડશે. પર્યાયના સત્નું અપમાન કરવાના આ મહાપાપ (મિથ્યાત્વ)થી તેઓ બચી નહિ શકે.

દ્રવ્ય અને ગુણોમાં ફેરફાર કરવાનો વિકલ્પ ન આવતાં પર્યાયમાં ફેરફાર કરવાનો વિકલ્પ કેમ આવે છે? એનું સહજ મનોવૈજ્ઞાનિક કારણ છે. જ્યાં ફેરફાર કરવાનો અવકાશ દેખાય છે, ત્યાં જ ફેરફાર કરવાનો વિકલ્પ આવે છે; જ્યાં અવકાશ દેખાતો નથી, ત્યાં કાંઈ કરવાનો વિકલ્પ પણ ઊઠતો નથી.

જેમ કે આપણે કોઈ ગેરકાયદેસર કાર્ય કરાવવા ઇચ્છીએ છીએ, અને તે કરવાનું અનેક સરકારી કર્મચારીઓના હાથમાં છે, -જે કર્મચારી ઉપર આપણને એવો વિશ્વાસ હોય કે આ (વ્યક્તિ) કોઈ પણ મૂલ્યે ગેરકાયદેસર કાર્ય નહિ કરે, તો આપણે તેને તે કરવાનું કહેતા પણ નથી; પણ જે કર્મચારીના વિષયમાં આપણે એમ સમજીએ છીએ કે આની પાસે શામ-દામ--દંડ-ભેદથી કામ કરાવી શકાય છે, તેની પાસે જ હરેક પ્રકારે કાર્ય કરાવવાનો યત્ન કરીએ છીએ.

તેવી જ રીતે દ્રવ્ય અને ગુણની અચળતા ઘણું કરીને બધાના ખ્યાલમાં સહજ રીતે આવી જાય છે, તેથી તેમનામાં ફેરફાર કરવાની બુદ્ધિ થતી નથી; પરંતુ પર્યાયની અચળતા સહેજે ખ્યાલમાં નથી આવતી-એ જ કારણે તેમાં ફેરફાર કરવાની બુદ્ધિ રહ્યા કરે છે. ક્રમબદ્ધપર્યાયની સાચી સમજણ વિના પર્યાયોની અચળતા ખ્યાલમાં આવતી નથી અને તેમનામાં ફેરફાર કરવાની બુદ્ધિ રહ્યા જ કરે છે.

પર્યાયોમાં ફેરફાર કરવાની મિથ્યા બુદ્ધિ જ અજ્ઞાન છે, કર્તાવાદ છે. આ જ કર્તાવાદી અજ્ઞાનનો નિષેધ સમયસારના કર્તા--કર્મ અધિકાર અને સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં પૂરી શક્તિથી કરવામાં આવ્યો છે. જૈનદર્શનના અકર્તાવાદનો એ જ મર્મ છે.

જૈનદર્શનનો અકર્તાવાદ માત્ર ત્યાં સુધી જ સીમિત નથી કે કોઈ તથાકથિત ઈશ્વર જગતનો કર્તા નથી. અકર્તાવાદનો વ્યાપક અર્થ એ છે કે કોઇ પણ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનું કર્તા-હર્તા-ધર્તા નથી; ત્યાં સુધી કે પોતાની પણ ક્રમનિશ્ચિત પર્યાયોમાં તે કોઇ પ્રકારનો ફેરફાર કરી શકતું નથી. જો કે દ્રવ્ય પોતાની પર્યાયોનો

કર્તા છે, તો પણ ફેરફાર કરનાર નથી.

ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા અથવા ઉકત અકર્તાવાદી દૃષ્ટિકોણનું એક માત્ર સાચું ફળ દૃષ્ટિનું સ્વભાવ-સન્મુખ થવું જ છે. ક્રમબદ્ધ-પર્યાયની વિકલ્પાત્મક શ્રદ્ધા કરવા ઉપરાંત પણ જો દૃષ્ટિ સ્વભાવ--સન્મુખ ન થઈ તો સમજવું જોઈએ કે તેને ક્રમબદ્ધપર્યાયની પણ વિકલ્પાત્મક શ્રદ્ધા જ છે, સાચી શ્રદ્ધા નથી. કેમકે ક્રમબદ્ધપર્યાયની સાચી શ્રદ્ધા અને દૃષ્ટિનું સ્વભાવ-સન્મુખ થઈને પર્યાયમાં સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થવાનો એક કાળ છે.

કેટલાક લોકોનું એમ પણ કહેવું છે કે ગોમ્મટસારમાં નિયતિવાદીને મિથ્યાદૃષ્ટિ કહ્યા છે.[1] આ ક્રમબદ્ધપર્યાય પણ કાંઈક એવી જ છે, તેથી એમાં પણ એકાન્તનો દોષ આવે છે પણ ગોમ્મટસારના નિયતવાદ અને ક્રમબદ્ધપર્યાયમાં ઘણું અંતર છે. એકાન્ત નિયતવાદી તો પુરુષાર્થાદિ અન્ય સમવાયોની ઉપેક્ષા કરીને એકાન્તનિયતવાદનો આશ્રય લઈને સ્વચ્છન્દતાનું પોષણ કરે છે, જ્યારે ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત તો પુરુષાર્થાદિ અન્ય તથ્યોને સાથે લઈને ચાલે છે.

આ સંબંધમાં જૈનેન્દ્ર સિદ્ધાન્તકોશકારની ટિપ્પણી જોવા યોગ્ય છે :—

"જે કાર્ય અથવા પર્યાય જે નિમિત્ત દ્વારા જે દ્રવ્યમાં, જે ક્ષેત્ર અને કાળમાં જે પ્રકારે થવાનું હોય છે, તે કાર્ય તે જ નિમિત્ત દ્વારા તે જ દ્રવ્ય, ક્ષેત્ર અને કાળમાં તે જ પ્રકારે થાય છે એવી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપ ચતુષ્ટયથી સમુદિત નિયત કાર્યવ્યવસ્થાને 'નિયતિ' કહે છે. નિયત કર્મોદયરૂપ નિમિત્તની અપેક્ષાએ એને જ 'દૈવ,' નિયતકાળની અપેક્ષાએ એને જ 'કાળલબ્ધિ' અને થવાયોગ્ય નિયતભાવ અથવા કાર્યની અપેક્ષાએ એને જ 'ભવિતવ્ય' કહે છે.

પોત-પોતાના સમયોમાં ક્રમપૂર્વક નંબરવાર પર્યાયો પ્રગટ થવાની અપેક્ષાએ શ્રી કાનજીસ્વામીજીએ એને માટે 'ક્રમબદ્ધપર્યાય'

---

૧. ગોમ્મટસાર, કર્મકાંડ, ગાથા ૮૮૨

શબ્દનો પ્રયોગ કર્યો છે.

જો કે કરવા-કરાવવાના વિકલ્પોપૂર્ણ રાગી બુદ્ધિનાં બધું જ અનિયત પ્રતીત થાય છે, પરંતુ નિર્વિકલ્પ સમાધિના સાક્ષીમાત્ર ભાવમાં વિશ્વની સમસ્ત કાર્યવ્યવસ્થા ઉપરોક્ત પ્રકારે નિયત પ્રતીત થાય છે. તેથી વસ્તુસ્વભાવ, નિમિત્ત (દૈવ), પુરુષાર્થ, કાળલબ્ધિ અને ભવિતવ્ય-આ પાંચે સમવાયો સહિત તો ઉપરોક્ત વ્યવસ્થા સમ્યક્ છે; અને એનાથી નિરપેક્ષ તે જ મિથ્યા છે. નિરુદ્યમી પુરુષ મિથ્યા નિયતિના આશ્રયે પુરુષાર્થનો તિરસ્કાર કરે છે, પણ અનેકાન્તબુદ્ધિ આ સિદ્ધાંતને જાણીને સર્વ બાહ્ય વ્યાપારથી વિરક્ત થઈ એક જ્ઞાતા-દ્રષ્ટા ભાવમાં સ્થિતિ પામે છે."[1]

કાર્યોત્પત્તિમાં પાંચ કારણોના સમવાયને સમ્યક્ ઘોષિત કરતાં શ્રી સિદ્ધસેન આચાર્ય સમ્મઇસુત્તં (સન્મતિ સૂત્ર)માં લખે છે :-

"**कालो सहाव णियई पुव्वकयं पुरिस कारणेगंता ।**
**मिच्छत्तं ते चेव उ समासओ होंति सम्मत्तं ॥५३॥**[2]

કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત (નિમિત્ત) અને પુરુષાર્થ- આ પાંચ કારણોમાંથી કોઈ એકથી કાર્યોત્પત્તિ માનવી તે એકાન્ત છે, મિથ્યાત્વ છે અને એના સમવાયથી કાર્યોત્પત્તિ માનવી તે અનેકાન્ત છે, સમ્યકત્વ છે."

પાંચ સમવાયોની ચર્ચા પદ્મપુરાણમાં આ પ્રકારે છે :—

"**कालः कर्मेश्वरो दैवं स्वभावः पुरुषः क्रिया ।**
**नियतिर्वा करोत्येवं विचित्रं कः समीहितम् ॥**[3]

ઉક્ત છંદમાં રામને વનવાસ અને ભરતને રાજ્ય આપવામાં આવતા જનતા પોતાના ભાવ વ્યક્ત કરી રહી છે :—

આવી વિચિત્ર ચેષ્ટાને કાળ, કર્મ, ઈશ્વર, દૈવ, સ્વભાવ, પુરુષ, ક્રિયા અથવા નિયતિ જ કરી શકે છે, બીજું કોણ કરી શકે?"

---

૧. જૈનેન્દ્ર સિદ્ધાન્ત કોશ, ભાગ ૨, પૃષ્ઠ ૬૧૨
૨. સમ્મઇસુત્તં, અ. ૩, ગાથા ૫૩
૩. આચાર્ય રવિષણ : પદ્મપુરાણ, સર્ગ ૩૧, શ્લોક ૨૧૩

આ જ વાતનું સ્પષ્ટીકરણ કરતાં જૈનેન્દ્ર સિદ્ધાંતકોશકાર લખે છે:—

"કાળને નિયતિમાં, કર્મ અને ઈશ્વરને નિમિત્તમાં, અને દૈવ તથા ક્રિયાને ભવિતવ્યમાં ગર્ભિત કરી દેવાથી પાંચ બાબત રહી જાય છે. સ્વભાવ, નિમિત્ત, નિયતિ, પુરુષાર્થ અને ભવિતવ્ય- આ પાંચ સમવાયો સહિત જ કાર્ય-વ્યવસ્થાની સિદ્ધિ છે, એવું પ્રયોજન છે" ૧

આ સંબંધમાં સ્વામીજીનું સ્પષ્ટીકરણ પણ જુઓ:—

"ગોમ્મટસારમાં જે નિયતવાદ કહ્યો છે તે તો સ્વચ્છન્દીનો છે. જે જીવ સર્વજ્ઞને માનતો નથી, જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરતો નથી, જેણે અંતરોન્મુખ થઈને સમાધાન કર્યું નથી, વિપરીત ભાવોના ઉછાળા ઓછા પણ કર્યા નથી અને 'થવાનું તે થશે'— એમ કહીને માત્ર સ્વચ્છન્દી થાય છે અને મિથ્યાત્વનું પોષણ કરે છે—એવા જીવને ગોમ્મટસારમાં ગૃહીતમિથ્યાદૃષ્ટિ કહ્યા છે. પરંતુ જ્ઞાનસ્વભાવના નિર્ણયપૂર્વક જો આ ક્રમબદ્ધપર્યાયને સમજે તો જ્ઞાયકસ્વભાવ તરફના પુરુષાર્થ દ્વારા મિથ્યાત્વ અને સ્વચ્છન્દ છૂટી જાય." ૨

"અજ્ઞાની કહે છે કે—આ ક્રમબદ્ધપર્યાયને માનીએ તો પુરુષાર્થ ઊડી જાય છે-પરંતુ એમ નથી. આ ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવાથી કર્તાબુદ્ધિનું મિથ્યાભિમાન ઊડી જાય છે અને નિરંતર જ્ઞાયકપણાનો સાચો પુરુષાર્થ થાય છે. જ્ઞાનસ્વભાવનો પુરુષાર્થ ન કરે તેને ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય પણ સાચો નથી. જ્ઞાનસ્વભાવના પુરુષાર્થ દ્વારા ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરીને જ્યાં પર્યાય સ્વસન્મુખ થઈ ત્યાં એક સમયમાં તે પર્યાયમાં પાંચે સમવાય આવી જાય છે. પુરુષાર્થ, સ્વભાવ, કાળ, નિયત અને

---

૧. જૈનેન્દ્ર સિદ્ધાન્તકોશ, ભાગ ૨, પૃષ્ઠ ૬૧૮

૨. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ, પૃષ્ઠ ૭

કર્મનો અભાવ-આ પાંચે સમવાય એક સમયની પર્યાયમાં આવી જાય છે." [૧]

"જ્ઞાયકસ્વભાવના આશ્રયે પુરુષાર્થ થાય છે, તોપણ પર્યાયનો ક્રમ તૂટતો નથી." [૨]

"જુઓ! આ વસ્તુસ્થિતિ! પુરુષાર્થ પણ નથી ઊડતો અને ક્રમ પણ નથી તૂટતો. જ્ઞાયકસ્વભાવના આશ્રયે સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રાદિનો પુરુષાર્થ થાય છે અને તેવી નિર્મળ દશાઓ થયા કરે છે તો પણ પર્યાયની ક્રમબદ્ધતા તૂટતી નથી." [૩]

ઉક્ત કથનોથી સ્પષ્ટ છે કે ગોમ્મટસારમાં એકાન્તોના કથનમાં જે નિયતવાદી મિથ્યાદૃષ્ટિનું કથન છે તેનું ક્રમબદ્ધપર્યાય સાથે કોઈ સામ્ય નથી. નિયતવાદી જેવી સ્વચ્છન્દતાનું પોષણ ક્રમબદ્ધપર્યાયમાં કદાપિ નથી.

સ્વામીજીના સ્પષ્ટીકરણથી પણ એ પૂર્ણપણે સ્પષ્ટ થઈ જાય છે કે તેઓ એકાન્ત નિયતવાદના પોષક નથી, પરંતુ સાચા અનેકાન્તવાદી છે.

આ ઉપરથી કેટલાક લોકો કહે છે કે આપ ગમે તે કહો, પણ ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત લાગે છે તો કાંઈક એકાન્ત જેવો જ!

ભાઈ! આપના લાગવાને હવે અમે શું કહીએ? અનેક આગમ પ્રમાણો અને યુક્તિઓથી સ્પષ્ટ કરી દીધું તો પણ જો આપને એકાન્ત જેવું લાગે તો અમે શું કરીએ? અમે તો આપની સામે યુક્તિ અને આગમ જ રાખી શકીએ, અનુભવ તો કરાવી શકીએ નહિ.

જો ઊંડાણથી વિચાર નહિ કરો, ઉપર-ઉપરથી જ વિચારશો તો એકાન્ત જેવું લાગશે જ. ઊંડાણથી વિચાર કરવાથી સ્પષ્ટ પ્રતીત થાય છે કે એ મિથ્યા-એકાન્ત નથી.

શું કહ્યું, મિથ્યા-એકાંત નથી?

---

૧. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ, પૃષ્ઠ ૧૧

૨. તે જ, પૃષ્ઠ ૯૯

૩. તે જ, પૃષ્ઠ ૧૦૦

હા, હા, સમ્યક્-એકાન્ત તો તે છે જ.

શું એકાન્ત પણ બે પ્રકારનાં હોય છે?

હા! હા! એકાન્ત જ શા માટે, અનેકાન્ત પણ બે પ્રકારનાં હોય છે.

તો શું જૈનદર્શનમાં એકાન્તને પણ સ્થાન પ્રાપ્ત છે? શું તે અનેકાન્તવાદી દર્શન નથી?

જૈનદર્શન અનેકાન્તમાં પણ અનેકાન્તનો સ્વીકાર કરે છે. જો કે જૈનધર્મ અનેકાન્તવાદી દર્શન કહેવાય છે, તો પણ જો તેને સર્વથા અનેકાન્તવાદી માનવામાં આવે તો એ પણ એકાન્ત થઈ જશે. તેથી જૈનદર્શનમાં અનેકાન્તમાં પણ અનેકાન્તનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જૈનદર્શન ન સર્વથા એકાન્તવાદી છે અને ન સર્વથા અનેકાન્તવાદી. તે કથંચિત્ એકાન્તવાદી અને કથંચિત્ અનેકાન્તવાદી છે. એનું જ નામ અનેકાન્તમાં અનેકાન્ત છે.

કહ્યું પણ છે:—

**"अनेकान्तोऽप्यनेकान्त: प्रमाणनयसाधन: ।**
**अनेकान्त: प्रमाणात्ते तदेकान्तोऽर्पितान्नयात् ॥**

પ્રમાણ અને નય છે સાધન જેનાં, એવું અનેકાન્ત પણ અનેકાન્તસ્વરૂપ છે; કેમ કે સર્વાંશગ્રાહી પ્રમાણની અપેક્ષાએ વસ્તુ અનેકાન્તસ્વરૂપ અને અંશગ્રાહી નયની અપેક્ષાએ વસ્તુ એકાન્તરૂપ સિદ્ધ છે."

જૈનદર્શન અનુસાર એકાન્ત પણ બે પ્રકારનાં છે અને અનેકાન્ત પણ બે પ્રકારના. જેમ કે—સમ્યક્-એકાન્ત અને મિથ્યા-એકાન્ત, સમ્યક્-અનેકાન્ત અને મિથ્યા-અનેકાન્ત. નિરપેક્ષ નય મિથ્યા-એકાન્ત છે અને સાપેક્ષ નય સમ્યક્-એકાન્ત છે તથા સાપેક્ષ નયોનો સમૂહ અર્થાત્ શ્રુતપ્રમાણ સમ્યક્-અનેકાન્ત છે અને નિરપેક્ષ નયોનો સમૂહ અર્થાત્ પ્રમાણાભાસ મિથ્યા-અનેકાન્ત છે.

કહ્યું પણ છે:—

---

૧. સ્વયંભૂસ્તોત્ર, શ્લોક ૧૦૩ (અરનાથસ્તુતિ, શ્લોક ૧૮)

" जं वत्थु अणेयन्तं, एयंतं तं पि होदि सविपेक्खं।
सुयणाणेण णएहि य, णिरवेक्खं दीसदे णेव ॥ १

જે વસ્તુ અનેકાન્તરૂપ છે તે જ સાપેક્ષ દૃષ્ટિથી એકાન્તરૂપ પણ છે. શ્રુતજ્ઞાનની અપેક્ષાએ અનેકાન્તરૂપ છે અને નયોની અપેક્ષાએ એકાન્તરૂપ છે. અપેક્ષા વિના વસ્તુનું રૂપ જોઈ શકાતું નથી."

અનેકાન્તમાં અનેકાન્તની સિદ્ધિ કરતાં આચાર્યશ્રી અકલંકદેવ લખે છે :—

"જો અનેકાન્તને અનેકાન્ત જ માનવામાં આવે અને એકાન્તનો સર્વથા લોપ કરવામાં આવે તો સમ્યક્-એકાન્તના અભાવમાં, શાખાદિના અભાવમાં વૃક્ષના અભાવની જેમ, તત્સમુદાય-રૂપ અનેકાન્તનો પણ અભાવ થઈ જશે. તેથી જો એકાન્તનો જ સ્વીકાર કરવામાં આવે તો પછી અવિનાભાવી ઈતરધર્મોનો લોપ થતાં પ્રકૃત બાકીનાનો પણ લોપ થવાથી સર્વલોપનો પ્રસંગ પ્રાપ્ત થશે." २

સમ્યક્-એકાન્ત નય છે અને સમ્યક્-અનેકાન્ત પ્રમાણ. ३

આ દૃષ્ટિએ વિચાર કરતાં 'ક્રમબદ્ધપર્યાય' સમ્યક્-નિયતિવાદ અર્થાત્ સમ્યક્-એકાન્ત છે કે જે સમ્યક્-અનેકાન્તનું વિરોધી નથી, પરંતુ પૂરક છે.

આ વાતને જો વધારે સ્પષ્ટ કરીએ તો વાત કાંઈક આ પ્રમાણે થશે.

સમ્યક્-અનેકાન્ત અર્થાત્ શ્રુતપ્રમાણની દૃષ્ટિએ વિચાર કરીએ તો કાર્યની સિદ્ધિ અનેક કારણોથી અર્થાત્ પાંચ સમવાયોથી થાય છે, પરંતુ સમ્યક્-એકાન્ત અર્થાત્ નયની અપેક્ષાએ જે

---

૧. કાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા ૨૬૧
૨. રાજવાર્તિક, અ. ૧, સૂત્ર ૬ની ટીકા
૩. તે જ

સમવાયની અપેક્ષાએ કથન હોય તેનાથી કાર્ય થયું એમ કહેવાય છે, અન્ય સમવાય તેમાં ગૌણ રહે છે-તેમનો અભાવ અપેક્ષિત હોતો નથી.

આ દૃષ્ટિએ વિચાર કરતાં જો કે પ્રત્યેક કાર્ય શ્રુત-પ્રમાણ (સમ્યક્-અનેકાન્ત)ની અપેક્ષાએ પાંચ સમવાયોથી જ થાય છે તો પણ નયની અપેક્ષાએ જે સમવાયને મુખ્ય કરીને કથન કરવામાં આવે છે તેનાથી કાર્યસિદ્ધિ થઈ-તે કથન સમ્યક્-એકાન્ત હોય છે, મિથ્યા-એકાન્ત નહિ; કારણ કે તેમાં અન્ય સમવાય ગૌણ હોય છે, તેમનો અભાવ હોતો નથી.

પ્રસ્તુત પ્રસંગમાં કાળની અપેક્ષાએ કથન કરતાં પ્રત્યેક કાર્ય સ્વકાળે (સ્વ-અવસરે) જ થાય છે-એમ કહેવું સમ્યક્-એકાન્ત થશે, મિથ્યા-એકાન્ત નહિ, કેમ કે આ કથનમાં પુરુષાર્થાદિ અન્ય સમવાય ગૌણ થયા છે, તેમનો અભાવ ઈષ્ટ નથી.

આ પ્રકારે ક્રમબદ્ધપર્યાયને સમ્યક્-એકાન્ત પણ કહી શકાય છે કે જે સમ્યક્-અનેકાન્તનું પૂરક છે, વિરોધી નથી.

એક કારણ એ પણ છે કે સમ્યક્-એકાન્ત અને મિથ્યા-એકાન્તનો ભેદ ન જાણનારાઓને ક્રમબદ્ધપર્યાયની વાત એકાન્ત જેવી લાગે છે.

ઉક્ત સંબંધમાં હું એક મહત્ત્વપૂર્ણ તથ્ય તરફ આપનું ધ્યાન આકર્ષિત કરવા ચાહું છું કે ક્રમબદ્ધપર્યાયમાં આપને કાળ સંબંધી એકાન્ત જ કેમ લાગે (નજરે પડે) છે, ક્ષેત્ર સંબંધી કેમ નહિ, ભાવ સંબંધી કેમ નહિ, નિમિત્ત સંબંધી કેમ નહિ? જ્યારે ક્રમબદ્ધપર્યાયના સ્પષ્ટીકરણમાં સ્પષ્ટરૂપે કહેવામાં આવ્યું છે કે જે દ્રવ્યની જે પર્યાય, જે ક્ષેત્રમાં, જે કાળે, જે વિધિથી અને જે નિમિત્તથી જેવી થવાની હશે; તે દ્રવ્યની તે પર્યાય, તે જ ક્ષેત્રમાં, તે જ કાળે, તે જ વિધિથી અને તે જ નિમિત્તથી તેવી જ થશે.

ઉક્ત વ્યાખ્યામાં કાળની સાથે દ્રવ્ય, ક્ષેત્ર, ભાવ, નિમિત્ત અને વિધાન પણ નિશ્ચિત બતાવવામાં આવેલ છે. તો પછી આપને

કાળની નિયમિતતામાં જ કેમ આશંકા થાય છે, ક્ષેત્રાદિની નિયમિતતામાં કેમ નહિ ?

જેમ કે કેવળજ્ઞાન જીવને જ થશે, અજીવને નહિ; જીવમાં પણ ભવ્ય જીવને જ થશે, અભવ્યને નહિ—આ દ્રવ્ય સંબંધી નિયમિતતા છે. શુ આમાં આપને વાંધો છે ? એ જ રીતે કેવળજ્ઞાન ક્ષપકશ્રેણીરૂપ ધ્યાન (વિધિ)થી જ થશે તથા જ્ઞાનાવરણાદિ ઘાતિકર્મોના અભાવ (નિમિત્ત) પૂર્વક જ થશે—આ વિધાન અને નિમિત્ત સંબંધી નિયમિતતા છે. શું એમાં પણ આપને કોઈ શંકા છે ? જો ના, તો પછી કાળ સંબંધી નિયમિતતામાં જ શંકા કેમ ?

ક્રમબદ્ધપર્યાયમાં એકલા કાળને જ નિયમિત સ્વીકારવામાં આવેલ નથી; પરંતુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને નિમિત્તને પણ નિયમિત સ્વીકારવામાં આવેલ છે.

જો ક્રમબદ્ધપર્યાયમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, નિમિત્ત-એ બધાની નિયમિતતાનો સમાવેશ થાય છે તો પછી જે કાળે થવાનું હશે તે જ કાળે થશેના સ્થાને એમ પણ કહી શકાય છે કે જે દ્રવ્યનું થવાનું હશે, તેનું જ થશે; જે ક્ષેત્રમાં થવાનું હશે, તેમાં જ થશે; જે થવાનું હશે, તે જ થશે; જે વિધિથી થવાનું હશે, તેનાથી જ થશે; જે નિમિત્તપૂર્વક થવાનું હશે, તે જ નિમિત્તે થશે.

તો પછી કાળ ઉપર જ નારાજી શા માટે ? કાળની જ નિયમિતતામાં બંધનની પ્રતીતિ શા માટે ? અન્યમાં કેમ નહિ ? કયું કારણ છે કે અજ્ઞાની કાળમાં જ શંકિત થાય છે ?

એનું કારણ છે અજ્ઞાનીનું ઉતાવળાપણું. પર્યાયની અચળતાનું જ્ઞાન ન હોવાથી અજ્ઞાનીમાં એક પ્રકારનું ઉતાવળાપણું થઈ જાય છે કે એટલી પ્રતીક્ષા કોણ કરે ? કાર્ય જલદી થવું જોઈએ. જેને સમ્યગ્દર્શન-પર્યાયની પ્રાપ્તિનો કાળ દૂર હોય, તેને કાળની નિયમિતતાનો વિશ્વાસ આવતો નથી.

લોકમાં પણ જોવામાં આવે છે કે જેને કોઈ કામ થવાનો સમય સમીપ આપવામાં આવે છે-બતાવવામાં આવે છે તો તે

સહજ સ્વીકાર કરી લે છે; પણ જેને લાંબો સમય બતાવવામાં આવે છે કે આપવામાં આવે છે તો તેને બદલાવવાનો પ્રયત્ન કરે છે, તેને તે કાળ સ્વીકાર્ય હોતો નથી. તેવી જ રીતે જેના આત્મહિતનો કાળ દૂર છે, તેને કાળનું નિશ્ચિત હોવું રુચતું નથી, જેને કાળનું નિશ્ચિત હોવું રુચતું નથી, તો સમજવું જોઈએ કે તેને સત્ય સમજવાનો કાળ હજી દૂર છે. તેનામાં કાળને બદલવાની વૃત્તિ, ઉતાવળાપણું રહ્યા જ કરે છે. આ ઉતાવળાપણાની વૃત્તિ જ તેને એ સ્વીકારવા દેતી નથી કે જ્યારે થવાનું હશે ત્યારે જ થશે.

જો ઊંડાણથી વિચાર કરવામાં આવે તો સમજવામાં આવી શકે છે કે દ્રવ્ય-ક્ષેત્રાદિની પેઠે કાળ પણ નિયમિત છે. પરંતુ ઊંડાણથી કોઈ વિચાર કરે ત્યારે ને? ઊંડાણમાં તો કોઈ જવા ઇચ્છતું નથી, બસ એમ જ ઉપર-ઉપર ઊડતી નજર નાખે છે તો એકાન્ત જેવું પ્રતીત થાય છે; પુરુષાર્થનો લોપ થઈ જશે-એમ લાગે છે.

આજની દુનિયા એટલી ઉતાવળમાં છે, એટલી ઉતાવળી થઈ રહી છે કે તેને ઊંડાણમાં જવાનો અવકાશ જ નથી. આ દોડધામના યુગમાં કોઈ સ્થિર રહેવાનું તો દૂર રહ્યું, ચાલતું પણ નથી, ફક્ત દોડે છે. પ્રત્યેક વ્યક્તિ કોઈને કોઈ દોડમાં સામેલ છે, દોડની ધૂનમાં છે. તે પોતાની ધૂનમાં એટલો વ્યસ્ત છે કે તેને 'ક્રમબદ્ધપર્યાય' જેવા ગંભીર વિષય પર શાન્તિથી, ગંભીરતાથી વિચાર કરવાનો સમય જ નથી.

આ ત્રસ્ત જગત વિષય-કષાયમાં એટલું ટેવાઈ ગયું છે, વિષય-કષાયની સામગ્રી મેળવવાના વિકલ્પમાં જ એટલું રોકાઈ રહ્યું છે કે-"હું કોણ છું, મારું સ્વરૂપ શું છે, આ જગત શું છે, એની પરિણતિનો કર્તા કોણ છે?" -આદિ દાર્શનિક વિષયો ઉપર વિચાર કરવાની ફુરસદ જ એને ક્યાં છે? આ વાતોનો વિચાર કરવો એ તો નવરા લોકોનું કામ માનવા લાગેલ છે. એ તો બસ દોડયે જ જાય છે, લક્ષ્ય વિના જ.

જો આપને આ જગતનું ઉતાવળાપણું જોવું હોય તો કોઈ પણ શહેરના ભરચક ચોકમાં ઊભા રહી જાવ અને જુઓ આ

દુનિયાનું ઉતાવળાપણું. ચોકમાં મોતની નિશાની લાલબત્તી છે, એક સિપાઈ પણ ઊભો છે આપને રોકવા માટે, છતાં પણ આપ રોકાતા નથી; પોતાના મોતની કિંમતે ય રોકાતા નથી. જો કે આપ સારી રીતે જાણો છો કે લાલબત્તી હોતાં સડક ઓળંગવી એ જોખમરહિત નથી, કોઈ પણ સમયે કોઈ ભારે વાહનની નીચે આવી શકો છો, પોલીસ પણ આપને ચેતવી રહ્યો છે, છતાં પણ આપ દોડી રહ્યા છો. શું આ ઉતાવળાપણાની હદ નથી? આટલી બધી ઉતાવળ ક્યા કામ માટે? પણ આવું ઉતાવળાપણું કોઈ પણ સ્થળે જોઈ શકાય છે.

શું એ દેશનું દુર્ભાગ્ય નથી કે આપ આપના ઉતાવળાપણાને કારણે લાલબત્તી હોવા છતાં પણ કોઈ વાહનની નીચે આવીને મરી ન જાવ-માત્ર એ જ કારણે લાખો પોલીસોને ચોકમાં ઊભા રહેવું પડે છે.

પોતાના મોતની કિંમત આપીને ય જેમને એટલો પણ વિલંબ સ્વીકાર્ય નથી, પસંદ નથી; એવા અધીરાઈવાળા-ઉતાવળા લોકોની સમજણમાં એ કેવી રીતે આવી શકે કે જે કાર્ય જ્યારે થવાનું હશે, ત્યારે જ થશે.

આ કામ તો ધીરતાનું છે, ગંભીરતાનું છે, વીરતાનું પણ છે. જે ધૈર્યથી ગંભીરતાપૂર્વક મનન કરે, ચિન્તન કરે, તે વીરની સમજણમાં જ 'ક્રમબદ્ધપર્યાય' આવે છે. એમાં પુરુષાર્થનો લોપ નથી થતો, પણ સાચો પુરુષાર્થ પ્રગટ થાય છે.

ઉતાવળાપણા ઉપરાંત પક્ષનો વ્યામોહ પણ એક કારણ છે કે જે કાળની નિયમિતતાની સહજ સ્વીકૃતિમાં બાધક બને છે.

પક્ષના વ્યામોહરહિત આત્માર્થી વીર બંધુઓને અનુરોધ છે કે તેઓ એક વાર આ મહત્ત્વપૂર્ણ વિષય ઉપર ધીરતા અને ગંભીરતાથી વિચાર કરે.

'ક્રમબદ્ધપર્યાય'માં જો કેટલાક લોકોને નિયતવાદનું એકાન્ત નજરે પડે છે તો કેટલાક વિદ્વાનો એને એકાન્ત ભાગ્યવાદી દૃષ્ટિકોણ

માને છે. તેમની દૃષ્ટિમાં નિયતિવાદ, ક્રમબદ્ધપર્યાય અને દૈવવાદમાં કોઈ અંતર નથી કેમકે જે થવાનું છે તે થશે-એમ વિચારવું પુરુષાર્થહીન બનાવે છે. તેમની માન્યતા પ્રમાણે કાર્તિકેયાનુપ્રેક્ષાની ગાથા ૩૨૧ થી ૩૨૩ સુધીનું કથન સાર્વભૌમિક સત્ય નથી.

આ સંબંધમાં અમે સિદ્ધાન્તાચાર્ય પં. કૈલાશચંદજી, વારાણસી,ના વિચાર કે જે તેમણે કાર્તિકેયાનુપ્રેક્ષાની ઉક્ત ગાથાઓના ભાવાર્થમાં જ વ્યક્ત કર્યા છે, તે ઉદ્ધૃત કરવા ઈચ્છીએ છીએઃ-

"સમ્યગ્દષ્ટિ એ જાણે છે કે પ્રત્યેક પર્યાયનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ નિયત છે. જે સમયે, જે ક્ષેત્રમાં, જે વસ્તુની, જે પર્યાય થવાની છે તે જ થાય છે-તેને કોઈ ટાળી શકતું નથી. સર્વજ્ઞદેવ સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અવસ્થાઓને જાણે છે. પરંતુ તેમણે જાણી લીધી હોવાથી પ્રત્યેક પર્યાયનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ નિયત નથી થયા; પરંતુ નિયત હોવાથી જ તેમણે તે રૂપે જાણ્યાં છે.

જેમ-સર્વજ્ઞદેવે આપણને બતાવ્યું છે કે પ્રત્યેક દ્રવ્યમાં પ્રતિસમય પૂર્વપર્યાય નષ્ટ થાય છે અને ઉત્તરપર્યાય ઉત્પન્ન થાય છે. તેથી પૂર્વપર્યાય ઉત્તરપર્યાયનું ઉપાદાન કારણ છે અને ઉત્તરપર્યાય પૂર્વપર્યાયનું કાર્ય છે. તેથી પૂર્વપર્યાયથી જે ચાહે તે ઉત્તરપર્યાય ઉત્પન્ન થઈ શકતી નથી, પરંતુ નિયત ઉત્તરપર્યાય જ ઉત્પન્ન થાય છે. જો એમ ન માનવામાં આવે તો માટીના પિંડમાંથી સ્થાસ. કોસ (પેટાળે પહોળી, ઉપર સાંકડી) પર્યાય વિના પણ ઘટપર્યાય બની જશે. તેથી એ માનવું પડે છે કે પ્રત્યેક પર્યાયનાં દ્રવ્ય. ક્ષેત્ર, કાળ અને ભાવ નિયત છે.

કેટલાક લોકો એને નિયતિવાદ સમજીને તેના ભયથી પ્રત્યેક પર્યાયનાં દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવ તો નિયત માને છે, પરંતુ કાળને નિયત નથી માનતા. તેમનું કહેવું છે કે પર્યાયનાં દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવ તો નિયત છે, પરંતુ કાળ નિયત નથી; કાળને નિયત માનવાથી પુરુષાર્થ નિષ્ફળ થઈ જશે.

પરંતુ તેમનું ઉક્ત કથન સિદ્ધાન્ત વિરુદ્ધ છેઃ કેમ કે દ્રવ્ય,

ક્ષેત્ર અને ભાવ નિયત હોતાં કાળ અનિયત હોઈ શકતો નથી. જો કાળને અનિયત માનવામાં આવશે તો કાળલબ્ધિ કોઈ ચીજ જ નહિ રહે. પછી તો સંસાર-પરિભ્રમણનો કાળ અર્ધપુદ્ગલપરાવર્તનથી અધિક બાકી રહેવા છતાં પણ સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ જશે અને તે કાળ પૂરો કર્યા વિના જ મુક્તિ થઈ જશે; પરંતુ આ બધી વાતો આગમ વિરુદ્ધ છે. તેથી કાળને પણ માનવો જ પડે છે.

હવે પુરુષાર્થ નિષ્ફળ જવાની આશંકા બાકી રહી, તો સમય પહેલાં કોઈ કામ પૂરું કરી લેવાથી જ પુરુષાર્થની સાર્થકતા નથી થતી. પરંતુ સમયસર કામ થઈ જવું તે જ પુરુષાર્થની સાર્થકતાનું સૂચક છે. ઉદાહરણ તરીકે-ખેડૂત યોગ્ય સમયે ઘઉં વાવે છે અને ઘણા પરિશ્રમપૂર્વક ખેતી કરે છે. ત્યારે જ સમયસર પાકીને ઘઉં તૈયાર થાય છે. તો શું ખેડૂતનો પુરુષાર્થ નિરર્થક કહેવાશે ? જો તે પુરુષાર્થ ન કરત તો સમયસર તેની ખેતી પાકીને તૈયાર ન થાત, તેથી કાળની નિયતતામાં પુરુષાર્થ નિરર્થક થવાની આશંકા નિર્મૂળ છે.

તેથી જે સમયે, જે દ્રવ્યની, જે પર્યાય થવાની છે, તે અવશ્ય થશે. એમ જાણીને સમ્યગ્દષ્ટિ સંપત્તિમાં હર્ષ અને વિપત્તિમાં વિષાદ નથી કરતા અને ન સંપત્તિની પ્રાપ્તિ તથા વિપત્તિ દૂર કરવા માટે દેવી-દેવતાઓ આગળ નમ્રતાપૂર્વક પ્રાર્થના કરતા રહે છે." ૧

ઉક્ત કથનમાં કાર્તિકેયાનુપ્રેક્ષાની ઉક્ત ગાથાઓની સાર્વભૌમિકતા ઉપર જ બળ આપવામાં આવ્યું છે અને પુરુષાર્થની સાર્થકતા પણ સિદ્ધ કરવામાં આવી છે.

સમ્યગ્દષ્ટિ જ્ઞાની જીવની પર તરફની અપેક્ષિતતા અને દીનતા આ જ સાર્વભૌમિક સત્યના આધારે સમાપ્ત થાય છે કે એક દ્રવ્ય બીજાનું ભલું-બૂરું કરી શકતુ નથી તથા જે દ્રવ્યની,

---

૧. કાર્તિકેયાનુપ્રેક્ષા : રાજચંદ્ર જૈનશાસ્ત્રમાળા, પૃષ્ઠ ૨૨૮

જે પર્યાય, જે કાળે, જે વિધાનથી, જે નિમિત્તપૂર્વક, જેવી થવાની છે; તે દ્રવ્યની, તે પર્યાય, તે જ કાળે, તે જ વિધાનથી, તે જ નિમિત્તપૂર્વક, તેવી જ થશે; તેને ઇન્દ્ર તો શું, જિનેન્દ્ર પણ બદલી શકતા નથી; તો પછી વ્યંતરાદિ સાધારણ દેવ-દેવીઓની તો શી વિસાત?

જરા વિચાર તો કરો કે "કાર્તિકેયાનુપ્રેક્ષાનું ઉક્ત કથન ગૃહીતમિથ્યાત્વના નિષેધ માટે કરવામાં આવ્યું છે, તેને સાર્વભૌમ ન માની લેવું જોઈએ—" એનો શો અર્થ થઈ શકે?

શું આ વાત સત્ય નથી, માત્ર ગૃહીતમિથ્યાત્વ છોડાવવા માટે એમ જ કહી દેવામાં આવી છે? શું અસત્યના આશ્રયે ગૃહીતમિથ્યાત્વ છૂટી શકે છે? શું સમય પહેલાં કોઈ કાર્ય પૂર્ણ કરી શકાય છે? શું સમય પહેલાં કાર્ય પૂર્ણ કરવામાં જ પુરુષાર્થ છે? બાકીનાં કાર્ય શું પુરુષાર્થ વિના જ પૂર્ણ થઈ જાય છે? આ કેટલાક પ્રશ્નો છે કે જે ઉક્ત સત્યને સાર્વભૌમિક અને સાર્વકાલિક ન માનવાથી ઉત્પન્ન થાય છે. વળી સર્વજ્ઞતાનો પ્રશ્ન પણ ઊભો થયેલો જ છે.

હવે રહ્યો એક પુરુષાર્થહીનતાનો પ્રશ્ન? તેના સંબંધમાં અમારે એ કહેવાનું છે કે ક્રમબદ્ધપર્યાયની વાત સર્વત્ર પુરુષાર્થને આગળ રાખીને જ કહેવામાં આવી છે, તેની ઉપેક્ષા કરીને નહીં.

હોનહારની ચર્ચા કરતાં ભૈયા ભગવતીદાસજી પણ પુરુષાર્થની પ્રેરણા દેવાનું ભૂલ્યા નથી. તેમની દૃષ્ટિમાં સાચું હોનહાર અર્થાત્ ક્રમબદ્ધપર્યાય પુરુષાર્થનાશક નથી, પરંતુ પુરુષાર્થપ્રેરક છે.

જે પદમાં તેઓ આ લખે છે:—

"જો જો દેખી વીતરાગને, સો સો હોસી વીરા રે;
અનહોની હોસી નહિં ક્યોંહી, કાહે હોત અધીરા રે."

તે જ પદમાં આગળ ચાલતાં પુરુષાર્થની પ્રેરણા દેતાં લખે છેઃ-

"તૂ સમ્હારિ પૌરુષ બલ અપનો, સુખ અનંત તો તીરા રે."

જો કે કાર્યની ઉત્પત્તિમાં અનેક કારણ માનવામાં આવ્યાં છે, જેમને પાંચ સમવાયના નામથી પણ કહેવામાં આવે છે; તો પણ

તે બધાંમાં પુરુષાર્થને વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત છે, કેમકે પ્રયત્ન તેના જ સંબંધમાં સંભવિત છે-ભવિતવ્ય (હોનહાર), કાળલબ્ધિ આદિમાં સંભવિત નથી. ક્રમબદ્ધપર્યાય અર્થાત્ સમ્યક્ નિયતિ માનવામાં જગતને પુરુષાર્થની અપ્રાસંગિકતા દેખાય છે, જ્યારે સમ્યક્ નિયતિમાં અન્ય કારણોની ઉપેક્ષા ન હોવાથી આ પ્રકારની કોઈ વાત નથી. આ જ વાત ઉપર્યુક્ત કથનમાં સ્પષ્ટ કરવામાં આવેલ છે.

આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીએ મોક્ષમાર્ગના સંબંધમાં આ વિષય ઉઠાવીને ઘણી સારી મીમાંસા પ્રગટ કરી છે. તેના કેટલાક અંશ જોવા જેવા છે, કે જે આ પ્રકારે છે :-

"અહીં પ્રશ્ન છે કે મોક્ષનો ઉપાય કાળલબ્ધિ આવતાં ભવિતવ્યાનુસાર બને છે, કે મોહ આદિના ઉપશમાદિ થતાં બને છે કે પોતાના પુરુષાર્થથી ઉદ્યમ કરતાં બને છે-તે કહો. જો પહેલાં બેઉ કારણો મળતાં બને છે તો અમને ઉપદેશ શા માટે આપો છો? અને જો પુરુષાર્થથી બને છે, તો ઉપદેશ તો બધા સાંભળે છે, તેમાં કોઇ ઉપાય કરી શકે છે તથા કોઈ નથી કરી શકતા; તેનું કારણ શું?

સમાધાન :- એક કાર્ય થવામાં અનેક કારણો મળે છે. જ્યાં મોક્ષનો ઉપાય બને છે ત્યાં તો પૂર્વોક્ત ત્રણેય કારણો મળે છે અને નથી બનતો ત્યાં એ ત્રણેય કારણો નથી મળતાં.

પૂર્વોક્ત ત્રણ કારણ કહ્યાં તેમાં કાળલબ્ધિ વા હોનહાર (ભવિતવ્ય) તો કોઈ વસ્તુ નથી; જે કાળે કાર્ય બને છે તે જ કાળલબ્ધિ અને જે કાર્ય થયું તે જ હોનહાર. તથા જે કર્મના ઉપશમાદિક છે તે તો પુદ્ગલની શક્તિ છે, આત્મા તેનો કર્તા-હર્તા નથી. તથા પુરુષાર્થથી ઉદ્યમ કરે છે તે આ આત્માનું કાર્ય છે; તેથી આત્માને પુરુષાર્થથી ઉદ્યમ કરવાનો ઉપદેશ આપીએ છીએ.

ત્યાં આ આત્મા જે કારણથી કાર્યસિદ્ધિ અવશ્ય થાય તે કારણરૂપ ઉદ્યમ કરે, ત્યાં તો અન્ય કારણો મળે જ મળે છે અને કાર્યની પણ સિદ્ધિ થાય જ થાય છે. તથા જે કારણથી કાર્યની

સિદ્ધિ થાય અથવા ન પણ થાય, તે કારણરૂપ ઉદ્યમ કરે, ત્યાં અન્ય કારણો મળે તો કાર્યસિદ્ધિ થાય છે, ન મળે તો સિદ્ધિ નથી થતી.

ત્યાં જિનમતમાં જે મોક્ષનો ઉપાય કહ્યો છે, તેનાથી મોક્ષ થાય જ થાય છે. માટે જે જીવ પુરુષાર્થથી જિનેશ્વરના ઉપદેશાનુસાર મોક્ષનો ઉપાય કરે છે તેને કાળલબ્ધિ વા હોનહાર પણ થયાં અને કર્મનાં ઉપશમાદિ થયાં છે તેથી તો તે આવો ઉપાય કરે છે. માટે જે પુરુષાર્થ વડે મોક્ષનો ઉપાય કરે છે તેને સર્વ કારણો મળે છે અને તેને અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય છે—એવો નિશ્ચય કરવો. તથા જે જીવ પુરુષાર્થ વડે મોક્ષનો ઉપાય નથી કરતો તેને કાળલબ્ધિ અને હોનહાર પણ નથી અને કર્મનાં ઉપશમાદિ થયાં નથી, તેથી તો એ ઉપાય કરતો નથી. માટે જે પુરુષાર્થ વડે મોક્ષનો ઉપાય નથી કરતો તેને કોઈ કારણ નથી મળતાં અને તેને મોક્ષની પ્રાપ્તિ નથી થતી—એવો નિશ્ચય કરવો." [1]

ઉક્ત કથનમાં પં. ટોડરમલજીએ કાર્યની ઉત્પત્તિમાં પુરુષાર્થને મુખ્ય રાખીને કાળલબ્ધિ આદિ અન્ય કારણોની પણ અનિવાર્ય ઉપસ્થિતિ બતાવી છે.

વાસ્તવમાં પાંચેય સમવાયોનો સમુદાય જ કાર્યનો ઉત્પાદક છે. એમ કહેવું એ કોરી કલ્પના જ છે કે પાંચે સમવાયોમાંથી જો એક પણ ન મળ્યું તો કાર્ય નહિ થાય. કેમ કે એવો સંભવ જ નથી કે કાર્ય થવાનું હોય અને કોઈ સમવાય ન મળે. જ્યારે કાર્ય થવાનું હોય છે ત્યારે બધા સમવાય હોય જ હોય છે, પુરુષાર્થને મુખ્ય કરીને આ વાત પં. ટોડરમલજીએ ઘણી જ સ્પષ્ટ લખી છે.

પુરુષાર્થ પણ અન્ય સમવાયો અનુસાર જ થાય છે. પાંચ સમવાયોમાં કોઈ પરસ્પર સંઘર્ષ નથી, પરંતુ અદ્ભુત સુમેળ છે. તેથી એમ કહેવું કે જો હોનહાર ન થયું કે કાળલબ્ધિ ન પાકી તો પુરુષાર્થથી શું થાય? અથવા નિમિત્ત ન મળ્યું તો હોનહાર

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક, પૃષ્ઠ ૩૨૦

શું કરે અથવા પુરુષાર્થ શા કામમાં આવે? આદિ-માનસિક વ્યાયામ સિવાય કાંઈ અર્થ સારતું નથી.

આમ તો પુરુષાર્થ વિના કોઈ પણ કાર્ય સંપન્ન થતું નથી. બધે જ અન્ય સમવાયોની અપેક્ષા સહિત પુરુષાર્થનું સામ્રાજ્ય છે. મોક્ષમાર્ગરૂપી કાર્યની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને પૂર્ણતામાં પણ કાળલબ્ધિ આદિ અન્ય સમવાયોની સાથોસાથ પુરુષાર્થનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે, છતાં પણ મોક્ષના માર્ગના સંબંધમાં પુરુષાર્થની વ્યાખ્યા, જગત જેને પુરુષાર્થ સમજે છે, તેનાથી કાંઈક ભિન્ન જ છે.

પુરુષાર્થસિદ્ધયુપાયની ભાષા ટીકામાં શ્લોક ૯ ના ભાવાર્થમાં પંડિત ટોડરમલજીએ પુરુષની વ્યાખ્યા આ પ્રકારે કરી છે :-

"**પુરુ** = ઉત્તમ ચેતના ગુણમાં, **સેતે**=સ્વામી થઈને પ્રવર્તન કરે-તેને પુરુષ કહે છે. જ્ઞાનદર્શન ચેતનાના નાથને પુરુષ કહે છે."

અર્થ અર્થાત્ પ્રયોજન-આ પ્રકારે ઉત્તમ ચેતના ગુણના સ્વામી થઈને તેમાં જ પ્રવર્તન કરવાનું છે પ્રયોજન જેનું, તેને પુરુષાર્થ કહે છે. બીજા શબ્દોમાં મોક્ષના માર્ગમાં આત્માનુભવનની પ્રાપ્તિનો પ્રયાસ જ પુરુષાર્થ છે.

ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાની સ્થિતિમાં તો ઉક્ત પુરુષાર્થ વિશેષપણે જાગૃત થાય છે, કારણ કે અનાદિકાળથી જગતના પરિણમનને પોતાની ઈચ્છાનુકૂળ કરવાની આકુળતાથી વ્યાકુળ પ્રાણી જ્યારે એ અનુભવ કરે છે કે જગતના પરિણમનમાં હું કાંઈ પણ ફેરફાર નથી કરી શકતો ત્યારે તેનો ઉપયોગ સહેજે જગતથી ખસીને આત્મસન્મુખ થાય છે. અને જ્યારે એ શ્રદ્ધા બને છે કે હું મારી ક્રમનિયમિત પર્યાયોમાં પણ કોઈ ફેરફાર નથી કરી શકતો ત્યારે પર્યાય ઉપરથી પણ દૃષ્ટિ ખસી જાય છે અને સ્વ-સ્વભાવ તરફ ઢળે છે.

દૃષ્ટિનું સ્વભાવ તરફ ઢળવું તે જ મોક્ષના માર્ગમાં અનંત પુરુષાર્થ છે, ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા કરનારને ઉક્ત શ્રદ્ધાના કાળમાં આત્મોન્મુખી અનંત પુરુષાર્થ થવાનો અને સમ્યગ્દર્શન પ્રગટ થવાનો ક્રમ પણ સહજ હોય છે.

કર્તૃત્વના અહંકારથી પકડાયેલ આ જગતને પરમાં કે પર્યાયમાં કાંઈ ફેરફાર કરવામાં જ પુરુષાર્થ દેખાય છે. પણ પર અને પર્યાય સંબંધી વિકલ્પોથી વિરામ લઈને સ્વમાં સ્થિર થઈ જવામાં પુરુષાર્થ દેખાતો નથી. સર્વજ્ઞ ભગવાન પરમાં અને પોતાની પર્યાયમાં પણ કાંઈ ફેરફાર કરતા નથી, તો શું તેઓ પુરુષાર્થહીન થઈ ગયા? શું તેમને મોક્ષ પુરુષાર્થ નથી?

તેમના વીર્યગુણનો પૂર્ણ વિકાસ થઈ ગયો છે, છતાં પણ શું તેઓ અનંત વીર્યના ધણી અર્થાત્ પૂર્ણ પુરુષાર્થી નથી? પરમાં અને પર્યાયમાં કાંઈ પણ ફેરફાર કર્યા વિના જ જો તેઓ અનંત પુરુષાર્થી હોઈ શકે છે તો પછી આપણે શા માટે નહિ? આવા કેટલાક પ્રશ્નો તેમની સામે છે કે જેમને 'ક્રમબદ્ધપર્યાય' માનવામાં પુરુષાર્થ ઊડી જતો દેખાય છે.

ઉક્ત સંબંધમાં સ્વામીજીના વિચારો પણ દૃષ્ટિમાં લેવા યોગ્ય છે :—

<u>પ્રશ્ન :–</u> "જો બધું જ ક્રમબદ્ધ છે અને તેમાં જીવ કાંઈ પણ પરિવર્તન નથી કરી શકતો તો પછી જીવમાં પુરુષાર્થ ક્યાં રહ્યો?

<u>ઉત્તર :–</u> બધું જ ક્રમબદ્ધ છે—આ નિર્ણયમાં જ જીવનો અનંત પુરુષાર્થ સમાયેલો છે, પરંતુ તેમાં કોઈ પરિવર્તન કરવું એ આત્માના પુરુષાર્થનું કાર્ય નથી. ભગવાન જગતનું બધું જ માત્ર જાણે છે, પરંતુ તેઓ પણ કાંઈ પરિવર્તન કરી શકતા નથી, તો શું તેથી ભગવાનનો પુરુષાર્થ પરિમિત થઈ ગયો?

ના, ના; ભગવાનનો અનંત અપરિમિત પુરુષાર્થ પોતાના જ્ઞાનમાં સમાયેલો છે. ભગવાનનો પુરુષાર્થ નિજમાં છે, પરમાં નથી. પુરુષાર્થ જીવદ્રવ્યની પર્યાય છે, તેથી તેનું કાર્ય જીવની પર્યાયમાં થાય છે; પરંતુ જીવના પુરુષાર્થનું કાર્ય પરમાં હોતું નથી.

જે એમ માને છે કે સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાનદશા આત્માના પુરુષાર્થ વિના થાય છે તે મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાની પ્રતિક્ષણ સ્વભાવની પૂર્ણતાના પુરુષાર્થની ભાવના કરે છે.

અહો! જેમને પૂર્ણ જ્ઞાયકસ્વભાવ પ્રગટ થઈ ગયો છે, તેઓ કેવળજ્ઞાની છે, તેમના જ્ઞાનમાં બધું એકી સાથે જણાય છે. એવી પ્રતીતિ કરતાં પોતે પણ નિજ દૃષ્ટિથી દેખનાર જ રહ્યો; જ્ઞાન સિવાય પરનું કર્તૃત્વ અથવા રાગાદિક બધુંય અભિપ્રાયમાંથી દૂર થઈ ગયું. આવી દ્રવ્યદૃષ્ટિના બળથી, જ્ઞાનની પૂર્ણતાની ભાવનાથી, વસ્તુસ્વરૂપનું ચિંતવન કરે છે.

આ ભાવના જ્ઞાનીની છે, અજ્ઞાની મિથ્યાદૃષ્ટિની નથી; કેમ કે મિથ્યાદૃષ્ટિ જીવ પરનું કર્તૃત્વ માને છે અને કર્તૃત્વની માન્યતાવાળો જીવ જ્ઞાતૃત્વની યથાથ ભાવના નથી કરી શકતો, કેમ કે કર્તૃત્વ અને જ્ઞાતૃત્વને પરસ્પર વિરોધ છે.

સર્વજ્ઞ ભગવાને પોતાના કેવળજ્ઞાનમાં જેવું જોયું છે, તે જ થાય છે. જો આપણે તેમાં કાંઇ પરિવર્તન નથી કરી શકતા તો પછી તેમાં પુરુષાર્થ રહેતો નથી–આ પ્રકારે જે માને છે તે અજ્ઞાની છે.

હે ભાઈ! તું કોના જ્ઞાનથી વાત કરે છે? પોતાના જ્ઞાનથી કે બીજાના જ્ઞાનથી? જો તું પોતાના જ જ્ઞાનથી વાત કરતો હો તો પછી જે જ્ઞાને સર્વજ્ઞનો અને બધાં દ્રવ્યોની અવસ્થાનો નિર્ણય કરી લીધો તે જ્ઞાનમાં સ્વદ્રવ્યનો નિર્ણય ન હોય–એ થઈ જ કેવી રીતે શકે? સ્વદ્રવ્યના નિર્ણય કરનાર જ્ઞાનમાં અનંત પુરુષાર્થ છે.

તેં તારા તર્કમાં કહ્યું છે કે 'સર્વજ્ઞ ભગવાને પોતાના કેવળજ્ઞાનમાં જેવું જોયું હોય તેમ થાય છે,' તો તે માત્ર વાત કરવાને માટે કહ્યું છે–કે તને સર્વજ્ઞના કેવળજ્ઞાનનો નિર્ણય છે?

પહેલાં તો જો તને કેવળજ્ઞાનનો નિર્ણય ન હોય તો સર્વ પ્રથમ તે નિર્ણય કર અને જો તું સર્વજ્ઞના નિર્ણયપૂર્વક કહેતો હો તો સર્વજ્ઞ ભગવાનના કેવળજ્ઞાનના નિર્ણય કરનાર જ્ઞાનમાં અનંત પુરુષાર્થ આવી જ જાય છે. સર્વજ્ઞનો નિર્ણય કરવામાં જ્ઞાનનું અનંત વીર્ય કામ કરે છે, તોપણ તેનો ઈન્કાર કરીને તું કહે છે કે ક્રમબદ્ધપર્યાયમાં પુરુષાર્થ ક્યાં રહ્યો?

સાચું તો એ છે કે તને પૂર્ણ કેવળજ્ઞાનના સ્વરૂપની જ

શ્રદ્ધા નથી અને કેવળજ્ઞાનનો સ્વીકાર કરવાનો અનંત પુરુષાર્થ તારામાં પ્રગટ થયો નથી. કેવળજ્ઞાનનો સ્વીકાર કરવામાં અનંત પુરુષાર્થનું અસ્તિત્વ આવી જાય છે, તો પણ જો તેનો સ્વીકાર નથી કરતો તો કહેવું પડે કે તું માત્ર વાતો જ કરે છે, પરંતુ તને સર્વજ્ઞનો નિર્ણય નથી થયો. જો સર્વજ્ઞનો નિર્ણય હોય તો પુરુષાર્થની અને ભવની શંકા ન રહે, યથાર્થ નિર્ણય થઈ જાય અને પુરુષાર્થ ન આવે એ બની જ ન શકે."[1]

ઊંડાણથી વિચાર કરવામાં આવે તો ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં જ અનંત પુરુષાર્થ આવી જાય છે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય સ્વયં અનંત પુરુષાર્થનું કાર્ય છે, કેમ કે ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં સર્વજ્ઞતાનો નિર્ણય સમાયેલો છે. જેવી રીતે સર્વજ્ઞતાની પ્રતીતિ--આસ્થા વિના ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય શક્ય નથી; તેવી જ રીતે ક્રમબદ્ધપર્યાયના સમ્યક્નિર્ણય વિના સર્વજ્ઞતાની પણ સાચી પ્રતીતિ શક્ય નથી.

હવે રહી પરકર્તૃત્વના અહંકારની વાત કે જેને આ અજ્ઞાની જગત પુરુષાર્થ માની બેઠું છે, તે પુરુષાર્થ તો તૂટવો જ જોઈએ કેમ કે એ સાચો પુરુષાર્થ જ નથી, તે તો નપુંસકતા છે. જો ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાથી પરકર્તૃત્વનો અહંકાર પણ ન તૂટે તો સમજવું જોઈએ કે 'ક્રમબદ્ધપર્યાય' તેના સમજવામાં આવી જ નથી. 'ક્રમબદ્ધપર્યાય'ની સાચી શ્રદ્ધાનું ફળ તો કર્તૃત્વનો અહંકાર તૂટીને અંતર સન્મુખ સમ્યક્ પુરુષાર્થનું જાગૃત થવું તે જ છે.

જે લોકોને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં પુરુષાર્થ ઊડતો નજરે પડે છે, વાસ્તવમાં પુરુષાર્થનું સાચું સ્વરૂપ જ તેમની સમજણમાં આવ્યું નથી. તેઓ પરકર્તૃત્વ અને પર્યાયના ફેરફારને જ પુરુષાર્થ માની બેઠા છે. તેમણે સર્વ પ્રથમ પુરુષાર્થના સમ્યક્ સ્વરૂપનો ગંભીરતાથી વિચાર કરવો જોઈએ.

અમારો વિશ્વાસ છે કે તેમની દૃષ્ટિમાં પુરુષાર્થનું સાચું સ્વરૂપ સ્પષ્ટ થતાં જ તેમની શંકા-આશંકા સ્વતઃ સમાપ્ત થઈ જશે;

૧. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ, પૃષ્ઠ-૨૮

એના વિના ઉક્ત શંકાનું નિવારણ સંભવિત નથી. તેથી તેમને પુરુષાર્થના સાચા સ્વરૂપનો ગંભીરતાથી વિચાર કરવાનો વિનમ્ર અનુરોધ છે.

સર્વજ્ઞને ધર્મનું મૂળ કહેવામાં આવ્યું છે.[1] જે વ્યક્તિ સર્વજ્ઞ ભગવાનને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે, તે પોતાના આત્માને પણ જાણે છે. શ્રી કુન્દકુન્દાચાર્ય અત્યંત સ્પષ્ટ શબ્દોમાં લખે છે :—

"जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।
सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं॥[2]

જે જીવ અરહંત અર્થાત્ સર્વજ્ઞ ભગવાનને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે, તે પોતાના આત્માને પણ જાણે છે અને તેનો મોહ અવશ્ય નાશ પામે છે."

આ ગાથામાં મોહને જીતવાનો ઉપાય બતાવવામાં આવ્યો છે. આમાં વિશેષ ધ્યાન દેવા યોગ્ય વાત એ છે કે મૂળરૂપે તો એમ કહેવામાં આવ્યું છે કે જે આત્માને જાણે છે તેનો મોહ (મિથ્યાત્વ) નાશ પામે છે; પણ સાથે એમ પણ કહેવામાં આવ્યું છે કે જે અરહંત ભગવાનને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે, તે પોતાના આત્માને જાણે છે—આ પ્રકારે મિથ્યાત્વના નાશ માટે અરહંત ભગવાનને જાણવા-એ પણ અનિવાર્ય કરી દેવામાં આવ્યું છે. માત્ર અરહંતને નહિ પરંતુ તેમને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણવા તેને અનિવાર્ય કહેલ છે.

પોતાના આત્માના અને અરહંત ભગવાનના દ્રવ્યગુણ તો એક સમાન જ શુદ્ધ છે પણ વર્તમાન પર્યાયમાં અંતર છે. પોતાની પર્યાય અલ્પવિકસિત અને અશુદ્ધ છે, તેમની પર્યાય પૂર્ણ વિકસિત અને શુદ્ધ છે. એથી સ્પષ્ટ છે કે આચાર્યદેવે પૂર્ણતા અને શુદ્ધતાને જાણવાનું કહ્યું છે. આ રીતે તેમણે પૂર્ણ વીતરાગતા અને સર્વજ્ઞતાના જ્ઞાનને મોહ (મિથ્યાત્વ)ના નાશ માટે અનિવાર્ય માનેલ છે.

૧. કાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા ૩૦૨ નો ભાવાર્થ અને ઉત્થાનિકા
૨. પ્રવચનસાર, ગાથા ૮૦

એ જ કારણ છે કે આત્માનુભૂતિની સાથેસાથ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની સમ્યક્ ઓળખાણ પણ સમ્યક્ત્વ-પ્રાપ્તિને માટે અનિવાર્ય છે.

જો સર્વજ્ઞતા આપણું લક્ષ્ય છે, પ્રાપ્તવ્ય છે, આદર્શ છે; તેને પ્રાપ્ત કરવા માટે જ બધો પ્રયત્ન છે તો પછી તેના સાચા સ્વરૂપના પરિજ્ઞાન વિના તેને પ્રાપ્ત કરવાનો માર્ગ કેવી રીતે શરૂ થઈ શકે ?

જૈન-દર્શનનો મૂળાધાર સર્વજ્ઞતા જ આજે સંકટમાં પડી ગયેલ છે. આપણા કેટલાક ધુરંધર ધર્મબંધુઓ પક્ષના વ્યામોહમાં એટલા ગૂંચવાઈ ગયા છે કે સર્વજ્ઞતામાં પણ આઘુંપાછું કરવા લાગ્યા છે. શ્રી સમન્તભદ્ર આચાર્યને 'કળિકાળ સર્વજ્ઞ' તેથી જ કહેવામાં આવ્યા હતા કે તેમણે કળિકાળમાં દાંડી પીટીને (-સ્પષ્ટ શબ્દોમાં) સર્વજ્ઞતાની સિદ્ધિ કરી હતી. તેઓ પોતે કાંઈ સર્વજ્ઞ નહોતા, પણ તેમણે કળયુગના બળથી સંકટમાં પડેલ સર્વજ્ઞતાની પુનઃ સ્થાપના કરી હતી, તેથી તેઓ 'કળિકાળસર્વજ્ઞ' કહેવાયા. આજે ફરીથી પાછો કળયુગ જોર કરી રહ્યો છે, આજે યુગને ફરી એક સમન્તભદ્રની જરૂર છે કે જે દાંડી પીટીને સર્વજ્ઞતાની સિદ્ધિ કરી શકે, પુનઃ સ્થાપના કરી શકે.

મોહનો નાશ કરીને આત્મશ્રદ્ધાન-જ્ઞાન અને આત્મલીનતાના ઇચ્છુક જનોએ અનંત પુરુષાર્થપૂર્વક મરીફીટીને પણ સર્વજ્ઞતાનો નિર્ણય અવશ્ય કરવો જોઈએ. સર્વજ્ઞતાના નિર્ણયમાં ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય સમાયેલો છે. સર્વજ્ઞતા અને ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય જ્ઞાયક સ્વભાવની સન્મુખ થઈને જ થાય છે. જ્ઞાયક સ્વભાવની સન્મુખતા જ મોક્ષમહેલનું પ્રથમ પગથિયું છે; તેના ઉપર ચઢવાનો અનંત પુરુષાર્થ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં સમાયેલો છે.

આ રીતે 'સર્વજ્ઞતા'અને 'ક્રમબદ્ધપર્યાય' એક રીતે પરસ્પર અનુબદ્ધ છે. એકનો નિર્ણય (સાચી સમજણ) બીજાના નિર્ણય સાથે જોડાયેલ છે. બન્નેનોય નિર્ણય સર્વજ્ઞસ્વભાવી નિજ આત્માની સન્મુખ થઈને થાય છે. જો કોઇ વ્યક્તિ પર-સન્મુખ વૃત્તિ દ્વારા 'સર્વજ્ઞતા' કે 'ક્રમબદ્ધપર્યાય'નો નિર્ણય કરવાનો પ્રયત્ન કરે તો તે કદી સફળ નહીં થાય.

સર્વજ્ઞતા પ્રાપ્ત કરવાનો પ્રારંભિક ઉપાય સર્વજ્ઞતાનું સ્વરૂપ સમજવું તે છે. જેમ જ્યારે તીર્થંકર કોઈ માતાના ગર્ભમાં આવે છે, ત્યારે તેના પહેલાં સ્વપ્નોમાં આવે છે; તેવી જ રીતે જે આત્મામાં સર્વજ્ઞતા પ્રગટ થાય છે, તેને તે પ્રગટ થયા પહેલાં સમજણમાં આવે છે. સર્વજ્ઞતા સમજણમાં આવ્યા વિના પ્રાપ્ત કરી શકાતી નથી.

હજી તો સર્વજ્ઞતા સમજણમાં જ આવી નથી, તો પ્રગટ થવાની વાત જ ક્યાં છે? સર્વજ્ઞતાને સમજ્યા વિના, સ્વીકાર્યા વિના, ધર્મની ઉત્પત્તિ જ સંભવિત નથી તો પછી તેની સ્થિતિ, વૃદ્ધિ અને પૂર્ણતાનો તો પ્રશ્ન જ ક્યાં ઊઠે છે?

સર્વજ્ઞતાની શ્રદ્ધા વિના દેવ-શાસ્ત્ર-ગુરુની સાચી શ્રદ્ધા પણ સંભવતી નથી, કેમ કે સાચા દેવનું તો સ્વરૂપ જ સર્વજ્ઞતા અને વીતરાગતા છે. શાસ્ત્રનું મૂળ પણ સર્વજ્ઞની વાણી છે. ગુરુ પણ સર્વજ્ઞકથિત માર્ગાનુગામી હોય છે. સાધુઓને આગમચક્ષુ કહ્યા છે.[1] સર્વજ્ઞકથિત માર્ગનું નિરૂપણ શાસ્ત્રોમાં છે. શાસ્ત્રોની પ્રામાણિકતાના અભાવમાં ગુરુનું સ્વરૂપ પણ સ્પષ્ટ કેવી રીતે થાય? તેથી દેવ-શાસ્ત્ર-ગુરુનું સાચું સ્વરૂપ સમજવા માટે સર્વજ્ઞતાનું સ્વરૂપ સમજવું અતિ આવશ્યક છે.

તેથી તો તાર્કિકચક્રચૂડામણિ આચાર્ય સમન્તભદ્રે દેવ-શાસ્ત્ર-ગુરુની સમ્યક્શ્રદ્ધાને સમ્યગ્દર્શનના સ્વરૂપમાં સામેલ કરી છે.

તેઓ લખે છે:—

"**श्रद्धानं परमार्थानामाप्तागमतपोभृताम् ।**
**त्रिमूढापोढमष्टाङ्गं सम्यग्दर्शनमस्मयम् ॥ ४ ॥**[2]

ત્રણ મૂઢતા અને આઠ મદ રહિત તથા આઠ અંગો સહિત સાચા દેવ-શાસ્ત્ર-ગુરુનું શ્રદ્ધાન જ સમ્યગ્દર્શન છે."

૧. **आगमचक्खु साहू** પ્રવચનસાર, ગાથા ૨૩૪
૨. રત્નકરંડશ્રાવકાચાર, શ્લોક ૪

કેટલાક લોકોનું કહેવું છે કે આપ 'ક્રમબદ્ધપર્યાય'ને સર્વજ્ઞની સાથે કેમ ભેળવો છો? તેને સીધી વસ્તુથી સિદ્ધ કરોને?

ભાઈ! અમે ભેળવતા નથી, તે ભળેલી જ છે; કેમ કે 'સર્વજ્ઞતા'ની શ્રદ્ધા વિના 'ક્રમબદ્ધપર્યાય'ની શ્રદ્ધા અને 'ક્રમબદ્ધ-પર્યાય'ની શ્રદ્ધા વિના 'સર્વજ્ઞતા'ની શ્રદ્ધા સંભવતી નથી.

જો કે 'સર્વજ્ઞતા'નો આધાર લીધા વિના પણ 'ક્રમબદ્ધ-પર્યાય'ની સિદ્ધિ કરી શકાય છે, વસ્તુસ્વરૂપના આધારે અમે વિસ્તારથી 'ક્રમબદ્ધ' સિદ્ધ કરી પણ ગયા છીએ; તોપણ સર્વજ્ઞતાથી તેને અલગ કરવાનો આગ્રહ પણ શા માટે છે?

સર્વજ્ઞતાના આધારે ક્રમબદ્ધપર્યાય સિદ્ધ કરવાનું એક કારણ તો એ છે કે સર્વજ્ઞતા જૈનદર્શનમાં સર્વમાન્ય છે, તેમાં કોઈને પણ વિવાદ નથી. તેથી ક્રમબદ્ધપર્યાયને સિદ્ધ કરવાનો એ એક નક્કર આધાર છે. તથા જે લોકોને સર્વજ્ઞતાની ભલે બહારથી જ થોડી-ઘણીયે શ્રદ્ધા છે; તેમને સર્વજ્ઞતાના આધારે 'ક્રમબદ્ધ' સમજવામાં ઘણી સગવડ રહે છે.

બીજી વાત એ પણ છે કે 'ક્રમબદ્ધપર્યાય'નો વિષય અતિ સૂક્ષ્મ છે; તેને સર્વજ્ઞતાના આધાર વિના સાધારણ બુદ્ધિવાળાઓના ગળે ઉતારવું અસંભવ નહિ, તો કઠિન અવશ્ય છે.

હું આપને જ કહું છું કે સર્વજ્ઞતા અને સર્વજ્ઞકથિત આગમના આધાર વિના આપ એક લાખ યોજનનો ઊંચો સુમેરુ પર્વત જ સમજાવી દ્યો. છેવટે આપને એ જ કહેવું પડશે કે શાસ્ત્રોમાં લખ્યું છે અને શાસ્ત્ર સર્વજ્ઞકથિત છે. જો આપ આટલો સ્થૂળ એક લાખ યોજનનો સુમેરુ પર્વત પણ સર્વજ્ઞતા અને સર્વજ્ઞકથિત આગમ વિના સિદ્ધ નથી કરી શકતા તો પછી 'ક્રમબદ્ધપર્યાય' જેવો સુક્ષ્મ વિષય સમજાવવામાં અમને સર્વજ્ઞ અને સર્વજ્ઞકથિત આગમનો આશ્રય છોડવાનું શા માટે કહો છો?

શું આપને સર્વજ્ઞતા અને સર્વજ્ઞકથિત આગમમાં વિશ્વાસ નથી? જો છે, તો પછી એવી વાત શા માટે? સર્વજ્ઞતાનો આધાર છોડાવવાની હઠ શા માટે? લાગે છે તો એમ કે આપને પોતાને

સર્વજ્ઞતા ઉપર પૂરો ભરોસો નથી અથવા સર્વજ્ઞતાનું સ્વરૂપ આપની દૃષ્ટિમાં સંપૂર્ણપણે સ્પષ્ટ નથી અને સર્વજ્ઞની સત્તાનો ઈન્કાર કરવાની હિંમત પણ નથી. તેથી કોઈને કોઈ બહાને આ સમર્થ હેતુથી તમારો જાન છોડાવવા ઈચ્છો છો.

જો સર્વજ્ઞતાનું સ્વરૂપ આપની દૃષ્ટિમાં સ્પષ્ટ હોત અને તેના ઉપર આપને વિશ્વાસ પણ હોત તો ક્રમબદ્ધપર્યાયનો પણ સહેજે સ્વીકાર થઈ જાત. પછી એ કહેવાની આવશ્યકતા ન રહેત કે આપ ક્રમબદ્ધપર્યાયની સિદ્ધિ માટે સર્વજ્ઞતાનો આશ્રય શા માટે લ્યો છો ?

ભલે, એક મિનિટ 'ક્રમબદ્ધપર્યાય'ની વાત છોડી પણ દ્યો, તો પણ સર્વજ્ઞતાનો નિર્ણય તો કરવો જ પડશે. તેના વિના તો દેવ-શાસ્ત્ર-ગુરુનું સ્વરૂપ જ સ્પષ્ટ નહિ થાય.

દેવ-શાસ્ત્ર-ગુરૂની રક્ષાના પોકારો કરનારાઓએ કદી દેવ-શાસ્ત્ર-ગુરુના સાચા સ્વરૂપ ઉપર પણ વિચાર કરવાનું કષ્ટ લીધું છે ? શું સર્વજ્ઞતાને સમજ્યા વિના દેવ-શાસ્ત્ર-ગુરુનું સ્વરૂપ સમજી કે સમજાવી શકાય છે ?

આગમના સંરક્ષકોને શું એ પણ બતાવવું પડશે કે આગમની સૌથી પહેલી શરત છે-તેનું સર્વજ્ઞકથિત ( આપ્તોપજ્ઞ[૧] ) હોવું. તથા સર્વજ્ઞકથિત આગમ નિશ્ચિત-ભવિષ્યની અસંખ્ય ઘોષણાઓથી ભર્યું પડ્યું છે.

શું કરણાનુયોગનો એક પણ વિષય સર્વજ્ઞકથિત આગમના આધાર વિના સિદ્ધ કરી શકાય છે ? સમજાવી શકાય છે ? શું આપ આઠ કર્મોની સત્તા, તેમનો બંધ, ઉદય, સંક્રમણ, ઉત્કર્ષણ, અપકર્ષણ, ઉદ્વેલન વગેરે સર્વજ્ઞકથિત આગમના આધાર વિના સિદ્ધ કરી શકશો ? એ જ રીતે અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણના પરિણામોની સિદ્ધિનો આધાર શું બનાવશો ?

આ બધા અને આ જ પ્રકારના બીજા વિષયોના પઠન-પાઠન

---

૧. આચાર્ય સમન્તભદ્ર : રત્નકરંડશ્રાવકાચાર, શ્લોક ૯

સમયે આપને એ પ્રશ્ન કેમ ઉપસ્થિત ન થયો કે સર્વજ્ઞકથિત આગમના આધાર વિના એને સિદ્ધ કરવામાં આવે, આજે જ આ નવો પ્રશ્ન શા માટે?

ભાઈ! જેમ કહેવામાં આવ્યું છે કે સર્વજ્ઞ ધર્મનું મૂળ છે, તે પ્રમાણે ધર્મરક્ષકોએ સર્વજ્ઞનો નિર્ણય તો કરવો જ પડશે. આખરે એક જૈનદર્શન જ એવું દર્શન છે જે પ્રત્યેક આત્માને પરમાત્મા બનવાની (શક્તિ હોવાની) વાત કરે છે; વાત જ નથી કરતું, પરમાત્મા બનવાનો માર્ગ બતાવે છે, તેના ઉપર ચાલવાની પ્રેરણા આપે છે અને છાતી ઠોકીને વિશ્વાસ અપાવે છે કે આ માર્ગે ચાલનાર અવશ્ય પરમાત્મા બને છે.

શું પરમાત્મા બનવા પહેલાં પરમાત્માનું સ્વરૂપ સમજવું પણ જરૂરી નથી? જો છે, તો પછી સર્વજ્ઞતાની ચર્ચાથી વિરામ પામવાનો આગ્રહ શા માટે? ક્રમબદ્ધપર્યાયનું જ શું, આચાર્યોએ તો સમસ્ત જિન-સિદ્ધાંતોનું પ્રતિપાદન સર્વજ્ઞતાના આધારે જ કર્યું છે. આપણે કયા કયા સિદ્ધાન્તના પ્રતિપાદનમાં સર્વજ્ઞ અને સર્વજ્ઞકથિત આગમને તિલાંજલિ આપીશું?

પરમાત્મા બનવા માટે શું પોતાના આત્માને જાણવાનું-અનુભવવાનું આવશ્યક નથી? આચાર્ય કુન્દકુન્દના ઉક્ત કથનમાં તો સ્પષ્ટ જ લખ્યું છે કે જે અરિહંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે, તે પોતાના આત્માને જાણે છે અને જે આત્માને જાણે છે તે મોહનો નાશ કરે છે.

ઉક્ત કથનમાં સ્પષ્ટ નિર્દેશ છે કે મોહનો નાશ કરવા માટે પોતાના આત્માને જાણવો જરૂરી છે અને પોતાના આત્માને જાણવા પહેલાં અરિહંત (સર્વજ્ઞ)ને જાણવા જરૂરી છે.

શું દેવ-શાસ્ત્ર-ગુરુની રક્ષા તેમનું સ્વરૂપ જાણ્યા વિના જ થઈ જશે? તેઓ તો પોતાના સ્વરૂપમાં સદા સુરક્ષિત જ છે, તેમને આપણી સુરક્ષાની આવશ્યકતા નથી. જો આપણે આપણી સુરક્ષા કરવી હોય તો તેમનું સાચું સ્વરૂપ સમજીએ. એમાં જ આપણી અને આપણા ધર્મની સુરક્ષા છે. ધર્મરક્ષાની વાત

કરનારાઓએ થોડુંઘણું ધ્યાન આ તરફ પણ આપવું જોઈએ.

આગળ ચાલતાં તે જ પ્રવચનસારની ૮૨ મી ગાથામાં કુન્દકુન્દાચાર્ય ઘોષણા કરે છે :–

**"सव्वे वि य अरहंता तेण विधाणेण खविदकम्मंसा।**
**किच्चा तघोवदेसं णिव्वादा ते णमो तेसिं॥**

બધાય અરિહંત ભગવાનો તે જ વિધિથી કર્માંશોનો ક્ષય કરીને તથા (અન્યને પણ) એ જ પ્રકારે ઉપદેશ કરીને મોક્ષ પામ્યા છે. તેમને નમસ્કાર હો."

'તે જ વિધિથી' અર્થાત્ ૮૦-૮૧મી ગાથામાં બતાવેલી વિધિથી તેમણે પોતે મોક્ષ પ્રાપ્ત કર્યો તથા ઉપદેશ પણ તે જ આપ્યો. ૮૦-૮૧ મી ગાથામાં બતાવવામાં આવ્યું છે કે જે અરિહંત ભગવાનને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે, તે પોતાના આત્માને જાણે છે અને તેનો મોહ નાશ પામે છે. ત્યાર પછી રાગ-દ્વેષને છોડીને શુદ્ધ આત્માને પ્રાપ્ત કરે છે અર્થાત્ પૂર્ણ વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રાપ્ત કરે છે.

આ જ વિધિ સર્વજ્ઞતા પ્રાપ્ત કરવાની છે કે જેનાથી સર્વ અરિહંતોએ સર્વજ્ઞતા પ્રાપ્ત કરી છે અને પ્રાપ્ત કરવાનો ઉપદેશ આપ્યો છે. પ્રવચનસાર ગાથા ૮૨ની ટીકામાં જ અમૃતચન્દ્રાચાર્યે તો ત્યાં સુધી કહ્યું છે કે સર્વજ્ઞતા પ્રાપ્ત કરવાનો અન્ય પ્રકાર અસંભવ છે.

અંતે અમૃતચન્દ્રદેવ કહે છે:—

"અધિક પ્રલાપથી બસ થાઓ, મારી મતિ વ્યવસ્થિત થઈ છે."[૧]

તથા ૮૨મી ગાથાની જ ઉત્થાનિકામાં તેઓ કહે છે:—

"ભગવંતો દ્વારા અનુભૂત અને બતાવવામાં આવેલો આ જ

---

૧ **अलमथवा प्रलपितेन। व्यवस्थिता मतिर्मम।**
પ્રવચનસાર ગાથા ૮૨ ની ટીકા.

એક મોક્ષનો પારમાર્થિક માર્ગ છે, આ પ્રકારે મતિને વ્યવસ્થિત કરે છે."[1]

અરે ભાઈ! જેની મતિ અવ્યવસ્થિત છે તેને જગત અવ્યવસ્થિત દેખાય છે. જેમ ચાલતી રેલગાડીમાં બેઠેલી વ્યક્તિને જમીન ચાલતી દેખાય છે, પણ જ્યારે વિવેકથી વિચાર કરે છે તો પ્રતીત થાય છે કે જમીન તો પોતાની જગ્યાએ સ્થિર છે, હું જ ચાલી રહ્યો છું. તેવી જ રીતે અવ્યવસ્થિત મતિવાળાને જગત અવ્યવસ્થિત દેખાય છે. જો ગંભીરતાથી વિચાર કરે તો પત્તો લાગી શકે છે કે જગતને વ્યવસ્થિત કરવાનું નથી, તે તો વ્યવસ્થિત જ છે; મારે મારી મતિને વ્યવસ્થિત કરવાની છે.

પણ આ અવ્યસ્થિત મતિવાળા લોકો જગતને જ વ્યવસ્થિત કરવાના વિકલ્પોમાં જ ગૂંચવાયા છે; જેમ જેમ સુલટાવવાનો પ્રયત્ન કરે છે તેમ તેમ અધિક ગૂંચવાતા જાય છે. કારણ કે જ્યાં અવ્યવસ્થા છે, ત્યાં તેમનું ધ્યાન જ નથી અને જ્યાં બધું જ પૂરેપૂરું વ્યવસ્થિત છે, જ્યાં કાંઈ પણ ફેરફારનો સંભવ નથી; ત્યાંના વ્યવસ્થાપક બનવાની ધૂનમાં વ્યાકુળ થઈ રહ્યા છે, અને જ્યાંસુધી પોતે પોતાની મતિને વસ્તુસ્વરૂપને અનુકૂળ વ્યવસ્થિત નહિ કરે, ત્યાંસુધી વ્યાકુળ થતા રહેશે.

એક વાત તો એ પણ છે કે કર્તૃત્વના અહંકારથી ગ્રસ્ત પ્રાણીઓની મતિ વ્યવસ્થિત હોઈ પણ નથી શકતી. કેમ કે વ્યવસ્થાપક બનવાની ધૂનમાં મસ્ત જગત એ કેવી રીતે સ્વીકારી શકે કે જગત સ્વયં વ્યવસ્થિત છે.

જો જગતને સ્વયં વ્યવસ્થિત માની લઈએ તો તેઓ વ્યવસ્થાપક કેવી રીતે રહે? કોના રહે? તેઓ વ્યવસ્થાપક બની રહે તે માટે એ આવશ્યક છે કે જગત અવ્યવસ્થિત હોય, અન્યથા તેઓ વ્યવસ્થા કોની કરે? શું કરે? એ જ કારણે વ્યવસ્થાપકોની

---

૧ **अथायमेवैको भगवद्भिः स्वयमनुभूयोपदर्शितो निःश्रेयसस्य पारमार्थिकः पन्था इति मतिं व्यवस्थापयति।** પ્રવચનસાર ગાથા ૮૨ ની ઉત્થાનિકા.

સમજણમાં વ્યવસ્થિત-વ્યવસ્થા નથી આવી શકતી; કેમ કે તેથી તેમના અહંને ઘા લાગે છે, વ્યવસ્થાપકત્વનો અધિકાર છિનવાઈ જાય છે.

વ્યવસ્થાપકને તો એક અવ્યવસ્થિત જગત જોઈએ કે જેની વ્યવસ્થા તે કરે અને પ્રતિષ્ઠાપૂર્વક તે વ્યવસ્થાપક બન્યો રહે. એ જ કારણે સુનિશ્ચિત સ્વયંચાલિત વ્યવસ્થા જગતની સમજણમાં નથી આવતી અને તેની મતિ વ્યવસ્થિત નથી થતી.

'સર્વજ્ઞતા' અને 'ક્રમબદ્ધપર્યાય'ની શ્રદ્ધા-પ્રતીતિ વિના મતિ વ્યવસ્થિત થઈ જ નથી શકતી.

ભલે ગમે તેટલો પ્રામાણિક વ્યવસ્થાપક હોય, પરંતુ વ્યવસ્થાપક દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થા કદી પણ પૂર્ણ વ્યવસ્થિત, સાચી અને ન્યાયસંગત ન હોઈ શકે; સ્વયંચાલિત વ્યવસ્થા જ પૂર્ણ વ્યવસ્થિત, સાચી અને ન્યાયસંગત હોય છે.

એક વજન કરવાનું યંત્ર છે, જેમાં દસ પૈસાનો સિક્કો નાખવાથી આપનું સાચું વજન જણાઈ જાય છે. તે યંત્ર વડે જેટલા માણસો પોતાનું વજન કરશે તેટલા દસ પૈસાના સિક્કા તેની અંદરથી અવશ્ય નીકળશે. એવું બની શકતું નથી કે કોઈ પૈસા ન નાખે અને પોતાનું વજન (તેના વડે) જાણી લ્યે, ભલે તે માણસ તે યંત્રનો માલિક પણ કેમ ન હોય. તેને પણ જો પોતાનું વજન જાણવું હોય તો યંત્રમાં સિક્કો નાખવો જ પડશે. પરંતુ એવો માણસ કદાચ દીવો લઈને શોધતાંય ન મળે કે જેની જવાબદારી ઉપર કાંટો સોંપવામાં આવે અને કહેવામાં આવે કે જે વજન કરાવે તેની પાસેથી દસ પૈસા લઈ લેજો. તે પોતે વજન કરશે અને પૈસા જમા નહિ કરે, પોતાનાં બાળકોને તોળશે અને પૈસા નહિ આપે. એ સંભવિત નથી કે જેટલા માણસો તે કાંટા ઉપર વજન કરાવે, એટલા પૈસા તેના સ્વામીને મળી જ જાય.

માટે સ્વયંચાલિત વ્યવસ્થા જ બરાબર છે, સાચી છે; પણ વ્યવસ્થાપક એ નહિ માને, કેમ કે એથી તે નકામો બની જાય છે.

તેનું કર્તૃત્વ ઝૂંટવાઈ જાય છે, અહંકાર તૂટી જાય છે. એ જ કારણે તેની મતિ વ્યવસ્થિત નથી થઈ શકતી.

વ્યવસ્થિત-વ્યવસ્થામાં અપ્રામાણિકપણું શક્ય નથી. એ જ કારણે જે નિયમિતક્રમ અર્થાત્ વ્યવસ્થિત-વ્યવસ્થાનો ભંગ કરીને સમય પહેલાં કામ કરી લેવાની ભાવના રાખે છે, તેમને વ્યવસ્થિત-વ્યવસ્થા સહેજે સ્વીકાર્ય નથી હોતી.

"પૈસાથી આજે શું નથી થઈ શકતું, પૈસાથી શું નથી મળી શકતું ? પૈસા એક એવી શક્તિ છે કે જેની સામે કોઈ નિયમ ચાલી શકતો નથી. તેની સામે બધી વ્યવસ્થાઓ નકામી છે. પૈસાના બળે હું જે ઇચ્છું તે કરી શકું છું. પૈસાથી બધી વ્યવસ્થાઓ બદલાવી શકાય છે" —આ પ્રકારના અથવા આ જ પ્રકારના બીજા કોઈ અભિમાનથી ગ્રસ્ત અપ્રામાણિક લોકોની મતિનું વ્યવસ્થિત થવું અસંભવ નહિ, તો કઠણ અવશ્ય છે. તેને એક વ્યવસ્થિત-વ્યવસ્થા અર્થાત્ ક્રમબદ્ધપર્યાયનો સ્વીકાર થવો સુગમ નથી.

પણ ભાઈ ! આ મનુષ્ય ભવમાં કરવા યોગ્ય તો એક માત્ર એ જ કાર્ય છે કે આપણે આપણી મતિને વ્યવસ્થિત કરીએ.

સર્વજ્ઞતાના નિર્ણયથી, ક્રમબદ્ધપર્યાયના નિર્ણયથી મતિ વ્યવસ્થિત થઈ જાય છે, કર્તૃત્વનો અહંકાર ગળી જાય છે, સહજ જ્ઞાતા-દૃષ્ટાપણાનો પુરુષાર્થ જાગૃત થાય છે, પરમાં ફેરફાર કરવાની બુદ્ધિ સમાપ્ત થઈ જાય છે; એ કારણે તે સંબંધીની આકુળતા -વ્યાકુળતા પણ ચાલી જાય છે, અતીન્દ્રિય આનંદ પ્રગટ થવાની સાથે-સાથે અનંત શાન્તિનો અનુભવ થાય છે.

સર્વજ્ઞતાના નિર્ણય અને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાથી આટલા લાભ તો તત્કાળ મળે છે. ત્યારપછી જ્યારે તે જ આત્મા, આત્માના આશ્રયે વીતરાગ-પરિણતિની વૃદ્ધિ કરતો જાય છે, ત્યારે એક સમય એવો પણ આવે છે કે જ્યારે તે પૂર્ણ વીતરાગતા અને

સર્વજ્ઞતાને પોતે જ પ્રાપ્ત કરી લે છે. આત્મામાંથી પરમાત્મા બનવાનો આ જ માર્ગ છે.

તેથી મોક્ષાભિલાષી મુમુક્ષુ બંધુઓએ મરી-ફીટીને પણ જેમ બને તેમ સર્વજ્ઞતાનું સાચું સ્વરૂપ સમજવાનો પ્રયત્ન અવશ્ય કરવો જોઈએ. સર્વજ્ઞતાનું સાચું સ્વરૂપ ખ્યાલમાં આવતાં જ ક્રમબદ્ધપર્યાય સ્વયં સમજવામાં આવી જશે, તેના માટે જુદો કોઈ પ્રયત્ન નહિ કરવો પડે.

પરંતુ ધ્યાનમાં રહે કે સર્વજ્ઞતા પરસન્મુખની વૃત્તિથી સમજવામાં આવનારી વસ્તુ નથી, સર્વજ્ઞતાની પર્યાયની સન્મુખ થયેલી દૃષ્ટિથી પણ સર્વજ્ઞતા સમજી શકાતી નથી; સર્વજ્ઞસ્વભાવી આત્માના આશ્રયે સર્વજ્ઞતા સમજવામાં આવે છે. સર્વજ્ઞતાનું સાચું સ્વરૂપ સમજવા માટે આત્મોન્મુખી પુરુષાર્થ અપેક્ષિત છે. ક્રમબદ્ધપર્યાય સમજવાનો પણ એકમાત્ર એ જ ઉપાય છે.

બધા જીવો 'ક્રમબદ્ધપર્યાય' અને 'સર્વજ્ઞતા'નું સાચું સ્વરૂપ સમજીને સ્વભાવ-સન્મુખ હો અને અનંત શાંતિ તથા અતીન્દ્રિય આનંદ પ્રાપ્ત કરો, કાળાંતરે યથાસમય સર્વજ્ઞતા પ્રાપ્ત કરીને પરમ સુખી હો-એ ભાવના સાથે વિરામ લઉં છું.

જો-જો દેખા વીતરાગને, સો-સો હોસી વીરા રે;
બિન દેખ્યો હોસી નહિં ક્યોં હી, કાહે હોત અધીરા રે.
જો-જો દેખી. ૧.

સમયો એક બઢે નાહીં ઘટસી, જો સુખ-દુઃખકી પીરા રે;
તૂ ક્યોં સોચ કરૈ મન મૂરખ, હોય વજ્ર જ્યોં હીરા રે.
જો-જો દેખી. ૨.

લગૈ ન તીર કમાન બાન કહું, માર સકૈ નાહીં મીરા રે;
તૂ સમ્હારિ પૌરુષબલ અપનો, સુખ અનન્ત તો તીરા રે.
જો-જો દેખી. ૩.

નિશ્ચય ધ્યાન ધરહુ વા પ્રભુકો, જો ટારે ભવ ભીરા રે;
'ભૈયા' ચેત ધરમ નિજ અપનો, જો તારે ભવ નીરા રે.
જો જો દેખી. ૪.

* * *

હમકૌં કછૂ ભય ના રે, જાન લિયૌ સંસાર;
હમકૌં કછુ ભય ના રે.

જો નિગોદમેં સો હી મુઝમેં, સો હી મોખ મંઝાર;
નિશ્ચય ભેદ કછુ ભી નાહીં, ભેદ ગિનૈ સંસાર.
હમકૌં કછૂ ભય ના રે. ૧.

પરવશ હ્વૈ આપા વિસારિકૈ, રાગ-દોષ કૌ ધાર;
જીવત-મરત અનાદિ કાલ તૈં, યૌં હી હૈ ઉરઝાર.
હમકૌં કછૂ ભય ના રે. ૨.

જાકરિ જૈસૈં જાહિ સમયમેં, જો હોતબ જા દ્વાર;
સો બનિહૈ ટરિહૈ કછુ નાહીં, કરિ લીનૌં નિરધાર.
હમકૌં કછૂ ભય ના રે. ૩.

અગનિ જરાવૈ પાની બોવૈ, બિછુરત મિલત અપાર;
સો પુદ્ગલરૂપી મૈં 'બુધજન', સબકૌં જાનનહાર.
હમકૌં કછૂ ભય ના રે. ૪.

द्वितीय खंड

# ક્રમબદ્ધપર્યાય : કેટલાક પ્રશ્નોત્તર

આજના આ બહુચર્ચિત વિષય 'ક્રમબદ્ધપર્યાય'ની વિસ્તૃત ચર્ચા ઉપરાંત પણ કેટલીક શંકાઓ, આશંકાઓ અને પ્રશ્નો ઉપસ્થિત કરવામાં આવી રહ્યા છે.

ગત એક વર્ષથી આત્મધર્મના સંપાદકીય લેખો અને પ્રવચનોના માધ્યમ દ્વારા ક્રમબદ્ધપર્યાયની ચર્ચા સતત ચાલતી રહી છે. આ 'ક્રમબદ્ધ' વર્ષ (સન ૧૯૭૯ ઇસ્વી.)માં એનો પ્રચાર અને પ્રસાર પણ ઘણો થયો છે. તેથી અનેકાનેક અભ્યાસી, આત્માર્થી બંધુઓ તરફથી પણ કેટલાક સ્પષ્ટીકરણ ઇચ્છતા પ્રશ્નો નિરંતર આવતા રહ્યા છે.

જો કે 'ક્રમબદ્ધપર્યાય : એક અનુશીલન'માં ઘણુંખરું સ્પષ્ટીકરણ આવી ગયું છે તો પણ વિષયના સર્વાંગીણ સ્પષ્ટીકરણ માટે તેમના ઉપર પણ વિચાર કરી લેવો અસંગત નહિ ગણાય.

આ જ ભાવનાથી કેટલાક મહત્ત્વપૂર્ણ પ્રશ્નોત્તર અહીં આપવામાં આવ્યા છે. વિષયનું પુનરાવર્તન ન થાય અને સર્વ સંભાવિત પ્રશ્નોના ઉત્તર પણ આવી જાય-એ દૃષ્ટિએ આવેલા પ્રશ્નોને તે જ સ્વરૂપે ન રાખતા બધા સંભાવિત પ્રશ્નોને ધ્યાનમાં રાખીને આ પ્રશ્નોત્તરમાળાને વ્યવસ્થિત રૂપ આપવું ઉચિત લાગ્યું. તે પ્રમાણે કેટલાક મહત્ત્વપૂર્ણ પ્રશ્નોત્તર અહીં આપવામાં આવ્યા છે:

(૧) પ્રશ્ન :- સમયસાર ગાથા ૩૦૮ થી ૩૧૧ ની ટીકામાં આવેલ જે પંક્તિઓને 'ક્રમબદ્ધપર્યાય'ના સમર્થનમાં રજુ કરવામાં આવે છે, તેમનો આશય તો માત્ર એટલો જ છે કે જીવ, અજીવ

નથી અને અજીવ, જીવ નથી. તેમાં તો માત્ર બે દ્રવ્યોની ભિન્નતા બતાવી છે, તેમાંથી પર્યાયો ક્રમબદ્ધ જ થાય છે–એ વાત ક્યાં નીકળે છે?

ઉત્તર :– ઉક્ત પંક્તિઓમાં બે દ્રવ્યોની માત્ર ભિન્નતા સિદ્ધ નથી કરવામાં આવી, પરંતુ સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે "જીવ ક્રમનિયમિત પોતાના પરિણામોથી ઉપજતો થકો, જીવ જ છે, અજીવ નથી; એવી રીતે અજીવ પણ ક્રમનિયમિત પોતાના પરિણામોથી ઉપજતું થકું અજીવ જ છે, જીવ નથી."

અહીં બે દ્રવ્યોની ભિન્નતાની સાથે-સાથે દ્રવ્યોના પરિણમનની વ્યવસ્થા પણ બતાવવામાં આવી છે. સાથે જ એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનો કર્તા-હર્તા નથી, પ્રત્યેક દ્રવ્ય પોતાના પરિણમનનો કર્તા-હર્તા પોતે છે અને તે પરિણમન પણ અવ્યવસ્થિત નથી, નિયમિત છે; નિયમિત જ નહિ, પરંતુ એક નિશ્ચિત ક્રમમાં નિયમિત અર્થાત્ બંધાયેલું છે, પૂર્ણ વ્યવસ્થિત તેમ જ નિશ્ચિત છે.

આથી વધારે સ્પષ્ટ કરીએ તો એમાં જીવને અકર્તા સિદ્ધ કરવામાં આવ્યો છે, જેમ કે ગાથાની ઉત્થાનિકા તેમ જ ટીકાની અંતિમ પંક્તિથી સ્પષ્ટ છે. કે જે–આ પ્રમાણે છે :–,

"**अथात्मनोऽकर्तृत्वं दृष्टान्तपुरस्सरमाख्याति।**
હવે આત્માનું અકર્તૃત્વ દૃષ્ટાંતપૂર્વક સિદ્ધ કરે છે."
"**अतो जीवोऽकर्ता अवतिष्ठते।**
તેથી જીવ અકર્તા સિદ્ધ થાય છે."

જીવથી અજીવની ભિન્નતા તો જીવાજીવાધિકારમાં જ સ્પષ્ટ કરી દીધી હતી, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં તેની ચર્ચાની શી આવશ્યકતા હતી? અહીં તો જીવ પોતાના ક્રમનિયમિત પરિણામો વડે સ્વયં પરિણમતો–બદલતો થકો પણ એટલો બદલી નથી જતો કે તે અજીવ થઈ જાય–એ વાત કહેવામાં આવી રહી છે. તેના

બદલવાની પણ એક સીમા છે, તે પોતાનામાં જ બદલી શકે છે. બદલાઈને પણ પોતાના રૂપે જ રહે છે, પર-રૂપે થતો નથી; પર-પદાર્થ પણ તે રૂપ નથી થતા.

જે જ્ઞાનગુણ અત્યારે કુમતિજ્ઞાનરૂપ છે, તે બદલીને પછીની ક્ષણે સુમતિજ્ઞાન થઈ શકે છે, સુમતિજ્ઞાનથી બદલાઈને પછીની ક્ષણે કેવળજ્ઞાનરૂપ થઈ શકે છે; પણ એવું કદી બની શકતું નથી કે તે રસરૂપ થઈ જાય, રંગરૂપ થઈ જાય અથવા સુખરૂપ થઈ જાય. પર્યાયના પલટાની પણ એક મર્યાદા છે, અને તે પણ નિયમિત છે; તે આપણી ઈચ્છાનુસાર નહિ, પણ પોતાના નિશ્ચિત ક્રમાનુસાર બદલે છે. એ વાત અહીં સ્પષ્ટ કરવામાં આવી છે.

એક દ્રવ્ય બીજાનું કાંઇ પણ પરિણમન નથી કરતું. કરે તો તે તેરૂપ થઈ જાય અર્થાત્ જ્યારે તે તેરૂપ થાય ત્યારે તે તેને પરિણમાવી શકે, અન્યથા નહિ. અજીવને પરિણમાવવા-બદલાવવા માટે જીવને અજીવરૂપ થવું પડશે. જ્યારે તે સ્વયં અજીવરૂપ થાય, ત્યારે તે અજીવના પરિણમનનો કર્તા થઈ શકે છે અને એમ કદી થતું નથી. તેથી એ સિદ્ધ થયું કે જીવ પોતાના ક્રમનિયમિત પરિણામોમાં પરિણમતો-બદલતો થકો જીવ જ રહે છે, અજીવ થઈ જતો નથી.

બીજી વાત એ છે કે જો કે જીવ પોતાના પરિણામોનો કર્તા છે, તો પણ તે કરવાનો કાંઈ ભાર તેના માથા ઉપર નથી, કેમ કે તે પરિણમન પણ સહજ થાય છે અને પોતાના નિયમિત-ક્રમમાં થાય છે. એ જ વાત અહીં સ્પષ્ટ કરવામાં આવી છે. પુદ્ગલાદિ અજીવ દ્રવ્યો પોતાના પરિણમનનો કોઈ બોજો રાખતાં નથી, તો શું તેમનું પરિણમન અટકી જાય છે? જો ના, તો પછી જીવ જ પોતાના માથે બોજો શા માટે રાખે?

પરિણમનને નિશ્ચિત બતાવીને દ્રવ્ય-ગુણનો કોઇ અધિકાર ઘટાડવામાં આવ્યો નથી પરંતુ બોજો દૂર કર્યો છે, કારણ કે તે પોતાના પરિણામનો અધિકૃત કર્તા અને ભોક્તા તો છે જ.

વાસ્તવમાં વાત તો એમ છે કે જેવી રીતે દ્રવ્ય સત્ છે,

ગુણ સત્ છે, તેવી જ રીતે પર્યાય પણ સત્ છે.

દ્રવ્ય અને ગુણોના વિષયમાં આપણા બધાનો વિશ્વાસ છે કે તેમનામાં કોઈ ફેરફાર સંભવિત નથી, તેથી તેમને બદલવાનો આપણને વિકલ્પ પણ ઊઠતો નથી. પણ પરિણમનશીલ હોવાથી પર્યાયના સંબંધમાં જગતની કાંઈક એવી ધારણા છે કે તેમાં ફેરફાર કરી શકાય છે, તેથી તેમાં ફેરફાર કરવાની બુદ્ધિ થાય છે.

દ્રવ્ય-ગુણની સાથે પર્યાય પણ સ્વસમયનું સત છે—તેમાં પણ પોતાની ઇચ્છાનુસાર કોઈ ફેરફાર કરી શકાતો નથી. જ્યારે આપણને એ વિશ્વાસ થઈ જશે ત્યારે તેમાં ફેરફાર કરવાની બુદ્ધિ પણ નહિ રહે.

પર્યાય પણ સ્વકાળનું સત્ છે, અચલા છે, પાર્વતી છે, સતી છે—આદિ વિસ્તારથી સ્પષ્ટ કરવામાં આવી ગયું છે. તેથી અહીં વિસ્તાર કરવો યોગ્ય નથી. છતાં પણ જે લોકો પર્યાયને પોતાની ઇચ્છાનુસાર બદલવા ચાહે છે, તેમને અમે પૂછીએ છીએ કે પર્યાયોના અનાદિ-અનંત પ્રવાહક્રમમાં તેઓ ભૂતકાળની પર્યાયો બદલવા ચાહે છે કે વર્તમાનની કે ભવિષ્યની?

ભૂતકાળની પર્યાયો તો બદલી શકાતી નથી, કેમ કે તે તો પોતે બદલાઈ ગઈ છે, સમાપ્ત થઈ ગઈ છે, તેથી તેમનામાં તો ફેરફારની કલ્પના પણ કરી શકાતી નથી. હવે રહી વર્તમાન અને ભવિષ્યની પર્યાયો. વર્તમાન પર્યાય પણ થઈ જ રહી છે, તેમાં પણ શું કરી શકાય છે?

આ ઉપરથી જો કર્તૃત્વના અહંકારથી ગ્રસ્ત કોઈ અજ્ઞાની કહે કે વર્તમાન પર્યાયમાં કાંઈ કેમ કરી શકાતું નથી? લ્યો, હું એને હમણાં જ ઉખાડી નાખું છું. તેને કહીએ છીએ કે ભાઈ! જરા વિચાર તો કરો, તે ઉત્પન્ન તો થઈ જ ગઈ છે, તેથી તેને ઉત્પન્ન થતાં રોકવાનું તો સંભવ નથી. હવે રહી વાત ઉખાડી નાખવાની, તો ભાઈ, તેનો કાળ જ એક સમયનો છે. એક સમય પછી તે સ્વયં ઊખડી જવાની છે. તેમાં તમારું શું કામ છે?

બીજી વાત એ પણ છે કે આપણા ક્ષયોપશમ જ્ઞાનમાં તે

પર્યાય ઉત્પન્ન થયાના અસંખ્ય સમય પછી આવે છે. જ્યાં આપણે તેને ઉખાડી નાખવાનું વિચારીએ ત્યાંસુધીમાં તો ક્યારની ય ઊખડી ગઈ હશે.

આ ઉપરથી જો તે કહે કે ભલે ભૂતકાળની અને વર્તમાન કાળની પર્યાયો નહીં, ભવિષ્યની પર્યાયો તો આપણે બદલી જ શકીએ છીએ.

તેમને કહીએ છીએ કે ભવિષ્યની પર્યાયો અત્યારે છે જ ક્યાં –કે આપ તેને બદલો ?

આ ઉપરથી જો એમ કહેવામાં આવે કે ભવિષ્યમાં ખરાબ પર્યાયો નહીં આવવા દઈએ, સારી–સારી પર્યાયો લાવીશું; તો એ પ્રશ્ન ઊભો થશે કે કઈ પર્યાય સારી છે, કઈ ખરાબ–એનો નિર્ણય કોણ કરશે ? 'विभिन्न रुचयः हि लोकः'– આ નીતિ અનુસાર સારા–નરસાનો નિર્ણય પણ અસંભવ નહીં, તો કઠણ જરૂર છે.

જો કોઈ કહે કે અમે અમારી રુચિ પ્રમાણે નિર્ણય કરીશું, તેમને કહીએ છીએ કે જો આપ ફક્ત આપની જ ભાવી પર્યાયના કર્તા બનતા હોત તો વાત જુદી હતી; પણ આપ તો પરપદાર્થોની પણ પર્યાયો પોતાને અનુકૂળ બદલવા ચાહો છો; તેમાં ઇષ્ટ–અનિષ્ટનો નિર્ણય માત્ર આપની જ ઇચ્છાથી કેવી રીતે થશે ? જગતમાં અન્ય પ્રાણીઓ પણ છે, તેમની ઇચ્છાના વ્યાઘાતનો પ્રસંગ અવશ્ય આવશે.

બીજું શું આપને ખબર છે કે ભવિષ્યમાં અમુક પર્યાય થવાની છે કે જેથી આપ એ નિર્ણય કરી શકો કે અમુક પર્યાય બદલીને હું અમુક પર્યાય લાવીશ. જો ના, તો પછી એ અહંકાર જૂઠો જ સાબિત થયો કે મેં આમ ન થવા દીધું અને આમ કર્યું, કેમ કે જે કાર્ય સંપન્ન થયું છે–તે થવાનું નહોતું, બીજું થવાનું હતું–એનો નિર્ણય કેવી રીતે થશે ? બની શકે કે તે જ થવાનું હોય, જેને આપ કહો છો કે મેં આમ કર્યું છે.

ખૂબ મહેનત કરીને પણ ભવિષ્યની પર્યાયોમાં ફેરફાર

કરવાની વાત સિદ્ધ કરી શકવી શક્ય નથી, તેથી વ્યર્થ પ્રયાસથી શો લાભ?

અંતે તો એમ સ્વીકારવું જ શ્રેષ્ઠ છે કે પ્રત્યેક દ્રવ્ય ક્રમનિયમિત પોતાના પરિણામોથી ઊપજતું થકું પોતારૂપ જ રહે છે, પરરૂપ થતું નથી.

(૨) પ્રશ્ન :– જો કોઈ કોઈને નથી પરિણમાવતું તો પછી આ પરિણમન થાય છે કેવી રીતે, એને કોણ કરી જાય છે? જો કદી આ પરિણમન અટકી જાય તો? અથવા કદી ધીરે-ધીરે થાય અને કદી ઝડપથી—એનો નિયામક કોણ હશે?

ઉત્તર :– પ્રત્યેક દ્રવ્ય સ્વયં પરિણમનશીલ છે, ધ્રુવતાની જેમ પરિણમન પણ તેનો સ્વભાવ છે, તેને પોતાના પરિણમનમાં પરની રંચમાત્ર પણ અપેક્ષા નથી, કેમ કે સ્વભાવ પર-નિરપેક્ષ જ હોય છે. આ પરિણમન કદી અટકી જાય—એનો પ્રશ્ન જ ઉત્પન્ન થતો નથી, કેમ કે પરિણમન પણ એનો નિત્યસ્વભાવ છે. અર્થાત્ નિત્યપરિણમનશીલતા પ્રત્યેક દ્રવ્યનો સહજ સ્વભાવ છે. જલદી અને મોડું થવાની પણ કોઈ સમસ્યા નથી, કેમ કે પ્રત્યેક પર્યાય એક સમયની જ હોય છે. કોઈ પર્યાયનો બે સમય રોકાવાનો પ્રશ્ન જ નથી ઊઠતો અને એક સમય પહેલાં સમાપ્ત થવાનો પણ પ્રશ્ન સંભવ નથી.

હવે રહી વાત એ કે આ બધું કોણ કરે છે? તે સંબંધમાં વાત એ છે કે પ્રત્યેક દ્રવ્યમાં અનંત શક્તિઓ પડી છે, નિરંતર ઉલ્લસિત થઈ રહી છે, તેમના દ્વારા જ આ બધું સહજ થયા કરે છે.

(૩) પ્રશ્ન :– તે અનંત શક્તિઓ કઈ કઈ છે કે જેમના દ્વારા આ બધું થાય છે?

ઉત્તર :– શું અનંત પણ ગણાવી શકાય છે?

(૪) પ્રશ્ન :– કેટલીક તો બતાવો?

ઉત્તર :– ભાવશક્તિ, અભાવશક્તિ, ભાવાભાવશક્તિ, અભાવભાવશક્તિ, ભાવભાવશક્તિ, અભાવાભાવશક્તિ આદિ.

(૫) પ્રશ્ન :- પર્યાયોના ઉત્પાદ અને નાશમાં આ શક્તિઓનો શો ફાળો છે? કૃપા કરીને સંક્ષેપમાં સમજાવો.

ઉત્તર :- પ્રત્યેક દ્રવ્યમાં એક એવી શક્તિ છે કે જેને કારણે દ્રવ્ય પોતાની વર્તમાન અવસ્થાથી યુક્ત હોય છે, અર્થાત્ તેની નિશ્ચિત અવસ્થા હોય જ છે, જેને ભાવશક્તિ કહે છે.[1] પ્રત્યેક દ્રવ્યમાં એક એવી પણ શક્તિ હોય છે કે જેને કારણે વર્તમાન અવસ્થાથી જુદી અન્ય કોઈ અવસ્થા નથી હોતી, આ શક્તિનું નામ અભાવશક્તિ છે.[2]

ઉક્ત બન્ને શક્તિઓના કારણે પ્રત્યેક દ્રવ્યની પ્રતિસમય સુનિશ્ચિત પર્યાય જ થાય છે, અન્ય નહીં.

(૬) પ્રશ્ન :- પર્યાયને સ્વસમયે કોણ લાવે છે? અને એક સમય પછી કોણ દૂર કરે છે? પર્યાય સ્વસમયે આવી જ જાય અને પછીના સમયે ખસી જાય-એનો નિયામક કોણ છે? જો પર્યાય સ્વસમયે ન આવે તો તેને કોણ લાવે અને એક સમય પછી પણ ન ખસે તો કોણ ખસેડે? આવી સ્થિતિમાં કાં તો દ્રવ્ય પર્યાયથી ખાલી થઈ જશે અથવા એક સમયમાં બબ્બે પર્યાયો આવી જશે.

ઉત્તર :- એની આપ ચિંતા ન કરો. એમ કદી નહિ થાય, કેમ કે પ્રત્યેક દ્રવ્યમાં એક એવી પણ શક્તિ છે કે જેના કારણે વર્તમાન પર્યાયનો નિયમથી આગામી સમયે અભાવ થઈ જશે; તે શક્તિનું નામ છે ભાવાભાવશક્તિ[3]. તથા એક શક્તિ એવી પણ છે કે જેના કારણે આગામી સમયે થનારી પર્યાય નિયમથી ઉત્પન્ન થશે જ. આ શક્તિનું નામ છે અભાવભાવશક્તિ.[4]

---

૧ भूतावस्थत्वरूपा भावशक्तिः। સમયસાર, આત્મખ્યાતિ ટીકા, પરિશિષ્ટ, પૃષ્ઠ ૬૩૦

૨ शून्यावस्थत्वरूपा अभावशक्तिः। એ જ

૩ भवत्पर्यायव्ययरूपा भावाभावशक्तिः। એ જ

૪ अभवत्पर्यायोदयरूपा अभावभावशक्तिः। એ જ

જે પર્યાય જે સમયે થવાની છે, તે પર્યાય તે સમયે નિયમથી થશે જ, એવી પણ એક શક્તિ પ્રત્યેક દ્રવ્યમાં છે કે જેનું નામ છે ભાવભાવશક્તિ.[૩] તથા એક શક્તિ એવી પણ છે કે જેના કારણે જે પર્યાય જે સમયે નથી થવાની, તે નિયમથી નહિ થાય, તે શક્તિનું નામ છે અભાવાભાવશક્તિ.[૪]

ઉક્ત છ શક્તિઓનું સ્વરૂપ એ સુનિશ્ચિતપણે સિદ્ધ કરે છે કે જે દ્રવ્યની, જે પર્યાય, જે સમયે પોતાના ઉપાદાન અનુસાર જેવી થવાની હોય છે, તે સ્વયં નિયમથી તે જ સમયે, તેવી જ થાય છે તેમાં પરની રંચમાત્ર પણ અપેક્ષા રહેતી નથી.

સર્વશ્રેષ્ઠ દિગંબરાચાર્ય કુંદકુંદના પ્રસિદ્ધ પરમાગમ સમયસારની આચાર્ય અમૃતચન્દ્રકૃત આત્મખ્યાતિ ટીકાના અંતે પરિશિષ્ટમાં આવેલ ૪૭ શક્તિઓ ઉપર શ્રી કાનજીસ્વામીનાં વિસ્તૃત પ્રવચન 'આત્મપ્રસિદ્ધિ' નામે હિન્દીમાં અને 'આત્મવૈભવ' નામે ગુજરાતીમાં પ્રકાશિત થયાં છે–વિશેષ જિજ્ઞાસા ધરાવનાર આત્માર્થી બંધુઓએ પોતાની જિજ્ઞાસા ત્યાંથી પૂર્ણ કરવી જોઈએ. અહીં તેમની વિસ્તૃત ચર્ચા માટે ન તો અવકાશ છે અને ન તે ન્યાયસંગત છે.

(૭) પ્રશ્ન :- જો આપણે આપણી પર્યાયને પણ નથી બદલી શકતા તો પછી આપણા પરિણમનના કર્તા પણ આપણે ક્યાં રહ્યા?

ઉત્તર :- 'આપણે આપણી પર્યાયને પણ નથી બદલી શકતા' જ્યારે એમ કહેવામાં આવે છે ત્યારે તેનો આશય એ હોય છે કે આપણે તેના નિશ્ચિત ક્રમમાં કોઈ ફેરફાર નથી કરી શકતા, પરંતુ એ નથી થતો કે તેના પરિણમનના કર્તા પણ આપણે નથી. છઠ્ઠા પ્રશ્નના ઉત્તરમાં જે છ શક્તિઓની ચર્ચા કરવામાં આવી છે તે દ્રવ્યની પોતાની જ શક્તિઓ છે, તેમના કારણે જ પર્યાય

---

૧ भवत्पर्यायभवनरूपा भावभावशक्तिः। સમયસાર, આત્મખ્યાતિ ટીકા, પરિશિષ્ટ, પૃષ્ઠ ૬૩૦

૨ अभवत्पर्यायाभवनरूपा अभावाभावशक्तिः। તે જ

સ્વસમયે થાય છે. તેથી પોતાની પર્યાયનો કર્તા તો દ્રવ્ય છે જ.

જિનવાણીમાં એક અપેક્ષા એ પણ આવે છે કે જેમાં પર્યાયનો કર્તા પર્યાયને કહેવામાં આવે છે, દ્રવ્યને નહિ. ત્રિકાળી ઉપાદાનની અપેક્ષાએ પર્યાયનો કર્તા તે દ્રવ્ય અથવા ગુણ કહેવાય છે કે જેની તે પર્યાય છે; અને ક્ષણિક ઉપાદાનની અપેક્ષાએ તે સમયની યોગ્યતા જ કાર્યની નિયામક હોવાથી પર્યાયને જ પર્યાયની કર્તા કહેવામાં આવે છે. આ પર્યાયની સ્વતંત્રતાની ચરમ પરિણતિ છે કે જે તેના સહજ ક્રમનિયમિત પરિણમનને સિદ્ધ કરે છે.

પરિણમનશીલતા દ્રવ્યનો સહજ સ્વભાવ છે અને સ્વભાવ સદા પરનિરપેક્ષ હોય છે. તેથી પ્રત્યેક દ્રવ્યને પોતાના પરિણમનમાં પરની રંચમાત્ર પણ અપેક્ષા નથી. કોઈ પણ દ્રવ્ય એક સમય પણ પરિણમનથી ખાલી નથી રહેતું. જો એક સમય પણ પરિણમન અટકી જાય તો દ્રવ્યનું દ્રવ્યત્વ જ કાયમ ન રહે. દ્રવણશીલતા-પરિણમનશીલતાનું નામ જ દ્રવ્ય છે.

પરિણમન-સ્વભાવના અભાવમાં સ્વભાવવાન દ્રવ્યની સત્તાના અભાવનો પ્રસંગ પણ ઉપસ્થિત થઈ જશે. જેવી રીતે શરીરમાં જે લોહી દોડે છે, જો તે દોડવાનું બંધ કરી દે તો હૃદયની ગતિ અટકી જવાથી મનુષ્યના મરણનો પ્રશ્ન ઉપસ્થિત થઈ જાય છે; તેવી જ રીતે જો કોઈ દ્રવ્યનું એક સમય માટે પણ પરિણમન અટકી જાય તો તેના મૃત્યુ (અભાવ)નો પ્રસંગ ઉપસ્થિત થશે. અને દ્રવ્યના અભાવની સાથોસાથ વિશ્વના અભાવનો પણ પ્રસંગ આવશે, કેમ કે છ દ્રવ્યોના સમૂહનું નામ જ વિશ્વ છે.

જેવી રીતે લોહી નિરંતર દોડે છે, છતાં પણ થાકતું નથી, કેમ કે દોડવું એ જ તેનું જીવન છે, નિરંતર ગતિ કરવામાં જ તેની સુગતિ છે; તેવી જ રીતે દ્રવ્યને નિરંતર પરિણમનમાં કોઈ મુશ્કેલી આવતી નથી, નિરંતર પરિણમન જ તેનું જીવન છે.

તેને માટે એ કોઈ સમસ્યા નથી કે પ્રતિસમય નવી-નવી પર્યાયો ક્યાંથી લાવીશું? તે સ્વભાવમાંથી સહજ આવે છે, તેમને ક્યાંયથી લાવવી નથી પડતી; તે પરમુખાપેક્ષી નથી. જો તેમને

અન્યની અપેક્ષા હોય તો દ્રવ્ય પરાધીન થઈ જાય અથવા પરિણમન તેનો સ્વભાવ ન રહે, કેમ કે સ્વભાવને પરની અપેક્ષા નથી હોતી. જેમાં પરની અપેક્ષા હોય તે સ્વભાવ કેવો?

તેથી જ તો કહ્યું છે:—

'યહ જગત સ્વયં પરિણમનશીલ, કેવલજ્ઞાનીને ગાયા હૈ;'

અથવા

'હોતા સ્વયં જગત પરિણામ, મૈં જગકા કરતા ક્યા કામ.'

(૮) પ્રશ્ન:- જો આપણે પરનું કાંઈ કરી જ નથી શકતા તો પછી આપણી સ્વતંત્રતા જ શી રહી?

ઉત્તર:- શું પરમાં કાંઈ કરવાનું નામ જ સ્વતંત્રતા છે? જ્યારે એમ કહેવામાં આવે છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ પણ નથી કરી શકતું ત્યારે તેનો અર્થ આપ માત્ર એટલો જ શા માટે કરો છો કે આપ બીજાનું કાંઈ નથી કરી શકતા, એમ કેમ નથી કરતા કે આપનું પણ કોઈ કાંઈ નથી કરી શકતું?

જ્યારે આપ એ વિચાર કરશો ત્યારે આપને સ્વતંત્રતાનો અનુભવ થશે કે જુઓ, મારું કોઈ પણ કાંઈ નથી બગાડી શકતું.

જ્યારે કોઈ રાજ્યના સંબંધમાં એમ કહેવામાં આવે કે આ રાજ્યમાં કોઈ કોઈને લૂંટી નથી શકતું, મારી નથી શકતું, દુઃખી નથી કરી શકતું; ત્યારે કોઈ એમ નથી કહેતું કે આ કેવું ખોટું (ખરાબ) રાજ્ય છે કે એમાં કોઈ કોઈને લૂંટી નથી શકતું, મારી નથી શકતું, દુઃખી નથી કરી શકતું; પરંતુ એમ કહે છે કે આ કેટલું સારું રાજ્ય છે.

જેમ એવું તો કોઈ ખૂની કે ચોર જ કહી શકે કે આ કેવું રાજ્ય છે કે એમાં મારવા કે લૂંટવાની પણ સ્વતંત્રતા નથી; તેવી જ રીતે એવું તો કોઈ કર્તૃત્વના અહંકારથી પકડાયેલ અજ્ઞાની જ કહી શકે કે આ કેવું વસ્તુસ્વરૂપ છે કે જેમાં અમે પરનું કાંઈ કરી જ નથી શકતા.

ક્રમબદ્ધપર્યાયની વાત તો અનંત સ્વતંત્રતાની સૂચક છે. એને બુદ્ધિપૂર્વક હૃદયથી સ્વીકારનારને તો અનંત સ્વતંત્રતાની પ્રતીતિ થાય છે. એ જાણીને કોને પ્રસન્નતા નહિ થાય કે આપણાં સુખ-દુઃખ, જીવન-મરણ, ભલું-બૂરું—બધું જ આપણા અધિકારમાં છે, તેમાં કોઈનો કાંઈ પણ હસ્તક્ષેપ નથી.

આ જાણીને પણ જેને પ્રસન્નતા ન થાય, તો સમજવું જોઈએ કે કાં તો તે ગુલામવૃત્તિની વ્યક્તિ છે અથવા તો અન્યોને ગુલામ બનાવીને રાખવાની વૃત્તિવાળો છે.

'ક્રમબદ્ધપર્યાય'માં વસ્તુની અનંત સ્વતંત્રતાની ઘોષણા છે.'

(૯) પ્રશ્ન :- જ્ઞાની પણ એમ કહેતા જોવામાં આવે છે કે મેં આમ કર્યું, તેમ કર્યું ?

ઉત્તર :- હા, એ વાત સાચી છે કે જ્ઞાનીના જીવનમાં પણ એવો વચન-વ્યવહાર જોવામાં આવે છે, પણ તેમની માન્યતા એવી નથી હોતી. માન્યતા તો તેમની વસ્તુસ્વરૂપને અનુકૂળ જ હોય છે, કેમ કે એમ કહેવું એ તો વ્યવહાર છે અને માનવું તે મિથ્યાત્વ છે.

જેવી રીતે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની આત્મા સ્ત્રી-પુત્ર, મકાન, મિલ્કત આદિ સંયોગી પદાર્થોને પોતાના કહેતા જોવામાં આવે છે કે આ મારી સ્ત્રી છે, આ મારા પુત્રો છે, આ મારું મકાન છે—પણ માને છે એમ જ કે આ કાંઈ પણ મારું નથી; તેવી જ રીતે પરમાં કરવા આદિનો વચન-વ્યવહાર પણ તેમને જોવામાં આવે છે. કથનમાત્રથી તેઓ મિથ્યાદૃષ્ટિ નથી થઈ જતા, કેમ કે મિથ્યાત્વ તો માન્યતા સંબંધી દોષ છે.

આ સંબંધમાં પંડિતપ્રવર ટોડરમલજીના વિચાર જાણવા યોગ્ય છે :—

"જેમ કોઈ ગુમાસ્તો શેઠનું કાર્ય કરે છે, તે કાર્યને પોતાનું પણ કહે છે, હર્ષ-વિષાદ પણ પામે છે, તે કાર્યમાં પ્રવર્તતાં

[1]પોતાની અને શેઠની જુદાઈનો વિચાર નથી કરતો; પરંતુ અંતરંગ શ્રદ્ધાન એવું છે કે આ મારું કાર્ય નથી. આવું કાર્ય કરતો ગુમાસ્તો શાહુકાર છે. જો તે શેઠનું ધન ચોરીને પોતાનું માને તો ગુમાસ્તો ચોર ગણાય. તેવી જ રીતે કર્મોદયજનિત શુભાશુભરૂપ કાર્ય કરતા થકા તદ્રૂપ પરિણમે; તો પણ અંતરંગમાં એવું શ્રદ્ધાન છે કે આ કાર્ય મારું નથી. જો શરીરાશ્રિત વ્રત-સંયમને પણ પોતાનાં માને તો મિથ્યાદૃષ્ટિ કહેવાય." [1]

(૧૦) પ્રશ્ન :- એનો અર્થ તો એ થયો કે જ્ઞાનીની માન્યતા અને કથનમાં અંતર હોય છે?

ઉત્તર :- હા, અવશ્ય હોય છે; પરંતુ એનું કારણ જ્ઞાનીના હૃદયની અપવિત્રતા નહિ, પરંતુ વસ્તુની સ્થિતિ છે કેમ કે જ્ઞાનીની માન્યતા તો વસ્તુસ્વરૂપને અનુસારે હોય છે અને વચનવ્યવહાર લોકપ્રચલિત વ્યવહારને અનુસારે હોય છે.

વસ્તુસ્વરૂપની અપેક્ષાએ વિચાર કરીએ તો સ્ત્રી-પુત્રાદિ, મકાન-મિલ્કત કોઈનાં નથી, છતાં પણ લોકમાં એમને પોતાનાં કહેવાનો વ્યવહાર પ્રચલિત છે. માન્યતાનો સંબંધ સીધો વસ્તુસ્વરૂપ સાથે છે અને વાણીનો વ્યવહાર લૌકિકજનો સાથે હોય છે. તેથી જ્ઞાનીની માન્યતા તો વસ્તુસ્વરૂપને અનુસારે હોય છે અને વચન વ્યવહાર લોક-વ્યવહારને અનુસારે હોય છે.

આચાર્ય અમૃતચન્દ્ર સમયસારની આત્મખ્યાતિ ટીકાના આરંભમાં લખે છે કે "આ ટીકા કરવાથી મારી પરિણતિ પરમ-વિશુદ્ધિને પ્રાપ્ત હો." [2]

૧. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી (મોક્ષમાર્ગ પ્રકાશક, પૃષ્ઠ ૩૫૫)

૨. परपरिणतिहेतोर्मोहनाम्नोऽनुभावा-
दविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः ।
मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते-
र्भवतु समयसारव्याख्ययैवानुभूतेः ॥३॥

અને ટીકાના અંતમાં લખે છે કે "આ ટીકા બનાવવામાં સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર આચાર્યનું કાંઈ પણ કર્તૃત્વ (કાર્ય) નથી."[1]

આજ પ્રકારની ચર્ચા પંડિત ટોડરમલજીએ સમ્યગ્જ્ઞાન-ચન્દ્રિકાની પીઠિકા અને પ્રશસ્તિમાં કરી છે. પીઠિકામાં તો ટીકા લખવાની ચર્ચા કરે છે અને લખવાનું પ્રયોજન આદિ વિસ્તારથી સ્પષ્ટ કરે છે. તથા અંતમાં પ્રશસ્તિમાં લખે છે:—

"વચનાદિક લિખનાદિક ક્રિયા, વર્ણાદિક અરુ ઈન્દ્રિય હિયા;
યે સબ હૈં પુદ્ગલ કે ખેલ. ઈનમેં નાહિં હમારો મેલ.
રાગાદિક વચનાદિક દાનાં, ઇનકે કારણ કારિજ પનાં;
તાતૈં ભિન્ન ન દેખ્યો કોય, બિનુ વિવેક જગ અંધા હોય.
જ્ઞાન રાગ તો મેરૌ મિલ્યૌં, લિખનૌ કરનૌં તનુ કૌ મિલ્યૌં;
કાગજ મસિ અક્ષર આકાર, લિખિયા અર્થ પ્રકાશન હાર.
ઐસૌ પુસ્તક ભયો મહાન, જાતૈં જાનૈં અર્થ સુજાન;
યદ્યપિ યહુ પુદ્ગલ કૌ ખંદ, હૈ તથાપિ શ્રુતજ્ઞાન નિમંધ."[2]

આચાર્ય અમૃતચંદ્ર અને પંડિત ટોડરમલજી—બન્ને ય જ્ઞાની આત્મા હતા. તેમનાં ઉક્ત કથનોથી એ સ્પષ્ટ થઈ જાય છે કે આમાં કોઈ છળ નથી. જ્યાંસુધી વચન-વ્યવહાર છે. ત્યાંસુધી માન્યતા અને વાણીનું આ અંતર રહેશે જ.

ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ ભરતાદિ ચક્રવર્તી પણ છ ખંડની વિભૂતિને પોતાની કહેતા જ હતા, પણ માનતા નહોતા. આ ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકામાં પ્રાપ્ત થતું પર્યાયગત સત્ય છે—એને જાણવું પણ આવશ્યક છે. આ સત્યના સ્વીકાર વિના આ જાતની શંકા બની જ રહેશે.

(૧૧) પ્રશ્ન :- જો સુખ-દુઃખ, જીવન-મરણ બધું જ નિયત છે, સ્વકાળે જ થાય છે, તો પછી અકાળમૃત્યુ નામની તો કોઈ

---

1. स्वशक्तिसंसूचितवस्तुतत्त्वैर्व्याख्या कृतेयं समयस्य शब्दैः।
स्वरूपगुप्तस्य न किंचिदस्ति कर्तव्यमेवामृतचन्द्रसूरेः ॥२७८॥

2. મોક્ષમાર્ગપ્રકાશક, પ્રસ્તાવના, પૃષ્ઠ ૧૦-૧૧

ચીજ જ ન રહી; જ્યારે શાસ્ત્રોમાં અકાળમૃત્યુની ચર્ચા આવે છે, તત્ત્વાર્થસૂત્રના બીજા અધ્યાયના અંતિમ સૂત્રમાં અકાળમૃત્યુની વાત ચોખ્ખે-ચોખ્ખી લખેલી છે?

ઉત્તર :- વિષભક્ષણાદિ દ્વારા થનાર મૃત્યુને અકાળમૃત્યુ કહેવામાં આવે છે. આ કથન આયુષ્યની ઉદીરણા કે અપકર્ષણની અપેક્ષાએ કરવામાં આવે છે; અથવા અપેક્ષિત આયુષ્ય પહેલાં થનાર મરણની અપેક્ષાએ આ કથન હોય છે, વસ્તુસ્થિતિની અપેક્ષાએ નહીં; કેમ કે કેવળી ભગવાનના જ્ઞાનમાં તો જે કાળે તેનું મરણ થવાનું જણાયું હતું, તે જ કાળે થયું છે; તેથી તે પણ સ્વકાળમરણ જ છે, અકાળમરણ નથી.

તત્ત્વાર્થસૂત્રમાં પણ આયુષ્યકર્મની સ્થિતિના અપકર્ષણની વાત જ કહેવામાં આવી છે. તત્ત્વાર્થસૂત્રના જે સૂત્રમાં ઉક્ત ચર્ચા છે, તે આ રીતે છે:—

**औपपादिकचरमोत्तमदेहाऽसंख्येयवर्षायुषोऽनपवर्त्यायुषः ॥[1]**

ઉપપાદ જન્મવાળા દેવ અને નારકી, ચરમોત્તમ દેહવાળા અર્થાત્ તે જ ભવે મોક્ષ જનારા અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા ભોગભૂમિયાઓનું આયુષ્ય અપવર્તન રહિત હોય છે, અર્થાત્ તેમના આયુષ્યનું તે જ ભવમાં અપકર્ષણ થતું નથી.

આયુષ્ય બે પ્રકારનાં હોય છે— (૧) ભુજ્યમાન આયુષ્ય અને (૨) બધ્યમાન આયુષ્ય.

જે આયુષ્યને જીવ વર્તમાનમાં ભોગવી રહ્યો છે, તેને ભુજ્યમાન આયુષ્ય કહે છે અને જે આયુષ્ય બંધાઈ તો ગયું છે, પણ જેનો ઉપભોગ આગળના ભવમાં થશે, તેને બધ્યમાન આયુષ્ય કહે છે.

બધ્યમાન આયુષ્યની સ્થિતિમાં તો બધાનું અપકર્ષણ થઈ શકે છે, પરંતુ ભુજ્યમાન આયુષ્યનું અપકર્ષણ ઉક્ત સૂત્રમાં કથિત

૧. અધ્યાય ૨, સૂત્ર ૫૩

જીવોને થતું નથી—એ બતાવવું તે ઉક્ત સૂત્રનો ઉદ્દેશ્ય છે.

રાજા શ્રેણિકે નરકના આયુષ્યની તેત્રીસ સાગરની સ્થિતિ બાંધી હતી અને તેનું અપકર્ષણ થઈને ચોરાસી હજાર વર્ષની સ્થિતિ રહી ગઈ, પણ એ પૂર્વ ભવમાં જ થયું; નરકના આયુષ્યનો ઉપભોગ શરૂ થયા પછી તેનું અપકર્ષણ શક્ય નથી. જ્યારે ઉક્ત સૂત્રમાં કથિત જીવો સિવાયના અન્યજીવોના આયુષ્યનું અપકર્ષણ તે જ ભવમાં પણ થઈ જાય છે.

આ આખીય ચર્ચા આયુષ્યના અપકર્ષણની છે, તેનાથી ક્રમબદ્ધપર્યાયની નિશ્ચિતતામાં કોઈ ફેર પડતો નથી.

જેમ કે જ્યારે આપણે કોઈ દુકાનદારની પાસેથી ખરીદેલો સામાન પસંદ ન આવવાથી પાછો આપવા જઈએ છીએ, ત્યારે તે પેક (બંધ) સામાન તો બધો જ પાછો લઈ લે છે, પણ પેકીંગ ખૂલી ગયા પછી કેટલોક સામાન તો પાછો લઈ લે છે અને કેટલોક નથી લેતો; તેવી જ રીતે જે આયુષ્યનો ઉપભોગ શરૂ નથી થયો, તેમાં તો બધામાં અપકર્ષણું શક્ય છે, પણ ઉપભોગ શરૂ થઈ ગયા પછી ઉક્ત સૂત્રમાં કથિત આયુષ્યનું અપકર્ષણ શક્ય નથી, એ જ વાત ઉક્ત સૂત્રમાં બતાવવામાં આવી છે.

એનાથી કાળની નિયમિતતામાં કોઈ ફેર પડતો નથી અને ન તો અન્ય સમવાયોની ઉપેક્ષા પણ થાય છે, કેમ કે આયુષ્યનું અપકર્ષણ પણ અન્ય સમવાયોની અપેક્ષા સહિત થાય છે.

વાસ્તવમાં આ કથન અકાળમૃત્યુનું ન હોઈ આયુષ્યના અપકર્ષણનું છે.

આ સંદર્ભમાં જૈનેન્દ્રસિદ્ધાન્તકોશકાર શ્રી જિનેન્દ્રવર્ણીનું નિમ્નલિખિત કથન વિચારવા જેવું છે:—

"પાંચમો પ્રશ્ન છે અકાળમૃત્યુ સંબંધી. સમય પહેલાં ...મક્ષણ આદિથી થનાર મૃત્યુને 'અકાળમૃત્યુ' કહે છે. ...દ્ધાંતમાં પૂર્વબદ્ધ કર્મોની સ્થિતિ આદિના ઘટવા-વધવાને ...ર્ષણ' અને 'ઉત્કર્ષણ' કહે છે અને પ્રકૃતિના બદલાઈ જવાને

'સંક્રમણ' કહે છે. સમયથી પહેલાં કર્મને ઉદયમાં લાવવા તેને 'ઉદીરણા' કહે છે અને સમયથી પહેલાં તેમને ખેરવી નાખવા તેને 'નિર્જરા' કહે છે.

આગમકથિત આ બધા વિષય નિયતિના બાધક છે, એવી આશંકા પણ કરવી યોગ્ય નથી, કેમ કે તેનો ઉત્તર તો તે જ ઉપરોક્ત વિકલ્પ છે, જે આવતાં તદનુરૂપ જ પ્રવૃત્તિ સ્વત: થાય છે. તીવ્ર ક્રોધ આવતાં જ વિષભક્ષણાદિનું કાર્ય થાય છે, તેના અભાવમાં નહીં. એ જ રીતે અપકર્ષણ, ઉદીરણા અને નિર્જરા આદિના સંબંધમાં પણ જાણવું. કેમ કે અકાળમૃત્યુનો અર્થ આયુષ્યકર્મની ઉદીરણા સિવાય બીજો કોઈ નથી.

અકાળ તો ફક્ત એટલા માટે કહેવામાં આવે છે કે જેટલું આયુષ્ય બાંધ્યું એટલી સ્થિતિ પૂરી ન કરી. વાસ્તવમાં કોઈ પણ કર્મ એવું નથી જેની સ્થિતિ બંધ અનુસાર જ ઉદયમાં આવતી હોય. બુદ્ધિહીન સૂક્ષ્મ પ્રાણીઓમાં પણ આ ઉત્કર્ષણ આદિ બરાબર થઈ રહ્યા છે. જેવો જેવો વિકલ્પ તે-તે સમયે આવે છે, તેવી-તેવી પ્રવૃત્તિ જ તે-તે સમયે થાય છે, તેના ફળરૂપે તેવા-તેવા જ નવીન બંધ અને ઉત્કર્ષણ આદિ થાય છે. ઉત્કર્ષણ આદિના પરિણામ કોઈ બીજા હોય અને બંધના કોઈ બીજા—એમ નથી. એક સમયના જે એક પરિણામ કે પ્રવૃત્તિથી બંધ થાય છે, તેનાથી જ તે જ સમયે યથાયોગ્ય ઉત્કર્ષણ, અપકર્ષણ આદિ પણ થાય છે; માટે એનાથી નિયતિ બાધિત થઈ શકતી નથી."[1]

(૧૨) પ્રશ્ન :- આપ એમ કેમ કહો છો કે કેવળીના જ્ઞાનાનુસાર પ્રત્યેક મૃત્યુ સ્વકાળે જ થાય છે, કેમ કે એથી તો એવો ધ્વનિ નીકળે છે કે કોઈ અપેક્ષાએ અકાળમૃત્યુ પણ થતું હશે?

ઉત્તર :- થાય તો શું, કહેવાય છે અવશ્ય. અપકર્ષણ, ઉદીરણા આદિની અપેક્ષાએ આ પ્રકારનું કથન થાય છે. એને ક્ષયોપશમ જ્ઞાનની અપેક્ષાએ પણ કહી શકીએ છીએ.

---

૧ શાંતિપથદર્શન, પૃષ્ઠ ૧૨૩

જેમ કે—એક ઘડામાં દસ લીટર પાણી છે અને તેમાં એક છિદ્ર પણ છે, જેમાંથી તે પાણી એક કલાકે એક લીટરની ગતિએ નીકળી રહ્યું છે.

જો ગણિતજ્ઞને પૂછવામાં આવે કે તે ઘડો કેટલા સમયમાં ખાલી થઈ જશે તો તે પોતાના ગણિતાનુસાર દસ કલાક જ બતાવશે કે જે સાચું જ છે, પરંતુ જો કોઈ પણ ભવિષ્યજ્ઞાનીને પૂછવામાં આવે કે તે ઘડો ક્યાં સુધીમાં ખાલી થઈ જશે તો તે એમ પણ બતાવી શકે કે પાંચ કલાકમાં. કેમ કે તેને એ પણ ખબર છે કે પાંચ કલાક પછી એક બાળકની ઠોકરથી આ ઘડો ગબડી પડશે અને પાણી નીકળી જશે.

હવે ગણિતની અપેક્ષાએ તેને અસમયમાં ખાલી થયેલો કહેવાશે અને ભવિષ્યજ્ઞાની અથવા વસ્તુસ્થિતિની અપેક્ષાએ એમ કહેવાશે કે તેની નિયતિ જ એ હતી; તેથી સ્વસમયમાં પોતાના ભાવી અનુસાર ઉચિત નિમિત્તપૂર્વક જ બધું બન્યું છે.

એ જ પ્રમાણે જેમ કોઈ અપરાધીને દસ વર્ષની સજા થઈ છે— જ્યારે તેણે ન્યાયાધીશને, વકીલને, જેલરને પૂછ્યું કે હું જેલમાંથી ક્યારે છૂટીશ? ત્યારે બધાએ એકી અવાજે એ જ ઉત્તર આપ્યો કે દસ વર્ષ પછી. અને આ કથનને જૂઠું પણ કહી શકાતું નથી. પરંતુ જ્યારે કોઈ ભવિષ્યજ્ઞાનીને પૂછવામાં આવે તો તે એમ પણ કહી શકે છે કે પાંચ વર્ષ પછી, કેમ કે તેને ખબર છે કે પાંચ વર્ષ પછી રાજાને ત્યાં પુત્રનો જન્મ થશે અને તેની ખુશાલીમાં બધા કેદીઓને છોડી મૂકવામાં આવશે અને આ પણ છૂટી જશે.

ન્યાયાધીશાદિનું કથન ફેંસલામાં આપવામાં આવેલી સજાના આધારે છે અને ભવિષ્યવેત્તાનું કથન વાસ્તવિકતાના આધારે છે, તેથી તે વાસ્તવિક છે અને ન્યાયાધીશાદિનું સાપેક્ષ.

તેવી જ રીતે કોઈ જીવે આયુષ્યકર્મની સ્થિતિ એંસી વર્ષની બાંધી છે અને ચાળીસ વર્ષની ઉમરે તેનું અપકર્ષણ થવાનું છે અથવા તેને ઉદીરણા થઈને ખરી જવાનું છે. વીસ વર્ષની

ઉમરે તેણે અવધિજ્ઞાનીને કે જેમનું ભવિષ્યનું જ્ઞાન દસ વર્ષથી વધારે નથી, પૂછ્યું કે આનું મરણ ક્યારે થશે? તેણે પોતાના અવધિજ્ઞાનથી તેના આયુષ્યની સ્થિતિ જાણીને બતાવ્યું કે એંસી વર્ષની ઉમરે. પણ જ્યારે કેવળજ્ઞાનીને પૂછ્યું તો તેમણે બતાવ્યું કે ચાળીસ વર્ષની ઉમરે; તો આપણને બન્નેમાંથી કોઈ એક જૂઠા લાગશે. પણ આ કથન જૂઠાં નથી, પરંતુ સાપેક્ષ કથન છે.

અવધિજ્ઞાનરૂપ ક્ષયોપશમજ્ઞાનની અપેક્ષાએ તેને આપણે અકાળમૃત્યુ કહીશું અને કેવળજ્ઞાનની અપેક્ષાએ સ્વકાળે જ મરણ થયું એમ કહેવાશે.

અથવા સ્વાસ્થ્ય આદિ જોઈને આપણે અપેક્ષા તો એમ રાખીએ છીએ કે આ માણસ એંસી વર્ષ જીવશે, પણ વિષાદિ-ભક્ષણથી જ્યારે તે ચાળીસ વર્ષની ઉમરે જ મરી જાય છે ત્યારે કહી દઈએ છીએ—અસમયમાં મરણ થઈ ગયું છે. આપણા આ જ્ઞાનનો કયો આધાર છે કે તેને ચાળીસ વર્ષથી વધારે જીવવાનું હતું? એ જ્ઞાન વિના તેને અકાળ કહેવું એ કથનમાત્ર સિવાય બીજું શું હોઈ શકે?

ઉક્ત કથનથી એ સ્પષ્ટ થઈ જાય છે કે મરણ તો જ્યારે થવાનું હતું ત્યારે થયું છે, તેમાં કોઈ ફેરફાર થયો નથી. જે કાંઈ પણ ફેર પડ્યો છે, તે માત્ર કથનમાં પડ્યો છે.

જે શબ્દોમાં 'અ' લગાડીને નિષેધવાચક બનાવવામાં આવે છે, તેમાં 'અકાળ' પણ એક શબ્દ છે, જેનો અર્થ સમય પહેલાં ન હોઈ કાળથી ભિન્ન કોઈ અન્ય કારણે એવો થાય છે. કેમ કે આ પ્રકરણમાં 'કાળ' શબ્દનો પ્રયોગ એક કારણના અર્થમાં થયો છે.

મૃત્યુરૂપી કાર્ય થવામાં અનેક કારણો હોય છે, તેમાં કાળ પણ એક કારણ છે. કથનમાં અનેક કારણ તો એક સાથે આવી નથી શકતા, તેથી કોઈ એક કારણને મુખ્ય કરીને કથન થાય છે. જ્યારે કાળને મુખ્ય કરીને કથન થાય છે, ત્યારે તેને કાળમૃત્યુ કહે છે અને જ્યારે કાળ મુખ્ય કારણરૂપે ન દેખાય અને કાળ સિવાયના વિષભક્ષણાદિ કોઈ અન્ય કારણ મુખ્ય દેખાય, તો તેને

અકાળ મરણ કહે છે. અકાળમૃત્યુની વ્યાખ્યામાં કહ્યું પણ છે કે વિષભક્ષણાદિ દ્વારા થનાર મૃત્યુને અકાળમૃત્યુ કહે છે.

આથી તો એ જ નિષ્કર્ષ નીકળે છે કે 'અકાળ' શબ્દ અસમયનો સૂચક ન હોતાં કાળ સિવાયનાં બીજાં કારણોનો ધોતક છે

જ્યારે આપણે કોઈના મરણ પછી પૂછીએ છીએ કે કાલ સુધી તો તે સારો હતો, તો આખરે અચાનક તેને શું થયું? ત્યારે એ જ ઉત્તર મળે છે કે કાંઈ નહિ. સમજી લ્યો કે તેનો કાળ જ આવી ગયો હતો. જેનો કાળ આવી જાય, તેને કોણ બચાવી શકે? વળી કોઈ કારણની ખબર પડત તો તેનો ઈલાજ પણ કરાવત.

તથા જો કોઈ વિષભક્ષણ, અકસ્માત આદિ અન્ય કારણો દેખાય છે તો કોઈ એમ નથી કહેતું કે તેમનો કાળ જ આવી ગયો હતો, પરંતુ એમ કહેવામાં આવે છે કે ઘેરથી તો સાજા નીકળ્યા હતા, પણ અકસ્માત થઈ ગયો અથવા કોઈએ ઝેર આપી દીધું અથવા બીજું જે કાંઈ થયું હોય છે, તે કહેવામાં આવે છે. સાથે એમ પણ કહેવામાં આવે છે કે ભાઈ! તે તો બિચારા અકાળમૃત્યુના શિકાર થઈ ગયા.

આ રીતે અકાળમૃત્યુ અસમયનું સૂચક ન હોઈ કાળ સિવાયના મુખ્યરૂપે બીજાં કારણોથી થનાર મૃત્યુનું સૂચક છે.

આ રીતે એ સ્પષ્ટ થઈ જાય છે કે અકાળમૃત્યુના કથનથી 'ક્રમબદ્ધપર્યાય'ની માન્યતામાં કોઈ ફેર પડતો નથી.

(૧૩) પ્રશ્ન :– જો એમ માનીએ તો શું નુકસાન કે કેવળીના જ્ઞાન અનુસાર બધું જ ક્રમબદ્ધ છે અને આપણા જ્ઞાનાનુસાર અક્રમબદ્ધ, કેમ કે કેવળીને ભવિષ્યનું જ્ઞાન છે અને આપણને નથી? આમ માનવાથી અનેકાન્ત પણ સિદ્ધ થઈ જાય છે.

ઉત્તર :– આપણા માનવાથી વસ્તુનું સ્વરૂપ બે પ્રકારનું થોડું જ થઈ જવાનું છે, તે તો જેવું છે, તેવું જ છે; અને આપણે પણ તેને તેમ જ સમજવાનું છે, કે જેવું તે છે; આપણી માન્યતા થોડી જ તેના ઉપર લાદવાની છે?

કેવળી ભગવાનનું જ્ઞાન પર્યાયોની ક્રમબદ્ધતાને સ્પષ્ટપણે દેખે-જાણે છે અને આપણે તેને આગમથી, અનુમાનથી, યુક્તિથી જાણીએ છીએ તેઓ એ પણ સ્પષ્ટ જાણે છે કે કયા દ્રવ્યની કઈ પર્યાય ક્યારે અને કઈ વિધિથી અને કયા નિમિત્તપૂર્વક કેવી થશે અને આપણે માત્ર એટલું જાણીએ છીએ કે પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક પર્યાયનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને નિમિત્ત બધું નિશ્ચિત છે, પણ એ નથી જાણતા કે કોનું, ક્યારે, શું, કેવી રીતે થશે?

'ભવિષ્યની પર્યાયો પણ ક્રમબદ્ધ જ થાય છે'—એ જ્ઞાન હોવા છતાં પણ જો આપણને એ જ્ઞાન ન હોય કે કોના પછી કઈ પર્યાય થશે—તો એનાથી તે અક્રમબદ્ધ કેવી રીતે થઈ જાય? કે જેથી આપણે એમ કહી શકીએ કે આપણા જ્ઞાનાનુસાર પર્યાયો અક્રમબદ્ધ થાય છે.

એથી તો આપણું અજ્ઞાન જ સિદ્ધ થાય છે, પર્યાયોની અક્રમબદ્ધતા નહિ. આપણને આપણું અજ્ઞાન પર્યાયો ઉપર આરોપવાનો શો અધિકાર છે?

જરા વિચાર તો કરો? રવિવાર આદિ સાત વારોનો એક ક્રમ નિશ્ચિત છે. કેટલાક માણસોને તેમના ક્રમનું જ્ઞાન છે; તેઓ સારી રીતે જાણે છે કે કયા વાર પછી કયો વાર આવે છે અને એ પણ જાણે છે કે ભવિષ્યમાં પણ આ જ ક્રમે આ વાર આવશે, પરંતુ કેટલાક માણસોને આ વાતનું જ્ઞાન નથી. તો શું જે માણસોને જ્ઞાન છે, તેમના જ્ઞાનાનુસાર વાર ક્રમબદ્ધ હશે અને જેમને જ્ઞાન નથી, અથવા ખોટું જ્ઞાન છે તેમના જ્ઞાનાનુસાર તે અક્રમબદ્ધ અથવા અનિશ્ચિત થઈ જશે.

મને વિશ્વાસ છે—આ વાત આપને પણ સ્વીકાર્ય નહીં હોય, કેમ કે તેમના જ્ઞાન, અજ્ઞાન અથવા જૂઠા જ્ઞાનની વાર ઉપર શી અસર થવાની છે? તે તો પોતાના નિશ્ચિત ક્રમાનુસાર જ થશે; તેવી જ રીતે પર્યાયોની ક્રમબદ્ધતારૂપ વસ્તુસ્થિતિમાં કેવળીના જ્ઞાન અને ક્ષયોપશમ જ્ઞાનવાળાઓના જ્ઞાન કે અજ્ઞાનથી શું અંતર પડે છે, તે તો જેવી છે તેવી જ રહેશે.

જ્ઞાન, અજ્ઞાન, અલ્પજ્ઞાન, પૂર્ણજ્ઞાન, મિથ્યાજ્ઞાનની સ્થિતિ સાથે વસ્તુની સ્થિતિનો કોઈ સંબંધ નથી, એનાથી તેમાં કોઈ ફેર પડતો નથી. પણ વસ્તુની જે સ્થિતિ છે, તેને અનુસારે જ જ્ઞાન જાણે છે—અર્થાત્ તેને જે સાચું જાણે છે, તે સાચું જ્ઞાન છે; જે પૂર્ણ જાણે છે તે પૂર્ણ જ્ઞાન છે; જે અપૂર્ણ જાણે છે તે અપૂર્ણ જ્ઞાન છે; જે મિથ્યા જાણે છે તે મિથ્યાજ્ઞાન છે; અને જે નથી જાણતું તે અજ્ઞાન છે.

તેથી એમ કહેવુ કે કેવળીના જ્ઞાન અનુસાર પર્યાયો ક્રમબદ્ધ થાય છે અને આપણા જ્ઞાનાનુસાર અક્રમબદ્ધ; તે ક્રમબદ્ધપર્યાયનું સાચું સ્વરૂપ સમજ્યા વિના જ 'હું પણ સાચો અને તું પણ સાચો' જેવી ઉભયાભાસી બાળચેષ્ટા છે, અનેકાન્ત નથી.

જયપુર (ખાનિયા) તત્ત્વચર્ચામાં સંમિલિત બન્ને પક્ષોના બધા દિગ્ગજ વિદ્વાનોએ એકમતે એ સ્વીકાર્યું છે કે પ્રત્યેક કાર્ય સ્વકાળે જ થાય છે. આ વાતનો ઉલ્લેખ જયપુર (ખાનિયા) તત્ત્વચર્ચામાં આ રીતે મળે છે:-

"૧. બીજા પક્ષ દ્વારા પ્રત્યેક કાર્યનો સ્વકાળે થવાનો સ્વીકાર

આનો પ્રારંભ કરતાં બીજા પક્ષે સર્વપ્રથમ અમારા દ્વારા પ્રથમ અને દ્વિતીય ઉત્તરમાં ઉલ્લેખાયેલા જે પાંચ આગમપ્રમાણોના આધારે એ સ્વીકાર કર્યો છે કે 'પ્રત્યેક કાર્ય સ્વકાળે જ થાય છે' એની અમને પ્રસન્નતા છે. અમને વિશ્વાસ છે કે સમગ્ર જૈન પરંપરા આમાં પ્રસન્નતાનો અનુભવ કરશે, કેમ કે 'પ્રત્યેક કાર્ય સ્વકાળે જ થાય છે' આ તથ્ય એક એવી વાસ્તવિકતા છે, જે જૈનધર્મ અને વસ્તુવ્યવસ્થાનો પ્રાણ છે. એનો અસ્વીકાર કરવાથી ન તો કેવળજ્ઞાનની સર્વજ્ઞતા જ સિદ્ધ થાય છે અને ન તો વસ્તુ-વ્યવસ્થાને અનુરૂપ કાર્ય-કારણ પરંપરા સુઘટિત થઈ શકે છે.

બીજા પક્ષે પ્રતિશંકા ૩ માં જે શબ્દો દ્વારા સ્વકાળમાં કાર્ય થવાનો સ્વીકાર કર્યો છે, તે શબ્દો આ રીતે છે:—

'એ અમે જાણીએ છીએ કે જિનેન્દ્રદેવને કેવળજ્ઞાન દ્વારા પ્રત્યેક કાર્યની ઉત્પત્તિનો સમય માલૂમ છે. કારણ કે કેવળજ્ઞાનમાં

વિશ્વના સમસ્ત પદાર્થોની ત્રિકાળવર્તી સમસ્ત પર્યાયોનું કેવળજ્ઞાની જીવોને યુગપત્ જ્ઞાન કરાવવાનું સામર્થ્ય જૈન સંસ્કૃતિ દ્વારા સ્વીકારવામાં આવ્યું છે. તે જ આધારે એ વાત પણ અમે માનીએ છીએ કે પ્રત્યેક કાર્યની ઉત્પત્તિ તે જ કાળે થાય છે, જે કાળે તેની તે ઉત્પત્તિનું થવું કેવળજ્ઞાની જીવના કેવળજ્ઞાનમાં પ્રતિભાસિત થઈ રહ્યું છે.'

## ૨. કેવળજ્ઞાન જ્ઞાપક છે, કારક નથી.

સાથોસાથ ઉક્ત તથ્યની સ્વીકૃતિ પછી બીજા પક્ષ તરફથી જે આ ભાવ વ્યક્ત કરવામાં આવ્યો છે કે- 'પરંતુ કોઈ પણ કાર્યની ઉત્પત્તિ જે કાળે થાય છે તે કાળે તે એ આધારે નથી થતી કે તે કાળે તે કાર્યની તે ઉત્પત્તિનું થવું કેવળજ્ઞાનીના જ્ઞાનમાં પ્રતિભાસિત થઈ રહ્યું છે; કારણ કે વસ્તુની જે કાળે જેવી અવસ્થા થાય તે અવસ્થાને જાણવા માત્ર કેવળજ્ઞાનનું કાર્ય છે. તે કાર્યનું થવું કેવળજ્ઞાનનું કાર્ય નથી.'

આ કથન પણ આગમ પરંપરાને અનુરૂપ હોવાથી સ્વીકારવા યોગ્ય છે, પરંતુ બીજા પક્ષના આ કથનમાં આટલું વધારે જોડી દેવા અમે ઇચ્છીએ છીએ કે-- 'જેવી રીતે જે કાળે જે કાર્ય થાય છે તેને કેવળજ્ઞાન જેમનું તેમ જાણે છે; તેવી જ રીતે તેની કારક સામગ્રીને પણ તે જાણે છે.'

કેવળજ્ઞાન કોઈ કાર્યના કારક ન હોતાં જ્ઞાપક માત્ર છે આમાં કોઈને વિવાદ નથી."[1]

આ ઉલ્લેખથી એ તો સિદ્ધ થઈ જ જાય છે કે પ્રત્યેક કાર્ય સ્વકાળે જ થાય છે—આ એક સર્વમાન્ય તથ્ય છે.

હવે રહી વાત અનેકાન્તની તો ભાઈ! અનેકાન્ત વસ્તુના સ્વરૂપમાં સહેજે ઘટિત થાય છે, તેને ઘટિત કરવા માટે વસ્તુ-સ્વરૂપને પરાણે વિકૃત કરવાની આવશ્યતા નથી.

'પર્યાયો ક્રમબદ્ધ જ થાય છે, અક્રમે નહીં; અને ગુણ

૧. જયપુર (ખાનિયા) તત્ત્વચર્ચા, પ્રથમ ભાગ, પૃષ્ઠ ૨૪૯

અક્રમે જ હોય છે, ક્રમથી નહીં.' --આ વિધિ નિષેધપરક સમ્યક્ અનેકાન્ત છે. એને જ વધારે સ્પષ્ટ કરીએ તો ગુણોની અપેક્ષાએ દ્રવ્ય અક્રમ (યુગપત્) છે અને પર્યાયોની અપેક્ષાએ ક્રમબદ્ધ.

આ પ્રમાણે ગુણ-પર્યાયાત્મક વસ્તુમાં ક્રમ-અક્રમ સંબંધી અનેકાન્ત ઘટિત થાય છે.

જેમ કે આત્મખ્યાતિમાં અમૃતચન્દ્ર આચાર્ય લખે છે:-

"क्रमाक्रमप्रवृत्तविचित्रभावस्वभावत्वादुत्संगितगुणपर्यायः।[1]

અને તે સમય (આત્મા અથવા કોઈ પણ દ્રવ્ય) ક્રમરૂપ (પર્યાય) અને અક્રમરૂપ (ગુણ) પ્રવર્તમાન અનેક ભાવ જેનો સ્વભાવ હોવાથી જેણે ગુણ-પર્યાયોને અંગીકાર કર્યા છે—એવો છે."

અહીં વસ્તુને ગુણ-પર્યાયાત્મક કહી છે તથા ગુણોનો સ્વભાવ ક્રમ અને પર્યાયોનો સ્વભાવ ક્રમવર્તી કહ્યો છે.

જો પર્યાયોમાં જ ક્રમ-અક્રમ ઘટિત કરવું ઇષ્ટ હોય તો તે અપેક્ષા બીજી હોય.

પ્રત્યેક દ્રવ્યમાં અનંત ગુણ છે અને પ્રત્યેક ગુણની પ્રતિ સમય એક પર્યાય થાય છે; આ અપેક્ષાએ પ્રત્યેક દ્રવ્યમાં એક સમયમાં જ અક્રમ અર્થાત્ એકી સાથે અનંત પર્યાયો થઈ જાય છે. તથા એક ગુણની અનંત સમયોમાં અનંત પર્યાયો થાય છે, તે ક્રમશ: એક-એક સમયમાં એક-એક જ થાય છે.

આ રીતે પર્યાયોને પણ ક્રમ-અક્રમ કહી શકાય છે. પણ ધ્યાન રાખવાનું કે આ અપેક્ષાએ ક્રમ-અક્રમ માની લેવા છતાં પણ 'ક્રમબદ્ધપર્યાય'માં ચર્ચિત પર્યાયોની ક્રમનિયમિતતા ઉપર કોઇ પ્રભાવ પડતો નથી.

આ પ્રકારનું કથન તત્ત્વાર્થરાજવાર્તિકમાં આવે છે, કે જે આ પ્રમાણે છે:-

---

૧. સમયસાર, ગાથા ૨ ની ટીકા

"स च पर्यायो युगपद्वृतः क्रमवृत्तो वा। सहवृतो जीवस्य पर्यायः अविरोधात् सहावस्थायी सहवृत्तेः गतीन्द्रियकाययोगवेदकषाय-ज्ञानसंयमादिः। क्रमवर्ती तु क्रोधादि देवादि-बाल्याद्यवस्था-लक्षणः।[1]

અને તે પર્યાય યુગપત્ પણ હોય છે અને ક્રમવર્તી પણ હોય છે. અવિરોધપણે એક સાથે રહેવાવાળી જીવની પર્યાય એક સાથે હોવાને કારણે ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, અને સયંમ આદિ સહાવસ્થાયી પર્યાય છે તથા ક્રોધાદિ, દેવાદિ અને બાળાદિ અવસ્થાલક્ષણ ક્રમવર્તી પર્યાય છે."

'ક્રમ' અને 'અક્રમ' શબ્દોના અર્થ બે પ્રકારે કરવામાં આવે છે. પ્રથમ તો એ કે ક્રમ એટલે ક્રમશઃ અર્થાત્ એક પછી એક અને અક્રમ એટલે યુગપત્ અર્થાત્ એક સાથે. બીજો એ—ક્રમ એટલે એક પછી એક અને તે પણ નિશ્ચિત એકદમ વ્યવસ્થિત તથા એ રૂપે કે 'આના પછી એ જ, બીજું નહીં.' અક્રમ એટલે અવ્યવસ્થિત, કાંઈ પણ નિશ્ચિત નહીં, ચાહે એના પછી ચાહે તે.

ઉક્ત બન્ને અર્થોમાં પ્રથમ અર્થ અનુસાર જ પર્યાયોમાં ક્રમ–અક્રમ બન્ને અપેક્ષાઓ ઘટિત થાય છે જ્યારે પ્રસ્તુત અનુશીલનમાં દ્વિતીય અર્થની અપેક્ષાએ ક્રમબદ્ધપર્યાયનું અનુશીલન કરવામાં આવ્યું છે, તે પ્રમાણે પર્યાયો એક નિશ્ચિત ક્રમાનુસાર જ થાય છે, અક્રમે નહીં—આવું સમ્યક્ એકાન્ત ફલિત થાય છે, કે જે સ્યાદ્વાદી જૈનદર્શનને ઇષ્ટ જ છે.

સમ્યક્ અને મિથ્યાના ભેદથી એકાન્ત પણ બે પ્રકારના હોય છે અને અનેકાન્ત પણ બે પ્રકારના, જેની ચર્ચા 'ક્રમબદ્ધ-પર્યાય: એક અનુશીલન'માં વિસ્તારથી કરી આવ્યા છીએ. એ પણ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે જૈનદર્શન સમ્યક્ એકાન્તવાદી અને સમ્યક્ અનેકાન્તવાદી દર્શન છે.

સમ્યક્ અનેકાન્ત દ્રવ્ય–પર્યાયાત્મક વસ્તુ ઉપર ઘટિત થાય છે અને સમ્યક્ એકાન્ત દ્રવ્યપર્યાયાત્મક વસ્તુના એક અંશ અર્થાત્

૧. તત્ત્વાર્થવાર્તિક, અધ્યાય ૪, સૂત્ર ૪૨, પૃષ્ઠ ૨૫૯

દ્રવ્ય કે પર્યાય ઉપર ઘટિત થાય છે.

અહીં જો કે પર્યાયની ચર્ચા છે, તેથી તેના ઉપર સમ્યક્ એકાન્ત જ ઘટિત થાય છે. પર્યાયો ક્રમબદ્ધ જ હોય છે, એ સમ્યક્ એકાન્ત છે અને ગુણ અક્રમબદ્ધ (યુગપદ્) જ હોય છે- એ પણ સમ્યક્ એકાન્ત છે.

ગુણ અને પર્યાય—બન્ને વસ્તુ (દ્રવ્ય)ના અંશ છે અને વસ્તુ અર્થાત્ દ્રવ્ય અંશી છે. નયરૂપ સમ્યક્ એકાન્ત અંશગ્રાહી હોય છે અને પ્રમાણરૂપ સમ્યક્ અનેકાન્ત અંશીગ્રાહી અર્થાત્ વસ્તુગ્રાહી હોય છે. ગુણ અને પર્યાય વસ્તુના અંશો છે, તેથી તે સમ્યક્ એકાન્તસ્વરૂપ છે અને ગુણ-પર્યાયાત્મક વસ્તુ અંશી હોવાથી અનેકાન્તસ્વરૂપ છે.

અક્રમવર્તી ગુણ અને ક્રમવર્તી પર્યાય—આ રીતે ગુણપર્યાયાત્મક વસ્તુમાં અનેકાન્ત ઘટિત થાય છે.

આમ તો એક અપેક્ષાએ અમે ઉપર પર્યાયોમાં પણ ક્રમાક્રમ ઘટાવી આવ્યા છીએ અને એ પણ બતાવી આવ્યા છીએ કે અકલંકદેવે આવો પ્રયોગ કર્યો છે, છતાં પણ જો આપ આ જ અપેક્ષાએ એકલી પર્યાયમાં ક્રમાક્રમ ઘટાવવાની હઠ કરશો તો પછી અમે આપને એમ પણ કહી શકીએ કે એકલી પર્યાયમાં આપ નિત્યાનિત્યાત્મક અનેકાન્ત પણ ઘટાવો અથવા એકલા પર્યાય રહિત દ્રવ્યમાં જ નિત્યાનિત્યાત્મક અનેકાન્ત ઘટાવી બતાવો.

આખરે નિત્યાનિત્યાત્મક અનેકાન્ત પણ ગુણ-પર્યાયાત્મક વસ્તુમાં જ ઘટિત થાય છે, એકલી પર્યાયમાં નહીં, એકલા દ્રવ્યમાં પણ નહિ.

જેમ-વસ્તુ દ્રવ્યદૃષ્ટિથી નિત્ય છે અને પર્યાયદૃષ્ટિથી અનિત્ય. શું પર્યાય રહિત એકલા દ્રવ્યમાં અથવા એકલી પર્યાયમાં નિત્યાનિત્યાત્મકતા ઘટી શકે છે? ના, તો પછી ક્રમાક્રમને પણ એકલા દ્રવ્ય અથવા એકલી પર્યાયમાં ઘટાવવાની હઠ શા માટે? ક્રમાક્રમનું અનેકાન્ત પણ ગુણ-પર્યાયાત્મક વસ્તુમાં જ ઘટિત થશે.

અનેકાન્તનું સાચું સ્વરૂપ સમજ્યા વિના ગમે ત્યાં ઊલટું-સીધું અનેકાન્ત લગાવી દેવું એ સારી વાત નથી. અનેકાન્તને ઘટાવવા પહેલાં તેનું સાચું સ્વરૂપ સમજી લેવું જોઈએ.[1]

(૧૪) પ્રશ્ન :– અકાળમૃત્યુના સંદર્ભમાં આપે જ ઘડાના પાણી અને અપરાધીના જેલમાંથી છૂટવા આદિનું ઉદાહરણ આપીને એ બતાવ્યું હતું કે કેવળીના જ્ઞાન અનુસાર તો મરણાદિ કાર્ય સ્વકાળે જ થાય છે પરંતુ જ્યોતિષ આદિ ક્ષયોપશમ જ્ઞાન અનુસાર જે કાંઈ મરણાદિ સંબંધી ભવિષ્ય બતાવવામાં આવે છે તેમાં આયુષ્યના અપકર્ષણ આદિ દ્વારા ફેરફાર પણ થઈ જાય છે.

આથી તો એમ લાગે છે કે કેવળીના જ્ઞાનાનુસાર પર્યાયો ક્રમબદ્ધ અને આપણા જ્ઞાનાનુસાર અક્રમબદ્ધ થાય છે?

ઉત્તર :– ઉક્ત ઉદાહરણોથી તો એમ સિદ્ધ કરવામાં આવ્યું હતું કે મરણાદિ પ્રત્યેક કાર્ય (પર્યાય) થાય છે તો સ્વકાળમાં જ, પણ તેનું કથન બે પ્રકારે થાય છે; એમ નહોતું બતાવ્યું કે કેટલીક પર્યાયો સ્વકાળે થાય છે અને કેટલીક અકાળે પણ થઈ જાય છે.

આયુષ્ય કર્મની સ્થિતિના અપકર્ષણાદિ વિના આયુષ્ય કર્મની સ્થિતિ પૂર્ણ થયા પછી થનાર મરણને કાળમરણ અને આયુષ્ય કર્મની સ્થિતિના અપકર્ષણાદિથી થનાર મરણને અકાળમરણ કહેવામાં આવે છે.

અકાળમરણનો આશય સ્વકાળ વિના થનાર મરણ એવો નથી, પરંતુ આયુષ્યકર્મના અપકર્ષણાદિથી થનાર મરણનો છે. આયુષ્યના અપકર્ષણાદિના કારણે અકાળમરણ તેની સંજ્ઞામાત્ર છે. વાસ્તવમાં તો પ્રત્યેક કાર્ય સ્વકાળે જ થાય છે.

મોક્ષ અને સમ્યક્ત્વરૂપી કાર્યના સંબંધમાં કળશ ટીકાકાર પાંડે રાજમલજી લખે છે :–

---

૧. અનેકાન્તની વિસ્તૃત જાણકારી માટે લેખકની અન્ય કૃતિ 'અનેકાન્ત અને સ્યાદ્વાદ' જુઓ.

આ જીવ આટલો કાળ વીત્યા પછી મોક્ષે જશે-આવી નોંધ કેવળજ્ઞાનમાં છે. ...જો કે સમ્યકત્વરૂપ જીવદ્રવ્ય પરિણમે છે તો પણ કાળલબ્ધિ વિના કરોડ ઉપાય કરવામાં આવે તો પણ જીવ સમ્યકત્વરૂપ પરિણમન યોગ્ય નથી."

કોઈ પણ ઘટના નવીન ઘટતી નથી, પરંતુ તે પહેલાથી જ સ્થિત છે, નિશ્ચિત છે; તે તો માત્ર સ્વકાળે પ્રગટ થાય છે. આ જાતનો ભાવ સાપેક્ષવાદના પ્રબળ પ્રચારક પ્રસિદ્ધ વૈજ્ઞાનિક આઇન્સ્ટીને ( Einstein ) પણ વ્યક્ત કર્યો છે. જે આ રીતે છે :-

Events do not happen, they already exist and are seen on the time-machine.

ઘટનાઓ બનતી નથી; તે પહેલેથી જ વિદ્યમાન છે, તથા કાળચક્ર ઉપર દેખાય છે."

( ૧૫ ) પ્રશ્ન :- શાસ્ત્રોમાં એક અકાળનય પણ આવે છે ને ? કાળનયે કાર્ય સ્વકાળમાં થાય છે અને અકાળનયે અકાળમાં પણ થઈ જાય છે—એમ માનીએ તો શી આપત્તિ છે ?

ઉત્તર :- અકાળનયનો અર્થ એ નથી કે કાર્ય સ્વસમયમાં ન થતાં અસમયમાં થઈ જાય છે. કાર્ય તો પાંચે સમવાયો મળતાં જ થાય છે, પણ જ્યારે એક કારણને મુખ્ય કરીને કથન થાય છે ત્યારે અન્ય કારણ ગૌણ રહે છે, તેમનો અભાવ થતો નથી. જેમ -નિસર્ગજ સમ્યગ્દર્શન પણ દેશનાલબ્ધિ વિના થતું નથી અને અધિગમજ સમ્યગ્દર્શન પણ સ્વભાવના આશ્રયે જ થાય છે, છતાં પણ જેમાં ઉપદેશની મુખ્યતા હોય છે તેને અધિગમજ અને જેમાં ઉપદેશનો પ્રસંગ પ્રત્યક્ષ દેખાતો નથી તેને નિસર્ગજ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

તે જ પ્રમાણે જે કાર્યની ઉત્પત્તિમાં કાળ સિવાયના પુરુષાર્થાદિ અન્ય સમવાય મુખ્ય દેખાય છે, તેને અકાળનયનો વિષય કહે છે તથા જેમાં કાળની પ્રમુખતા દેખાય છે, તેને

કાળનયનો વિષય કહેવામાં આવે છે. આને જ આ રીતે વ્યક્ત કરવામાં આવે છે કે કાળનયે સ્વકાળમાં કાર્ય થાય છે અને અકાળનયે અકાળમાં.

આ કથનનું તાત્પર્ય એ કદાપિ નથી કે કાર્ય સમય પહેલાં થઈ ગયું.

(૧૬) પ્રશ્ન :– પ્રવચનસારમાં જ્યાં કાળનય અને અકાળનયનું કથન છે, ત્યાં તો કેરીનુ ઉદાહરણ આપીને સાફ-સાફ લખ્યું છે :–

"કાળનયે આત્મદ્રવ્યની સિદ્ધિ સમય ઉપર આધાર રાખે છે, ગરમીના દિવસો પ્રમાણે પાકનાર કેરીની જેમ અને અકાળનયે આત્મદ્રવ્યની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી, કૃત્રિમ ગરમીથી પકાવેલ કેરીની જેમ."[1]

ઉત્તર :– લખ્યું તો ચોખ્ખું જ છે, પણ તેનો અર્થ શો છે? એ પણ વિચાર કર્યો કે નહિ? કૃત્રિમ ગરમીથી પકાવવામાં આવેલ કેરી સમય પહેલાં પાકી ગઈ—એ વાત ક્યાંથી આવી? શુ તમને એ ખબર હતી કે તે ક્યારે પાકવાની હતી? બની શકે કે તેના પાકવાનો કાળ તે જ હોય, કે જ્યારે તે પાકી છે; અને તેને પાકવાનું નિમિત્ત પણ કૃત્રિમ ગરમી જ હોય. તે ક્યારે અને કેવી રીતે પાકવાની છે તેના જ્ઞાન વિના; આપ કેવી રીતે કહી શકો કે તે સમય પહેલાં પાકી ગઈ છે?

પ્રત્યેક કાર્ય થવાનો કાળ જ નહિ, નિમિત્તાદિ બધા સમવાયો નિશ્ચિત છે અને બધાના મળવાથી જ કાર્ય થાય છે. તથા જ્યારે કાર્ય થવાનું હોય. છે અથવા જે કાર્ય થવાનું હોય છે ત્યારે તે બધાં કારણો (સમવાય) મળે જ મળે છે. એમ નથી હોતું કે કોઈ વાર કોઈ મળે અને કોઈ વાર કોઈ (બીજા) બધાં એક સાથે મળવાના કારણે જ તેમને સમવાય કહેવામાં આવે છે.

---

1 कालनयेन निदाघदिवसानुसारिपच्यमानसहकारफलवत्समयायत्तसिद्धिः ।
अकालनयेन कृत्रिमोष्मपाच्यमानसहकारफलवत्समयानायत्तसिद्धिः ॥
—પ્રવચનસાર, પરિશિષ્ટ, પૃષ્ઠ ૪૯૮

ડાળી ઉપર લાગેલી કેરીને પાકવામાં કૃત્રિમ ગરમી આદિ દેવાના પુરુષના પ્રયત્નાદિ જોવામાં આવ્યા નથી, તેથી જો કે કાળનયને મુખ્ય કરીને કાળલબ્ધિ આવતાં સ્વયં તે પાકી એમ કહેવામાં આવ્યું, તો પણ તેમાં ઋતુકૃત ગરમીનું નિમિત્ત પણ હતું જ. ઘાસમાં પકાવવામાં આવેલ કેરીમાં કૃત્રિમ ગરમી આપવારૂપ પુરુષનો પ્રયત્ન જોવામાં આવ્યો, તેથી કાળને ગૌણ કરીને અન્ય સમવાય જેવા કે પુરુષનો પ્રયત્નરૂપ પુરુષાર્થ, કૃત્રિમ ગરમીનું નિમિત્ત આદિ એકથી વધારે સમવાયની મુખ્યતાથી તેને અકાળનયની અપેક્ષાએ અકાળ અર્થાત્ કાળથી ભિન્ન અન્ય કારણોથી તે પાકી એમ કહેવામાં આવ્યું.

અહીં અકાળનો અર્થ અસમય અથવા સમય પહેલાં—એમ નથી, પરંતુ કાળલબ્ધિ સિવાયના અન્ય પુરુષાર્થાદિ સમવાયોનો સમુદાય છે. કાળનો અર્થ પણ સમય માત્ર નથી, પરંતુ કાળલબ્ધિ નામનો એક સમવાય છે. કાળ સિવાયના બાકીના ચાર સમવાયોને એક નામથી કહેવા હતા તો અકાળ સિવાય બીજું શું કહી શકાય ?

જેમ—જીવથી ભિન્ન પાંચ દ્રવ્યોને અજીવ કહેવામાં આવે છે; તેવી જ રીતે અહીં કાળ (કાળલબ્ધિ)થી ભિન્ન ચાર સમવાયોને અકાળ કહેવામાં આવેલ છે. તેથી 'કાળનયે'નો અર્થ છે—કાળલબ્ધિની અપેક્ષાએ કથન કરતાં અને 'અકાળનયે'નો અર્થ છે—કાળલબ્ધિ સિવાયના અન્ય પુરુષાર્થાદિ સમવાયોની અપેક્ષાએ કથન કરતાં.

વાત થોડી સૂક્ષ્મ છે, પણ સમજવા જેવી છે. એને સમજ્યા વિના એનું રહસ્ય સમજી શકવું સંભવિત નથી. સૂક્ષ્મ અવશ્ય છે, પણ સમજવામાં ન આવે—એવી નથી. તેથી જો ઉપયોગને સૂક્ષ્મ કરીને શ્રદ્ધાપૂર્વક સમજવાનો પ્રયત્ન કરવામાં આવે, તો સમજવામાં આવી શકે તેમ છે.

કાળનય અને અકાળનયનો 'ક્રમબદ્ધપર્યાય' સાથે કોઈ વિરોધ નથી, પરંતુ આ નય ક્રમબદ્ધપર્યાયના સાધક જ છે.

આ સંદર્ભમાં 'જયપુર (ખાનિયા) તત્ત્વચર્ચા'નું નીચે લખેલું કથન પણ વિચારવા જેવું છે:—

"વિચાર કરીને જોવામાં આવે તો કાળનયમાં કાળની વિવક્ષા છે અને અકાળનયમાં કાળને ગૌણ કરીને અન્ય હેતુઓની વિવક્ષા છે.

જ્યાં અન્ય હેતુઓને ગૌણ કરીને કાળની મુખ્યતાથી કાર્યને દૃષ્ટિપથમાં લેવામાં આવે છે, ત્યાં તે કાળનયનો વિષય થાય છે અને જ્યાં કાળને ગૌણ કરીને અન્ય વિવક્ષા અથવા પ્રયોગથી પ્રાપ્ત હેતુઓની મુખ્યતાથી કાર્ય દૃષ્ટિપથમાં લેવામાં આવે છે, ત્યાં તે અકાળનયનો વિષય થાય છે.

આ રીતે એક જ કાર્ય કાળનયનો પણ વિષય છે અને અકાળનયનો પણ. જો એમ ન માનવામાં આવે તો તેમને નયવચન કહેવું સંગત નહિ બને.

સ્પષ્ટ છે કે અમૃતચન્દ્રાચાર્યના ઉક્ત કથનથી કોઈ પર્યાય ક્રમનિયત હોય છે અને કોઈ પર્યાય ક્રમ-અનિયત હોય છે—એ ત્રણ કાળમાં સિદ્ધ નથી થતું. ઊલટું એનાથી એ જ સિદ્ધ થાય છે કે બધાં કાર્ય ક્રમનિયત હોવા છતાં પણ તે વિવક્ષાભેદથી કાળ અને અકાળ—આ બન્ને નયોના વિષય છે."[1]

(૧૭) પ્રશ્ન :- આ જાતના પ્રયોગ લોકમાં તો પ્રચલિત નથી?

ઉત્તર :- કેમ નથી? કાળ સિવાયના અન્ય સમવાયોને અકાળ કહેવા જેવા પ્રયોગ જિનવાણીમાં તો મળે જ છે, જેમ કે જીવ-અજીવવાળા ઉદાહરણથી સ્પષ્ટ છે, લોકમાં પણ એવા પ્રયોગ પ્રચલિત છે. 'અજૈન' શબ્દ પણ આપણે જૈન ધર્માવલંબીઓ સિવાયના અન્ય ધર્મવાળાઓ માટે વાપરીએ જ છીએ. અજૈનમાં હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી આદિ બધા આવી જાય છે. જ્યારે આપણે એમ કહીએ છીએ કે તે અજૈન છે ત્યારે તેનો અર્થ હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી આદિ કોઈ પણ હોઈ શકે છે.

૧. જયપુર (ખાનિયા) તત્ત્વચર્ચા, પુસ્તક ૧, ૩૫૧-૫૨

જ્યારે આપણે એમ કહીએ કે આ કામ અજૈનોના સહકારથી પૂરું થયું ત્યારે આપણા આશયમાં જૈનો સિવાયના અન્ય અનેક સંપ્રદાયવાળાઓની જ અપેક્ષા હોય છે. જો આપણને એમાં ક્યાંય કોઈ શંકા નથી પડતી તો અકાળનો અર્થ કાળ સિવાયના બીજા સમવાય એમ કરવામાં પણ આપત્તિ શા માટે?

અકાળનો આ અર્થ આજ સુધી આપણા ધ્યાનમાં ન આવ્યો તો એનો અર્થ એવો તો નથી કે તેનો આ અર્થ અનુચિત છે. આપણા ધ્યાનમાં તો ઘણી વાતો નથી, તેથી શું તે માત્ર એટલા માટે ખોટી છે કે તે આપણા જ્ઞાનમાં (આવી) નથી. વસ્તુની વ્યવસ્થા શું આપના તુચ્છ ક્ષયોપશમ જ્ઞાનના આધારે ચાલે છે?

શું આ વાત વિચારવા જેવી નથી? જો છે, તો પછી એક વાર ગંભીરતાથી વિચાર કરો. વિચાર કરવાથી બધું જ સ્પષ્ટ થઈ જશે.

(૧૮) પ્રશ્ન :- "બધું જ નિશ્ચિત છે, તેમાં ક્યાંય પણ કોઈ ફેરફાર કરી શકાતો નથી" -આમ માની લેવાથી આવેલી અથવા આવનારી વિપત્તિની ખબર પડતાં જ આખા જગતમાં ભયનું વાતાવરણ ફેલાઇ જશે; કેમ કે 'બધું જ નિશ્ચિત' અનુસાર તેને રોકવાનો પ્રયત્ન સંભવતો નથી.

જો કે 'બધું જ નિશ્ચિત' ન માનવાથી ભલે આપણે કરેલો કોઈ પ્રયત્ન સફળ ન થાય તો પણ સફળતાની સંભાવનાથી આશા તો રહ્યા કરે છે, નિરાશાનું વાતાવરણ તો ફેલાતું નથી.

કહેવત છે કે 'આશાથી આકાશ ટક્યું છે.' તાત્પર્ય એ છે કે આખો સંસાર આશાથી જ ચાલી રહ્યો છે; જો આશા ન રહે તો સંસારમાં રહેવું પણ મુશ્કેલ થઈ જશે અને કાર્યની સફળતા માટે કરવામાં આવેલા પ્રયત્નો પ્રત્યે ઉત્સાહ પણ નહિ રહે.

એક પક્ષી એક એક તણખલું ભેગું કરીને અથાક પરિશ્રમ કરીને એક માળો બનાવે છે અને તે નષ્ટ થતાં કે નષ્ટ કરવામાં આવતાં ફરીથી તે જ પ્રયત્નમાં જોડાઈ જાય છે. એનો એકમાત્ર

આધાર આશા જ રહે છે, નિરાશ વ્યક્તિ તો જીવનમાં કાંઈ પણ નથી કરી શકતી; કેમ કે તેનું તો મનોબળ જ તૂટી જાય છે.

મનોબળ તૂટ્યું, પછી તો બધું ય પૂરું થઈ ગયું જ સમજો; કારણ કે કહ્યું છે ને કે 'મનથી હાર્યા એટલે હાર અને મનથી જીત્યા એટલે જીત.'

તેથી ભલે પર્યાયો ક્રમબદ્ધ જ કેમ ન થતી હોય; છતાં પણ નિરાશાનું વાતાવરણ ન બને અને આપણાં હૃદયોમાં આશાનો સંચાર ટકી રહે—એ માટે 'ક્રમબદ્ધપર્યાય'નો સિદ્ધાંત ન સ્વીકારવો એ જ શ્રેયસ્કર છે?

ઉત્તર :– વસ્તુસ્વરૂપની સાચી સમજણથી ભયનું વાતાવરણ કેવી રીતે બની શકે? ભયનું વાતાવરણ તો અજ્ઞાન અને કષાયથી બને છે; ભય સ્વયં એક કષાય છે, પચીસ કષાયોમાં તેનું પણ નામ આવે છે.

આધ્યાત્મિક કવિ બુધજનજી તો કહે છે :—

હમકૌં કછુ ભય ના રે, જાન લિયો સંસાર.
જાકરિ જૈસે જાહિ સમયમેં, જો હોતબ જા દ્વાર;
સો બનિ હૈ ટરિ હૈ કછુ નાહીં, કરિ લીનોં નિરધાર.
હમકોં કછુ ભય ના રે. ૩

અહીં બુધજનજી પોતાની નિર્ભયતાનો આધાર તો 'ક્રમબદ્ધ-પર્યાય'ને બતાવી રહ્યા છે. તેઓ સ્પષ્ટ કહે છે કે અમને કોઈ ભય નથી રહ્યો; કેમ કે અમે સંસારની સાચી સ્થિતિ જાણી લીધી છે.

તે સાચી સ્થિતિ કઈ છે કે જેને જાણીને બુધજનજી નિર્ભય થઈ ગયા છે.

એ જ કે જે દ્રવ્યની, જે પર્યાય, જે સમયે, જેના દ્વારા, જેવી થવાની છે; તે જ દ્રવ્યની, તે જ પર્યાય, તે જ સમયમાં, તેના જ દ્વારા, તેવી જ થશે. તેમાં કોઈ ફેરફાર સંભવ નથી, તેમાં એક સમય પણ આગળ-પાછળ થઈ શકતો નથી–એ નિર્ધાર (પાકો નિર્ણય) તેમણે કરી લીધો છે અને એના જ આધારે તેઓ

નિર્ભય થઈ ગયા છે.

તેઓ સત્યના આધારે નિર્ભય થયા છે; એ કલ્પનાના આધારે નહિ કે પ્રયત્ન કરી જુઓ કદાચ કાંઈક ફેરફાર થઈ જાય. તેઓ કલ્પનાના લોકમાં વિચરણ કરનારા સામાન્ય મનુષ્ય નહોતા, તેઓ તો વસ્તુનું સત્ય સ્વરૂપ સમજીને નિર્ભય થનાર જ્ઞાની આત્મા હતા. અને વસ્તુસ્થિતિ પણ એ જ છે કે નિર્ભયતા સત્યના આધારે આવે છે, કલ્પનાના આધારે નહિ.

માની લ્યો કે જ્ઞાની અને અજ્ઞાની ક્યાંક એક સાથે બેઠા છે. સામે ખૂનખાર (લોહી પીનાર ભયંકર) નરભક્ષી સિંહ આવી ગયો. હવે ન તો ભાગવાનો અવસર રહ્યો છે કે ન કોઈ બીજો ઉપાય તેનાથી બચવાનો દેખાય છે. આ અવસરે જ્ઞાની તો ફક્ત સિદ્ધાન્તના આધારે ધૈર્ય ધારણ કરીને નિર્ભય રહેશે અને અજ્ઞાની ભયાક્રાન્ત થઈ જશે, જેમ-તેમ કાંઈ પણ કરવાનો અસફળ પ્રયત્ન કરશે; પણ તેનાથી કાંઈ થવાનું તો છે નહિ, થશે તો તે જ કે જે થવાનું છે.

સંભવ છે કે બન્નેય ભગવાનનું સ્મરણ કરવા લાગે, નમસ્કારમંત્ર રટવા લાગે, બન્નેય નિર્ભય દેખાય. જોનારાઓને બન્ને એક સરખા જ દેખાશે; જ્યારે તે બન્નેના ભાવોમાં મહાન અંતર છે. તે અંતર ઉપરથી નહિ દેખાય; કેમ કે તે તેમના હૃદયનું અંતર છે; બન્નેના ચિંતનના આધારનું અંતર છે. બન્નેની નિર્ભયતાનો આધાર જુદો-જુદો છે.

અજ્ઞાની વિચારે છે—હું નમસ્કારમંત્ર ભણી રહ્યો છું. ભગવાનનું સ્મરણ કરી રહ્યો છું-એના પ્રભાવથી હમણાં દેવ આવશે અને મને બચાવી લેશે, કારણ કે તેણે શાસ્ત્રોમાં આવી કેટલીય કથાઓ વાંચેલી છે; જેમાં એમ લખ્યું હતું કે કોઈ ધર્માત્મા સંકટમાં હતા, તેમણે નમસ્કારમંત્રનું સ્મરણ કર્યું અને દેવોએ તેની રક્ષા કરી લીધી. તેના જ આધારે તે પણ આશા રાખીને બેઠો છે, જોર-જોરથી નમસ્કારમંત્રનું ઉચ્ચારણ કરી રહ્યો છે, ઉપરથી નિર્ભય દેખાય છે, પણ અંદરથી ભયાક્રાન્ત છે; કેમ કે તેને એનો પણ પાકો વિશ્વાસ નથી કે દેવ આવશે જ. જો ન આવ્યા તો...એ કલ્પના જ તેને હલાવી રહી છે. જો કોઈ

બીજો ઉપાય દેખાત તો તે નિશ્ચિતપણે નમસ્કારમંત્રના ભરોસે બેઠો ન રહેત, જાન જોખમમાં ન નાખત. તેને નમસ્કારમંત્ર ઉપર પણ પાકો ભરોસો નથી, તેના ઉપર વિશ્વાસ કરવો એ તેની લાચારી છે, તેથી નિર્ભય રહી શક્યો નથી.

નમસ્કારમંત્રનું રટણ કરવાથી કોઈવાર ધર્માત્માની રક્ષા કરવા માટે દેવો આવ્યા હતા—એ પૌરાણિક કથા સત્ય હોઈ શકે છે, એમાં શંકા કરવાની કોઈ જરૂર નથી, પણ એથી એ નિયમ ક્યાં સિદ્ધ થાય છે કે જ્યારે જ્યારે કોઈ સંકટમાં પડશે અને તે નમસ્કારમંત્ર બોલશે; ત્યારે-ત્યારે દેવો આવશે જ, અતિશય થશે જ.

શાસ્ત્રોમાં તો માત્ર જે બન્યું હતું, તે ઘટનાનો ઉલ્લેખ છે. તેમાં એ ક્યાં લખ્યું છે—આમ કરવાથી આમ થાય જ છે; એ તો એણે પોતાની તરફથી સમજી લીધું છે; પોતાની આ સમજણ ઉપર પણ એને વિશ્વાસ ક્યાં છે? હોત તો વ્યાકુળ કેમ થાત, ભયાક્રાન્ત કેમ થાત?

જ્ઞાની પણ નમસ્કારમંત્ર ભણી રહ્યા છે, શાન્ત પણ છે; પણ તેની શાન્તિનો આધાર નમસ્કારમંત્ર ઉપરનો એ ભરોસો નથી કે અમને બચાવવા કોઈ દેવ આવશે. નમસ્કારમંત્ર તો તે સહજ અશુભ ભાવથી તથા આકુળતાથી બચવા માટે બોલે છે. તેની નિર્ભયતાનો આધાર તો 'ક્રમબદ્ધપર્યાય'ની પોષક આ જ પંક્તિઓ છે કે :-

હમકોં કછુ ભય ના રે..........

તે એ આશાથી નિર્ભય નથી કે દેવ બચાવી લેશે; આ આધારે નિર્ભય છે કે મરવાનો હોઈશ તો મરીશ જ; કોઈ બચાવી નહિ શકે અને નહીં મરવાનો હોઉં તો કોઈ મારી નહિ શકે. મરવાનો સમય આવી ગયો હશે તો કોઈ ટાળી નહિ શકે અને નહિ આવ્યો હોય તો જબરદસ્તીથી કોઈ લાવી નહિ શકે. જો આ જ નિમિત્તે મરવાનું હશે તો કોઈ બદલી નહિ શકે એને આ નિમિત્તે નહિ મરવાનું હોય તો કોઈ મારી નહિ શકે.

તેણે તો દ્રવ્યસ્વભાવની જેમ પર્યાયસ્વભાવને પણ સારી રીતે જાણી લીધો છે. 'જાન લિયો સંસાર'નો એ જ ભાવ છે. તેના જ આધારે તે નિશ્ચિંત છે.

ન તો તેને દ્રવ્યસ્વભાવમાં પરિવર્તનની કોઈ ઇચ્છા છે કે ન પર્યાયોના પરિવર્તનમાં ડખલ કરવાનો કોઈ આગ્રહ છે. થોડી ઘણી વ્યાકુળતા પણ દેખાય, તો સમજવું જોઈએ કે આ ચારિત્રની કમજોરી છે, શ્રદ્ધાનનો દોષ નથી; કેમ કે તેની શ્રદ્ધા તો નિર્દોષ દ્રવ્યસ્વભાવનો આશ્રય લઈને પૂર્ણ નિર્દોષ થઈ ગઈ છે.

બીજું જૂઠી આશા ટકાવી રાખવા માટે આપ સત્યના અસ્વીકારનો મહાનતમ અપરાધ શા માટે કરવા ઇચ્છો છો? અને આશા પણ દુઃખ જ છે, આશા રાખીને આજ સુધી ન કોઈ સુખી થયા છે અને ન તો થઈ શકે છે. વિશેષ વાત તો એ છે કે એની પૂર્તિ પણ સંભવ નથી.

ગુણભદ્રાચાર્ય તો ત્યાંસુધી લખે છે :–

"आशागर्तः प्रतिप्राणि यस्मिन् विश्वमणूपमम् ।
कस्य किं कियदायाति वृथा वो विषयैषिता ॥३६॥

પ્રત્યેક પ્રાણીને એટલો મોટો આશારૂપી ખાડો છે કે તેની પૂર્તિ માટે આખું વિશ્વ પણ અણુ સમાન છે અર્થાત્ નહીં બરાબર છે, ઊંટના મોઢામાં જીરા સમાન છે. વળી જીવ પણ અનંત છે અને પ્રત્યેકની આવી જ ઇચ્છાઓ છે; આશાઓ છે; જો આ વિશ્વની વહેંચણી કરવામાં આવે તો કોના ભાગમાં કેટલું આવે? તેથી આશારૂપી ખાડાની પૂર્તિ તો સંભવિત નથી, તેની આશા કરવી પણ વૃથા છે. સુખી થવાનો એકમાત્ર ઉપાય આશાનો અભાવ કરવો તે જ છે."[૧]

આશાના અભાવમાં નિરાશા શા માટે, અનાશા થશે;

---

૧. આત્માનુશાસનમ, શ્લોક ૩૬

આશાની જેમ નિરાશા પણ દુઃખસ્વરૂપ છે, પણ આશાના અભાવમાં થનારી અનાશા સુખસ્વરૂપ છે.

તથા આપે એમ કહ્યું કે આશાના અભાવમાં સંસારમાં રહેવું મુશ્કેલ થઈ જશે; તો જ્ઞાની તો એ જ ઇચ્છે છે કે સંસારમાં રહેવાનું મુશ્કેલ થઈ જાય. તેમને સંસારમાં રહેવું જ ક્યાં છે? તેઓ તો સંસારનો અભાવ કરીને મોક્ષ પ્રાપ્ત કરવા ઇચ્છે છે; તેથી તેમને તો આ વાત ઇષ્ટ જ છે.

સંસારનાં કાર્યોમાં ઉત્સાહ નહિ રહે; તો એ પણ સારું જ છે. આ આત્મા સંસાર તરફ નિરુત્સાહી થઇને મોક્ષના માર્ગે ઉત્સાહી થાય, મોક્ષના માર્ગે લાગે—એ જ તો ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાનું સાચું ફળ છે. જો આમ થતું હોય તો શું બૂરું થાય છે?

મનોબળ તૂટે છે તો તૂટી જવા દો, આત્મબળ જાગશે. સાંસારિક કાર્યોમાં લાગેલું મનોબળ તૂટ્યા વિના આત્મબળ જાગૃત પણ થતું નથી. સંસારમાં કોઈ ગરબડ ન થઈ જાય—એ ભયથી પર્યાયોની ક્રમનિયમિતતાના સત્યનો સ્વીકાર કરવાનો ઇન્કાર શા માટે કરો છો?

ભાઈ! કોઈ ભય કે આશંકાથી આ મહાન સત્યને સ્વીકારવાનો ઇન્કાર ન કરો. ચક્રવર્તીની કન્યાનું માગું આવ્યું છે; ચક્રવર્તીની સુંદર કન્યા તારા ગળામાં વરમાળા નાખવા ઇચ્છે છે; ના ન પાડ! આ મહાન્ સૌભાગ્યનો અવસર છે, એને ચૂક નહિ, નહીં તો પસ્તાવું પડશે. બધા પ્રકારની અશુભ આશંકાઓથી વિરામ પામ અને એક વાર ગંભીરતાથી વિચાર કરીને આ મહાન સત્યનો સ્વીકાર કરી લે; એમાં અમારો કોઈ સ્વાર્થ નથી; તારું જ ભલું છે. તારા ભલા માટે જ આ વાત કરી રહ્યા છીએ.

અત્યારે આ જાતનો ભાવ છે, તેથી કહીએ પણ છીએ; જો કાલે આ જાતનો ભાવ પણ ન રહ્યો તો કોણ જાણે પછી કોઈ કહેનાર મળશે કે નહિ પણ મળે.

(૧૯) પ્રશ્ન :- જો બધું જ ક્રમબદ્ધ છે, તો આપ નકામા હેરાન શા માટે થઈ રહ્યા છો? જ્યારે અમારી સમજણમાં આવવાનું હશે ત્યારે આવી જશે અને જો નહિ આવવાનું હોય, તો નહીં આવે; આપ આટલા અધીરા શા માટે થઈ રહ્યા છો? બળાત્કારે અમારા માથે એને લાદવા શા માટે ઇચ્છો છો?

ઉત્તર :- 'અમે શા માટે હેરાન થઈ રહ્યા છીએ; આટલા અધીરા શા માટે થઈ રહ્યા છીએ?' આપનું આ સંબોધન પણ બરાબર જ છે. અમે આપને માટે નહીં, અમારા રાગના કારણે અધીરા થઈ રહ્યા છીએ. અમે પણ ઇચ્છીએ છીએ કે અમે પણ જગતની ચિંતામાં નકામા જ અધીર ન થઇએ; પણ અમે શું કરીએ? અમને આ રાગ આવી જ જાય છે, આવ્યા વિના રહેતો નથી, અને આ ભૂમિકામાં એ અનુચિત પણ નથી. વીતરાગી ભાવલિંગી મુનિરાજોને પણ આ પ્રકારનો રાગ આવ્યા વિના રહેતો નથી, અન્યથા પરમાગમોની રચના પણ કેવી રીતે થાત? પણ એનો અર્થ એ નથી કે એ સારો છે. છેવટે છે તો રાગ જ, છે તો અધીરતા અને આકુળતાનો ઉત્પાદક જ. ઉત્પાદક શું, સ્વયં આકુળતારૂપ જ છે.

મુનિરાજોની પેઠે અમને પણ એ રાગ આવ્યા વિના રહેતો નથી કે જે સત્ય અમે સમજ્યા છીએ, જેનાથી અમને અનંત શાન્તિ મળી છે; તે સત્યને આખું જગત સમજે અને સમસ્ત વિશ્વને પણ આ અભૂતપૂર્વ શાન્તિ મળે.

(૨૦) પ્રશ્ન :- આપની ભાવના તો સારી છે, પણ આપની વાત કોઈ ન માને તો આપ શું કરશો?

ઉત્તર :- કરીએ શું? કાંઈ નહીં. અમે 'પર'માં કરી પણ શું શકીએ છીએ? પર્યાયોમાં ફેરફાર કરવાની બુદ્ધિથી વ્યાકુળ જગતને જોઈને કરુણા આવે છે. તેથી જે કાંઈ જાણીએ છીએ -બોલવા લાગીએ છીએ, લખવા લાગીએ છીએ; જેમનુ હોનહાર ભલું હોય છે, તેઓ સાંભળે છે, સમજે છે, સ્વીકાર પણ કરે છે,

સુખી પણ થાય છે, શાન્ત પણ થાય છે; અને જે લોકો નથી સાંભળતા, નથી વાંચતા, નથી વિચારતા, નથી સ્વીકારતા; તેમનું હોનહાર જ એવું છે—એમ જાણીને અમે પણ સંતોષ ધારણ કરીએ છીએ.

એ જ રસ્તો તો બતાવ્યો છે; આપણા શ્રદ્ધાસ્પદ મહાપંડિત ટોડરમલજીએ. તેમના જ શબ્દોમાં:—

'જેમ મહાન દરિદ્રીને અવલોકનમાત્ર ચિન્તામણિની પ્રાપ્તિ થાય અને તે અવલોકન ન કરે, તથા જેવી રીતે કોઢી મનુષ્યને અમૃત-પાન કરાવે અને તે ન કરે; તેવી જ રીતે સંસાર પીડિત જીવને સુગમ મોક્ષમાર્ગના ઉપદેશનું નિમિત્ત બને અને તે અભ્યાસ ન કરે તો તેના અભાગ્યનો મહિમા અમારાથી તો થઈ નથી શકતો; તેના હોનહારનો જ વિચાર કરતાં પોતાને સમતા આવે છે."[1]

સ્વભાવદૃષ્ટિથી પ્રાપ્ત થતા આ પર્યાયગત મહાન સત્યને જાણીને, માનીને બધા આત્માઓ અનંતસુખી અને શાન્ત થાય-એ પવિત્ર ભાવનાની સાથે વિરામ લઉં છું.

---

૧. મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૩

પરિશિષ્ટ ૧

# ક્રમબદ્ધપર્યાય :
# પૂ. કાનજીસ્વામી સાથે એક મુલાકાત

આજના ખૂબ ચર્ચાયેલા વિષય 'ક્રમબદ્ધપર્યાય'ના સંબંધમાં વિક્રમની એકવીસમી સદીમાં ક્રમબદ્ધની ચર્ચાની શરૂઆત કરનાર પૂ. શ્રી કાનજીસ્વામીની તેમની જ જન્મજયન્તીના અવસરે તા. ૨૮-૪-૭૯ના દિવસે મુંબઈમાં સાંજની તત્ત્વચર્ચાના સમયે હજારો મુમુક્ષુ ભાઈબહેનોની હાજરીમાં આત્મધર્મના સંપાદકે (આ પુસ્તકના લેખકે) લીધેલી મુલાકાતની વિગત અહીં રજુ કરવામાં આવી છે.

'ક્રમબદ્ધપર્યાય' ઉપર થયેલાં સ્વામીજીનાં પ્રવચનો જો કે 'જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ' નામથી પ્રકાશિત થઈ ગયાં છે; તો પણ તેમના તાજા વિચાર સમાજને પ્રાપ્ત થાય—એ જ ઉદ્દેશ્ય આ મુલાકાત લેવા પાછળ છે.

"ધર્મનું મૂળ સર્વજ્ઞ છે, ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થયા વિના સર્વજ્ઞનો નિર્ણય થઈ શકતો નથી. ધર્મનો આરંભ જ ક્રમબદ્ધના નિર્ણયથી થાય છે. એનો નિર્ણય કરવો બહુ જરૂરી છે."

જ્યારે પૂ. કાનજીસ્વામીને કહેવામાં આવ્યું કે "આત્મધર્મના સંપાદકીય લેખમાં 'ક્રમબદ્ધપર્યાય'ના સંબંધમાં અમે એક લેખમાળા લખી રહ્યા છીએ, અને તેને પાછીથી પુસ્તકાકારે પણ પ્રકાશિત કરવામાં આવશે. આપે આ યુગમાં 'ક્રમબદ્ધપર્યાય'નું એક પ્રકારે ઉદ્ઘાટન જ કર્યું છે. તેના સંબંધમાં ઉત્પન્ન થતી અનેક શંકા-આશંકાઓના સંબંધમાં આપના તાજા વિચાર પાઠકોને પહોંચાડવા એ ઘણું ઉપયોગી બનશે. જો આપની અનુમતિ હોય તો આપને કેટલીક વાતો પૂછું?" ત્યારે તેમણે ઉપરોક્ત શબ્દો કહ્યા.

તેઓ પોતાની વાતનો આરંભ કરતાં બોલ્યા- "ભાઈ! તમારે જે પૂછવું હોય તે પૂછો, અમે ક્યારે ના પાડીએ છીએ? સમજવા માટે જિજ્ઞાસાભાવથી પૂછનાર આત્માર્થીઓ માટે તો અમારા દરવાજા સદાય ખુલ્લા રહે છે. વાદ-વિવાદ કરનારાઓ માટે અમારી પાસે સમય નથી. વાદ-વિવાદમાં કોઈ સાર તો નીકળતો નથી. ચર્ચાને માટે તો કોઈ મનાઈ નથી.

પંડિત ટોડરમલજીએ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં લખ્યું છે કે –'સાધર્મીને તો પરસ્પર ચર્ચા જ જોઈએ?'

ક્રમબદ્ધપર્યાય ઉપર લખીને તમે સારું જ કરી રહ્યા છો. ઓછામાં ઓછું લોકોનું ધ્યાન તો એ તરફ જશે. જેમનું ભવિષ્ય સારું હશે, તેમના મનમાં વાત ચોંટશે પણ. 'ધર્મનું મૂળ સર્વજ્ઞ છે,' ક્રમબદ્ધનો નિર્ણય થયા વિના સર્વજ્ઞનો નિર્ણય થઈ શકતો નથી. ધર્મનો આરંભ જ ક્રમબદ્ધપર્યાયના નિર્ણયથી થાય છે. એનો નિર્ણય કરવો બહુ જરૂરી છે."

પ્રશ્ન :- "આપ તો પર્યાય ઉપર દષ્ટિ રાખનારને પર્યાયમૂઢ કહો છો?"

ઉત્તર :- "અમે ક્યાં કહીએ છીએ, પ્રવચનસાર (ગાથા-૯૩)માં લખ્યું છે :-

**'पज्जयमूढा हि परसमया'**

પ્રશ્ન :- "ક્રમબદ્ધપર્યાય પણ એક પર્યાય જ છે, તો પછી તેનો નિર્ણય કરવો કેમ આવશ્યક છે?"

ઉત્તર :- "ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવો તો આવશ્યક છે, પણ તે દષ્ટિનો વિષય નથી.

એક બીજી વાત પણ ધ્યાનમાં રાખો કે પર્યાયનો નિર્ણય પર્યાયના આશ્રયે થતો નથી, પરંતુ દ્રવ્યના આશ્રયે થાય છે. જ્ઞાયકસ્વભાવના આશ્રયે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થાય છે. તેથી એમ કહેવામાં આવે છે કે—આશ્રય કરવા યોગ્ય એકમાત્ર પોતાનો જ્ઞાયકસ્વભાવ જ છે, પર્યાય આશ્રય કરવા યોગ્ય નથી."

પ્રશ્ન :- "તો પછી ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવો કે નહીં?"

ઉત્તર :- "નિર્ણય તો કરો, આશ્રય ન કરો. અમે આશ્રય કરવાનો નિષેધ કરીએ છીએ, તો તમે નિર્ણય કરવાનો નિષેધ કરવા લાગો છો? અમે તો એમ કહીએ છીએ કે જ્ઞાયકસ્વભાવના આશ્રયે ક્રમબદ્ધનો નિર્ણય થશે. તેથી ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવા માટે જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરો. જ્ઞાયકસ્વભાવના આશ્રયે ક્રમબદ્ધનો નિર્ણય સહેજે થઈ જશે. ક્રમબદ્ધનો નિર્ણય કરવાની જરૂર તો છે જ, આશ્રય કરવાની જરૂર નથી.

ક્રમબદ્ધનો નિર્ણય તો મહાપુરુષાર્થનું કાર્ય છે. તેનાથી આખી દૃષ્ટિ જ પલટાઈ જાય છે. એ કોઈ સામાન્ય વાત નથી. એ તો જૈનદર્શનનો મર્મ છે."

પ્રશ્ન :- "જો બધુંય ક્રમબદ્ધ જ છે તો પછી જ્યારે અમારી ક્રમબદ્ધપર્યાયમાં ક્રમબદ્ધનો નિર્ણય થવાનો હશે ત્યારે થઈ જશે. ત્યાર પહેલાં ક્રમબદ્ધપર્યાય અમારા સમજવામાં પણ કેવી રીતે આવી શકે? માની લ્યો કે ક્રમબદ્ધ અમારી સમજણમાં આવવામાં અનંત ભવ બાકી છે-તો અત્યારે કેવી રીતે આવી શકે?"

ઉત્તર :- "આ વાત કોના આશ્રયે કહો છો? શું તમને ક્રમબદ્ધનો નિર્ણય થઈ ગયો છે? ના, તો પછી એ કહેવાનો તમને શો અધિકાર છે? જેને ક્રમબદ્ધનો નિર્ણય થઈ જાય છે, તેને એવો પ્રશ્ન જ નથી ઊઠતો. ક્રમબદ્ધની શ્રદ્ધાવાળાને અનંત ભવ જ નથી હોતા. ક્રમબદ્ધની શ્રદ્ધા તો ભવનો અભાવ કરનારી છે. જેના અનંતભવ બાકી હોય તેની સમજણમાં ક્રમબદ્ધ આવી જ નથી શકતી; કેમ કે તેની દૃષ્ટિ જ્ઞાયક સન્મુખ નથી હોતી અને જ્ઞાયક સન્મુખ દૃષ્ટિ થયા વિના ક્રમબદ્ધપર્યાય સમજવામાં આવતી નથી.

જ્ઞાયક સન્મુખ થઈને જેવો ક્રમબદ્ધનો નિર્ણય કર્યો કે ત્યાં ભવ ઊડી જાય છે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થતાં નિર્મળ પર્યાય મારું કર્મ અને હું તેનો કર્તા—એ વાત પણ નથી રહેતી. પર્યાય પોતાના સમયે થશે જ-એવી શ્રદ્ધા હોવાથી તેને કરવાની કોઈ વ્યાકુળતા રહેતી નથી. મારે ભવ નથી—આ પ્રકારની નિઃશંકતા પ્રગટ થઈ જાય છે.

ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં કર્તાપણાની બુદ્ધિ ઊડી જાય છે અને જ્ઞાતાપણાની બુદ્ધિ પ્રગટ થઈ જાય છે—એ તેનું ફળ છે. જો કર્તાબુદ્ધિ ન ઊડે તો સમજવું જોઈએ કે હજી તેની સમજણમાં ક્રમબદ્ધપર્યાય આવી નથી."

પ્રશ્ન :- "હમણાં આપે કહ્યું કે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય પર્યાય ઉપર દૃષ્ટિ રાખવાથી નહિં થાય, ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ રાખવાથી થશે તો પછી ક્રમબદ્ધપર્યાયના નિર્ણયની જરૂર જ શી છે? બસ અમે તો જ્ઞાયકસ્વભાવનો આશ્રય લઈ લઈશું?"

ઉત્તર :- "લઈ શકતા હો તો લઈ લ્યો ને? કોણ ના કહે છે? પણ વિકલ્પમાં પર્યાયની સ્વતંત્રતાનો નિર્ણય થયા વિના પર્યાય ઉપરથી દૃષ્ટિ હઠે છે ક્યાં? અને જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ ગયા વિના ક્રમબદ્ધપર્યાયનો પણ સાચો નિર્ણય થતો નથી. તથા જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ જતાં ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થઈ જ જાય છે. તેથી ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય ન કરવાની વાત ક્યાં રહી? જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ ગયા પહેલાં આગમ અને યુક્તિના આધારે વિકલ્પાત્મક નિર્ણય તો થઈ શકે છે, સાચો નહિ; પરંતુ વિકલ્પાત્મક નિર્ણય પણ જરૂરી છે, તેના વિના પર્યાયનો મહિમા હઠતો જ નથી, પર્યાય ઉપરથી દૃષ્ટિ હઠતી જ નથી."

પ્રશ્ન :- "તો એનો અર્થ એ થયો કે પહેલાં આગમ અને યુક્તિના આધારે વિકલ્પાત્મક જ્ઞાનમાં ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરીએ, પછી જ્યારે અમારી દૃષ્ટિ પર્યાય ઉપરથી હઠીને જ્ઞાયકસ્વભાવ ઉપર જશે—સ્થિર થશે ત્યારે ક્રમબદ્ધપર્યાયની સાચી શ્રદ્ધા થશે?"

ઉત્તર :- "હા, ભાઈ! વાત તો એમ જ છે."

પ્રશ્ન :- "આગમના આધારે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવો—એ વાત તો બરાબર, પણ લોકોનું તો એમ કહેવું છે કે શાસ્ત્રોમાં તો ક્યાંય ક્રમબદ્ધપર્યાય આવી નથી—એ તો આપે નવી કાઢી છે."

ઉત્તર :- "ના, ભાઈ! એવી વાત નથી. શાસ્ત્રોમાં અનેક સ્થાનો પર ક્રમબદ્ધની વાત આવે છે. સમયસારના સર્વવિશુદ્ધજ્ઞાન

અધિકારમાં છે. ત્યાં આત્મખ્યાતિ ટીકામાં 'ક્રમનિયમિત' એવો મૂળ પાઠ છે."

પ્રશ્ન :– " 'ક્રમનિયમિત'નો અર્થ શું છે?"

ઉત્તર :– "ક્રમનિયમિત શબ્દમાં ક્રમ અર્થાત્ ક્રમસર (નંબરવાર) તથા નિયમિત અર્થાત્ નિશ્ચિત. જે સમયે જે પર્યાય આવવાની છે તે જ આવશે, તેમાં ફેરફાર થઈ શકતો નથી."

પ્રશ્ન :– "સમયસારમાં તો છે, પણ કોઈ અન્ય શાસ્ત્રમાં પણ છે કે નહિ? સમયસાર તો આપનું જ શાસ્ત્ર છે."

ઉત્તર :– "લ્યો, આ સારી વાત કહી. સમયસાર અમારું કેવી રીતે છે? અમે તો એ વાંચીએ છીએ. છે તો તે પરમ પૂજ્ય દિગંબરાચાર્ય શ્રી કુન્દકુન્દદેવનું.

પ્રવચનસારમાં પણ ગાથા ૯૯, ૧૦૦, ૧૦૧, અને ૧૦૨ માં છે. વિસ્તારથી સર્વ વાત કહી છે. 'જન્મક્ષણ' અને 'સ્વઅવસર'ની વાત આવે છે. આકાશના પ્રદેશો (વિસ્તારક્રમ)નું ઉદાહરણ આપીને કાળક્રમ (પ્રવાહક્રમ) સમજાવ્યો છે. જેમ કે—જે પ્રદેશ જ્યાં-જ્યાં છે, તે ત્યાં-ત્યાં જ રહે છે, તેમાં આગળ-પાછળ થવું સંભવિત નથી. તેવી જ રીતે જે-જે પર્યાયો જે-જે કાળમાં થવાની છે, તે-તે પર્યાયો તે-તે કાળમાં જ થશે, તેમનું આગળ-પાછળ થવું સંભવિત નથી.

પ્રત્યેક પ્રર્યાય સ્વયં સત્ છે, અહેતુક છે. સમયસારના બંધ અધિકારમાં પર્યાયને અહેતુક કહેલ છે."

પ્રશ્ન :– "પર્યાય અહેતુક તો છે, પણ આના પછી આ જ થશે—એ કેવી રીતે બની શકે?"

ઉત્તર :– "એમાં ન થઇ શકવાની શી વાત છે? આના પછી આ જ થશે; જે થવાની છે તે જ થશે—એમ જ છે. મોતીઓના હારનું દૃષ્ટાંત આપીને સમજાવ્યું છે ને? જેમ—માળામાં જે મોતી જ્યાં છે, ત્યાં જ રહેશે, જો તેને આગળ-પાછળ કરવામાં આવે તો માળા તૂટી જશે, તેવી જ રીતે જે પર્યાય જે સમયે થવાની હશે, તે જ સમયે થશે, આગળ-પાછળ કરવાથી વસ્તુવ્યવસ્થા જ નહિ રહે. તેને આગળ-પાછળ થવાનું કારણ શું છે? તે અકારણ તો આગળ-પાછળ થઈ નહિ જાય. જો કોઈ

કારણ હોય તો પછી પર્યાય અહેતુક નહિ રહે."

પ્રશ્ન :- "પ્રવચનસાર પણ શ્રી કુન્દકુન્દનું જ છે. શું કોઈ બીજા આચાર્યોનાં શાસ્ત્રોમાં ક્રમબદ્ધની વાત નથી આવતી?"

ઉત્તર :- "કેમ નથી આવતી? કાર્તિકેયાનુપ્રેક્ષાની ગાથા ૩૨૧ થી ૩૨૩ સુધીમાં આવે છે. ચારે ય અનુયોગોનાં શાસ્ત્રોમાં કોઈ ને કોઈ રૂપે આ વાત આવે જ છે.

વળી સર્વજ્ઞતાની વાત તો બધાં શાસ્ત્રોમાં છે. જો સીધી સમજવામાં ન આવતી હોય તો સર્વજ્ઞતાના આધારે ક્રમબદ્ધપર્યાય સમજવી જોઈએ. 'કેવળજ્ઞાનીએ જેવું જોયું હશે-તેવું જ થશે'નો એ જ અર્થ થાય છે કે ભવિષ્યમાં જે સમયે જે પર્યાય થવાની છે, તે જ થશે."

પ્રશ્ન :- "આપ ક્રમબદ્ધપર્યાય સિદ્ધ કરવામાં સર્વજ્ઞતાનો આશ્રય શા માટે લ્યો છો? સીધી જ સમજાવો ને?"

ઉત્તર :- "અરે ભાઈ! અમે તો એમ કહ્યું છે કે જો સીધી સમજવામાં ન આવી શકે તો સર્વજ્ઞતાનો આશ્રય લેવો જોઈએ, કેમ કે સર્વજ્ઞતાના આધારે સમજવામાં સરળતા રહે છે."

પ્રશ્ન :- "સર્વજ્ઞતાના આધારે સમજવામાં સરળતા કેવી રીતે રહે છે?"

ઉત્તર :- "સર્વજ્ઞ ભગવાન ત્રણ લોકનાં સમસ્ત દ્રવ્યો અને તેમની ત્રિકાળવર્તી સમસ્ત પર્યાયોને એકી સાથે જાણે છે. ભૂતકાળ અને વર્તમાન પર્યાયોની સાથોસાથ તેઓ ભવિષ્યમાં થનારી પર્યાયોને પણ જાણે છે."

પ્રશ્ન :- "જાણે છે નું શું તાત્પર્ય છે?"

ઉત્તર :- "એ જ કે જે દ્રવ્યની જે પર્યાય ભવિષ્યમાં જે સમયે જેવી થવાની છે તેને સર્વજ્ઞ અત્યારે જ જાણે છે. તેથી જે ભાવી પર્યાયો સર્વજ્ઞના જ્ઞાનમાં જેવી આવી છે તે તેવી જ થશે, તેમનામાં કોઈ ફેરફાર સંભવિત નથી.

કેવળજ્ઞાન (સર્વજ્ઞતા)નો નિર્ણય અર્થાત્ અર્હન્તનો નિર્ણય. પ્રવચનસાર ગાથા ૮૦માં આવે છે કે જે અર્હન્ત ભગવાનને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે, તેનો મોહ નાશ પામે છે.

અમને ૬૩ વર્ષ પહેલાં ફાગણ સુદ ૧૪ના દિવસે આ જ ભાવ અંદરથી આવ્યો હતો. શબ્દ ખ્યાલમાં નહોતાં, વાચન પણ નહોતું, પણ ભાવ આ જ ખ્યાલમાં આવ્યો હતો."

પ્રશ્ન :- "કેવળી ભગવાન ભૂત-ભવિષ્યની પર્યાયોને દ્રવ્યમાં યોગ્યતારૂપ જાણે છે કે તે પર્યાયોને વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે ?"

ઉત્તર :- "પ્રત્યેક પદાર્થની ભૂત અને ભવિષ્યકાળની પર્યાયો વર્તમાનમાં અવિદ્યમાન-અપ્રગટ હોવા છતાં પણ સર્વજ્ઞ ભગવાન તેમને વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે. અનંતકાળ પહેલાં થઈ ગયેલી ભૂતકાળની પર્યાયો અને અનંતકાળ પછી થનારી ભવિષ્યની પર્યાયો અવિદ્યમાન હોવા છતાં પણ કેવળજ્ઞાન વર્તમાનની જેમ પ્રત્યક્ષ જાણે છે.

અહાહા ! જે પર્યાયો થઈ ગઈ અને થવાની છે; એવી ભૂત-ભવિષ્યની પર્યાયોને પ્રત્યક્ષ જાણે તે જ્ઞાનની દિવ્યતાનું શું કહેવું ? કેવળી ભગવાન ભૂત-ભવિષ્યની પર્યાયોને દ્રવ્યમાં યોગ્યતારૂપ જાણે છે—એમ નથી, પરંતુ તે બધી પર્યાયોને વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે, એ જ સર્વજ્ઞના જ્ઞાનની દિવ્યતા છે. ભૂત-ભવિષ્યની અવિદ્યમાન પર્યાયો કેવળજ્ઞાનમાં વિદ્યમાન જ છે. ઓ હો ! એક સમયની કેવળજ્ઞાનની પર્યાયની એવી વિસ્મયતા અને આશ્ચર્યતા છે, તો પૂરા દ્રવ્યનું સામર્થ્ય કેટલું વિસ્મયપૂર્ણ અને આશ્ચર્યજનક હશે ? તેનું શું કહેવું ?

આહાહા ! પર્યાયની ગુલાંટ મારવી એ કોઈ નાની વાત છે ? પર્યાય તો અનાદિથી પરમાં જ જઈ રહી છે, તેને પલટીને અંદરમાં લઈ જવાની છે. ઊંડાણમાં લઈ જવી એ મહાન પુરુષાર્થનું કામ છે. પરિણામમાં અપરિણામી ભગવાનના દર્શન થઈ જાય એ પુરુષાર્થ અપૂર્વ છે."

પ્રશ્ન :- "કેવળી ભગવાન નિશ્ચયથી તો કેવળ પોતે પોતાને જાણે છે, પરને તો તેઓ વ્યવહારથી જાણે છે, એમ નિયમસારમાં કહ્યું છે, અને સમયસારમાં વ્યવહારને જૂઠો કહ્યો છે.

જૂઠો અર્થાત્ અસત્યાર્થ....એનો અર્થ શો ?"

ઉત્તર :- "વ્યવહાર છે જ નહિ—એવો તેનો અર્થ નથી. વ્યવહાર જાણવા લાયક છે એમ ૧૨મી ગાથામાં કહ્યું છે. તે જાણેલો પ્રયોજનવાન છે. સર્વથા જૂઠો નથી, તેને ગૌણ કરીને અસત્યાર્થ કહ્યો છે. પ્રવચનસારની ટીકામાં પાંડે હેમરાજજીએ કહ્યું છે કે વ્યવહારને ગૌણ કરીને અસત્ય કહ્યો છે, અભાવ કરીને અસત્ય નથી કહ્યો."

પ્રશ્ન :- "તો શું કેવળી પરને જાણતા નથી?"

ઉત્તર :- "કોણ કહે છે? જાણે છે તો તેઓ બધા પદાર્થોને."

પ્રશ્ન :- "તો પછી તેમના પરને જાણવાને વ્યવહાર કેમ કહ્યો?"

ઉત્તર :- "પર છે—તેથી તથા તન્મય થઈને નથી જાણતા —તેથી પણ."

પ્રશ્ન :- "ક્રમબદ્ધ માનવાથી બધી ગરબડ થઈ જાય છે?"

ઉત્તર :- "ગરબડ તો ક્રમબદ્ધ ન માનવાથી થાય છે. ક્રમબદ્ધ માનવાથી તો બધી ગરબડ ઊડી જાય છે. વસ્તુમાં તો ક્યાંય ગરબડ છે જ નહિ, તે તો પૂર્ણ વ્યવસ્થિત છે. અજ્ઞાનીની મતિ જ અવ્યવસ્થિત થઈ રહી છે તે ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાથી મતિ વ્યવસ્થિત થઈ જાય છે."

પ્રશ્ન :- "જો અમારા કરવાથી કાંઈ થતું જ નથી તો પછી કોઈ કાર્ય શા માટે કરે? જો કોઈ બનાવશે જ નહિ તો આ મંડપ કેવી રીતે બનશે? કારખાનાં કેવી રીતે ચાલશે? બધી વ્યવસ્થામાં જ ગરબડ થઈ જશે."

ઉત્તર :- "કોણ મંડપ બનાવે છે, કોણ કારખાનાં ચલાવે છે? અજ્ઞાની મંડપ બનાવવા અને કારખાનાં ચલાવવાનું અભિમાન કરે છે—એ વાત તો સાચી છે, પણ કોઈ કોઈને બનાવતું કે ચલાવતું નથી. જ્યાં એક દ્રવ્યની બીજા દ્રવ્યમાં અત્યંત અભાવ છે ત્યાં એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં શું કરી શકે? અત્યંત અભાવનો અર્થ શું? એ જ કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું પણ નથી, અડે તો અભાવ ન રહે"

પ્રશ્ન :– "જો આપ એવો ઉપદેશ આપશો તો લોકો આળસુ થઇ જશે. જો એના કરવાથી કાંઈ થતું જ નથી તો કોઈ પુરુષાર્થ શા માટે કરે?"

ઉત્તર :– "ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં જ સાચો પુરુષાર્થ છે; કેમ કે ક્રમબદ્ધનો નિર્ણય કરવામાં જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે. જેમ જ્ઞાયકમાં ભવ નથી; તેવી જ રીતે ક્રમબદ્ધનો નિર્ણય કરનારને પણ ભવ નથી, એક બે ભવ રહે છે. તે પણ જ્ઞેય તરીકે રહે છે.

પોતાની મતિમાં ક્રમબદ્ધની વ્યવસ્થાને વ્યવસ્થિત કરવી તે જ સાચો પુરુષાર્થ છે."

પ્રશ્ન :– "પર્યાય તો વ્યવસ્થિત જ થવાની છે અર્થાત્ પુરુષાર્થની પર્યાય તો જ્યારે તેના પ્રગટ થવાનો કાળ આવશે ત્યારે જ પ્રગટ થશે—એવી સ્થિતિમાં હવે કરવાનું શું રહી ગયું?"

ઉત્તર :– "વ્યવસ્થિત પર્યાય છે—એવું જાણ્યું કયાંથી? વ્યવસ્થિત પર્યાય દ્રવ્યમાં છે, પછી તો દ્રવ્ય ઉપર જ દૃષ્ટિ કરવાની છે. પર્યાયના ક્રમ ઉપર દૃષ્ટિ ન કરતાં, ક્રમસર પર્યાય જેમાંથી પ્રગટ થાય છે—એવા દ્રવ્ય સામાન્ય ઉપર જ દૃષ્ટિ કરવાની છે, કેમ કે તેના ઉપર દૃષ્ટિ કરવામાં અનન્ત પુરુષાર્થ આવી જાય છે. ક્રમબદ્ધના સિદ્ધાન્તથી અકર્તાપણું સિદ્ધ થાય છે, ક્રમ સમક્ષ જોવાનું નથી."

પ્રશ્ન :– "ક્રમબદ્ધમાં કરવાનું શું આવ્યું?"

ઉત્તર :– "કરવાનું છે જ કયાં? કરવામાં તો કર્તૃત્વબુદ્ધિ આવે છે. કરવાની બુદ્ધિ છૂટી જાય એ ક્રમબદ્ધ છે. ક્રમબદ્ધમાં કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય છે. પરમાં તો કાંઈ કરી શકતો જ નથી, પોતાનામાં પણ જે થવાનું છે તે જ થાય છે અર્થાત્ પોતાનામાં પણ જે રાગ થવાનો છે તે થાય છે, તેનું શું કરવું? રાગમાં પણ કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઇ, ભેદ અને પર્યાયથી પણ દૃષ્ટિ હટી ગઈ, ત્યારે ક્રમબદ્ધની પ્રતીતિ થઈ. ક્રમબદ્ધની પ્રતીતિમાં તો જ્ઞાતાદૃષ્ટા થઈ ગયો, નિર્મળ પર્યાય કરું એવી બુદ્ધિ પણ છૂટી ગઈ, રાગ કરું-એ વાત તો દૂર રહી ગઈ. અરે! જ્ઞાન કરું એ બુદ્ધિ પણ છૂટી જાય છે, કર્તૃત્વબુદ્ધિ પણ છૂટી જાય છે અને એકલું જ્ઞાન રહી જાય છે. જેને રાગ કરવો છે,

રાગમાં અટકવું છે, તેને ક્રમબદ્ધની વાત બેઠી જ નથી. રાગ કરવો અને રાગ છોડવો—એ પણ આત્મામાં નથી. આત્મા તો એકલો જ્ઞાનસ્વરૂપ છે.

પરની પર્યાય તો જે થવાની છે તે તો થાય જ છે, તેને હું શું કરું? અને મારામાં જે રાગ આવે છે તેને હું શું લાવું? અને મારામાં જે શુદ્ધ પર્યાય આવે તેને કરું-લાવું-એવા વિકલ્પથી પણ શું? પોતાની પર્યાયમાં થનારો રાગ અને થનારી શુદ્ધ પર્યાય તેને કરવાનો વિકલ્પ શો? રાગ અને શુદ્ધ પર્યાયના કર્તૃત્વનો વિકલ્પ શુદ્ધ સ્વભાવમાં છે જ નહિ. અકર્તાપણું આવી જવું—તે જ મોક્ષમાર્ગનો પુરુષાર્થ છે."

પ્રશ્ન :- "ક્રમબદ્ધપર્યાયની વાત કહીને આપ શું સિદ્ધ કરવા ઇચ્છો છો?"

ઉત્તર :- "ક્રમબદ્ધના સિદ્ધાન્તથી મૂળ તો અકર્તાપણું સિદ્ધ કરવું છે. જૈનદર્શન અકર્તાવાદી છે. આત્મા પરદ્રવ્યનો તો કર્તા છે જ નહિ, રાગનો પણ કર્તા નથી અને પર્યાયનો પણ કર્તા નથી. પર્યાય પોતાની જ જન્મક્ષણમાં પોતાના જ છ કારકથી સ્વતંત્રપણે જે થવા યોગ્ય હોય તે જ થાય છે; પરન્તુ આ ક્રમબદ્ધનો નિર્ણય પર્યાયના લક્ષે થતો નથી. ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય ત્યાં શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકધાતુ ઉપર દૃષ્ટિ જાય છે અને ત્યારે જ જાણનારી જે પર્યાય પ્રગટ થાય છે તે ક્રમબદ્ધપર્યાયને જાણે છે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય સ્વભાવ સન્મુખવાળા અનન્ત પુરુષાર્થપૂર્વક થાય છે.

ક્રમબદ્ધના નિર્ણયનું તાત્પર્ય વીતરાગતા છે અને આ વીતરાગતા પર્યાયમાં ત્યારે જ પ્રગટ થાય છે કે જ્યારે વીતરાગ સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે. સમયસાર ગાથા ૩૨૦માં કહ્યું છે કે જ્ઞાન બંધ-મોક્ષનો કર્તા નથી, પરન્તુ જાણે જ છે. આહાહા! મોક્ષને જાણે છે-એમ કહ્યું; મોક્ષને કરે છે-એમ નથી કહ્યું. પોતાનામાં થનારી ક્રમબદ્ધપર્યાયનો કર્તા છે-એમ નહિ, પરન્તુ જાણે છે-એમ કહ્યું; ગજબ વાત છે."

પ્રશ્ન :- "જો કાંઈ કરવાનું જ નથી, તો પછી આપ આત્માનો અનુભવ કરવાનો—જ્ઞાયક સ્વભાવ સન્મુખ દૃષ્ટિ કરવાનો ઉપદેશ

કેમ આપો છો ?"

ઉત્તર :- " અમે ક્યાં ઉપદેશ આપીએ છીએ ? વાણી તો જડ છે, તેથી જડને કારણે નીકળે છે. પરમ પૂજ્ય અમૃતચન્દ્રાચાર્યદેવ આત્મખ્યાતિના અંતે લખે છે કે ટીકા અમે લખી છે—એમ જાણીને મોહમાં ન નાચો. આ તો અક્ષરો અને શબ્દોની પરિણતિ છે, અમારી નથી. ભાષા તો અમારી છે જ નહિ, સમજાવવાના વિકલ્પને પણ જ્ઞાની પોતાના માનતા નથી. અમે તો પરને અને વિકલ્પને પણ માત્ર જાણીએ છીએ અને તે પણ વ્યવહારથી, નિશ્ચયથી તો અમે માત્ર અમને જાણીએ છીએ."

પ્રશ્ન :- " બધા ગુણોનું કાર્ય વ્યવસ્થિત જ છે તો પછી પુરુષાર્થ કરવાનું પણ રહેતું નથી ?"

ઉત્તર :- " જેને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં પુરુષાર્થ ભાસતો નથી, તેને વ્યવસ્થિતપણું બેઠું જ ક્યાં છે ?"

પ્રશ્ન :- " તેને વ્યવસ્થિતપણાનું શ્રદ્ધાન ન થયું તો તેનું તેવું પરિણમન પણ વ્યવસ્થિત જ છે. તે વ્યવસ્થિતપણાનો નિર્ણય ન કરી શક્યો એ વાત પણ વ્યવસ્થિત જ છે. એવી દશામાં નિર્ણય કરવાનું કથન કરવું વ્યર્થ જ છે."

ઉત્તર :- " તેનું પરિણમન વ્યવસ્થિત જ છે એવી તેને ખબર ક્યાં છે ? પરિણમન વ્યવસ્થિત છે-એવું સર્વજ્ઞે કહ્યું છે, પરન્તુ તેને સર્વજ્ઞનો નિર્ણય જ ક્યાં છે ? પ્રથમ તે સર્વજ્ઞનો નિર્ણય તો કરે ? પછી તેને વ્યવસ્થિતની ખબર પડે."

પ્રશ્ન :- " વ્યવસ્થિત પરિણમનશીલ વસ્તુ છે, આ પ્રકારના ભગવાનના કથનની શ્રદ્ધા તેને છે ?"

ઉત્તર :- " ના, સર્વજ્ઞ ભગવાનનો સાચો નિર્ણય તેને ક્યાં છે ? પહેલાં સર્વજ્ઞનો નિશ્ચય થયા વિના વ્યવસ્થિતનો નિર્ણય ક્યાંથી આવ્યો ? માત્ર જ્ઞાનીની વાતો સાંભળી-સાંભળીને તેવું જ કહે તો એનાથી કામ ન ચાલે, પ્રથમ સર્વજ્ઞનો નિર્ણય તો કરો. દ્રવ્યનો નિર્ણય કર્યા વિના સર્વજ્ઞનો નિર્ણય વાસ્તવમાં થઈ શકતો નથી."

પ્રશ્ન :- " આપ સમજાવતા પણ જાઓ છો અને કહેતા પણ જાઓ છો કે અમે ક્યાં સમજાવીએ છીએ ?"

ઉત્તર :- "કોણ સમજાવે છે? કહ્યું ને કે ભાષાને કારણે ભાષા થાય છે, વિકલ્પના કારણે વિકલ્પ થાય છે અને તે જ સમયે ભાષા અને વિકલ્પનું જ્ઞાન પણ પોતાને કારણે થાય છે. એમાં અમારું કર્તાપણું ક્યાં રહ્યું?"

પ્રશ્ન :- "તેથી તો લોકો કહે છે કે આપની કરણી અને કથનીમાં અંતર છે?"

ઉત્તર :- [અત્યંત ગંભીર થઈને] "વસ્તુસ્વરૂપ જ એવું છે, અમે શું કરીએ? જેવું શ્રદ્ધાન, જ્ઞાન અને વચન છે તેવું ચારિત્ર પણ હોવું જોઈએ, તે અત્યારે નથી; પણ શ્રદ્ધામાં ફેર નથી. કરણી અને કથનીનું આ અંતર તો છે જ. પણ એ અંતર તો ક્ષાયિકસમ્યગ્દષ્ટિ ભરતાદિ ચક્રવર્તીઓને પણ હતું. ચોથા ગુણસ્થાનવાળા બધા જ્ઞાનીઓને હોય છે–એમાં અમે શું કરીએ?"

પ્રશ્ન :- "જો આ શ્રદ્ધા અને ચારિત્રનો ભેદ મટી જાય તો ઘણું સારું થાય?"

ઉત્તર :- "મટી જાય તો શું કહેવું? અમે પણ નિરંતર એ જ ભાવના ભાવીએ છીએ, પરંતુ તીર્થંકર ઋષભદેવનેય ૮૩ લાખ પૂર્વ સુધી ચારિત્રદોષ રહ્યો હતો. એક ગુણ બીજા ગુણમાં દોષ ઉત્પન્ન નથી કરતો–આ મહાસિદ્ધાન્ત છે, નહિ તો સમ્યગ્દર્શન થઈ શકે નહિ. ચારિત્ર અને વીર્યમાં દોષ છે, પરન્તુ સમ્યગ્દર્શનમાં દોષ નથી."

અંતે ચર્ચામાં બેઠેલા હજારો લોકોને સંબોધિત કરતાં સ્વામીજી બોલ્યા— "આજે સારી ચર્ચા થઈ, પંડિતજીએ સારા પ્રશ્નો કર્યા."

"ક્રમબદ્ધ તો ભાઈ! જૈનદર્શનનું મસ્તક છે, જૈનદર્શનની આંખ છે, વસ્તુસ્વભાવની મર્યાદા છે. એ સમજવું અને નિઃસંદેહ થવું એ ઘણી અલૌકિક વાત છે.

આજે ભલે તેને ઓછા માણસો સમજતા હોય, પણ હજારો લોકો તેને ઘણા પ્રેમથી સાંભળે છે. સાંભળો… ભાઈ સાંભળો… બધા ય સાંભળો…વાંચો…અને બધાનું કલ્યાણ થાઓ."

—એમ કહેતાં તેમણે પોતાની વાત સમાપ્ત કરી.

પરિશિષ્ટ ૨

# સંદર્ભ ગ્રંથ-સૂચી


૧. અધ્યાત્મ-રહસ્ય (યોગોદ્દીપન-શાસ્ત્ર) : પંડિત આશાધરજી; વ્યાખ્યાકાર પંડિત યુગલકિશોર મુખ્તાર; વીરસેવામન્દિર, ૨૧, દરિયાગંજ, દિલ્હી; વીર સં. ૨૪૮૪

૨. અધ્યાત્મ-પદ-સંગ્રહ : સંપાદક-પંડિત મહેન્દ્રકુમારજી અજમેરા 'પ્રભાકર', આયુર્વેદાચાર્ય, પચેવર; પં. લાદૂરામજી અજમેરા, મદનગંજ-કિશનગઢ (રાજસ્થાન)

૩. અષ્ટશતી : આચાર્ય અકલંકદેવ

૪. અષ્ટસહસ્રી : આચાર્ય વિદ્યાનન્દિ

૫. અષ્ટપાહુડ : શ્રીમદ્ આચાર્ય કુન્દકુન્દ; ટીકાકાર-શ્રી પંડિત જયચંદજી છાબડા; શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર (ગુજરાત) વીર સં. ૨૫૦૨

૬. અનેકાન્ત ઔર સ્યાદ્વાદ : ડૉ. હુકમચન્દજી ભારિલ્લ; પંડિત ટોડરમલ સ્મારક ટ્રસ્ટ, એ-૪, બાપૂનગર, જયપુર, ઓગસ્ટ, ૧૯૭૩ ઈ.

૭. આપ્તમીમાંસા (દેવાગમ સ્તોત્ર) : શ્રીમદ્ સ્વામી સમન્તભદ્રાચાર્ય; વીરસેવામંદિર ટ્રસ્ટ, ૨૧, દરિયાગંજ, દિલ્હી; વીર સં. ૨૪૯૪

૮. આત્માનુશાસન : આચાર્ય ગુણભદ્ર; ડૉ. હીરાલાલજી જૈન, પ્રો. આ. ને. ઉપાધ્યે; પંડિત બાલચંદ્રજી સિદ્ધાન્તશાસ્ત્રી; જૈન સંસ્કૃતિ સંરક્ષક સંઘ, સોલાપુર; વિ. સં. ૨૦૧૮

૯. આદિપુરાણ : આચાર્ય જિનસેન; સંપાદક-પં. પન્નાલાલજી જૈન, સાહિત્યાચાર્ય; ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન, દુર્ગાકુંડ રોડ, વારાણસી; વીર સં. ૨૪૯૧

૧૦. આત્મધર્મ (માસિક પત્રિકા) : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ; માર્ચ, ૧૯૭૦

૧૧. કષાયપાહુડ : આચાર્ય ગુણધર; ભારતીય દિગંબર જૈન સંઘ, ચોરાસી, મથુરા; વિ. સં. ૨૦૦૦

૧૨. કાર્તિકેયાનુપ્રેક્ષા (ભાષા ટીકા સહિત) : સ્વામી કાર્તિકેય; પં. કૈલાશચંદ્રજી, શ્રીમદ્ રાજચન્દ્ર આશ્રમ, અગાસ, વાયા આણંદ (ગુજરાત)

૧૩. ગોમ્મટસાર કર્મકાણ્ડ (સંક્ષિપ્ત હિન્દી ટીકા સહિત) : આચાર્ય નેમિચન્દ્ર સિદ્ધાન્તચક્રવર્તી; ટીકાકાર–પંડિત મનોહરલાલજી શાસ્ત્રી; શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ; ઈ. સન્ ૧૯૭૧
૧૪. જયપુર (ખાનિયા) તત્ત્વચર્ચા; બન્ને ભાગ : સંપાદક –સિદ્ધાન્તાચાર્ય પં. ફૂલચન્દજી; આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલ ગ્રંથમાળા, બાપૂનગર; જયપુર; ફેબ્રુઆરી ૧૯૬૭
૧૫. જૈનેન્દ્ર સિદ્ધાન્તકોશ, ભાગ ૨ : ક્ષુલ્લક જિનેન્દ્રવર્ણી; ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન, દુર્ગાકુંડ માર્ગ, વારાણસી; વિ. સ. ૨૦૨૮
૧૬. જૈનતત્ત્વમીમાંસા (દ્વિતીય સંસ્કરણ) : પંડિત ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી; અશોક પ્રકાશન મંદિર, ૨/૨૪૯, નિર્વાણભવન, રવીન્દ્રપુરી, વારાણસી, વીર સં. ૨૫૦૪
૧૭. તત્ત્વાર્થસૂત્ર (મોક્ષશાસ્ત્ર) : આચાર્ય ઉમાસ્વામી; સંપાદક –શ્રી પંડિત કૈલાશચંદ્રજી સિદ્ધાન્તશાસ્ત્રી; ભારતવર્ષીય દિગંબર જૈન સંઘ, ચોરાસી, મથુરા; વીર સં. ૨૪૭૧
૧૮. તત્ત્વાર્થવાર્તિક (રાજવાર્તિક) : આચાર્ય અકલંકદેવ; સંપાદક –પ્રો. મહેન્દ્રકુમારજી જૈન, ન્યાયાચાર્ય; ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન, દુર્ગાકુંડ રોડ, વારાણસી, વીર સં. ૨૪૭૯
૧૯. તિલોયપણ્ણત્તિ : યતિવૃષભાચાર્ય; જીવરાજ ગ્રંથમાળા, સોલાપુર, વિ. સં. ૧૯૯૯
૨૦. ધવલા (ષટખણ્ડાગમ) : આચાર્ય વીરસેન; જૈન સાહિત્યોદ્ધાર ફંડ, અમરાવતી.
૨૧. નિયમસાર (તાત્પર્યવૃત્તિ સંસ્કૃત ટીકા સહિત): આચાર્ય કુંદકુંદ; શ્રી પદ્મપ્રભમલધારિદેવ; શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)
૨૨. પરમાત્મપ્રકાશ ઔર યોગસાર : મુનિરાજ યોગિન્દુદેવ; શ્રીમદ્ રાજચન્દ્ર આશ્રમ, અગાસ, વિ. સં. ૨૦૧૭
૨૩. પદ્મનન્દિપંચવિંશતિકા : મુનિરાજ પદ્મનન્દિ; સંપાદક–શ્રી પંડિત બાલચંદ્રજી સિદ્ધાન્તશાસ્ત્રી; શ્રી જૈન સંસ્કૃતિ સંરક્ષક સંઘ, સોલાપુર, વીર સં. ૨૫૦૩
૨૪. પદ્મપુરાણ : આચાર્ય રવિષેણ; સંપાદક–પં. પન્નાલાલજી સાહિત્યાચાર્ય; ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન, વારાણસી, વિ. સં. ૨૦૧૬

૨૫. પુરુષાર્થસિદ્ધ્યુપાય ( ભાષા ટીકા સહિત ) : આચાર્ય અમૃતચન્દ્ર; ટીકાકાર–આચાર્યકલ્પ પં. ટોડરમલજી તથા પંડિત દૌલતરામજી કાસલીવાલ; મુંશી મોતીલાલ શાહ, કિશનપોળ બજાર, જયપુર
૨૬. પ્રવચનસાર (તત્ત્વપ્રદીપિકા સંસ્કૃત ટીકા સહિત) : આચાર્ય કુંદકુંદ, આચાર્ય અમૃતચન્દ્ર; શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ૬૦૨, કૃષ્ણનગર, ભાવનગર (ગુજરાત); વિ. સં. ૨૦૩૨
૨૭. પ્રવચનસાર ( તાત્પર્યવૃત્તિ સંસ્કૃત ટીકા ) : આચાર્ય કુંદકુંદ; આચાર્ય જયસેન; શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ૬૦૨, કૃષ્ણનગર, ભાવનગર (ગુજરાત); વિ. સં. ૨૦૩૨
૨૮. પરીક્ષામુખ : આચાર્ય માણિક્યનન્દિ; હરપ્રસાદ જૈન, વૈદ્યભૂષણ, મુ. લુહરી, પો. મડાવરા, ઝાંસી (ઉ. પ્ર. ), વીર સં. ૨૪૬૫
૨૯. પ્રમેયરત્નમાળા : આચાર્ય અનંતવીર્ય; મુનિ અનંતકીર્તિ ગ્રંથમાળા, કાલબાદેવી રોડ, મુંબઈ
૩૦. બુધજન વિલાસ : કવિ બુધજન; જિનવાણી પ્રચારક કાર્યાલય, ૧૬૧/૧ હરીસન રોડ, કલકત્તા; વીર સં. ૨૪૭૭
૩૧. ભગવતી આરાધના : આચાર્યશ્રી શિવાર્ય; સંપાદક–પં. શ્રી કૈલાશચન્દ્રજી, જૈન સંસ્કૃતિ સંરક્ષક સંઘ, સોલાપુર; વીર સં. ૨૫૦૪
૩૨. મહાપુરાણ : આચાર્ય જિનસેન અને આચાર્ય ગુણભદ્ર; સંપાદક –પંડિત પન્નાલાલજી જૈન, સાહિત્યાચાર્ય; ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન, વારાણસી; ઈ. સ. ૧૯૫૧
૩૩. મોક્ષમાર્ગ પ્રકાશક : આચાર્યકલ્પ પંડિત ટોડરમલજી; સંપાદક –ડૉ. હુકમચન્દજી ભારિલ્લ; શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર), વિ. સં ૨૦૩૫
૩૪. મોક્ષમાર્ગ પ્રકાશક : આચાર્યકલ્પ પંડિત ટોડરમલજી; સસ્તી ગ્રંથમાળા, દિલ્હી; વિ. સં. ૨૦૧૦
૩૫. યોગસાર પ્રાભૃત : શ્રીમદ્ આચાર્ય અમિતગતિ; સંપાદક–શ્રી જુગલ કિશોરજી મુખ્તાર 'યુગવીર'; ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન, દુર્ગાકુંડ માર્ગ, વારાણસી; વીર સં. ૨૪૯૫
૩૬. રત્નકરંડ શ્રાવકાચાર ( ભાષા ટીકા સહિત ) : આચાર્ય સમન્તભદ્ર; પંડિત સદાસુખદાસજી કાસલીવાલ; શ્રી દિગંબર જૈન સમાજ, માધોરાજપુરા ( રાજસ્થાન )

૩૭. રહસ્યપૂર્ણ ચિટ્ઠી (મોક્ષમાર્ગ પ્રકાશક સાથે પ્રકાશિત): આચાર્યકલ્પ પંડિત ટોડરમલજી; શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર); વિ. સં. ૨૦૩૫

૩૮. વર્તમાન ચતુર્વિંશતિજિનપૂજા (ચન્દ્રપ્રભ જિનપૂજા): કવિવર વૃન્દાવનદાસજી; વીર પુસ્તક ભંડાર, મનિહારોંકા રાસ્તા, જયપુર; વિ. સં. ૨૦૩૨

૩૯. શાન્તિપથ દર્શન: ક્ષુલ્લક શ્રી જિનેન્દ્રવર્ણી; શાન્તિનિકેતન, ઉદાસીન આશ્રમ, ઈસરી બજાર, ગિરિડીહ, ૧૯૭૬ ઈ.

૪૦. સમયસાર (આત્મખ્યાતિ સંસ્કૃત ટીકા સહિત): આચાર્ય કુંદકુંદ; ટીકાકાર-આચાર્ય અમૃતચંદ્ર; શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર); વીર સં. ૨૫૦૧

૪૧. સમયસાર (તાત્પર્યવૃત્તિ સંસ્કૃત ટીકા સહિત): આચાર્ય કુંદકુંદ; ટીકાકાર-આચાર્ય જયસેન; શ્રી દિગંબર જૈન સમાજ, અજમેર

૪૨. સમયસાર કળશ (ભાષા ટીકા સહિત): આચાર્ય અમૃતચન્દ્ર; ટીકાકાર-શ્રી પાંડે રાજમલજી; શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર (ગુજરાત); વીર સં. ૨૫૦૩

૪૩. સમ્મઇસુત્તમ્ (સન્મતિસૂત્ર): આચાર્ય સિદ્ધસેન; સંપાદક-ડૉ. દેવેન્દ્રકુમારજી શાસ્ત્રી; જ્ઞાનોદય ગ્રંથ પ્રકાશન, નીમચ (મધ્યપ્રદેશ); ૧૯૭૮ ઈ.

૪૪. સર્વાર્થસિદ્ધિ: આચાર્ય પૂજ્યપાદ; સંપાદક-પંડિત ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી; ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન, દુર્ગાકુંડ માર્ગ, વારાણસી; ૧૯૭૧ ઈ.

૪૫. સ્વયંભૂસ્તોત્ર: આચાર્ય સમન્તભદ્ર; વીરસેવા મંદિર, સરસાવા.

૪૬. હરિવંશ પુરાણ: આચાર્ય જિનસેન; સંપાદક-પંડિત પન્નાલાલજી જૈન, સાહિત્યાચાર્ય; ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન, વારાણસી; ૧૯૬૨ ઈ.

૪૭. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ (પ્રવચન સંકલન): પ્રવચન-શ્રી કાનજીસ્વામી; સંકલનકર્તા-બ્ર. હરિલાલ; શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર); વીર સં. ૨૫૦૩

## પરિશિષ્ટ ૩

# અ ભિ પ્રા ય

### આચાર્યો, મુનિરાજો, વ્રતિયોં, વિદ્વાનોં તથા લોકપ્રિય પત્ર-પત્રિકાઓની દૃષ્ટિમાં પ્રસ્તુત પ્રકાશન—

### આચાર્યશ્રી જયસાગરજી મહારાજ

ક્રમબદ્ધપર્યાય તો ચારે અનુયોગોમાં છે. ધવલા, મહાધવલા, જયધવલા આદિ ગ્રંથોમાં પણ ક્રમબદ્ધ તથા સર્વજ્ઞતાની પોષક વાતો છે. એક સાચા જૈન થવા માટે ક્રમબદ્ધપર્યાય તથા સર્વજ્ઞતા ને માનવી બહુ જરૂરી છે. ક્રમબદ્ધપર્યાયનો નિબંધ લખીને ડો. ભારિલ્લજીએ ઘણો મર્મ ખોલ્યો છે. તેઓ તત્ત્વપ્રચારનું કાર્ય આ પ્રકારે કરતા રહે. એમને અમારા મંગલ આશીર્વાદ છે.

### મુનિશ્રી વિજયસાગરજી મહારાજ

'ક્રમબદ્ધપર્યાય' પુસ્તકમાં ડો. ભારિલ્લે માનવ જગતને, અવ્યવસ્થિતપણું પણ એક નિશ્ચિત વ્યવસ્થિત ક્રમાનુસાર જ થાય છે, ઘણી જ સરળતાથી સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. સર્વજ્ઞતાનો સહારો લઈને ક્રમબદ્ધપર્યાયનું જે ઉદાહરણ અને નક્કર પ્રમાણોથી સંકલન કર્યું છે, તેનાથી જ્ઞાની પુરુષ તો અવશ્ય લાભાન્વિત થશે જ, પરંતુ અજ્ઞાનીઓ ઉપર પણ એની ઝલક પડ્યા વિના નહિ રહે.

ભવિષ્યમાં પણ ડો. ભારિલ્લ આવી સાચી જૈન કૃતિઓનું સંકલન કરતા રહે—એવા અમારા પરમ મંગલ આશીર્વાદ છે.

### મુનિશ્રી નેમિસાગરજી મહારાજ

તમારો પ્રયાસ ઘણો જ આવકારદાયક છે. તમે આ વિષયને ઘણો સારો ખોલ્યો છે.

**સ્વસ્તિશ્રી ભટ્ટારક ચારૂકીર્તિ સ્વામીજી, મૂડબિદ્રિ**

ભારિલ્લજી ઉત્તમ વક્તાની સાથે કલમના સ્વામી પણ છે. તેમને શાસ્ત્રગત સિદ્ધાંતનાં ઊંડાણ સુધી પહોંચીને તેને નવી રીતે પ્રસ્તુત કરવામાં સફળતા મળી છે. જોકે વિષય ગંભીર છે, સામાન્ય જનને સુલભ નથી... તો પણ વિદ્વાનોં માટે લેખકની આ કૃતિ મનનીય અને મંથનીય બની છે. સાથે જ એવા બહુચર્ચિત વિષયની આચાર્યોનાં ઉદ્ધરણ સાથે જે પ્રસ્તુતીકરણ કર્યું છે, તે સ્તુત્ય છે.

**બ્ર. યશપાલજી જૈન, એમ. એ., બાહુબલી (મહારાષ્ટ્ર)**

આમ તો 'ક્રમબદ્ધપર્યાય'ના સંબંધમાં અનેક વર્ષોથી સાંભળતો હતો, પરંતુ અનેક શંકાઓ (મુખ્યત્વે પુરુષાર્થહીનતા આવી જાય છે, ઇત્યાદિ) મનમાં આકુળતા ઉત્પન્ન કરતી હતી. પરંતુ જ્યારે ડૉ. હુકમચંદજી ભારિલ્લની 'ક્રમબદ્ધપર્યાય' (એક અનુશીલન તથા પ્રશ્નોત્તર) આત્મધર્મમાં તથા પુસ્તકરૂપે સમગ્ર વાંચવા મળી, ત્યારે બધી શંકાઓનું સમાધાન થઈ ગયું. 'ક્રમબદ્ધપર્યાય' એક સંતોષપ્રદાયની અનુપમ દવા છે, એવી મારી શ્રદ્ધા થઈ ગઈ છે.

આગમોક્ત તર્કોથી તથા યુક્તિઓથી કઠિન વિષય પણ અત્યંત રોચક રીતે પાઠકોની સામે લેખકે મુકેલ છે. 'ક્રમબદ્ધપર્યાય' વિષય ઉપર ડૉ. ભારિલ્લજીના પ્રવચન સાંભળવા પણ વિષય-નિર્ણય માટે લાભદાયક સિદ્ધ થાય છે. એવો મારો તથા અનેક તત્ત્વરસિકોનો સફળ અનુભવ છે. જિજ્ઞાસુ એનો પણ લાભ ઉઠાવે.

પૂજ્યશ્રી કાનજીસ્વામીના ઉત્તર (મુલાકાત)માં તો, આ પુસ્તકનું સર્વોપરી સ્વાનુભવગર્ભિત અમૃત છે.

પ્રત્યેક આગમ-શ્રદ્ધાળુ વ્યક્તિ તથા આગમાભ્યાસીએ આ પુસ્તકનું દિલ ખોલીને સ્વાગત કરવું જોઈએ.

**૦ સિદ્ધાન્તાચાર્ય, પં. કૈલાશચન્દ્રજી વારાણસી (ઉ. પ્ર.)**

ક્રમબદ્ધપર્યાય પણ હવે જાણકાર જૈનોથી અજાણી નથી. આજથી લગભગ બે દશકા પહેલાં અમેં આના ઉપર 'સંદેશ'માં

ઘણું લખ્યું હતું અને જૈનગજટમાં તેના સંપાદક પં. અજિતકુમારજી શાસ્ત્રીએ આનો વિરોધ કર્યો હતો. ખાનિયા ચર્ચામાં આ વિષય ચર્ચાયો હતો. આને માન્યા વગર સર્વજ્ઞતા માનવામાં આવતી નથી અને સર્વજ્ઞતા માન્યા વગર જૈનધર્મની સ્થિતિ રહેતી નથી. જે આનો વિરોધ કરે છે, તે જૈનધર્મના મૂળ ઉપર કુહાડો મારે છે.

....આચાર્ય કુંદકુંદે પ્રવચનસારના પ્રથમ અધિકારમાં આને સ્પષ્ટ કરી છે. હા, ક્રમબદ્ધ શબ્દનો પ્રયોગ કર્યો નથી. આચાર્ય અમૃતચંદ્ર સમયસારના સર્વવિશુદ્ધજ્ઞાનાધિકારના પ્રારંભમાં ક્રમનિયમિત અથવા ક્રમનિયતપદનો પ્રયોગ કર્યો છે, જેનો અર્થ 'ક્રમબદ્ધ'જ થાય છે.

જેને આગમમાં અકાળમરણ કહ્યું છે, તે પણ અક્રમનિયત નથી. ક્યા જીવે કેટલી આયુનો બંધ કર્યો છે, અને તે આયુ પૂરી કરીને મરશે અથવા અકાળમાં જ અર્થાત્ આયુનો સમય પૂરો થયા પહેલા જ ઉદીરણા પ્રત્યય દ્વારા મરશે, તે પણ સર્વજ્ઞથી અજ્ઞાત નથી. અકાળનો આશય છે, જેટલી આયુ બાંધી તેને પૂર્ણ ભોગવ્યા પહેલાં મરણ. શ્રુતજ્ઞાનમાં તેને અકાળ-મરણ કહેવામાં આવે છે, પરંતુ સર્વજ્ઞના જ્ઞાનમાં તે પણ પ્રતિભાસે છે.

આ પુસ્તકમાં વિદ્વાન લેખકે આના ઉપર વિચાર કર્યો છે અને પ્રશ્નોત્તર દ્વારા સારો પ્રભાવ પડ્યો છે...

—જૈન સંદેશ, ૨૧ ફેબ્રુઆરી ૧૯૮૦

### ૦ વયોવૃદ્ધ વિદ્વાન પં. જગન્મોહનલાલજી શાસ્ત્રી, કટની

ક્રમબદ્ધપર્યાયનું કથન આચાર્ય અમૃતચંદ્રની આત્મખ્યાતિ ટીકા (સમયસાર)માં આવ્યું છે. તેમણે 'ક્રમનિયમિત' શબ્દનો પ્રયોગ કર્યો છે. બંને શબ્દનો અર્થ એક જ છે. જે ક્રમનિયમિત હોય તે ક્રમબદ્ધ છે અને જે ક્રમબદ્ધ હોય તે ક્રમનિયમિત છે, અર્થભેદ નથી. ઉલટાનું ક્રમબદ્ધમાં પર્યાયના ક્રમની સૂચના છે અને ક્રમનિયમિતમાં તે પર્યાય કેવળ ક્રમબદ્ધ જ નહીં, પરંતુ જે-જે કારણોના સંબંધમાં તે પર્યાય છે, એ બધા કારણો તથા તેનો યથાસમય સંયોગ પણ નિયમિત છે, આ સ્પષ્ટ થાય છે.

આનો વિરોધ આચાર્ય અમૃતચંદ્રનો વિરોધ છે.

ડૉ. ભારિલ્લ કલમના સ્વામી છે, તેથી તેમના દ્વારા લખાયેલું ઉક્ત પુસ્તક યથાર્થ તત્ત્વનું નિરૂપણ કરવામાં સફળ છે, એમ કહી શકાય છે.

ક્રમબદ્ધપર્યાયના સંબંધમાં અનેક વિદ્વાનો વિવાદ કરે છે, તે આને સ્વીકારતા નથી. આ બધો વિરોધ કેવળ આ આધારે છે કે ડૉ. ભારિલ્લ સોનગઢ પક્ષના છે અને સોનગઢ પક્ષની તરફ ઉક્ત વિદ્વાનોની વક્ર દૃષ્ટિ છે, અન્યથા તેઓ પણ વિરોધ કરત નહિ.

### ૦ ડૉ. પન્નાલાલજી જૈન, સાહિત્યાચાર્ય, સાગર (મ. પ્ર.)

...સર્વજ્ઞતાને સ્વીકૃત કરવાવાળાની સામે પર્યાયની ક્રમબદ્ધતા સ્વતઃસિદ્ધ થઈ જાય છે.

પર્યાયની ક્રમબદ્ધતા સ્વીકૃત કરવામાં ન નિયતવાદનો એકાન્ત આવે છે, અને ન પુરુષાર્થવાદનો અભાવ થાય છે. નિયતવાદનું લક્ષ્ય જ્યાં અકર્મણ્યતા અને સ્વેચ્છાચારિતા છે, ત્યાં પર્યાયની ક્રમબદ્ધતાનું લક્ષ્ય કર્તૃત્વવાદના અહંકારથી દૂર રહેવાનું છે. પર્યાયોની ક્રમબદ્ધતા મને ઈષ્ટ છે. માત્ર વિરોધ કરવા માટે વિરોધ કરવો, યોગ્ય નથી.

શ્રી ડૉ. હુકમચંદજી ભારિલ્લે 'ક્રમબદ્ધપર્યાય'ને લખવામાં જે શ્રમ લીધો છે, એની હું પ્રશંસા કરું છું.

### ૦ મુ. પં. શ્રી લાલચંદભાઈ મોદી, રાજકોટ

આત્મજ્ઞાનીના અંતરંગ અભિપ્રાયને સ્પષ્ટ કરતી આગમ આધારીત ડૉ. હુકમચંદજી ભારિલ્લની ક્રમબદ્ધપર્યાય ઉપરની તર્કબદ્ધ લેખમાળા પ્રશંસનીય છે.

શુદ્ધાત્માનો સ્વભાવ સ્વ-પર પરિણતીનો અકર્તા છે-જ્ઞાતા જ છે. આવા અકર્તા સ્વભાવના જ્ઞાન-અનુભવ દ્વારા જ ખરેખર ક્રમબદ્ધ પર્યાયનું જ્ઞાન થાય છે, પરંતુ જે જીવ સીધો આત્માના સ્વભાવ સુધી પહોંચી શકે નહીં તેને ક્રમબદ્ધપર્યાયના જ્ઞાન દ્વારા

આત્માનું અકર્તાપણું સ્પષ્ટ ભાસવા લાગે છે.

પર્યાયદૃષ્ટિ છોડાવી દ્રવ્યદૃષ્ટિ કરાવનાર વિધાનમાં બાર અંગના સાર આવી જાય છે. જીવ જ્ઞાનમાત્ર સ્વભાવી હોવા છતાં પોતાના અને પરના પરિણામનો કર્તા છે, એવું મિથ્યા અહં સેવે છે તે જ અજ્ઞાન છે. અને અકર્તા-જ્ઞાયક સ્વભાવ અભિમુખ નિર્ણય-જ્ઞાન-અનુભવમાં અનંતો પુરુષાર્થ સમાઈ જાય છે. આવી જાય છે.

શુદ્ધાત્માના અકર્તા સ્વભાવની શ્રી સમયસાર પરમાગમ ગા. ૩૨૦ (શ્રી અમૃતચંદ્ર આચાર્ય તથા શ્રી જયસેન આચાર્ય કૃત ટીકા સહિત) તથા શ્રી નિયમસાર-પરમાગમ ગા. ૭૭થી ૮૧માં પણ પુષ્ટિ છે.

આત્મા પોતાના પરિણામનો કથંચીત કર્તા છે એવું આગમનું વચન છે તે 'પરિણમે તે કર્તા અને પરિણામ તે કર્મ' એ અપેક્ષાએ છે એટલે આત્મા પોતાના પરિણામનો કર્તા છે તે ઉપચારનું-વ્યવહારનું કથન છે એમ સમજવું.

આમ આત્માનું અકર્તાપણું અને પર્યાયનું ક્રમનિયમિતપણું એવું સર્વજ્ઞનું વચન જ્ઞાયક સ્વભાવને પ્રસિદ્ધ કરી અંતરદૃષ્ટિ કરાવનાર પુરુષાર્થપ્રેરક મહામંત્ર છે પરંતુ પુરુષાર્થનાશક નથી.

**૦ વિદ્વદ્વર્ય પં. ખીમચંદ જેઠાલાલ શેઠ**, સોનગઢ

ડૉ. હુકમચંદજી શાસ્ત્રીએ આત્મજ્ઞસંત પૂજ્યશ્રી કાનજીસ્વામીના શ્રી સમયસાર ગાથા ૩૦૮-૯-૧૦-૧૧ ઉપર થયેલા અધ્યાત્મરસ-પૂર્ણ અત્યંતસુક્ષ્મ ભાવવાહી પ્રવચનો તથા અન્ય અનેક શાસ્ત્રોના આધાર સાથે આ 'ક્રમબદ્ધપર્યાય' નામના શાસ્ત્રની અદ્વિતીય રચના કરી છે. જે જીવ આનું વાંચન-મનન કરીને અંતર્મુખ પરિણમન કરશે, તેમની અનંત પદાર્થોની કર્તૃત્વ-બુદ્ધિ તથા પોતાની પર્યાયોમાં ફેરફાર કરવાની બુદ્ધિ અવશ્ય છૂટી જશે. ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાથી અનંત-આકુળતાનો અભાવ થઈને અનંત

વીતરાગતા પ્રગટ થાય છે, અને એ જ આ શાસ્ત્રનું તાત્પર્ય છે. આવા વીતરાગતા પોષક શાસ્ત્રની રચના કરવા માટે પંડિતજી અભિનંદનને પાત્ર છે. બધાં જીવો આ શાસ્ત્રનો યથાર્થ ભાવ સમજીને વિશુદ્ધતાને પ્રાપ્ત કરે, એ જ આંતરિક ભાવના છે.

○ ડૉ. ચન્દુભાઈ ટી. કામદાર, રાજકોટ (ગુજરાત)

પ્રસ્તુત કૃતિ 'ક્રમબદ્ધપર્યાય'નું મેં અત્યંત ગંભીરતાપૂર્વક અધ્યયન કર્યું. આ વિષયને તમે મૌલિક રૂપમાં જે સુન્દર ઢંગથી પ્રસ્તુત કર્યો છે, તેનું અધ્યયન કરતાં અત્યંત આનંદ થાય છે. એમાં જે વસ્તુ-વ્યવસ્થાની ચર્ચા કરી છે; "ક્રમનિયમિત અવસ્થા, આ જ વસ્તુની વ્યવસ્થા છે." કેવળજ્ઞાનના આધારથી આગમ અને યુક્તિથી, અનેક પ્રકારથી જે વસ્તુસ્વરૂપ સિદ્ધ કર્યું છે, તેનું ગંભીરતાપૂર્વક વિચાર કરવા વાળાને પરનું અને પોતાની પર્યાયનું કર્તૃત્વ ઉડી જાય છે, તથા અકર્તાપણાનો સ્વભાવ સન્મુખ અનંત પુરુષાર્થ જાગૃત થયા વિના રહેતો નથી. આ ભવભ્રમણ ટાળવાનો અમોઘ ઉપાય તમે સુન્દર ઢંગથી દેખાડ્યો છે.

આ સુંદર કૃતિ માટે તમને ઘણાં-ઘણાં ધન્યવાદ. આવું સુંદર કાર્ય કરતાં રહો—એ જ ભાવના છે.

○ બાબુ શ્રી જુગલકિશોરજી 'યુગલ' એમ. એ., સાહિત્યરત્ન
કોટા (રાજ.)

ડૉ. ભારિલ્લજીની 'ક્રમબદ્ધપર્યાય' નિશ્ચિત જ ન કેવળ સામાન્ય પરંતુ વિશિષ્ટ બૌદ્ધિક જન-માનસમાં ઉત્પન્ન અસંખ્ય ભ્રમ તથા શંકાઓનુ નિરાકરણ કરી સર્વજ્ઞની ગૌરવ-પ્રતિમાની સ્થાપના કરવાવાળું આ પહેલું પુસ્તક છે.

○ પ્રસિદ્ધ ઐતિહાસિક વિદ્વાન શ્રી અગરચંદજી નાહટા,
બીકાનેર (રાજસ્થાન)

વાસ્તવમાં ડૉ. ભારિલ્લજીને આ વિષય (ક્રમબદ્ધપર્યાય)નું ઘણું ગંભીર ચિંતન છે. આનાથી ગુંચવાયેલો વિષય સ્પષ્ટ થઈ ગયો છે. સર્વજ્ઞના જ્ઞાનમાં જે પણ આવે તે, તે રીતે થઈને રહે

છે, તેથી બધી પર્યાયો નિશ્ચિત છે, નહિ તો સર્વજ્ઞનું જ્ઞાન અન્યથા (નહિવત્) થઈ જશે. ક્રમબદ્ધપર્યાયની માન્યતાથી-જેમ ભારિલ્લજીએ લખ્યું છે-ઘણી શાંતિ મળી શકે છે, સમભાવ રાખી શકાય છે. તેથી આ ગ્રંથ ઘણો જ ઉપયોગી છે.

○ **પ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી યશપાલજી જૈન,**
મંત્રી, સસ્તા સાહિત્ય મંડળ, દિલ્હી

ડૉ. હુકમચંદજી ભારિલ્લની લોકોપયોગી કૃતિ 'ક્રમબદ્ધપર્યાય' વાંચીને મને આંતરિક પ્રસન્નતા થઈ. આ પુસ્તકમાં તેમણે એક એવા ગૂઢ વિષય ઉપર અત્યંત સરળ, સુબોધ, પ્રામાણિક તથા યુક્તિસંગત ઢંગથી પ્રકાશ પાડ્યો છે, જેના સંબંધમાં અધિકાંશ જૈન સમાજ અપરિચિત છે-પણ જેને જાણ્યા વગર વ્યક્તિથી સ્થાયી શાંતિ અને વાસ્તવિક સુખ પ્રાપ્ત કરી શકાતી નથી. 'ક્રમબદ્ધપર્યાય'નું અનુશીલન અમને જીવનના ઊંડાણમાં લઈ જઈ, તે રત્નોને શોધી કાઢવાની ક્ષમતા આપે છે. —જે માનવ જીવનને સમૃદ્ધ કરે છે, ધન્ય અને કૃતાર્થ બનાવે છે. પુસ્તકની સૌથી મોટી વિશેષતા એ છે કે, તે એક નવી દૃષ્ટિ આપે છે અને પૂરી શક્તિથી પુરુષાર્થ કરવા પ્રેરણા આપે છે. આવી ઉત્તમ રચનાને માટે લેખકને હાર્દિક વધાઈ આપું છું. અને આશા રાખું છું કે આ પુસ્તક જૈન તથા જૈનેતર સમાજોમાં મનોયોગપૂર્વક વંચાશે.

○ **શ્રી અક્ષયકુમાર જૈન, ભૂતપૂર્વ સંપાદક 'નવભારત ટાઈમ્સ', દિલ્હી**

પુસ્તક અત્યંત ઉપયોગી, રોચક અને જ્ઞાનવર્ધક છે. મારી તરફથી ડૉ. ભારિલ્લજીને વધાઈ.

○ **ડૉ. હરીન્દ્રપાળુજી જૈન, પ્રાધ્યાપક,**
વિક્રમ વિશ્વવિદ્યાલય, ઉજ્જૈન

'ક્રમબદ્ધપર્યાય' જૈનદર્શનની એક મહત્ત્વપૂર્ણ વિચારધારા છે, સર્વજ્ઞતાના પ્રસંગમાં સર્વત્ર આના પર વિચાર કરવામાં આવ્યો છે. આ બંને તત્ત્વોના વિચારતા સમયે આને સંબદ્ધ

અનેક વાતોનું વિશ્લેષણ કરવું આવશ્યક હોય છે. જેમ કે— અનેકાન્ત, પ્રમાણ, નય, નિયતિવાદ તથા પુરુષાર્થવાદ, કર્તૃત્વ અને અકર્તૃત્વ, દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, નિમિત્ત, નૈમિત્તિક, પાંચ સમવાય (વસ્તુ સ્વભાવ, દૈવ, પુરુષાર્થ, કાળલબ્ધિ તથા ભવિતવ્ય) આદિ.

ડૉ. હુકમચન્દ ભારિલ્લે ઉપરની બધી વાતોના માધ્યમથી 'ક્રમબદ્ધપર્યાય'નું જે સુન્દર, યુક્તિ સહિત તથા પ્રામાણિક વિવેચન કર્યું છે, તે તેમના સતત જ્ઞાનારાધાન તથા શ્રમશીલતાનું નિર્દેશક છે.

અમને પૂરો વિશ્વાસ છે કે પ્રબુદ્ધજનો આ અમૂલ્ય કૃતિથી લાભાન્વિત થશે. હું ડૉ. ભારિલ્લજીને એમની આ મહત્ત્વપૂર્ણ રચના પર અભિનંદન આપું છું અને કામના કરું છું કે તેઓ નિશ્ચય-વ્યવહાર, નિમિત્ત-ઉપાદાન આદિ વિષયો ઉપર પણ આ પ્રકારની પુસ્તિકાઓ લખીને સમાજને લાભ આપશે.

○ **દેવેન્દ્રકુમારજી શાસ્ત્રી** વ્યાખ્યાતા, શાસકીય મહાવિદ્યાલય, નીમચ

ડૉ. ભારિલ્લજીએ પ્રસ્તુત પુસ્તકમાં તર્કપ્રધાન શૈલીમાં બધા અનુયોગોની દૃષ્ટિથી વિસ્તૃત સારગર્ભિત વિવેચન કર્યું છે. જૈનદર્શન અને સર્વજ્ઞતાની મૂળ વસ્તુ સમજવા માટે પુસ્તક સર્વથા ઉપયોગી છે. આશા છે કે બધા પ્રકારના પાઠકો આનાથી લાભ પામશે. આ સુન્દર અને ઉપયોગી પ્રકાશનને માટે મારી હાર્દિક વધાઈનો સ્વીકાર કરે.

○ **ડૉ. રાજેન્દ્રજી બંસલ**, ઓ. પી. મિલ્સ લિમિટેડ, શંહડોલ (મ.પ્ર.)

ડૉ. હુકમચન્દજી ભારિલ્લે ક્રમબદ્ધપર્યાયના મહાન સિદ્ધાન્ત ઉપર આગમના ગગનમાં ખુલ્લા દિલ તથા મગજથી ચિંતન-મનન કર્યું છે. જિનવાણીમાં તે સંબંધી વિખરાયેલા તથ્યોને સમન્વિત કરી તર્ક તથા યુક્તિથી વિશ્લેષણ કર્યું, અને સારગર્ભિત પરંતુ સહજગ્રાહી નિષ્કર્ષ કાઢયો; આ એમની કુશળ અને ક્ષમતાવાળી

કલમની જ કમાલ છે, જેના માધ્યમથી ચારેં અનુયોગોનું હૃદય સહજ, સરળ ભાષા તથા રોચક શૈલીમાં પ્રગટ થયું છે.

...સમગ્રરૂપથી ડૉ. ભારિલ્લજી વિવાદ તથા રહસ્યમયતાના વમળમાં ફસાયેલી ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતની નાવને કુશળતા તથા સફળતાપૂર્વક કાઢીને પ્રબુદ્ધ પાઠકના મન સુધી પહોંચાડવામાં સફળ નાવિક સિદ્ધ થાય છે.

○ શ્રી નરેન્દ્રપ્રકાશજી જૈન, પ્રાચાર્ય, જૈન ઈંટર કોલેજ,
ફિરોજાબાદ (ઉ. પ્ર.)

'ક્રમનિયમિતપર્યાય' જૈનદર્શનનો બહુચર્ચિત સિદ્ધાંત છે. મુખ્યત્વે આજના યુગમાં, આના પક્ષમાં અને વિપક્ષમાં ઘણી ચર્ચા થતી રહી છે. આ વિષય ઉપર વિદ્વત્જનોના મતભેદ પણ છુપા નથી. મને ખુશી છે કે, આ સંબંધમાં આટલા વિસ્તારથી બધાં પડખાઓને સ્પર્શતી તથા સામાન્ય પાઠકને સમજાય એવી સીધી-સરળ ભાષામાં પહેલી વાર જ લખાયું છે. આમ તો દાર્શનિક ગ્રંથો મોટા ભાગે ગૂઢ તથા શુષ્ક હોય છે, પરંતુ ડૉ. ભારિલ્લજી તેમને રુચિકર તથા સરસ બનાવીને પ્રસ્તુત કરવામાં હોંશિયાર છે. હું તેમની આ કમાલનું સાદર અભિવાદન કરું છું.

જે લોકો આ સિદ્ધાંતથી હજી પણ મતભેદ રાખે છે, આ ગ્રંથના પ્રકાશનથી તેમને પણ એક અવસર મળ્યો છે કે અમાપ આગમ-સિંધુમાં પુનઃ પુનઃ ડુબકી મારે અને નવાં નવાં મોતીઓ ગોતી લાવે.

મને પૂર્ણ આશા છે કે તત્ત્વ-ચિંતન અને ચર્ચાના આ સ્વસ્થ તથા સમતોલ પ્રયાસને સંપૂર્ણ જૈનજગત-નિશ્ચિતરૂપથી આવકારશે. મારી તરફથી વિદ્વાન લેખકને હાર્દિક અભિનંદન મોકલું છું.

○ ડૉ. ભાગચન્દ્રજી જૈન, અધ્યક્ષ, પાલિ-પ્રાકૃત વિભાગ,
નાગપુર વિશ્વવિદ્યાલય;

ડૉ. ભારિલ્લ જૈનધર્મ અને દર્શનના એક સુપરિચિત ચિંતક વિદ્વાન છે. 'ક્રમબદ્ધપર્યાય' જેવા દુર્બોધ, દાર્શનિક તથા વિવાદાસ્પદ વિષયને સુબોધ તથા નિર્વિવાદ બનાવવાનો પ્રયત્ન તમે પ્રસ્તુત

પુસ્તકના માધ્યમથી કર્યો છે. આ એમની પ્રતિભા અને અભિવ્યક્તિ-ક્ષમતાનું સુંદર ઉદાહરણ છે, તેથી આટલા સરસ અને ઉપયોગી પુસ્તકના લેખક નિશ્ચિતરૂપથી અભિનન્દનીય છે.

o **ડૉ. નરેન્દ્ર ભાનાવત,** પ્રાધ્યાપક, રાજસ્થાન વિશ્વવિદ્યાલય
સંપાદક 'જિનવાણી'

ડૉ. ભારિલ્લ લોકપ્રિય આધ્યાત્મિક પ્રવક્તા તથા દાર્શનિક ચિંતક અને સફળ લેખક છે. તમારા ચિંતનમાં મૌલિકતા, તાર્કિકતા અને સ્પષ્ટતાનો અદ્દભુત સંગમ અત્યંત સુંદર રીતે બને છે. પ્રસ્તુત પુસ્તક એનું પ્રમાણ છે. આમાં જૈનદર્શનના એક પ્રમુખ તત્ત્વ ક્રમબદ્ધપર્યાયનું વિવેચન-વિશ્લેષણ કરતા લેખકે સ્પષ્ટ કર્યું છે કે પ્રત્યેક વસ્તુ એક નિશ્ચિત ક્રમાંનુસાર જ પરિણમિત થાય છે. નિયતિવાદ અને પુરુષાર્થવાદના અનુસંધાનમાં ઘણાં પ્રશ્નો અને જિજ્ઞાસાઓ ઊભી કરી એમ સિદ્ધ કર્યું છે કે જૈનદર્શનનો અકર્તાવાદ માત્ર અહીં સુધી સીમિત નથી કે કોઈ તથાકથિત ઈશ્વર જગતનો કર્તા નથી. અકર્તાવાદનો વ્યાપક અર્થ એમ છે કે કોઈ પણ દ્રવ્ય, કોઈ અન્ય દ્રવ્યનો કર્તા, હર્તા ધર્તા નથી; અહીં સુધી કે પોતાની પણ ક્રમનિશ્ચિત પર્યાયોમાં તે કોઈ પ્રકારનો ફેર-ફાર કરી શકતો નથી. આ રીતે ક્રમબદ્ધપર્યાયની વાત કહીને લેખકે વસ્તુની અનંત સ્વતંત્રતાની ઘોષણા કરી છે. લેખકની પ્રતિપાદન શૈલી તાર્કિક અને ગૂઢ હોવા છતાં પણ રોચક અને સહજ છે. આ એમની વિશિષ્ટતા છે. આ પુસ્તક વિચાર-ક્ષેત્રમાં ચિંતનનો નવો રાહ પ્રસ્તુત કરે છે.

o **ડૉ. પ્રેમચંદજી રાંવકા,** પ્રાધ્યાપક, રાજસ્થાન મહાવિદ્યાલય,
મનોહરપુર (રાજ.)

ડૉ. ભારિલ્લજીની નવીનતમ કૃતિ 'ક્રમબદ્ધપર્યાય' સમ્યક્ત્વના અનુશીલનમાં મહત્ત્વપૂર્ણ માર્ગદર્શન કરવાવાળી કૃતિ છે. આ કૃતિના માધ્યમથી પાઠકોને દર્શનશાસ્ત્રનાં એક મૌલિક સમસ્યાનાં સમાધાનમાં એક નવી રાહ મળી છે. આ અભિનવ પ્રકાશન માટે ડૉ. ભારિલ્લ સાહેબને અભિનંદન

○ પં. નરેન્દ્રકુમારજી શાસ્ત્રી, ન્યાયતીર્થ, સોલાપુર (મહારાષ્ટ્ર)

વસ્તુસ્વભાવના મર્મજ્ઞ, ધુરંધર વિદ્વાન લેખક મહોદયે 'ક્રમબદ્ધપર્યાય'—આ ગ્રંથ દ્વારા યથાર્થ વસ્તુસ્વભાવનું માર્ગદર્શન કરી, શાંતિ-સુખના માર્ગનું જ માર્ગદર્શન કર્યું છે.

○ પં. નન્હેલાલજી, ન્યાય-સિદ્ધાંતશાસ્ત્રી, રાજાખેડા (રાજ.)

ડૉ. ભારિલ્લનઃ પ્રતિભા-સંપન્ન જ્ઞાનની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી ઓછી છે. ડૉ. ભારિલ્લે આ નાની વયમાં અનેક માર્મિક, આગમિક વિષયોના મનન ચિંતનના સાથે તે વિષયોને જૈન-જગતની સમક્ષ લિપિબદ્ધ કરીને પ્રસ્તુત કર્યો છે—આ તેમના વિશિષ્ટ ક્ષયોપશમ અને પરભવ-ગતપુણ્યની વાત છે. મારો શુભભાવની સાથે શુભાશીર્વાદ છે કે તેમનું ભવિષ્ય આનાથી પણ અધિક પ્રગતિશીલ બને.

○ પં. ભરતચક્રવર્તીજી જૈન, શાસ્ત્રી, ન્યાયતીર્થ, મદ્રાસ

એમાં સંદેહ નથી કે 'ક્રમબદ્ધપર્યાય' એક અનુપમ કૃતિ છે. તમે એ સિદ્ધ કરી દીધું છે કે સર્વજ્ઞને માન્યા વગર 'ક્રમબદ્ધપર્યાય'નું વાસ્તવિક જ્ઞાન સંભવ નથી, કારણ કે આપણાં અલ્પજ્ઞોનાં જ્ઞાનમાં 'ક્રમબદ્ધપર્યાય' ઝળકતી નથી. એની પુષ્ટિમાં ઉદ્ધૃત પૂજ્યશ્રી કુન્દકુન્દ, પૂજ્યપાદ આદિ મહાન આચાર્યોની પંક્તિઓ નિરંતર સ્મૃતિમાં રાખવા યોગ્ય છે. સાથે જ સર્વથા એકાન્ત નિયતવાદ, પુરુષાર્થહીનતા, અકર્તૃત્વપણું આદિ હેતુ વગરના વાદોનું નિરાકરણ કરતા, તમે આગમ, યુક્તિ તથા લૌકિક ઉદાહરણોની સાથે એમ દર્શાવ્યું છે કે પુરુષાર્થ, કર્તૃત્વપણું આદિ કેવી રીતે 'ક્રમબદ્ધપર્યાય'ની સાથે ગુંથાયેલા છે. અપમૃત્યુના સંબંધમાં તમારું સ્પષ્ટીકરણ અત્યંત પ્રશંસનીય છે. જટિલ વિષયોને સરસ વાણીમાં વ્યક્ત કરવાની કળા તમારામાં અનોખી છે.

અનુશીલનની સાથે સંલગ્ન સંભાવિત પ્રશ્નોત્તર તથા મુલાકાત તો સોનામાં સુગંધવાળી લોકોક્તિને હકીકત બનાવી રહ્યાં છે. સંક્ષેપમાં આને ચારે અનુયોગરૂપ મહાસાગરનું મંથન કરીને કાઢેલું 'સિદ્ધાંતામૃત' કહીએ તો અતિશયોક્તિ નહિં હોય.

[illegible]

[illegible]

[illegible]

[illegible]